શાશ્વત જિનવર ગૃહ ઘણાં, શ્રી નંદીસર દ્વીપ....૨....
દેવલોક ગ્રૈવેયક છે, ભવનપતિ વર ભવન,
જિનવર બિંબ અનેક છે, પૂજો તે સર્વ સુમન....૩....
વિહરમાન જિનવર ભલા, અતીત અનાગત અદ્ધા,
નામ સ્થાપના દ્રવ્ય ભાવ, ચાર નિક્ષેપા લદ્ધા....૪....
સહજાનંદી સુખકરૂ એ, પરમ દયાળ પ્રધાન,
પુન્ય મહોદયે પૂજતાં, લહીએ પરમ કલ્યાણુ...૫....

(૯)

વિહરમાન જિણંદ વંદુ, ઉદીત કેવલ ભાસ્કરં,
અસંખ્ય લોક નિવાસ પ્રભુના, શાશ્વતા અઘ નાસ્કરં....૧
અષ્ટાપદે સમેત ચંપા, નેમ ગઢ ગીરિ મંડણો,
શ્રીવિર પાવા વિમલ ગીરિવર, કેસરા દુઃખ ખંડણો....૨
આબુ તારણુગઢ સુચંગા, શિવ અભંગા કારણા,
શ્રી અંતરીખ જિણંદ પાસ, થંભણા દુઃખવારણા....૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંખેસરા અલવેસરા, જગ પાવના જીરાવલા,
ચિંતામણી ફ્લોધિ પાર્શ્વ, મલ્લિ ભવોદધિ નાવલા....૪
વરકાણ રાણ નાડોલ નગરે, વીર ઘાણે ગોડીયે,
નાડુલાઈ શ્રી વીર રાતા, વંદિયે ભવ તોડીયે....૫
શ્રી પાલી પાટણ રાજનગરે, અજારા મંડણ પાસજી,
ઈમ જેહ થાનક ચૈત્ય જિનવર, ભવિક પૂરે આસજી....૬
સહુ સાધુ ગણધર કેવલી, મુનિ સંઘ ભવજલ તારણા,
શુદ્ધ જ્ઞાન દર્શન ચરણ સાચા, મહાનંદના કારણા....૭
એ તીરથ વંદન ભવનિકંદન, ભવિક શુદ્ધ મન કીજીયે,
નિજ રૂપ ધારી ભવ મઝારી, અઘ ન આતમ લીજિયે....૮

## સમેતશિખરના ચૈત્યવંદનો

પૂરવ દેશે દીપતો, ગીરૂઓ ગિરિવર નિત્ય,
તીર્થ શિખર સમ્મેતકો, ચાહું દર્શન નિત્ય....૧....
પ્રથમ ચરમ બારમ પ્રભુ, બાવીશમ વિણ વીશ,
અણસણ કરી ઇણગિરિવરે, શિવ પહોતા સુજગીશ...૨....
સુણિયે ઇણપરિ સૂત્ર મેં, જિનવર ગણધર વાણ,
ભવિજન ભેટો ભક્તિ શું, તીરથ કરણ કલ્યાણ...૩....

## શ્રી સીમંધર સ્વામિના ચૈત્યવંદનો

(૧)

શ્રી સીમંધર જિનવરા, વિચરે જંબૂદ્વિપે,
પુકખલવઈ વિજયે નગર, પુંડરિકગિણી દીપે....૧....
સુત શ્રેયાંસ રાજા તણો, સોવન કંચન કાય,
પૂરવ ચોરાશી લાખનું, આયુ જાસ સોહાય....૨....
પાંચશેં ધનુષ શરીર છે, વૃષભ લંછન પાય,
રૂકમિણી રાણી નાહલો, સત્યકી જેહની માય....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશ લખ કેવલી જેહને, સો કોડિ મુનિ સ્વામી,
સાધવી સો કોડિ કહી, શ્રાવક સંખ્યા ન પામી....૪....
પ્રાતિહારજ આઠ છે વાણી ગુણ પાંત્રીશ,
પૂરવ વિદેહે જાણીયે, નમતાં લહીયે જગીશ....૫....
ઇહ ભરતે પ્રભુ કુંથુજી, સિદ્ધિપુર પોહતે,
અરજિન જન્મ હુવો નહીં, એ અંતર સોહતે...૬....
સીમંધર જિન ઉપના, સુરપતિ મહોત્સવ કીધો,
સુવ્રત નમી જિન અંતરે, દીક્ષા કલ્યાણક સીધો...૭...
ઉદય પેઢાલ ભાવિ પ્રભુ, તસ અંતર કહેવાય,
સીમંધર જિન પામશે, અવિનાશી પુર ઠાય....૮...
આ ભરતે પણ કોઈ જીવ, સુલભબોધિ જેહ,
જાપ જપે તુજ નામના, લાખ સંખ્યાએ તેહ....૯....
ભવસ્થિતિ નિર્ણય તસ હુએ, અથવા ધ્યાન પસાયે,
ઉપજી વિદેહ કેવલ લહે, નવમે વરસે ઉચ્છાહે....૧૦....
શાસનસૂરિ પંચાંગુલી, સવિ સાંનિધ્ય સારે,
સીમંધર જિન સેવના, દુઃખ દોહગ વારે....૧૧....
પ્રહ ઉઠીને નિત્ય નમું, આણી મન આણંદ,
લક્ષ્મીસૂરિ પ્રભુ નામથી, પ્રગટે પરમાણંદ....૧૨....

(૨)

સીમંધર પરમાતમા, શિવસુખના દાતા,
પુક્ખલવઈ વિજયે જયો, સર્વ જીવના ત્રાતા....૧....
પૂર્વ વિદેહે પુંડરિગિણી, નયરીએ સોહે,
શ્રી શ્રેયાંસ રાજા તિહાં, ભવિયણના મન મોહે....૨...
ચૌદ સુપન નિર્મલ લહી, સત્ત્યકી રાણી માત,
કુંથુ અરજિન અંતરે, શ્રી સીમંધર જાત....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમે પ્રભુજી જનમિયા, વળી યૌવન પાવે,
માતા પિતા હરખે કરી, રુકિમણિ પરણાવે....૪...
ભોગવી સુખ સંસારના, સંયમ મન લાવે,
મુનિસુવ્રત નમી અંતરે, દીક્ષા પ્રભુ પાવે...૫...
ઘાતિ કર્મનો ક્ષય કરી, પામ્યા કેવલનાણ,
વૃષભ લંછને શોભતાં, સર્વ ભાવના જાણ...૬....
ચોરાશી જસ ગણધરા, મુનિવર એકસો કોડિ,
ત્રણ ભુવનમાં જોવતાં, નહિ કોઇ એહની જોડિ...૭....
દશ લાખ કહ્યાં કેવલી, પ્રભુજીનો પરિવાર,
એક સમય ત્રણ કાલનાં, જાણે સર્વ વિચાર....૮...
ઉદય પેઢાલ જિન અંતરે, થાશે જિનવર સિદ્ધ,
જસવિજય ગુરૂ પ્રણમતાં, મન વંછિત ફલ લીધ....૯...

(૩)

જંબુદ્વિપ પૂરવ દિશે, પુકખલવઇ વિજયે,
નયરી પુંડરિગિણિ નિરમલી, ધર્મ સદા જિહાં સજીયે....૧
શ્રેયાંસ નરેસર નંદ ચંદ, સત્યકી માત મલ્હાર,
રૂકમિણી રાણી વાલહો, શિવવધૂ ઉરહાર...૨...
ધનુષ પાંચસે દેહમાન, કંચન વરણી કાય,
વૃષભ લંછન રળિયામણો, પૂર્વ ચોરાશી લખ આય....૩....
શાંતિ કુંથુ અંતર જન્મ, સીમંધર જિનરાજ,
વીશ લાખ પૂર્વ કુમર પદ, ત્રેસઠ લાખ પૂર્વ રાજ....૪....
મુનિસુવ્રત જબ વિચરતા, તવ પ્રભુ લીયે દીક્ષા,
કર્મ ખપાવી કેવલ લહી, દિયે બહુ જન શિક્ષા...૫....
ઉદયનાથને શાસને, વરશે શિવ પટરાણી,
સો કોડ મુનિરાજજી, દશ લાખ કેવલ નાણી....૬...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સકલ ગુણે કરી શોભતા, શિવરમણી શિણગાર,
રૂપવિજય કવિરાયનો, માણેક કહે મુઝ તાર....૭...

(૪)

પૂર્વ દિશિ ઇશાન ખૂણ, પુક્ખલમેં વિજયા,
નયરી પુંડરિગિણી તિહાં, સીમંધર થુણીયા....૧....
પૂર્વાયુ ચોરાશી લાખ, કાંચનમય કાયા,
ઉંચપણે સય ધનુષ પંચ, પ્રણમે સુરરાયા....૨....
જયવંતા જિન વિચરંતા, કેવલ દીપક દેવ,
શ્રી સીમંધર સ્વામીજી, દેજો તુમ પદ સેવ....૩....
વીસ લાખ પૂર્વ કુંવરવાસ, ભોગવી જિનેશ્વર,
ત્રેસઠ લાખ પૂર્વ રાજઋદ્ધિ, પાલી અલવેસર....૪....
મુનિસુવ્રત જિન વિહરમાન, તઇંયે તુમ દીક્ષા,
તીર્થંકર પદ લઇંયે સ્વામી, મહિયલ દ્યો શિક્ષા...૫....
એમ અમે ઓલગ કરૂં, સુણજો બીજા ચંદ,
વંદણા હમારી વિનંતી, જઇ કહેજ્યો જિનચંદ....૬....
સમવસરણ બેઠા જિણંદ, ઉપદેશે જિનધર્મ,
ભવિક જીવ વાણી સુણી, બાંધે જે શુભકર્મ....૭....
આઠ કર્મ ચારે કષાય, અઢાર દોષ છંડાય,
લહી નાણ ચૌતીસ અતિશયા, વાણી ગુણ કહેવાય....૮....
ભરતક્ષેત્રનાં ભવિક જન, વાંછે તુમ આશીષ,
હર્ષપણે ધર્મલાભ દ્યો, પૂરો સંઘ જગીશ...૯....

(૫)

જયતુ જિન જગદેક ભાનુ, કામ કશ્મલ તમ હરં,
દુરિત ઓઘ વિભાવ વર્જિતં, નૌમિ શ્રી સીમંધરં....૧
પ્રભુ પાદ પદ્મે ચિત્ત લયનો, વિષય દોલિત નિર્ભરં,
સંસાર રાગ અસાર ઘાતકં, નૌમિ શ્રી સીમંધરં....૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિ રોષ વહ્નિ માન મહીધર, તૃષ્ણા જલધિ હતકરં,
વંચનોર્જિંત જંતુબોધકં, નૌમિ શ્રી સીમંધરં...૩
અજ્ઞાન તર્જિંત રહિત ચરણું, પરગુણોમેં મત્સરં,
અરતિ અર્દિંત ચરણ શરણું, નૌમિ શ્રી સીમંધરં....૪
ગંભીર વદન ભવતુ દિન દિન, દેહિ મે પ્રભુ દર્શનં,
ભાવવિજય શ્રી દદતુ મંગલ, નૌમિ શ્રી સીમંધરં....૫

(૬)

સીમંધર જિન વિચરતા, સોહે વિજય મોઝાર,
સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર....૧....
નવ તત્ત્વની દીયે દેશના, સાંભળે સુર નર કોડ,
ષટ્ દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કર જોડ....૨....
ઇહાં થકી જિન વેગળા, સહસ્ર ત્રેવીશ શત એક,
સત્તાવન યોજન વલી, સત્તર કલા સુવિશેષ...૩....
દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથી હૃદય મોઝાર,
તિહું કાલે કરૂં વંદનાં, શ્વાસ માંહે સો વાર....૪...
શ્રી સીમંધર જિનવરુએ, પૂરે વંછિત કોડ,
કાંતિવિજય ગુરૂ પ્રણમતાં, ભક્તિ બે કર જોડ....૫....

(૭)

સમવસરણ બીરાજતાં, સીમંધર સ્વામી,
મધુર ધ્વનિ દીયે દેશના, વાણી સુધા સમાણી....૧....
બાર પર્ષદા સાંભળે, વાણીનો વિસ્તાર,
સહુ સહુના મનમાં થયો, આનંદ હર્ષ અપાર....૨....
જાતિ વૈર સમાવતા, પ્રભુ અતિશય અદ્ભૂત,
સંશય સર્વના ટાળતાં, કરતાં ભવિજન પૂત....૩....
હું નિર્ભાગી રળવળું ઇહાં, શા કીધાં મેં પાપ,
જ્ઞાની વિનાની ગોઠડી, કિહાં જઇ કરૂં વિલાપ....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત વિનાનો બાળ જેમ, અથડાતો કુટાતો,
આવ્યો છું તુજ આગલે, રાખો તો કરું વાતો....૫....
ક્રોડ ક્રોડ વંદના માહરીએ, અવધારો જિનદેવ,
માંગુ નિરંતર તાહરા, ચરણકમલની સેવ....૬...

(૮)

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તુમે ઉપકારી,
શ્રી શ્રેયાંસ પિતા કુલે, બહુ શોભા તુમારી....૧....
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી,
વૃષભ લંછન બિરાજમાન, વંદે નરનારી....૨....
ધનુષ પાંચસે દેહડી એ, સોહીએ સોવનવાન,
કીર્તીવિજય ઉવઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન....૩....

(૯)

વંદુ જિનવર વિહરમાન, સીમંધર સ્વામી,
કેવલ કમલા કાંત દાંત, કરુણા રસ ધામી....૧....
કંચનગીરિ સમ દેહ કાંત, વૃષભ લંછન પાય,
ચોરાશી લખ પૂર્વ આય, સેવિત સુરરાય....૨....
છટ્ઠ ભત્ત સંયમ લીયો એ, પુંડરિગિણી ભાણ,
દ્યો દરિસણ પ્રભુ સંપદા, કારણ પરમ કલ્યાણ....૩....

(૧૦)

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો,
કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો....૧....
સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ,
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ....૨....
સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું,
પાય તુમારા સેવીને, શિવ રમણી વરીશું....૩....
એ અળજો મુજને ઘણોએ, પૂરો સીમંધર દેવ,
ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર જોડીને વિનવું, સામું રહી ઈશાન,
ભાવ જિનેસર ભાણને, દેજો સમકિત દાન... ૫....

(૧૧)

જય જય ત્રિભુવન આદિનાથ, પંચમી ગતિ ગામી,
જય જય કરુણાવંત પ્રભુ, ભવિજન હિત કામી...૧...
જય જય ઈન્દ્ર નરેન્દ્ર વૃંદ, સેવિત શિર નામી,
જય જય અતિશય અનંત વંત, અંતર ગતિ યામી....૨....
પૂર્વ વિદેહે વિરાજતા, શ્રી સીમંધર સ્વામ,
ત્રિકરણ શુદ્ધે ત્રિકાલ મેં, નિત પ્રતિ કરૂં પ્રણામ...૩....

(૧૨)

શ્રી સીમંધર સાહિબા, મહાવિદેહ ક્ષેત્ર મોઝાર,
ભક્તિ ભાવે વંદન કરૂં, દિન મેં વાર હજાર....૧
ધન્ય ધન્ય વિજય પુષ્કલાવતી, ધન્ય પુંડરિકિણી ધામ,
ધન્ય ધન્ય માતા સત્યકી, ધન્ય પિતા શ્રેયાંસ નામ....૨
ચોરાશી લખ પૂર્વ સ્થિતિ, ધનુષ પાંચસો કાય,
ધોરી લંછને શોભતી, સોવન વરણી કાય ...૩
કુંથુનાથ આરે જનમિયા, ઈન્દ્રે કિયો અભિષેક,
સુવ્રત સમય દીક્ષા ગૃહી, તાર્યા જીવ અનેક....૪
ઉદય પેઢાલ જિનાંતરે, વાસો સિદ્ધ સ્વરૂપ,
અધમ ઉદ્ધારણ તાર જો, દેજો જ્ઞાન અનૂપ....૫

(૧૩)

શિવસુખ દાતા સુહંકરૂં, સીમંધર જિનરાજ,
વિચરે પૂર્વ વિદેહમાં, પુખલાવતીયે આજ....૧
વીસ લાખ પૂરવ લગે, કુંવરપણે શ્રીકાર.
ત્રેસઠ લાખ પૂરવ વળી, પાલી રાજ ઉદાર....૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રયાસી લાખ પૂરવ પછે, લીધો સંજમ ભાર,
તપ તપી કેવલ પામીયા, ચરણ કરણ ચિત્તધાર....૩
ઝલહલ ભાનુ ઉગીયો, મહામાહણ મહાગોપ,
નિર્યામક સથવાહ તું, અશુભ કર્મ કર લોપ....૪
ઉદય પેઢાલ જિન અંતરે, પામશે પ્રભુ નિરવાણ,
કીર્ત્તિચંદ્ર કહે દીજિયે, નિર્મલ દરિશણ નાણ....૫

(૧૪)

જયશ્રિયા મોહરિપોરવાપ્ત,
ત્રિલોક સામ્રાજ્ય રમાભિરામમ્,
વિદેહ ભૂ-મંડલ મંડનં શ્રી,
સીમંધરસ્વામિનમાનમામિ ....૧....
સ્તવીમિ સીમંધરા પક્ષિણોઽપિ,
પશ્યન્તિ યે પક્ષબલાદિમં ત્વામ્
અહં તુ પાપસ્તવ દર્શનાર્થં—
મનોરથૈરેવ સદા કદર્થ્યે....૨....
મનોરથારણ્યથવા ભવન્તુ,
સદા ભવદ્ દર્શન ગોચરા મે,
ધ્યાતોઽપિ યત્ પૂજિતવદ્દદાસિ,
તત્વમીપ્સિતં સર્વમિતિ પ્રમોદે... ૩....
અનાદ્યવિવિદ્યોદરપાશબદ્ધં,
માં મોચય ત્રાતરિહાપિ સન્તમ્,
પયોજગર્ભં પ્રતિપન્નિરોધં,
ભૃંગ યથા દૂરતનોઽપિ ભાનુઃ....૪....
વિધૂય રાગાદિ ભવાન્ વિકારાન્,
દધાસિ રુપં નિરુપાધિકં યત્,
ત્રિલોક પૂજ્ય ! ભવતઃ પ્રસાદાત્,
મમાપિ તત્રાનુભવોઽસ્તુ સમ્યક્....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જ્ઞાનવિમલ કૃત ૨૦ વિહરમાનના ચૈત્યવંદનો

### (૧) સીમંધર જિનનું

પહેલા પ્રણમું વિહરમાન, શ્રી સીમંધર દેવ,
પૂર્વ દિશે ઇશાન ખૂણે, વંદુ હું નિત્યમેવ....૧....
પુક્ખલવઈ વિજ્યા તિહાં, પુંડરિકિણી નગરી,
શ્રી શ્રેયાંસ રાજા ભલો, જીત્યા સવિ વયરી...૨....
દેહમાન ધનુષ પાંચશે, માતા સત્યકી નંદ,
રુકમણી રાણી નાહલો, વૃષભ લંછન જિનચંદ....૩....
ચોરાશી લખ પૂરવ આય, સોવન વરણી કાય,
વીશ લાખ પૂરવ કુમાર વાસ, તેમ ત્રેસઠ રાય....૪....
ગણધર ચોરાશી કહ્યા એ, મુનિવર એકસો કોડિ,
પંડિત ધીરવિમલ તણો, જ્ઞાનવિમલ કહે કરજોડિ...૫....

### (૨) યુગમંધર જિનનું

વિપ્ર વિજય વિજ્યા પુરી, સુદૃઢ નૃપ તાત,
યુગમંધર જિનવર નમું, જસ તારા માત....૧....
પ્રિયા મંગલાનો નાહલો, ગજ લંછન સોહે.
સોવન વાન ધનુ પાંચસે, ભવિજન મન મોહે....૨....
લક્ષ ચોરાશી પૂરવનું એ, આયુમાન લહ્યો એહ,
સુદ્ધા સંયમ સંગ્રહી, કેવલ પામ્યા જેહ....૩....
ત્રિગડે બેઠા ભવિકને, આપે ઉપદેશ,
પ્રાતિહાર્ય આઠે ભલા, અતિશય ચોત્રીશ....૪....
પાંત્રીશ વાણી ગુણ કહ્યા, સો કોડિ મુનિ સંઘાત,
દશ લખ કેવલધરમુનિ, વંદુ નિશ દિન પ્રભાત....૫....
મહાવિદેહે વિચરતા એ, વંદે સુર નર કોડિ,
પંડિત ધીરવિમલ તણો, નય વંદે કર જોડિ....૬....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩) બાહુ જિનનું

બાહુ પ્રભુ સમરું વળી, વત્સા વિજયે જેહ,
સમવસરણ દીયે દેશના, ગાજંતો જિમ મેહ....૧....
સુગ્રીવ તનુ સોહામણો, વિજયા રાણી જાત,
સુશીમા નગરી દીપતી, ત્રણ ભુવન વિખ્યાત....૨....
પાંચસે ધનુષની દેહડી, કંચન વરણી કાય,
મોહિનીપતિ મન મોહે, મૃગ લંછન સોહાય....૩....
કેવલી દશ લખ સાથમેં, સો કોડિ મુનિરાય,
ચોરાશી લખ પૂર્વનું, આયુ શ્રી જિનરાય....૪....
ગામ નગર પાવન કરે, મહાવિદેહ મોઝાર
ધીરવિમલ કવિરાયનો, જ્ઞાનવિમલ કહે તાર....૫....

## (૪) સુબાહુ જિનનું

નિસઢ નૃપતિ નંદન ભલો, સુબાહુ ભગવંત,
ઇંદ્ર ચંદ્ર સુર અસુર તિમ, નરનારી પ્રણમંત....૧....
ધનુષ પાંચસેં રૂઅડી, સોના સરખી દેહ,
ચોત્રીશ અતિશય સોહતો, સમવસરણમાં તેહ....૨....
નલીનીવતી વિજયા કહી, નયરી અયોધ્યા જાણ,
પાંત્રીશ ગુણ વાણી તણા, કેતા કરું વખાણ....૩....
સુનંદાનો નાહલો, કિંપુરૂષાનો પ્રાણ,
મર્કટ લંછન દીપતો, તિન જગતનો ત્રાણ....૪....
પાંખ નહી પ્રભુ માહરે, કિમ આવું તુજ પાસ,
ધીરવિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ ધરે આસ....૫....

## (૫) સુજાત જિનનું

ધાતકી ખંડ પુષ્કલાવતી, પુંડરિગિણી નયરી,
સુજાત પ્રભુ સોહતા, જીત્યા કર્મ વયરી....૧....
દેવસેન રાજા વળી, દેવસેના નંદન,
ભરતક્ષેત્રમાં હું રહ્યો, કરું કોટિ વંદન....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાનુ લંછન જિનતણું જયસેનાનો કંત,
અર્થ થકી પ્રકાશતો, દ્વાદશાંગી ગુણવંત....૩....
કાય ધનુ શત પાંચને. સો કોડિ પરિવાર,
આયુ પૂરવ લાખ છે, ચોરાશીનું સાર ...૪...
દેવ દીયે જો પાંખડી, આવું તુમ હજૂર,
નય કહે શ્રી જિન નામથી, અક્ષય સુખ ભરપુર....૫....

(૬) સ્વયંપ્રભ જિનનું

મિત્રપ્રભ કુલચંદ્રલો, સુમંગલા સુત ધીર,
દુરિત વિષય કષાય તે, ભંજન ભડવીર....૧....
વપ્રા વિજયમાં રહી, વિજયા નગરી જેહ,
પ્રભુ વંદન તિહાં કરે, ધન ધન જગમાં તેહ....૨....
દૂર ભરતે વસીયો થકો, લળી લળી લાગું પાય,
વીરસેનાનો કંતલો, ધનુષ પાંચસે કાય....૩....
દશ લાખ કેવલી તણી, પ્રભુ પરખદા સોહે,
ગણધર ચોરાશી વળી, ચંદ્ર લંછન મન મોહે....૪....
સ્વયંપ્રભ જિનરાજ સુણો, જ્ઞાનવિમલ અરદાસ,
દાસનો દાસ છું તાહરો, આપો સમકિત વાસ....૫....

(૭) ઋષભાનન જિનનું

સુશીલા નગરી સોહામણી, વત્સા વિજયે રાજે,
ઋષભાનન વિચરે તિહાં, ભવિજન સંશય ભાંજે....૧....
કીર્તિરાયનો બેટડો, વીરસેનાનો નંદ,
શરણું તેહનું રાખતા, આપે સુખ અમંદ....૨....
મૃગપતિ લંછન પાઉલે, જયાવતીનો કંત,
મુજ મનમાંહે તું વસ્યો, રાત દિવસ એકંત...૩....
ધનુષ પાંચસેં દીપતિ, હેમમયી જસ દેહ,
ચઉમુખ દેવે દેશના, વર્ષે અમીરસ મેહ....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રભુજીને ભેટવા, હૈયામાંહે કોડ,
ધીરવિમલ કવિરાયનો, પ્રણમે બેકર જોડ....૫....

(૮) અનંતવીર્ય જિનનું

અનંતવીરજ અરિહંતજી, સુણ મારી પોકાર,
મોહરાય મુંઝવે ઘણો, કરજો નાશ વિકાર....૧....
નલીનીવતી વિજયા મહીં, નયરી અયોધ્યા ધુરે,
વિજયાપતિ આરાધતાં, મનવાંછિત પૂરે....૨....
મેઘરાય મંગલાવતી, નંદન ગુણભંડાર,
અષ્ટાપદ સમ દેહડી, હસ્તિ લંછન સાર....૩....
ત્યાસી લાખ છદ્મસ્થને, લાખ પૂરવની દીક્ષા,
જે જીન આણા વેગળા, માંગે ઘર ઘર ભીક્ષા...૪....
મધુકરને જિમ માલતી, જિમ બપૈયા મેહ,
તિમહીજ માહરે તું પ્રભુ, જ્ઞાનવિમલ ધરો નેહ....૫....

(૯) સુરપ્રભ જિનનું

સુર અસુર ઝાંખા પડે, સુરપ્રભ જિન પાસે
સ્વ- પર ચક્ર દુર્ભિક્ષને, અરિ મારી નાસે....૧....
પુષ્કલાવતી પુંડરિકીણી, ધાતકીખંડ વિશાળ,
કંચનવાન જિનેસરૂ, ટાળે કર્મ જંજાળ...૨....
રાણી વિજ્યા શીલવતી, વિજયરાયનો સૂત,
ગંધહસ્તી સમ ગાજતો, કરતો ભવિજન પુત....૩....
નંદસેનાધવ પાય નમું, શશી લંછન રાજે,
પંચસય ધનુ ઊંચ દેહ, કંચન સમ છાજે....૪....
વીતરાગ મન તું વસ્યો, કર માહરી સંભાળ,
નય કહે જિનભક્તિથી, લહીયે મંગલમાળ....૫....

(૧૦) વિશાલપ્રભ જિનનું

વિજયા નગરી ગુણનિધિ, બપ્રામાંહે જેહ,
નાગરાજ સુત ગુણનીલો, ગુણગણ મણી ગેહ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગજીવન જગહિત કરુ, દશમો દેવ વિશાલ
શરણાગત હિત વત્સલ, દિનમતિ લંછન લાલ....૨....
ભદ્રાદેવી માવડી, વિમળાનો ભરથાર,
લખ ચોરાશી આઉખુ, દશ લખ કેવલી સાર....૩....
કંચન વાન જગદીશરૂ, ગામ નગર પડિબોહે,
પ્રાતિહારજ આઠશું, ભવિયણના મન મોહે....૪....
નેક નજરથી દેખીયે, જેમ સીઝે સવિ કાજ,
જ્ઞાનવિમલ ગુણ ગાવતાં, લહીએ ત્રિભુવન રાજ...૫...

## (૧૧) વજ્રધર જિનનું

શંખ લંછનધર સ્વામિજી, વજ્રધર જિનરાય,
શરણાગત પ્રતિપાળ જે, સેવે સુર નર રાય....૧...
વર કંચન સચ્છાયકાય, સરસતી માતા જાણું,
વંદન થુતિ ભગતિ કરે, તેહનો જન્મ પ્રમાણું....૨....
સુવર્ણ પદ્મે પગ દીયે, પદ્મરથ નંદન,
વિજયાવતી પતિ જગ જયો, કરે કર્મ નિકંદન....૩....
ધન ધન વત્સા વિજયને ધન સુશીમા નગરી,
સમકીતિ આરાધતાં, મિથ્યામતિ ગણે વયરી....૪....
ધન્ય તિહાંના માનવી, નિરખે પ્રભુ મુખચંદ,
જ્ઞાન વિમલ પ્રભુ ઇમ ભણે, દેજો સુખ અમંદ....૫....

## (૧૨) ચન્દ્રાનન જિનનું

ચંદ્રાનન મુખ દેખીને, ચંદ્ર ગયો આકાશ,
છાસઠ છાસઠ ભટકતા, રાત દિન અવકાશ....૧....
રાણી લીલાવતી રૂઅડી, માત પ્રભાવતી રાણી,
બાર પરખદા હરખતી, સુણતાં જિનની વાણી....૨....
વાલ્મિક નંદન જગ જયો, ત્રણ ભુવનનો ઇશ,
કંચન વાન પણુસય ધનુ, જગમાં જાસ જગીશ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્ર લંછન જગદીશનું, અયોધ્યા નગરી મોઝાર,
સુંદર સંયમી સાથમાં, સો કોડી અણગાર....૪....
ધાતકી ખંડના વિદેહમાં, દૂર રહ્યાં જિનરાજ
જ્ઞાનવિમલ નિત પ્રણમતાં, સિધ્યા સઘળા કાજ....૫....

(૧૩) ચંદ્રબાહુ જિનનું

પૂર્વવિદેહ પુષ્કલાવતી, પુષ્કર દ્વીપે સોહે,
પુંડરિકિણી નગરી તિહાં, ચન્દ્રબાહુ મન મોહે...૧....
દેવાનંદ પિતા વળી, રેણુકા માત મલ્હાર,
પદ્મ લંછન પરમેસરૂ, ત્રણ ભુવન સુખકાર....૨....
શીલ સુગંધે વિલસતી, સતીયોમાં શિરદાર,
સુગંધા રાણી જયો, જગનાયક ભરથાર....૩....
મંજુલ પાંચશે ધનુષની, સોનલ વરણી જાણુ,
કાયા શ્રી જિનરાજની, પરહિતકારી વખાણુ....૪....
ભગવંત તુમ જોવા ભણી, અળજો ધરે બેઉ આંખ,
ઉડી આવી તુજને મલું, જ્ઞાનવિમલ હોવે પાંખ....૫....

(૧૪) ભૂજંગદેવ જિનનું

ભૂજંગદેવ ભજતાં થકા, કાઢે કર્મનો કાટ,
સમોસરણે દેખાડતો, શિવનગરની વાટ....૧....
નયરી વિજયા દીપતી, વપ્રા વિજય સુહાય,
પુષ્કર દ્વીપના વિદેહમાં, સમરતા સુખ થાય....૨....
શીલ સુરંગી સંચરે, મહીમા દેવી માત,
સોના સરખું શરીરને, મહાબલ છે તાત....૩....
કમલ લંછન જગદીશનું, ગંધસેનાનો કંત,
પાંચસે ધનુષની દેહડી, ભક્ત વત્સલ ભગવંત....૪....
અવિનાશી પદ પામવા, તુજ સમ અવર ન કોય,
નય કહે અવધારીએ, અજર અમર પદ હોય....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૫) ઇશ્વર જિનનું

ભદ્ર કરે ભવિ લોકનું, ભદ્રાવતીનો નાથ,
કર્મ નિકંદન કારણે, એ સમ અવર ન સાથ....૧....
રાજસેન સુત રાજતો, તારામાંહી ચંદ,
ત્રિકરણ યોગે પ્રણમતાં, કાઢે ભવ ભય ફંદ....૨....
માત યશોદા હરખતી, દેખી પ્રભુ મુખ ચંદ,
કાયા ધનુ શત પંચ છે, જીનજી સુખનો કંદ....૩....
લંછન મિષ વલગી રહ્યો, પદ મધ્યે જસ ચંદ,
વત્સા વિજયે વિહરતા, જગગુરૂ જગદાનંદ....૪....
ધન સુશીમા નગરી અને, ધન્ય તિહાંના લોક,
પંડિત ધીરવિમલ તણો, જ્ઞાનવિમલ હરે શોક....૫....

## (૧૬) નેમિપ્રભ જિનનું

નેમિપ્રભ જિનરાજજી, કીધા દુશ્મન અંત,
પાંચશે ધનુષનું દેહમાન, તેજ પ્રતાપ અનંત....૧....
સેના સુત સોહામણો, મોહના રાણી પ્રેમ,
નલીનાવતી વિજયામહીં, નયરી અયોધ્યા ખેમ....૨....
અંગજ વીરરાયા તણો, કંચન વાન સુચંગ,
સત્યાસત્ય પ્રકાશતો, દિવાકર રહ્યો અંગ....૩....
હું નિર્ભાગી રડવડું, ઇણ ભરતે અનાથ,
ગણધર ચોરાશી ભલા, દેજો શિવપુર સાથ....૪....
એ જિન વંદો ભાવતી, કરી એકણ ચિત્ત,
જ્ઞાનવિમલ પ્રભુ નિત દીયે, પુણ્ય પરિમલ વિત્ત....૫....

## (૧૭) વિરસેન જિનનું

સત્તરમા જિનવર સ્મરું, વીરસેન ગુણવંત,
શીયલ સલીલા કામિની, રાજસેનાનો કંત....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સકલ સમીહિત પૂરણો, ધોરી લંછન પાય,
ભાનુમતી સુત ગુણનીલો, કંચન વરણી કાય....૨....
ભાનુસેન નંદન ભલો, પુંડરિકિણી આધાર,
સુર અસુર સેવે તિહાં, ચઉગતિ ભ્રમણ નિવાર....૩....
પુષ્કલાવતી રળીયામણી, પુંડરિકિણી ગામ,
દૂર રહી ભક્તિ કરું, અવધારો ગુણધામ....૪....
પણસય ધનુ કાયા લહી, વિચરી રહ્યા જીનદેવ,
સો કોડિ પરિવારમેં, નય કહે કરો સેવ....૫....

## (૧૮) મહાભદ્ર જિનનું

નગરી વિજયામાં પ્રભુ, દેવરાજ ઘર આયા,
સુર નર નારી હરખતાં, ઉમયાદેવી જાયા....૧...
મહાભદ્ર કરનાર તે, મહાભદ્ર જીનરાય,
વપ્રા વિજયે વિચરતા, ગજ લંછન પાય....૨....
રૂપ ગુણના ભંડાર સમ, સુર્યકાંતા રાણી,
અશરણ શરણ જીણુંદ તું ગુણગણની ખાણી....૩....
હેમ વાન સોહામણો, રૂપે જીત્યો અનંગ,
પંચ શત ધનુ દેહમાન, સુખ સંપતિ દે ચંગ....૪....
ચોરાશી જિન ગણધરા, આપે અક્ષય સુખ
જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિથી, નાસે દોહગ દુઃખ....૫....

## (૧૯) દેવયશ જિનનું

દેવયશના ગુણ ઘણા, તિહુયણ કરે પ્રકાશ,
જગમાં જોડી કો નહી, ઈંદ્ર ચંદ્ર જસ દાસ....૧....
અંગજ ગંગાદેવીનો, સમતા રસ ભરીયો,
વત્સા વિજયે રાજતો, કેવલ કમલા વરીયો....૨...
નયરી સુશીમા ગુણનીધિ, જિહાં વિચરે જિનરાજ,
ધનુષ પાંચશે દેહડી, ત્રણ ભુવનની લાજ....૩...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્ર લંછન દીપતું પ્રભાવતી આધાર,
પુત્ર સર્વભૂતિ તણો, સો કોડિ પરિવાર....૪....
જગનાયક જગદીશ્વરુ, કંચન વરણી દેહ,
જ્ઞાનવિમલ ગુણ ગાવતાં, વાધે ધર્મ સનેહ....૫....

(૨૦) **અજીતવીર્ય જિનનું**

વીતશોકા નયરી વસે, કર્ણિકાદેવી નંદ,
દ્રવ્ય ભાવ ભક્તિ કરે, આપે સુખ અમંદ....૧....
પુષ્કર દ્વીપ પશ્ચિમમાં, નલીનીવતી ગુણખાણ,
કંચનવાન કાયા ઊંચી, પાંચશે ધનુષની જાણ....૨....
ચાર ગતિને ચૂરવા, સમજણ આપે સાર,
તિણ કારણ જંઘામહીં, સ્વસ્તિક લંછન ધાર....૩....
રૂપ ગુણ શીલથી ભરી, રત્નમાલા નાર,
રાજપાલ અંગજ કહ્યો, ત્રિભુવનજન આધાર....૪....
અજીતવીર્ય જિન પ્રણમતાં, જાયે રાગ ને રીશ,
કૃપા કરી સંભારજો, જ્ઞાનવિમલ નિશદિશ....૫....

## વિહરમાન જિનના ચૈત્યવંદનો

[૧]

પ્રાતઃ સમય નિત્ય પ્રણમીયે, શ્રી સીમંધર સ્વામ,
મન વિકસે તનુ ઉલસે, લીજંતે જસુ નામ....૧....
યુગમંધર નમું ભાવશું, જગતારણ જગનાથ,
બાહુ જિનેશ્વર ધ્યાવતાં, આપે શિવપુર સાથ....૨....
ચોથા સુબાહુ જિનેશ્વરુ, જયવંતા જિન ચાર,
જંબુદ્વિપ વિદેહમાં, વંદુ વારંવાર....૩....
દસ લાખ કેવલધરા, સાધુ સો સો કોડ,
વિહરમાનની સંપદા, વંદુ બે કર જોડ....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરતક્ષેત્રમાં હું વસ્યો, દીજે દરિશણ દેવ,
કીર્તિચંદ્ર કહે સાહિબા, ભવ ભવ તારી સેવ...૫....

[૨]

પહેલા જિનવર વિહરમાન, શ્રી સીમંધર સ્વામી.
યુગમંધર બીજા નમું, મુજ અંતરજામી....૧....
ત્રીજા બાહુ જિનેસરુ, પ્રણમું ભગવંત,
ચોથા જિન શ્રી સુબાહુ, વંદુ વળી ગુણવંત....૨....
શ્રી સુજાત પંચમ જિન એ, છટ્ઠા સ્વયંપ્રભસ્વામી,
ઋષભાનન જિન સાતમા, હું પ્રણમું શિરનામી....૩....
અનંતવીર્ય જિન આઠમા, સુરપ્રભ છે નવમા,
શ્રી વિશાલ દશમા જિણંદ, જસ મોટો મહિમા....૪....
શ્રી વજાધર અગીયારમા, બારમા ચંદ્રાનન,
ચંદ્રબાહુ જિન તેરમા, જસ વર્ણ કંચન....૫....
ભુજંગસ્વામી જિન ચૌદમા, વંદું ઉલટ આણ,
શ્રી ઇશ્વર જિન પંદરમા, નમીએ નિત્ય સુવિહાણ....૬....
નેમિપ્રભ જિન સોળમા, સુખદાયક જેહ,
સત્તરમા શ્રી વીરસેન, વંદુ ધરી નેહ....૭....
મહાભદ્ર અઢારમા, દેવજશા ઓગણીશ,
અજિતવીર્ય જિન વીશમા, જ્ઞાન વિમલ નમે ઈશ....૮....

[૩]

સીમંધર યુગમંધર પ્રભુ, બાહુ સુબાહુ ચાર,
જંબુદ્વિપના વિદેહમાં, વિચરે જગદાધાર....૧....
સુજાત સાહેબને સ્વયંપ્રભુ, ઋષભાનન ગુણમાલ,
અનંતવીર્ય ને સુરપ્રભુ, દશમા દેવ વિશાલ....૨....
વજાધર ચંદ્રાનન નમું, ધાતકી ખંડ મોઝાર,
અષ્ટ કર્મ નિવારવા, વંદુ વાર હજાર....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્રબાહુ ભુજંગપ્રભુ, નેમિ ઇશ્વર સેન,
મહાભદ્ર ને દેવજશા, અજિતવીર્ય નામેણ....૪....
આઠે પુષ્કર અર્ધમાં, અષ્ટમી ગતિ દાતાર,
વિજય અડ નવ ચોવીશમી, પણવીશમી કિરતાર....૫....
જગનાયક જગદીશ્વરુ એ, જગબંધવ હિતકાર,
વિહરમાનને વંદતાં, જીવ લહે ભવપાર....૬....

[૪]

સીમંધર યુગમંધરા, જયવંતા જિનરાજ,
બાહુ સુબાહુ વંદતા, સારે વાંછિત કાજ....૧....
જંબુદ્વિપે વિચરતાં, ઉપકારી અરિહંત,
ધન તે નર વાણી સુણે, ત્રિગડામાં ધરી ખંત....૨....
સુજાત સ્વયંપ્રભ વંદિએ, ઋષભાનન મનોહાર,
અનંતવીર્ય ને સુરપ્રભ, વિશાલ વજ્રધર સાર....૩....
ચંદ્રાનન ચિત્ત ધારીએ, ધાતકી ખંડે જેહ,
મુજ મન આશા દર્શકી, જિમ મોરા મન મેહ....૪....
ચંદ્રબાહુ ભુજંગજી, ઈશ્વર નેમીપ્રભ સ્વામ,
વીરસેન ને મહાજશા, ચંદ્રજસા ગુણધામ....૫....
અજિતવીર્ય પ્રણમું સદા, પુષ્કરદ્વિપે જિણંદ,
દેવ રચિત વર આસને, બેસે ત્રિભુવન ચંદ....૬....
વીશે જિનવર વંદતા, વાધે બુદ્ધિ અપાર,
અલિય વિઘન દૂરે હરે, જેહથી જય જયકાર....૭....
રાગાદિક જે દોષથી, વિરમ્યા તે ભગવાન,
કીર્ત્તિચંદ્ર સમ નિરમલો, કેશર વિજે સુજ્ઞાન....૮....

[૫]

ચઉ જિન જંબુદ્વિપમાં, અડ ધાતકી ખંડે,
પુષ્કરાર્ધે આઠ જાણીએ, એમ વીશ અખંડે....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અડ પણવીશ ચોવીશમી, નવમી વિજયે વિચરંતા,
બાલ તરુણ નૃપ પદપણે, વળી અપર અરિહંતા....૨....
સિત્તેર સો ઉત્કૃષ્ટથી, ભરહેરવય પ્રમાણ,
જ્ઞાનવિમલ જિનરાજનો, શિર ધરીએ શુભ આણ....૩....

[૬]

સીમંધરં સ્તૌમિ યુગમંધરં ચ,
બાહું સુબાહું ચ સુજાત દેવમ્,
સ્વયંપ્રભ શ્રી ઋષભાનનાખ્ય-
મનન્તવીર્યં ચ વિશાલ નાથમ્....૧....
સુરપ્રભં વજ્રધરં ચ ચંદ્રાનનં,
નમામિ પ્રભુ ભદ્રબાહુમ્,
ભુજંગ નેમિપ્રભતીર્થનાથા-
વથેશ્વર શ્રી જિનવીર સેનમ્....૨....
સ્તવીમિ ચ મહાભદ્રં,
શ્રી દેવયશસં તથા,
અર્હન્તમજિતવીર્યં,
વન્દે વિંશતિમર્હતામ્....૩....

## ચાર શાશ્વતા જિનના ચૈત્યવંદનો

### ઋષભ જિનનું ચૈત્યવંદન (૧)

ત્રિભુવનમાંહી શાશ્વતા, જિનવર ચૈત્ય ઉદાર,
મુજ મનમાંહે કોડ ઘણા, ચઉમુખ બિંબ જુહાર....૧....
પૂરવ દિશિ પ્રકાશતા, ઋષભ પ્રભુ મહારાજ,
ત્રિકરણ શુદ્ધે પૂજતા, સારે સઘલા કાજ....૨....
વૈમાનિક ગ્રૈવેયક ને, અનુત્તરમાંહી લીજે,
એકસો એંશી બિંબ તો, સવિ મંદિર ગણીજે....૩....
સો જોજન લંબાઇ ને, પચાસનો વિસ્તાર,

ઉંચા બહોંતેર પ્રણમતા, ધર્મરત્ન પદ ધાર...૪....

### ચંદ્રાનન જિનનું ચૈત્યવંદન (૨)

દક્ષિણ દિશિ ચંદ્રાનન, સોહે નિશ દિશ,
શાશ્વત ચૈત્યે જે વલી, નમન કરે સુર ઇશ....૧....
સાત ક્રોડ બોંત્તેર લાખ, ભવનપતિમાં જાણું,
શાશ્વત ચૈત્યે જે નમે, તેનો જન્મ પ્રમાણું....૨....
ચંદા સમ ચંદ્રાનન, ભક્તિ મુજને ઇષ્ટ,
તેહ થકી પદ પામશે, ધર્મરત્ન વિશિષ્ટ....૩....

### વારિષેણ જિનનું ચૈત્યવંદન (૩)

વારિષેણ વલી યતિપતિ, પશ્ચિમ દિશિ સોહે,
શાશ્વત ચૈત્યે વંદતા, ભવિયણ મન મોહે....૧....
વ્યંતર જ્યોતિષીમાં વલી, અસંખ જિનવર ચૈત્ય,
જે માને જાણે નહીં, તે તો સઘલા દૈત્ય....૨....
વારિષેણ વિભુ દેખવા, જેહની મનની ખંત,
ધર્મરત્ન પદ પામશે, લહેશે લીલ અનંત....૩....

### વર્ધમાન જિનનું ચૈત્યવંદન (૪)

ઉત્તર દિગ્ નાયક ભલો, દેવોમાંહે કુબેર,
શાશ્વત ચૈત્ય જુહારતો, કરે કર્મને જેર....૧....
શાશ્વત જિન ચોથા કહ્યા, નામે શ્રી વર્ધમાન,
તીર્છાલોકમાં તે સહી, ભવ્ય કરે ગુણગાન....૨....
ધર્મસૂરિ સુનજરથી, શાશ્વત જિન ભેટયો,
રત્નવિજય હરખે મુદા, ભવભયને ભેટયો....૩....

### કલશ

જિન આગમ જાણે, જે વલી ભવ્ય લોકો,
તીરથ પ્રતિમા માને, કાઢતા દુઃખ શોકો,
પ્રભુ શાસન પામી, જે નવિ એહ માને,
ધર્મરત્ન કહે નિશ્ચે, તેહનો જન્મ ફોકો....૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શાશ્વત જિનોનું ચૈત્યવંદન

ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્ધમાન જપીજે,
ત્રિભુવનમાં એ શાશ્વતા, પૂજી ફલ લીજે....૧....
અતીત અનાગત વર્તમાન, જે જિનવર ધ્યાવે,
આંતર શત્રુ દૂરે ટળે, આતમ નિરમલ થાવે....૨....
શ્રી વિજયપ્રભસૂરિ ભલા, વિજયરત્ન સૂરીંદ,
વિનયવિજય ઉવઝાયનો, રૂપ સદા આનંદ... ૩....

## ઋષભ દેવના ચૈત્યવંદનો
(૧)

ધુર સમરૂં શ્રી આદિદેવ, વિમલાચલ સોહીએ,
સુરતિ મૂરતિ અતિ સફળ, ભવિયણના મન મોહીએ....૧....
સુંદર રૂપ સોહામણો, જોતાં તૃપ્તિ ન હોય,
ગુણ અનંત જિનવરતણાં, કહી શકે નવ કોય....૨....
વીતરાગ દર્શન વિના, ભવસાગર મેં રૂલીઓ,
કુગુરુ કુદેવે ભોળવ્યો, ગાઢો જલ ભરીઓ....૩....
પૂર્વ પુણ્ય પસાઉલે, વીતરાગ મેં આજ,
દર્શન દીઠો તાહરો, તારણ તરણ જહાજ....૪....
સુરઘટ ને સુરવેલડી, આંગણે મુજ આઇ,
કલ્પવૃક્ષ ફળીઓ વલી, નવનિધિ મેં પાઇ....૫....
તુજ નામે સંકટ ટળે, નાસે વિષમ વિકાર,
તુજ નામે સુખ સંપદા, તુજ નામે જયકાર....૬....
આજ સફલ દિન માહરો, સફળ થઇ મુજ જાત્ર,
પ્રથમ તીર્થંકર ભેટીયા, નિર્મલ કીધાં ગાત્ર....૭....
સુર નર કિન્નર કિન્નરી, વિદ્યાધર ની કોડ,
મુક્તિ પહોંચ્યા કેવલી, વંદુ બે કર જોડ....૮....
શત્રુંજય ગીરિ મંડણોએ, મરુદેવા માત મલ્હાર,
સિદ્ધિવિજય સેવક કહે, તુમ તરીઆ મુજ તાર....૯....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨)

કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો,
સોવન હિંડોલે હિંચતો, માતાને મનગમતો....૧....
સો દેવી બાલક થયા. ઋષભજી કેડે,
વ્હાલા લાગો છો પ્રભુ, હૈડા શું ભીડે....૨....
જિનપતિ યોવન પામીયા, ભાવે શું ભગવાન,
ઇન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો સામાન....૩....
ચોરી બાંધી ચિહું દિશિ, સુર ગોરી આવે,
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે....૪....
ભરતે બિંબ ભરાવીયા, થાપ્યા શત્રુંજય ગીરિરાય,
વિજયપ્રભ સૂરી મહિમા ઘણો, ઉદયરત્ન ગુણ ગાય....૫....

(૩)

નાભિ નરેસર કુલ કમલ, દિનકર સમ કહીએ
યુગલા ધર્મ નિવારણો, જગસ્થિતિ શિવ લહીએ....૧....
વંશ ઇક્ષ્વાકુ રાજહંસ, મરૂદેવી નંદ,
આનંદ કહે જિણંદ ચંદ, ટાળે ભવફંદ....૨....
ઋષભ જિનેસર પાય નમી, આણી ભવ અપાર,
પ્રીતિવિજય કહે સાહિબા, આવાગમન નિવાર....૩....

(૪)

જયત્યાદિમ તીર્થેશ, ત્રિલોકી મંગલ દ્રુમ:
શ્રેય: કુલં સદા લોકા, યથા લોકાદુપાસતે....૧....
શ્રીમન્નાભિકુલાદિત્ય, મરૂદેવ્ય ગજપ્રભો,
સંસારાબ્ધિ મહાપોત, જયત્વં વૃષભધ્વજ....૨....
નમસ્તે જગદાનંદ, મોક્ષમાર્ગ વિધાયક,
જૈનેંદ્ર વિદિતાશેષ, ભાવસતદ્ભાવનાયકં....૩....
પ્રક્ષીણાશેષ સંસ્કાર, વિસ્તાર પરમેશ્વર,
નમસ્તે વાક્ યથાતીત, ત્રિલોક નરશેખર....૪...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવાબ્ધિ પતિતાનંત, સત્ત્વ સંસાર તારક,
ઘોર સંસાર કંતાર, સાર્થવાહ નમોસ્તુતે....૫....

(૫)

અરિહંત નમો ભગવંત નમો,
પરમેસર જિનરાજ નમો,
પ્રથમ જિનેસર પ્રેમે પેખત,
સિધ્યા સઘલા કાજ નમો....૧....

પ્રભુ પારંગત પરમ મહોદય
અવિનાશી અકલંક નમો,
અજર-અમર અદ્‌ભુત અતિશય નિધિ,
પ્રવચન જલધિ મયંક નમો...૨....

તિહુયણ ભવિયણ જનમનવંછિય,
પૂરણ દેવ રસાલ નમો,
લળિ લળિ પાય નમું હું ભાવે,
કર જોડીને ત્રિકાલ નમો...૩....

સિદ્ધ બુદ્ધ તું જગ જન સજ્જન,
નયણાનંદન દેવ નમો,
સકલ સુરાસુર નરવર નાયક,
સારે અહનિશ સેવ નમો....૪....

તું તીર્થંકર સુખકર સાહિબ,
તું નિષ્કારણ બંધુ નમો,
શરણાગત ભવિને હિતવત્સલ,
તુંહિ કૃપારસ સિંધુ નમો....૫....

કેવલજ્ઞાનાદર્શે દર્શિત,
લોકાલોક સ્વભાવ નમો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાશિત સકલ કલંક કલુષગણુ,
દુરિત ઉપદ્રવ ભાવ નમો....૬....
જગચિંતામણી જગગુરૂ જગહિત-,
કારક જગ જનનાથ નમો,
ઘોર અપાર ભવોદધિ તારક,
તું શિવપુરનો સાથ નમો....૭....
અશરણુ શરણુ નિરાગી નિરંજન,
નિરુપાધિક જગદીશ નમો,
બોધિ દીયો અનુપમ દાનેસર,
જ્ઞાનવિમલ સૂરીશ નમો....૮....

(૬)

આદિનાથ જગનાથ, વિમલાચલ મંડન,
જય નાભિકુલાકાશ, પ્રકાશન દિવાકર....૧....
તવ દેવ પદાંભોજ, સેવાપિ દુર્લભા ભવેત્,
પુન્ય સંભાર હીનાનાં, કલ્પવલ્લીવ દેહિનાં....૨....
તે ધન્યા માનવા દેવા યે, અગમં તવ શાસનં,
વંદનીયા વિભાતાયે, વંદંતે ભવતઃ પદૌ... ૩....
પ્રચંડ મમ રાગાદિ, રિપુ સંતતિ ઘાતકં,
શ્રી યુગાદિ જિનાધીશં, દેવં વંદે મુદા સદા....૪...
શ્રી શત્રુંજય કોટિર, કૃતં રાજ્ય શ્રિયા વિભો,
સર્વોઽઘનાશનં મેસ્તુ, શાસનં તે ભવે ભવે....૫....

(૭)

જય જય નાભિ નરિંદ નંદ, સિદ્ધાચલ મંડન,
જય જય પ્રથમ જિણંદ ચંદ, ભવદુઃખ વિહંડણુ....૧....
જય જય સાધુ સૂરીંદ વૃંદ, વંદિએ પરમેસર,
જય જય જગદાનંદ કંદ, શ્રી ઋષભ જિણેસર....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમૃતસમ જિનધર્મનો એ, દાયક જગતમાં જાણ,
તસ પદ પંકજ પ્રીત ધર, નમત નિશદિન કલ્યાણ....૩....

(૮)

આદીશ્વર અરિહંત દેવ, અવિનાશી અમલ,
અક્ષય સરૂપી ને અનુપ, અતિશય ગુણ વિમલ....૧....
મંગલ કમલા કેલી વાસ, વાસવ નિત્ય પૂજીત,
તુજ સેવા સહકાર સાર, કરતાં કલ કુંજિત....૨....
યોજિત યુગાદિ જિણે એ, સકલ કલા વિજ્ઞાન,
શ્રી જ્ઞાનવિમલસૂરિ ગુણ તણો, અનુપમ નિધિ ભગવાન....૩....

(૯)

વંશ ઇક્ષ્વાગ સોહાવતો, સોવન વન કાય,
નાભિરાય કુલ મંડણો, મરૂદેવી માય....૧....
ભરતાદિક શત પુત્રનો, જે જનક સોહાય,
નારી સુનંદા સુમંગલા, તસ કંત કહાય....૨...
બ્રાહ્મી સુંદરી જેહની એ, તનયા બહુ ગુણ ખાણ,
જ્ઞાનવિમલ ગુણ તેહના, સંભારો સુવિહાણ....૩....

(૧૦)

પ્રથમ નાથ પ્રગટ પ્રતાપ. જેહ નો જગે રાજે,
પાપ તાપ સંતાપ વ્યાપ, જસ નામે ભાંજે....૧....
પરમ તત્ત્વ પરમાત્મ રૂપ, પરમાનંદ દાઇ,
પરમ જ્યોતિ જસ ઝલહલે, પરમ પ્રભુતા પાઇ....૨...
ચિદાનંદ સુખ સંપદાએ, વિલસે અક્ષય સનૂર,
ઋષભદેવ ચરણે નમે, શ્રી જ્ઞાનવિમલ ગુણસૂર....૩....

(૧૧)

પ્રેમે પ્રણમો પ્રથમ દેવ, શત્રુંજય ગીરિ મંડન,
ભવિયણ મન આણંદ કરણ, દુઃખ દોહગ ખંડણ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુર નર કિન્નર નમે, તુજ ભગતિશું પાયા,
પાવ પંક ફેડ સમત્થ, પ્રભુ ત્રિભુવન રાયા....૨....
જ્ઞાન વિમલ પ્રભુ તુમ તણે, ચરણે શરણે રાખો,
કરજોડી ને વિનવું, મુક્તિ માર્ગ મુજ દાખો....૩..

(૧૨)

નાભિ નરેસર વંશ ચંદ, મરુદેવા માત,
સુર રમણી રમણીય જાસ, ગાયે અવદાત....૧...
કંચન વર્ણ સમાન કાંતિ, કમનીય શરીર,
સુંદર ગુણ ગણ પૂર્ણ ભવ્ય, જન મન તનુ કીર....૨....
આદીશ્વર પ્રભુ પ્રણમીયે એ, પ્રણત સુરાસર વૃંદ,
મન મોદે મુખ દેખતાં, દાન મીટે દુઃખ દંદ....૩....

(૧૩)

પૂર્ણચંદ્ર ઉપનામ જાસ, વદનાંબુજ દીઠે,
ભવ ભવ સંચિત પાપ તાપ, તે સઘલાં નીઠે...૧....
ભવિજન નયન ચકોર ચંદ્ર, તવ હરખિત થાય,
અંધકાર અજ્ઞાન તિમ, નિર્વિષયી જાય...૨....
સમતા શીતલતા વધે એ, પૂર્ણ જ્યોતિ પ્રકાશ,
ઋષભદેવ જિન સેવતાં, દાન અધિક ઉલ્લાસ....૩....

(૧૪)

નાભિ નરેસર વંશ મલય, ગીરિચંદન સોહે,
જસ પરિમલશું વાસિયો, ત્રિભુવન મન મોહે....૧....
અપછર રંભા ઉવર્શી, જેહના અવદાત,
ગાયે અહોનિશ હર્ષશું, મરૂદેવી માત...૨....
નિરુપાધિક જસ તેજશું એ, સમમય સુખનો ગેહ,
જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, અખય અનંતી જેહ....૩....

(૧૫)

રીસહ જિનવર રીસહ જિનવર, અવર ત્રેવીશ....૧...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુંડરગીરિ શિર ઉપરે, નમો નેમિ ગિરનાર,
સાસય બિબ અસાસયાં, સ્વર્ગ મૃત્યુ પાતાલ....૨....
એકમના પ્રણમો સહી, મન સમરી નવકાર,
કર જોડી લક્ષમણ ભણે, સફલ કરો અવતાર....૩....

(૧૬)

વિનીતા નયરીનો ધણી, નાભિરાય કુલભાણ,
મરૂદેવા માતા જનમિયો, ત્રિભુવન તિલક સમાન....૧...
રાણકપુરે વંદુ સદા, ઋષભદેવ મહારાજ,
કર્મ પડલ દૂરે હરે, સારે વાંછિત કાજ....૨....
વૃષભ લંછને શોભતાં, સોવન વરણ સુજાણ,
કેશરવિજે ધ્યાવે સદા, અવિચલ સુખનું ઠાણ....૩....

(૧૭)

ઉઠી પ્રભાતે આતમા, ધ્યાવો આદિનાથ,
વિઘન વિદારણ સુખકરણ, આપે શિવપુર સાથ...૧....
નંદન નાભિ નરિંદનો, દેવનો દેવ દયાલ,
ઉદયાચલ પર ઉગીયો, કર્મ પડલ દ્યો ટાલ....૨...
રાણકપુરે અતિ રંગશું, ભેટ્યા પ્રથમ જિણંદ,
કીર્ત્તિચંદ્ર કહે દીજિયે, અવિચલ પદ આણંદ....૩...

(૧૮)

ઋષભ જિનેશ્વર સાહિબો, ઉપકારી અવતાર,
જગ મેં કોઈ બીજો નહીં, તુજ સમ તારણહાર... ૧....
નાભી નંદન જગ જયો, મરૂદેવા ઉર હાર,
અલખ અનોપમ તાહરી, મુદ્રા સુંદર પ્યાર...૨....
લંછન ધોરી વિરાજતો, પુર ગોલે સુખકાર,
કેશરવિજે કહે સાહિબા, બાંહ્ય ગૃહી મુજ તાર....૩....

(૧૯)

અલખ અગોચર અકલરૂપ, અવિનાશી અનાદિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક અનેક અનંત સાંત, અવિકલ અવિષાદિ....૧....
સિદ્ધ બુદ્ધ અવિરુદ્ધ શુદ્ધ, અજર અમર અભય,
અવ્યાબાધ અમૂરતિક, નિરુપાધિક નિરમાય...૨....
પરમ પુરૂષ પરમેસરુ, પ્રથમનાથ પરધાન,
ભવ ભવ ભાવઠ ભંજણો, ભજીયે શ્રી ભગવાન...૩....
રસના તુજ ગુણ સંસ્તવે, દૃષ્ટિ તુજ દર્શન,
નવ અંગ પૂજા સમે, કાયા તુજ ફરશન....૪....
તુજ ગુણ શ્રવણે દો શ્રવણ, મસ્તક પ્રણિપાતે,
શુદ્ધ નિમિત્તી સવિહુઆ, શુભ પરિણતિ થાતે....૫....
વિવિધ નિમિત્ત વિલાસથી, વિલસે પ્રભુ એકાંત,
અવતરીયો અભ્યંતરે, નિશ્ચલ ધ્યેય મહંત....૬....
ભાવદૃષ્ટિ માં ભાવતા, વ્યાપક સવિ ઠામે,
ઉદાસીનતા અવરશું, લીનો તુજ નામે....૭....
દીઠાવિણ જે દેખવે, સુતાં પણ જગવે,
અવર વિષયથી છોડવે, ઇન્દ્રિય બુદ્ધિ ત્યજવે....૮....
પરાધીનતા મિટ ગઇ, ભેદ બુદ્ધિ ગઇ દૂર,
અધ્યાતમ પ્રભુ પરિણમ્યો, ચિદાનંદ ભરપૂર....૯....
પૂજક પૂજ્ય અભેદથી, કુણ પૂજે રૂપ,
દ્રવ્ય સ્તવ રહ્યો દ્રવ્યરૂપ, એહીજ શુદ્ધ સ્વરૂપ....૧૦....
આતમ પરમાતમ ભયો, અનુભવ રસ સંગતે,
દ્વૈત ભાવ મળ નીકસ્યો, ભગવંતની ભગતે....૧૧....
આતમ છંદે વિલસતા, પ્રગટ્યો વચનાતીત,
મહાનંદ રસ મોકળો, સકલ ઉપાધિ વ્યતીત....૧૨....
જ્યોતિ સે જ્યોતિ મિલ ગઈ, પર રહે નિજ અવધે,
અંતરંગ સુખ અનુભવ્યું, નિજ આતમ લબ્ધે....૧૩....
નિરવિકલ્પ ઉપયોગ રૂપ, પૂજા પરમારથ,
કારક ગ્રાહક એક છે, પ્રભુ ચેતન સમરથ....૧૪...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીતરાગ એમ પૂજતાંએ, લહીએ અવિહડ સુખ,
માનવિજય ઉવજ્ઝાયના, નાઠાં સઘળાં દુઃખ...૧૫...

(૨૦)

સુણો આદિ જિનરાજ અરદાસ મોરી,
લહી ભાગ્યથી આજ મેં ભેટ તોરી,
મહાપુણ્યના પુરથી નાથ પાયો,
હવે કષ્ટ ભય દુષ્ટ દૂરે નસાયો....૧....

ગયો કાળ બાળપણામાં અનંતો,
વસ્યો મોહની આણમાં હું ભમંતો,
દેખી મુખ તારૂં થયો ઉજમાલ,
લહ્યો ધર્મનો આજ તારૂણ્યકાલ....૨....

મલ્યો ચરમ આવર્ત્ત મોટો સખાઇ,
પડયો પાતળો મોહ મહા દુઃખદાયી,
ગ્રન્થિ ભેદથી તત્ત્વની દૃષ્ટિ પાઇ,
પ્રભુ ઓળખ્યો તું અમોહી અમાયી....૩...

મિટ્યો આજ મિથ્યાત્વનો અંધકાર,
થયો શુદ્ધ સમ્યક્ત્વનો જ્યોતકાર,
રહ્યા વેગળા કાઠિયા કર્મ કાઠાં,
અનંતાનુબંધી સવે દૂર નાઠાં....૪....

હવે ઉલ્લસી આપથી યોગ શક્તિ,
જાગી ચિત્તમાં તાહરી જોર ભક્તિ,
ગયો આપ-આપે સહુ ભ્રમજાળ,
જાણ્યો દેવ તું એક જગમાં દયાલ....૫....

થયું સમર સે ચિત્ત શીતલ સુચંગ,
ભળી વાસના સહજ સંવેગ રંગ,
ગયો તાપ નિષ્પાપ માર્ગ નિહાળી,
મળી ચેતના સહચરી રસાળી....૬....

Jain Education International 	For Private & Personal Use Only 	www.jainelibrary.org

મલ્યા સત્ય સંતોષ આદિ સુમિત્ર,
શુભ ધ્યાન કલ્લોલ વાધ્યા વિચિત્ર,
થયો ગોપદ પ્રાયઃ સંસાર સિંધુ,
વસ્યો તું મનમંદિરે વિશ્વબંધુ....૭...

જિહાં ગરુડ ત્યાં નાગનો નહીં પ્રચાર,
સમય દાવ નાવે જિહાં મેઘ ધાર,
દેખી કેસરી ગજઘટા દૂર નાસે,
તુજ ધ્યાનથી તેમ સંસાર ત્રાસે....૮....

પ્રભો તું મિલ્યાથી હુવો હું સનાથ,
કૃપાનાથ તેં જન્મ કીધો કૃતાર્થ,
ટળી આપદા સર્વ આવી,
પ્રભુ તાહરી ભક્તિ જો ચિત્ત ધારી...૯....

બિરાજો મહારાજ જો મુજ મન્ન,
ન માંગુ પછી તેહથી કાંઇ અન્ય,
ગ્રહ્યો બાંહ્ય તો છેહ દેશો ન કયારે,
મહાપુરૂષ તે શરણે આવ્યા સુધારે....૧૦....

(૨૧)

વિશદ ગુણ સંભૃતં, પરમ પદ શોભિતં,
વિમલ ગિરિ રાજિતં વિશ્વનાથમ્,
સકલ સંયોગ વિચ્છેદકં પારગં,
લબ્ધ પરમાત્મ શુદ્ધ સ્વરૂપમ્....૧....

અમિત બલ ધારકં કર્મ રિપુ વારકં,
સર્વદા નન્દિતં વિશ્વવંદ્યમ્,
સત્યપથ દર્શકં વચન રસ વર્ષકં,
શ્રોતૃજન હર્ષકં પરમ સેવ્યમ્....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધિ સમૃદ્ધિ સુખ દાયકં નાયકં,
વિશ્વ જનહિત કરં પરમ પૂજ્યમ્,
નિર્મલાનંદ રત્નાકરં શંકરં,
નૈમિ તં ઋષભજિન વીતરાગમ્....૩....

(૨૨)

મુખ નિરખી જિનરાજનું, ભાવું ભાવ ઉદાર,
ધન્ય દિવસ વેળા ઘડી, દીઠો તુમ દેદાર....૧....
અંતરજામી તું માહરો, સમરૂં વારોવાર,
તારક બિરૂદ સુણી કરી, મનમંદિર એકતાર....૨....
સુતા બેઠા જાગતાં, એક તુમારૂં ધ્યાન,
યોગીશ્વર પેરે જવું, નિરખું પરમ નિધાન....૩....
સુરભિ સમરે વચ્છને, કોયલડી મધુ માસ,
તિમ સમરૂં હું તુજને, ચંદ ચકોર ઉલ્લાસ....૪....
જિમ ઘન ગર્જિત મોરને, ઉલટ અંગે થાય,
નિરખી નિરખી હરખે ઘણું, મુજ મન આવે દાય....૫....
અણસંભાર્યા સાંભરે, સમય સમય સોવાર,
નયણ અમારા લાલચી, દેખણ તુમ દેદાર....૬....
તું મન માન્યો માહરે, તુંહિજ જીવન પ્રાણ,
સેવક કરીને દાખવો, તું મોહે મહિરાણ....૭....
કાળ મોંઘે જે દાન દીયે, તે દાની જગમાંહી
તે માટે હવે આજથી, રખે વિસારો નાંહી....૮....
એકવાર સેવક કહી, બોલાવો મહારાજ,
મુક્તિ નથી હું માંગતો, એટલે સિધ્યાં કાજ....૯....
સેવક હશે તે બોલશે, ખમો મુજ અપરાધ,
અસમજ સજે બોલડા, દાખ્યા વેળા લાધ....૧૦....
ભવોભવ તુમ ચરણ તણી, માંગુ ભક્તિ ઉલ્લાસ,
આદિ જિનેશ્વર પૂરજો, ક્ષેમવર્ધનની આસ....૧૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી શાંતિનાથ ભગવંતના ચૈત્યવંદનો

[૧]

શાંતિ જિનેસર સમરતાં, સુખ થાવે ભરપૂર,
દિન-દિન આનંદ અતિ ઘણો, વાધે વધતું નૂર....૧....
સાત રાજ ઉંચા જઇ, વસિયા શિવપુર ઠાણ,
શુભ નજરે કરી સાહિબા, દીજે દરિસણ નાણ....૨....
બારે ભેદે તપ વલી, સંજમ સત્તર પ્રકાર,
સોલમો જિન સેવ્યા થકી, કીર્તિચંદ્ર જયકાર....૩....

[૨]

શાંતિ જિનેસર સાહિબા, સુખકારી સુખકંદ,
ભેટ્યા ભવભીતિ ભગી, આજ ભયો આણંદ....૧....
મૂર્તિ મોહન વેલડી, કામકુંભ સહકાર,
રત્નચિંતામણી સારીખો, દીઠો તુમ દીદાર....૨....
અચિરા સુત ત્રિભુવન તિલો, જગનાયક જિનરાજ,
ધર્મવિજય મોહે દીજિયે, શિવરમણી મહારાજ....૩....

[૩]

દશમે ભવે શ્રી શાંતિ જિન, મેઘરથ મહારાજ,
પોસહ લીધો પ્રેમથી, આત્મસ્વરૂપ અભિરામ....૧....
એક દિન ઇન્દ્રે વખાણીયો, મેઘરથ મહારાય,
ધર્મથી ચલાવ્યો નહી ચલે, જો પ્રાણ પરલોકે જાય....૨....
દેવે માયા ધારણ કરી, પારેવો સિંચાણો થાય,
અણધાર્યું આવી પડ્યું, પારેવડું ખોળા માંય....૩....
શરણે આવ્યું પારેવડું, થર-થર કંપે કાય,
રાખ-રાખ તું રાજવી, મુજને સિંચાણો ખાય....૪....
જીવદયા મનમાં વસી, કહે સિંચાણાને એહ,
નહિ આપું રે પારેવડું, કહે તો આપું દેહ....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભયદાન આપે કરી, બાંધ્યું તીર્થંકર નામ,
ઉદયરત્ન નિત પ્રણમતાં, પામે અવિચલ ઠામ....૬....

[૪]

વિશ્વાતિશાયી મહિમા, જ્વલતેજો વિરાજિતં,
શાંતિ શાંતિકર સ્તૌમિ, દુરિત વ્રાત શાન્તયે....૧....
ષોડશ વિદ્યાદેવ્યોઽપિ, ચતુષષ્ઠિ સુરેશ્વરાઃ,
બ્રહ્માદયશ્ચ સર્વેઽપિ, યં સેવંતે કૃતાદરા....૨....
ૐ હ્રીં શ્રીં જયે વિજયે, ૐ જયે પરૈ રપિઃ,
તુષ્ટિં કુરુ કુરુ પુષ્ટિં, કુરુ શાંતિં મહાજયે....૩....
ન ક્વાપિ વ્યાદયો દેહે, ન જ્વરા ન ભગંદરાઃ,
ક્વાસ શ્વાસાદયો નૈવ, વાદ્યંતે શાંતિ સેવનાત્....૪....
યક્ષભૂત પિશાચાદ્યા, વ્યંતરા દુષ્ટ મુદ્દગરાઃ,
સર્વે શામયન્તુ તે શાંતિ-નાથ, સેવા કરેમયી....૫....

[૫]

જય જય શાંતિ જિણંદ દેવ, હત્થિણા પુર સ્વામી,
વિશ્વસેન કુલ ચંદ સમ, પ્રભુજી અંતરજામી....૧....
અચિરા ઉર સર હંસ જિમ, જિનવર જયકારી,
મારી રોગ નિવારી ને, કીર્ત્તિ વિસ્તારી....૨....
સોલમા જિનવર શાંતિનાથ, નિત ઉઠો નામી શિષ,
સુર નવ ભૂપ પ્રસન્ન મન, નમતાં વાધે જગીશ....૩....

[૬]

સોલમા જિનવર શાંતિનાથ, સેવો શિર નામી,
કાંચન વરણ શરીર કાંતિ, અતિશય અભિરામી....૧....
અચિરા અંગજ વિશ્વસેન, નરપતિ કુલચંદ,
મૃગ લાંછનધર પદ કમલ, સેવે સુર વૃંદ....૨....
જગમાં અમૃત જેહવીએ, જાસ અખંડિત વાણ,
એક મને આરાધતાં, લહીએ કોડિ કલ્યાણ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭]

શાંતિકરણ પ્રભુ શાંતિ જિન, અચિરા રાણી નંદ,
વિશ્વસેન રાય કુલ તિલક, અમિય તણો એ કંદ....૧....
ધનુષ ચાલીશની દેહડી, લાખ વરસનું આય,
મૃગ લંછન બિરાજતા, સોવન સમ કાય....૨....
શરણે આવ્યો પારેવડો, જીવ દયા પ્રતિપાલ,
રાખ-રાખ તું રાજવી, મુજને સિંચાણો ખાય....૩....
જીવથી અધીક પારેવડો, રાખ્યો તે પ્રભુ નાથ,
દેવ માયા ધારણ સમે, ન ચલ્યો મેઘરથ રાય...૪....
દયાથી દો પદવી લહી, સોળમા શાંતિનાથ,
પુન્યે સિદ્ધિ વધુ વર્યા, મુક્તિ હાથો-હાથ....૫....

[૮]

નાના વિચિત્રં ભવદુઃખ રાશિં,
નાના પ્રકારે બહુ મોહ ફાંસી,
પાપાણિ દોષાણિ હરંતિ દેવા,
જે જન્મ શરણં ત્વં શાંતિનાથં....૧....
સંસાર મધ્યે મિથ્યાત્વ ચિંતા,
મિથ્યાત્વ મધ્યે કર્માણિ બંધં,
તે બંધ છેદન્તિ દેવાધિદેવા,
જે જન્મ શરણં ત્વં શાંતિનાથં....૨....
કામાશ્ચ ક્રોધં માયા વિલોભં,
ચતુઃકષાયં ઇહ જીવં બંધં,
તે બંધ છેદન્તિ દેવાધિદેવા,
જે જન્મ શરણં ત્વં શાંતિનાથં... ૩....
જાતસ્ય મરણં ભૂતસ્ય વચનં,
વૈ જન્મ શાંતિ બહુ જીવદુઃખં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે દુઃખ છેદન્તિ દેવાધિદેવા,
જે જન્મ શરણં ત્વં શાંતિનાથં....૪....
ચારિત્ર હીનો નર જન્મ મધ્યે,
સમ્યક્ત્વરત્નં પરિપાલયંતિ,
તે જીવ સિધ્યંતિ દેવાધિદેવા,
જે જન્મ શરણં ત્વં શાંતિનાથં....૫....
મૃદુ વાકય હીનો કઠિનસ્ય ચિત્તે,
પરજીવ નિંદે મનસાય બંધે,
તે બંધ છેદન્તિ દેવાધિદેવા,
જે જન્મ શરણં ત્વં શાંતિનાથં....૬....
પર દ્રવ્ય ચોરી પરદાર સેવા,
હિંસાની કાંક્ષાનિ અનિવૃત્તિ બંધં,
તે બંધ છેદન્તિ દેવાધિદેવા,
જે જન્મ શરણં ત્વં શાંતિનાથં... ૭....
પુત્રાણિ મિત્રાણિ કલત્રાણિ બંધ,
બહુ બંધ મધ્યે ઇહ જીવબંધ,
તે બંધ છેદન્તિ દેવાધિદેવા,
તે જન્મ શરણં ત્વં શાંતિનાથં....૮....
પઠતિ જપતિ નિત્યં, શાંતિનાથાદિ શુદ્ધં,
સ્તવન મદનરાયા, પાપ તાપાપહારં,
શિવસુખ નિધિ પોતં, સર્વ સત્ત્વાનુકંપં,
કૃત મુનિ ગુણભદ્રં, ભદ્ર કાર્યેષુ નિત્યં....૯....

## શ્રી નેમિનાથ ભગવંતના ચૈત્યવંદનો

(૧)

બાલ બ્રહ્મચારી નેમનાથ, સમુદ્રવિજય વિસ્તાર,
શિવાદેવીનો લાડલો, રાજુલ વર ભરતાર....૧....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તોરણ આવ્યા નેમજી, પશુડે માંડયો પોકાર,
મોટો કોલાહલ થયો, નેમજી કરે વિચાર....૨....
જો પરણું રાજુલને, જાય પશુના પ્રાણ
જીવ દયા મનમાં વસી, ત્યાંથી કીધું પ્રયાણ....૩....
તોરણથી રથ ફેરવ્યો, રાજુલ મૂર્છિત થાય,
આંખે આંસુડાં વહે, લાગે નેમજીને પાય....૪....
સોગંદ આપું માહરા, વળો પાછા એકવાર,
નિર્દય થઇ શું વાલમા, કીધો મારો પરિહાર....૫....
ઝીણી ઝબુકે વીજળી, ઝરમર વરસે મેહ,
રાજુલ ચાલ્યા સાથમાં, વૈરાગી ભીંજાણી દેહ....૬....
સંયમ લઇ કેવલ વર્યાએ, મુક્તિપુરીમાં જાય,
નેમ રાજુલની જોડને, જ્ઞાન નમે સુખદાય....૭....

(૨)

સમુદ્રવિજય કુલચંદ નંદ, શિવાદેવી જાયા,
જાદવ વંશ નભોમણિ, શૌરિપુરી ઠાયા....૧....
બાલ થકી બ્રહ્મચર્યધર, ગત માર પ્રચાર,
ભોક્તા નિજ આત્મિક ગુણ, ત્યાગી સંસાર....૨....
નિષ્કારણ જગજીવનો એ, આશાનો વિશ્રામ,
દીનદયાલ શિરોમણી, પૂરણ સૂરતરુ કામ....૩....
પશુડા પોકાર સુણી કરી, છાંડી ગૃહવાસ,
તત્ક્ષણ સંજમ આદરી, કરી કર્મનો નાશ....૪....
કેવલશ્રી પામી કરીએ, પહોંચ્યા મુક્તિ મોઝાર,
જન્મ-મરણ ભય ટાળવા, જ્ઞાન નમે સુખકાર....૫....

(૩)

જયવંત મહંત નિરંજન છો,
ભવના દુઃખ દોહગ ભંજન છો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવિ નેત્ર વિકાસન અંજન છો,
પ્રભુ કામ વિકાર વિગંજન છો....૧....

જગનાથ અનાથ સનાથ કરો,
મમ પાપ અમાપ સમૂલ હરો,
અરજી ઉર નેમિ જિણંદ ધરો,
તુમ સેવક છું પ્રભુ ના વિસરો....૨....

સુર અર્ચિત વાંછિત દાયક છો,
સહુ સંઘ તણાં પ્રભુ નાયક છો,
ગિરનાર તણા ગુણ ગાયક છો,
કલહંસ તણી ગતિ લાયક છો....૩....

(૪)

બાલપણે શ્રી નેમનાથ, વંદુ બ્રહ્મચારી,
આઠ ભવોની પ્રીતડી, તારી રાજુલ નારી....૧....

સમુદ્રવિજય સુત જાણીએ, શિવાદેવીનો જાયો,
જાદવ કુલ સોહામણો, શંખ લંછન ગુણ ગાયો....૨....

બત્તીશ સહસ બંધન તણી, જાણો પટરાણી,
પિચકારી સોવન તણી, તિહાં જલભરો આણી....૩....

દડો ઉછાળે કુલનો, દિયરને બોલાવે,
સહુકો ભોજાઈઓ મલી, વિવાહ નેમ મનાવે....૪....

નારી વિનાનું ઘર નહીં, વાંઢો નર કહેવાય,
ભોજાઈઓ મેણા મારશે, પરણો નેમ કુમાર....૫....

પરણો રાજુલ નાર તમે, ઉગ્રસેનની બેટી,
સત્યભામાની બેનડી, સમકિત ગુણની પેટી....૬....

એક નારી વિના દિયરો, ઘર શુન્યજ કહેવાય,
ઉનાં અન્ન કોણ આપશે, સુણો બાંધવ વાત....૭....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંડપ ચોરાશી સ્તંભનો, રચાયો મન રંગે,
ચૌ દિશી ગોરી ગાવતી, સાંજે ને સવારે....૮....
ભાત ભાતના ધાન તિહાં, જુવારા વવરાવે,
ભોજાઈ પાસે સિંચાવતાં, ગંગા નીર મંગાવે....૯....
પીઠી ચોળે પીતરાણી મલી, ઉને જલ નવરાવે,
નવલ ઘઉંલા મેળવી, મગ પીઠી બનાવે..૧૦....
આભૂષણ અંગે ધરી, શોભા વિરચાવે,
વરઘોડે શ્રી નેમિનાથ, પરણે રાજુલ નાર....૧૧....
પંચજાતિ વાજિંત્ર વાગે, ભેરી વજડાવે,
થૈઇ થૈઇ નાભ પતાકા, તોરણ નેમકુમાર....૧૨....
પશુ કરે પોકાર તિહાં, શાલાપતિને બોલાવે,
સારથવાહને પુછતાં, જીવ બંધને કેમ બાંધ્યા....૧૩....
જાદવકુલ ને એણી પરે, પ્રભાતે ગૌરવ દઈશું,
વિષયારસને કારણે, જીવ સંહાર કરીશું....૧૪....
જમણું અંગ ફરકે તિહાં, નવલા નેમકુમાર,
રાજુલ કહે સુણો સાહેલી, રથ વાળ્યો તત્કાલ....૧૫....
વરસીદાન દેઇ તિહાં, એક કોડ સાઠ લાખ,
સહસાવન જઈ સંયમ લીધો, સહસ પુરુષ સંગાથ....૧૬....
રાજુલ ધરણી ઢલે તિહાં, ઉજ્જયંત ગઢ ચાલ્યા,
ગુફામાં શ્રી રહનેમિ, રાજુલ પ્રતિબોધે....૧૭....
સ્વામી હાથે સંજમ લીધો, સંલેખણા એક માસ,
કેવલજ્ઞાને ઝલહલે, પામ્યા શિવપુર વાસ....૧૮....
પિયુ પહેલાં મુગતે ગયા, ધન-ધન નેમકુમાર,
પરણ્યા શિવનારી તિહાં, સહસ પુરુષ સંગાથ....૧૯....
ભણતાં સવિ સુખ સંપજે, સુણતાં મંગલમાલ,
હીરવિજય વાચક ભણે, તસ ઘર જય-જયકાર....૨૦....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

N.B. આ ચૈત્યવંદન નવું લાગે છે કેમકે હીરવિજયનું નામ છે પણ પ્રાસ મલતાં નથી, કેઈક રચના અસંબદ્ધ લાગે છે ભગવંત સાથે ૫૩૬ મોક્ષે ગયા છે. આમાં સહસ છે.

(૫)

બાવીશમાં શ્રી નેમિનાથ, નિત્ય ઉઠી વંદો,
સમુદ્રવિજય સુત ભાનુ સમ, ભવિજન સુખ કંદો....૧....
સઘન શ્યામ દ્યુતિ દેહની, દશ ધનુષ શરીર,
અમિત કાંતિ યાદવ ધણી ભાંજે ભવ દવ તીર....૨....
રાજીમતી રમણી તજીએ, બ્રહ્મચર્ય ધરે ધીર,
અવિચલ સુખમાં વિલસતા, ભુપ નમે ધરી શીર....૩....

(૬)

ૐ નમો વિશ્વનાથાય, જન્મતો બ્રહ્મચારિણે,
કર્મવલ્લી વનચ્છેદ, નેમયેડરિષ્ટ નેમયે....૧....
અનંત પરમાનંદ, પૂર્ણધામ વ્યવસ્થિતઃ,
ભવંતં ભવતા સાક્ષી, પશ્યતીહ જિનોડખિલ....૨....
સ્તુવંતસ્તાવકં બિંબ, મન્યથા કથમીદૃશં,
પ્રમોદાતિશયશ્ચિત્તે, જાયતે ભુવનાતિગં....૩....

(૭)

સમુદ્રવિજય શિવા તણો, અંગજ ઘન સરીખો,
જદુકુલ અંબર દિનમણી, રાજુલ વર નીરખો....૧....
વરસ એક સહસ આય માન, દશ ધનુષ એ પરખો,
શૌરિપુરી શંખ લંછને, નેમિ નમી મન હરખો....૨....
સહેસાવન કેવલ લહી, ગિરનારે નિરવાણ,
કહે કવિયણ પદ પદ્મને, આપો પંચમ નાણ....૩....

(૮)

નાયક ત્રિભુવન નાથજી, શ્રી નેમિ જિન સાર,
પ્રભુપદ પ્રેમે પૂજીએ, ગીરૂઓ ગઢ ગિરનાર....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ગીરિ ઉપર એહના, તીન કલ્યાણક તાસ,
અરિહંત ભગતી અનુસરો, આણી મન ઉલ્લાસ....૨....
જાદવકુલ દિનકર જિસ્યો, બ્રહ્મચારી શિરદાર,
સતિયા માંહે શિરોમણી, રુડી રાજુલ નાર....૩....
સહસાવન સંજમ લીયો, ગીરિ પર કેવલજ્ઞાન,
કૃપાનાથ સરખી કરી, ભામીનીને ભગવાન....૪....
સાતે ટુંક સોહામણા, એ તીરથ અહિ ઠાણ,
પંચમ ટુંકે શ્રી પ્રભુ, પામ્યા પદ નિરવાણ....૫....
ગુણી અઢારે ગણધરા, ગિરૂઆ બહુ ગુણવંત,
સહસ અઢારે શ્રમણને, સેવો ભવિજન સંત....૬....
આદ્ય ભવાની અંબિકા, એ તીરથ રખવાલ,
સેવો ભવિ સુધે મને, જાવે ભવદુઃખ જાલ....૭....
ભવિજન ભાવે ભેટીએ, આણી મન આણંદ,
હંસવિજય નમે હરખશું, પામે પરમાણંદ....૮....

(૯)

પ્રહ સમે પ્રણમો નેમિનાથ, જિનવર જયવંત,
જાદવ કુલ અવતંસ હંસ, ઉત્તમ ગુણવંત....૧....
સમુદ્રવિજય શિવાદેવી જાત, મતિ સહજ ઉદાર,
સુંદર શ્યામ શરીર જ્યોતિ, સોહે સુખકાર....૨....
ગઢ ગિરનારે જેણે લહ્યોએ, અમૃત પદ અભિરામ,
તાસ ક્ષમાકલ્યાણ મુનિ, અહનિશિ કરે પ્રણામ....૩....

(૧૦)

બાવીશમા શ્રી નેમિનાથ, ઘોર બ્રહ્મવ્રતધારી,
શક્તિ અનંતી જેહની, ત્રણ ભુવન હિતકારી...૧....
ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્રને, વાસુદેવો સર્વે,
ચક્રવર્તીઓ નેમિને, વંદે રહો અગર્વે....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃષ્ણાદિક ભક્તો ઘણાએ, જેહની સેવા સારે,
એવા પરમેસર વિભુ, સેવતા સુખ ભારે...૩....

(૧૧)

સચ્છીલ સંતર્જિત તારકારિં,
સ્વરૂપ સંનિર્જિત સંવરારિં,
કન્દર્પ માતંગ વિભેદ ભારી,
નમામિ નિત્યં જિન નેમિનાથં....૧....
શંખાંકિ તાંઘ્રીં વરનીલ કાંતિં,
સ્વકીય વાણ્યા કૃત લોકશાંતિ,
દેવાદિદેવં વિહિતાક્ષ દાંતિં,
નમામિ નિત્યં જિન નેમિનાથં...૨....
મુક્તિ પ્રિયા કંઠ વિતાનહારં,
યશઃ સદારામ સુસાર સારં,
સંલબ્ધ સંસાર જલેશ પારં,
નમામિ નિત્યં જિન નેમિનાથં... ૩....

(૧૨)

કમલ સમ સુગંધી, શ્વાસ નિઃશ્વાસ જેનો,
વિમલ સ્ફટિક જેનો, દેહ ના સ્વેદ ભીનો,
અમરી ભમરી રૂપે, પાદપદ્મે વિલીના,
ત્રિભુવન જન વંદે, સ્વામીને ભાવભીના....૧....
રૂધિર ધવલ જાણે, દુધની ધાર જેવું,
મનમહીં નહીં હોય, રાગ એમાં શું કહેવું,
શરીર મનથી ટાળ્યાં, આધિ વ્યાધિ ઉપાધિ,
સ્થિર કરી મન સાધ્યાં, શુદ્ધતા ને સમાધિ....૨...
કુસુમ શર વિજેતા, બાળથી બ્રહ્મચારી,
પરમપદ વર્યા છે, કર્મના મર્મ બાળી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવજલ તરવાને, નાથ નૌકા સમાન,
શિવપદ વરવાને, મંગલશ્રી નિધાન....૩....
નમિ નમિ ભવિ ભાવે, પાપ સંતાપ ટાળે,
બહુ બળિ હરિ વંદી, નારકી ચાર વારે,
જિન સમ જગ જોયા, અન્ય ના કોઈ દેવા,
સુર નરપતિ સારે, ભક્તિથી જાસ સેવા....૪....
જનની સતી શિવાના, પુત્ર છે જે નગીના,
રતિ સરસી સતિના, સ્વામી રાજીમતિના,
જિનપત જજનાથં, સચ્ચિદાનંદ સાથં,
ગિરિવર ગિરનારે, વન્દીએ નેમિનાથં....૫....

(૧૩)

બાવીશમા જીન સાર કર, શરણું તારૂં સાચ,
રત્નમણી સમ તું લહ્યો, અવર ઓપમ કાચ....૧...
દીનદયાલ ભૂપાલ છો. તાર્યા જીવ અનેક,
હું ભવમાં ભટકી રહ્યો, કેમ વિસાર્યો છેક....૨....
નેમિનાથ કૃપા કરો, આવે ભવનો અંત,
કીર્ત્તિચંદ્ર સંભારજો, ભયભંજન ભગવંત....૩....

## શ્રી પાર્શ્વનાથ ભગવંતના ચૈત્યવંદનો

(૧)

જય જય શિખર ગિરીશ ઈશ, વીશ જિનેસર નામી,
અણુસણુ કરી ઈહાં કણે, પંચમી ગતિ પામી ....૧
બીજા પણ બહુ મુનિવરા, શિવગતીના ગામી,
પરમાતમ પદ પામીઆ, વંદુ શિરનામી ....૨
એ અવદાત સુણી કરી, હું એ પદ કામી,
આવ્યો છું તુજ આગણે, કિમ કીજે ખામી ....૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શામળીઆ પાર્શ્વનાથ, તું છે દીનદયાલ,
એ અરજી સુણો માહરી દ્યો શિવપદ રસાલ ....૪
હું અનાથ ભમીયો ઘણું, ન મલ્યો તુમ સમ નાથ,
આપો પદ પોતા તણું, રાખો નિજ સાથ ....૫
રાગ રોષ ક્રોધે ભર્યો, નિંદક અને અવિવેક,
એ સઘલું ઉવેખીને, રાખો મુજ ટેક ....૬
મુજ પાપીનાં પાપને, દૂરે કરી હજુર,
નિજ લક્ષ્મીને આપશો, આશા છે ભરપૂર ....૭

(૨)

પુરિસાદાણી પાસનાહ, નમીયે મન રંગ,
નીલ વરણુ અશ્વસેન નંદ, નિર્મલ નિઃસંગ....૧...
કામિત દાયક કલ્પ સાખ, વામા સુત સાર,
શ્રી ગોડી પુર સ્વામ નામ, જપિયે નિરધાર...૨....
ત્રિભુવનપતિ ત્રેવીશમો એ, જાસ અખંડિત આણ,
એક મને આરાધતાં, લહિયે કોડ કલ્યાણ...૩....

## [૩] શ્રી પાર્શ્વનાથના દશ ભવનું ચૈત્યવંદન

અમર ભૂતિ ને કમઠ વિપ્ર, પહેલે ભવે કહીએ,
બીજે ગજ કુરકટ સહી, ત્રીજે ભવે લહીએ....૧....
અઠમ કલ્પ પાંચમી નરક, કિરણવેગ કખ જાણું,
મોરગ સર્પ ચોથે ભવે, અચ્યુત સુર મન આણું...૨....
પાંચમી નરક પાંચમે ભવે, છઠે રાય વજ્રનાભ,
ચંડાલ કુલે કમઠ જનિત, મધ્યમ ગ્રૈવેયકે લાભ....૩...
લલિતાંગ દેવ સાતમે ભવે, સાતમી નરકે લાગ,
કનકપ્રભ ચક્રી થયા, કમઠ સિંહ નો માગ....૪....
પ્રાણત કલ્પ ચોથી નરક, પાર્શ્વનાથ ભવ દશમે,
કમઠ થયો તાપસ વલી, અન્યતીર્થિ બહુ પ્રણમે....૫...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા લેઇ મુગતે ગયા, પાશ્વર્નાથજી દેવ,
પદ્મવિજય સુપસાઉલે, જિત પ્રણમે નિત્યમેવ....૬...

(૪)

સ્તુવે પાશ્વર્ જિનાધીશં, પાશ્વર્યક્ષો સુસેવિતં,
પ્રણતાનલ્પ સંકલ્પ, દાનકલ્પદ્રુમોપમં ....૧...
પૂજીત્વજન: પૂજ્ય સ્થાનં સર્વ જગતામપિ,
હિલીતત્ત્વાંતુ નેવેતિ, દુઃખોચ્છેદ કદાચન ....૨....
નાથીકૃત્ય ત્વયા દેવ, ભવારિ જીયતે ક્ષણ,
હર્ષદ્ધિક્ષતિ તુભ્યં ચ, સ્પૃહયેન મુક્તિ કામિની ....૩....
ન તત્ પુરૂષા દોષા, રોષાદાયંતિ દૂરતઃ,
સ્તુતસ્ત્વૌ નરે નાથ, વિલસંત્યખિલા કલાઃ,
ઉપમાનોપમેયત્વં, ચિરં જિયાજ જિનેશ્વર ...૫....

યુષ્મદ્ પદાનિ પદ ગૌરવ સુપ્રયોગૈઃ,
સ્તુત્વેતિ પર્શ્વજિન સદ્ગુણ ભાજનત્વાત,
એકં પ્રભું ત્રિભુવનેઽપિ ભવે ભવેઽહં,
યાચે શિવં પ્રતિભવં નનુ બોધિલાભં ...૬....

(૫)

પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું,
તીહું લોકમાં એટલું સાર દીઠું,
સદા સમરતાં સેવતાં પાપ નીઠું,
મન માહરે તાહરું ધ્યાન બેઠું ....૧....

મન તુમ પાસ વસે રાત દીસે,
મુખ પંકજ નિરખવા હંસ હોસે,
ધન્ય તે ઘડી જે ઘડી નયણ દીસે,
ભલી ભક્તિ ભાવે કરી વિનવીજે ....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહો એહ સંસાર છે દુઃખ દોરી,
ઇંદ્ર જાલમાં ચિત્ત લાગ્યું ઠગોરી,
પ્રભુ માનિયે વિનતી એક મોરી,
મુજ તાર તું તાર બલિહારી તોરી ....૩....
સહી સ્વપ્ન જંજાલનો સંગ મોહ્યો,
ઘડિયાલમાં કાલ રમતો ન જોયો,
મુધા એમ સંસારમાં જન્મ ખોયો,
અહો ધૃત તણે કારણે જલ વિલોયો ....૪...
એતો ભમરલો કેસુઆ ભ્રાંતિ ધાયો,
જઇ શુકતણી ચંચુમાંહે ભરાયો,
શુકે જાંબુ જાણી ગલે દુઃખ પાયો,
પ્રભુ લાલચે જીવડો એમ વાહ્યો ....૫....
ભમ્યો ભર્મ ભૂલ્યો રમ્યો કર્મ ભારી,
દયા ધર્મની શર્મ મેં ન વિચારી,
તોરી નમ્રવાણી પરમ સુખકારી,
તિહું લોકના નાથ મેં નવિ સંભારી ....૬....
વિષય વેલડી શેલડી કરીય જાણી,
ભજી મોહ તૃષ્ણા તજી તુજ વાણી,
એહવો ભલો ભુંડો નિજદાસ જાણી,
પ્રભુ રાખિયે બાંહીની છાંય પ્રાણી ....૭...
મોરા વિવિધ અપરાધની કોડિ સહીએ,
પ્રભુ શરણ આવ્યા તણી લાજ વહીએ,
વલી ઘણી ઘણી વિનતી એમ કહીએ,
મુજ માનસસરે પરમહંસ રહીએ ....૮....
એમ કૃપા મૂરત પાર્શ્વસ્વામી મુક્તિગામી ધ્યાઇએ,
અતિ ભક્તિ ભાવે વિપત્તિ જાવે પરમ સંપત્તિ પાઇએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુ મહિમાસાગર ગુણવૈરાગર પાસ અંતરિક્ષ જે સ્તવે,
તસ સકલ મંગલ જયજયારવ આનંદવર્ધન વિનવે....૯...

(૬)

સેવો પાસ શંખેસરો મન શુદ્ધે,
નમો નાથ નિશ્ચે કરી એક બુદ્ધે,
દેવી દેવલા અન્યને શું નમો છો
અહો ભવ્યલોકો ભૂલા કાં ભમો છો ...૧....

ત્રિલોકના નાથને શું તજો છો,
પડયા પાસમાં ભૂતને કાં ભજો છો,
સુરધેનુ છંડી અજા શું અજો છો,
મહાપંથ મૂકી કુપંથે વ્રજો છો ...૨....

તજે કોણ ચિંતામણી કાચ માટે,
ગૃહે કોણ રાસભને હસ્તિ સાટે,
સુરદ્રુમ ઉપાડી કોણ આંક વાવે,
મહામૂઢ તે આકૂલા અંત પાવે ....૩....

કિહાં કાંકરો ને કિહાં મેરુ શ્રૃંગ,
કિહાં કેશરીને કિહાં તે કુરંગ,
કિહાં વિશ્વનાથં કિહાં અન્ય દેવા,
કરો એક ચિત્તો પ્રભુ પાર્શ્વ સેવા ....૪....

પૂજો દેવી પ્રભાવતી પ્રાણનાથ,
સહુ જીવને જે કરે છે સનાથ,
મહાતત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે,
તેહના દુઃખ દારિદ્ર દૂરે પલાવે ....૫....

પામી મનુષ્યો વૃથા કાં ગમો છો,
કુશીલે કરી દેહને કાં દમો છો,
નહિ મુક્તિવાસં વિના વીતરાગં,
ભજો ભગવંતં તજો દૃષ્ટિરાગં ....૬....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયરત્ન ભાખે સદા હેત આણી,
દયા દેવ કીજે પ્રભુ દાસ જાણી,
આજ માહરે મોતીડે મેહ વુઠયા,
પ્રભુ પાસ શંખેસરો આપ તુઠયા ....૭....

(૭)

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહિમા જેહનો,
નિખીલ આતમ રમા રાજીત, નામ જપીએ તેહનો,
દુષ્ટ કર્માષ્ટક ભંજરી જે, ભવિક જન મન સુખ કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિ નામ શંખેશ્વરો....૧

બહુ પુન્યરાશી દેશ કાશી તથ્થ નયરી વાણારસી,
અશ્વસેન રાજા રાણી વામા રૂપે રતિ તનુ સારિખી,
તસ કુખે સુપના ચૌદ સુચીત સ્વર્ગથી પ્રભુ અવતર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિ નામ શંખેશ્વરો....૨

પોષ માસે કૃષ્ણ પક્ષે, દશમી દિન પ્રભુ જનમિયા,
સુરકુમરી સુરપતિ ભકિત ભાવે, મેરુ શ્રૃંગે સ્થાપિયા,
પ્રભાતે પૃથિવીશ પ્રમોદે, જન્મ મહોચ્છવ અતિ કિયો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિ નામ શંખેશ્વરો....૩

ત્રણ લોક તરુણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રસન્ન ચિત્તો, ભામિની પરણાવીચા,
કમઠ શઠ કૃત અગ્નિ કુંડે, નાગ બલતો ઉદ્ધર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિ નામ શંખેશ્વરો....૪

પોષ વદિ એકાદશી દિને, પ્રવજ્યા જિન આદરે,
સુર અસુર રાજ ભકિત સાજ, સેવના ઝાઝી કરે,
કાઉસગ કરતાં દેખી કમઠે, કીધ પરિસહ આકરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિનામ શંખેશ્વરો...૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપધ્યાન ધારારૂઢ જિનપતિ, મેઘધારે નવિ ચલ્યો,
તિહાંચલિત આસનધરણ આયો, કમઠપરિષહ અટકલ્યો,
દેવાધિદેવની કરે સેવા, કમઠ ને કાઢી પરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિનામ શંખેશ્વરો....૬
ક્રમે પામી કૈવલજ્ઞાન કમલા, સંઘ ચઉવિહ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે, માસ અણસણ પાલીને,
શિવરમણી રંગે રમે રસીયો, ભવિક તસ સેવા કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિ નામ શંખેશ્વરો....૭
ભૂત પ્રેત પિશાચ વ્યંતર, જલણ જલોદર ભય ટલે,
રાજરાણી રમા પાવે, ભક્તિ ભાવે જો મલે,
કલ્પતરૂથી અધિક દાતા, જગત ત્રાતા જય કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિ નામ શંખેશ્વરો....૮
જરા જર્જરી ભૂત યાદવ, સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત બિરાજે, ભવિક જીવને તારતા,
એ પ્રભુતણાં પદ પદ્મ સેવા, રુપ કહે પ્રભુતા વરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિ નામ શંખેશ્વરો....૯

(૮)

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વચિંતામણીય તે,
હ્રીં ધરણેન્દ્ર વૈરોટ્યા, પદ્માદેવી યુતાય તે....૧....
શાંતિ તુષ્ટિ મહાપુષ્ટિ ધૃતિ કીર્તિ વિધાયિને,
ૐ હ્રીં દ્વિડ્ વ્યાલ વૈતાલ સર્વાધિ વ્યાધિનાશિને....૨....
જયા જિતાખ્યા વિજયાખ્યા પરાજિતયાન્વિત,
દિશાં પાલૈર્ગ્રહૈર્યક્ષૈઃ વિદ્યાદેવીભિરન્વિતઃ....૩....
ૐ અસિઆઉસાય નમસ્તત્ર ત્રૈલોક્યનાથતામ્,
ચતુઃષષ્ટિ સુરેન્દ્રાસ્તે, ભાષન્તે છત્ર ચામરૈઃ....૪....
શ્રીશંખેશ્વર મંડન પાર્શ્વજિન પ્રણુત કલ્પતરૂકલ્પ,
ચૂરય દુષ્ટ વ્રાતં, પૂરય મે વાંછિતં નાથ....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯)

જય ચિંતામણી પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી,
અષ્ટકર્મ રિપુ જીતિને, પંચમી ગતિ પામી....૧....
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ,
પ્રભુ નામે ભવભય તણા, પાતિક સવિ દહીએ... ૨....
ૐ હ્રીં વર્ણ જોડી કરી, જપીએ પારસ નામ,
વિષ અમૃત થઇ પરિણમે, પામે અવિચલ ઠામ....૩ ...

(૧૦)

પ્રણમામિ સદા પ્રભુ પાર્શ્વજિનં,
જિનનાયક દાયક સુખધનં,
ધન ચારૂ મહોત્તમં દેહ ધરં,
ધરણુપતિ નિત્ય સુસેવકરં....૧....
કરૂણા રસ રંચિત ભવ્યફણી,
ફણિ સપ્ત સુશોભિત મૌલિમણિ,
મણિ કંચન રુપ ત્રિકોટિ ઘટં,
ઘટિતાસુર કિન્નર પાર્શ્વતરં....૨....
તટનીપતિ ઘોષ ગંભીર સ્વરં,
સ્વરનાકર અશ્વસુનેન નરં,
નર-નારી નમસ્કૃત નિત્ય મુદા,
પદ્માવતી ગાવતી ગીત સદા....૩....
સહનેન્દ્રિય ગોપ થયા કમઠં,
કમઠાસુર વારણુ મુકત હઠં,
હઠ હેલિત કર્મ કૃતાંત બલં,
બલધામ ધુરંધર પંક જલં....૪....
જલજધ્વય પત્ર પ્રભાનયનં,
નયનંદિત ભવ્ય નરેશ મનં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન મન્મથ મહીરુહ વહ્નિસમં,
સમતામય રત્નકરં પરમં....૫....
પરમાર્થ વિચાર સદા કુશલં,
કુશલં કુરુ મે જિનનાથ અલે,
અલિની નલિની નલિનીલ તનુ,
તનુતા પ્રભુ પાર્શ્વજિનં સુધન ....૬....
ધન ધાન્ય કરં કરુણા પરમં,
પરમામૃત સિદ્ધિ મહાસુખદં,
સુખદાયક નાયક સંત ભવં,
ભવભૃત્ પ્રભુ પાર્શ્વજિનં શિવદં....૭....

[૧૧]

શ્રી પાર્શ્વનાથ નમસ્તુભ્યં, વિઘ્ન વિધ્વંસ કારિણે,
નિર્મલં સપ્રભાનન્દે, પરમાનન્દ દાયિને.૧
અશ્વસેના- વનિ પાલો, કુલ ચુડામણિ પ્રભો,
વામા સુનો નમસ્તુભ્યં, શ્રીમત્ પાર્શ્વ જિનેશ્વર.૨
ક્ષિતિ મંડલ મુકુટં ધાર્મિક નિકટં, વિશ્વ પ્રકટં ચારુ ભટં,
ભવરેણુ સમીરં જલનિધિ તીરં, સુરગિરિધીરં ગંભીરં,
જગત્ત્રય શરણં દુરગતિ હરણં, દુર્ધર ચરણં સુખકરણં,
પાર્શ્વ જિનેન્દ્રં નત નાગેન્દ્રમ્, નમત સુરેન્દ્રં કિતભદ્રં.૩

[૧૨]

ગૌડી ગ્રામે સ્થંભને ચારુ તીર્થે,
જીરાવલ્યાં પત્તને લૌદ્રવાખ્યે,
વાણારસ્યાં ચાપિ વિખ્યાત કીર્તિં,
શ્રી પાર્શ્વેશં નૌમિ શંખેશ્વરસ્થમ્....૧....
ઇષ્ટાર્થોનાં સ્પર્શને પારિજાતં,
વામા દેવ્યા નંદનં દેવ વંદ્યમ્,
સ્વર્ગે ભૂમૌ નાગલોકે પ્રસિદ્ધમ્...શ્રી પાર્શ્વેશં....૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભિત્વાભેદ્યં કર્મજાલં વિશાલં,
પ્રાપ્યાનંતં જ્ઞાનરત્નં ચિરંતમ્,
લબ્ધામન્દાનંદ નિર્વાણ સૌખ્યમ્...શ્રી પાર્શ્વેશં....૩
વિશ્વાધિશં વિશ્વલોકે પ્રસિદ્ધમ્,
પાપાગમ્યં મોક્ષલક્ષ્મીં કલત્રમ્,
અંભોજાક્ષં સર્વદા સુપ્રસન્નમ્...શ્રી પાર્શ્વેશં....૪
વર્ષે રમ્યે સ્વર્ગદો નાગચંદ્રં,
સંખ્યે માસે માઘવે કૃષ્ણ પક્ષે,
પ્રાપ્તં પુન્યૈ દર્શનં યસ્ય તં ચ...શ્રી પાર્શ્વેશં....૫

## શ્રી જાલોર મંડન પાર્શ્વજિન ચૈત્યવંદન [૧૩]

પ્રણમું પાસ જિનેસરુ, વામાનંદન દેવ,
કમલ ભમર પર અમર સહુ, સુરપતિ સારે સેવ....૧....
તીન ભુવનમેં તુમ સમો, અવર ન કો આધાર,
દીપે દિનકર સમ પ્રભુ, વાંછિત પૂરણહાર....૨....
આધિ વ્યાધિ ઉપશમે, શત્રુ થાય સંહાર,
મિત્ર મલે મન મેલથી, રિદ્ધિ સિદ્ધિ જસુ સાર....૩....
જુક્તિ સહિત જાલોરમેં, ભેટ્યો ગોડી પાસ,
અનુભવ ઇંદ્ર ઉગ્યો, સોલ કલાએ ખાસ....૪...
સુખકર ગોડી પાસજી, સુણિયે અરજી એહ,
કીર્ત્તિચંદ્ર કહે દીજિયે, સંપત્તિ સુખનું ગેહ....૫....

## શ્રી ભિન્નમાલ મંડન પાસજિન ચૈત્યવંદન [૧૪]

પુર ભિનમાલે પાસજી, ભેટ્યા સુખ ભરપૂર,
દુઃખ દોહગ દૂરે હરે, દિન દિન ચઢતે નૂર....૧....
કાશીદેશ વાણારસી, અશ્વસેન કુલચંદ,
તરણ તારણ ત્રેવીસમો, વામા રાણી નંદ....૨....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકસો વર્ષનો આઉખો, નીલવર્ણ સુખકાર,
સોલહ સહસ મુનિવર કહ્યા, ચરણ કરણ ભંડાર....૩...
સહસ અડતીશ સાહુણી, એક લાખ અધિકા જોય,
સહસ ચોસઠ શ્રાવક ભલા, બારે વ્રતધારી હોય....૪....
તીન લાખ કહી શ્રાવિકા, સત્તાવીશ હજાર,
દશ ગણધર અતિ દીપતા, પ્રભુજીનો પરિવાર....૫....
ભાખ્યો સુવિહિત મુનિવરે, સૂત્ર તણે અનુસાર,
ધર્મવિજય સમરે સદા, ભવોદધિ પાર ઉતાર....૬....

## શ્રી વરકાણા પાર્શ્વ જિન ચૈત્યવંદન [૧૫]

ત્રિભુવનપતિ ત્રેવીસમો, શ્રી વરકાણો પાસ,
બંધન ત્રોડે ભવ તણા, પૂરે વાંછિત આસ....૧....
ચૈત્ર વદિ ચોથ દિને, અવતર્યા આધી રાત,
દશમા પ્રાણત કલ્પથી, વામા જેહની માત....૨....
પોષ વદિ દશમી દિને, જન્મ્યા પાર્શ્વ કુમાર,
અશ્વસેન કુલ દિનકરુ, ઉપકારી અવતાર....૩....
કમઠ તણો મદ ગાળિને, તાર્યો નાગ તિવાર,
નવકારમંત્ર સુણાવીને, આપ્યો સમકિત સાર....૪....
એકણુ ભવને અંતરે, પામશે મુક્તિ સુઠામ,
પાસપ્રભુ મોચે દીજિયે, કીર્ત્તિચંદ્ર શુભ ધામ....૫....

## [૧૬]

સેવો પાર્શ્વ ચિંતામણી, શંખેશ્વર શ્રીકાર,
વરકાણે વંદુ સદા, આપે રિદ્ધિ અપાર....૧....
થંભણુપુર વંદુ વલી, જીરાવલો જગનાથ,
અમીઝરો પંચાસરો, આપે શિવપુર સાથ....૨....
ડુઆ પાર્શ્વ જિન પેખતાં, ફલવરધી કરે આપ,
અંતરિક્ષ ત્રિભુવન ધણી, ટાલે પાપ સંતાપ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મક્ષીમંડણ પાસજી, માલવદેશ મઝાર,
શમીનો સુશોભે સદા, મેવાડે શ્રીકાર....૪....
કરેડા પારસ પેખતાં, નાકોડે વલી જાણ,
અજાહરો પ્રભુ ભેટતાં, આપે પદ નિરવાણ....૫....
પાર્શ્વ પ્રભુ જિનરાજનાં, નામ તણો નહિં પાર,
ગુણ ગાયા ગોડી તણા, આહોર નયર મોઝાર....૬....
ઇગતાલી આશોજમેં, પૂનમ દિન પ્રસિદ્ધ,
કિર્ત્તિચંદ્ર ધ્યાવે સદા, આપો અવિચલ રિદ્ધ....૭....

## શ્રી સ્થંભન પાર્શ્વ જિન ચૈત્યવંદન (૧૭)

શ્રી સેઢી તટ મેરુ ધામ, થંભણપુર ઠામ,
સુરતરુ સમ સિરિ પાસ સામે, રાજે અભિરામ....૧....
વિબુધેસર સિરિ અભયદેવ, સંઠ વિયાણું દિય,
થુઈ જલ સિંચિય નીલવરણ, ફણ પલ્લવ મંડિય....૨....
સુર નર સુહ કુસુમાવલીએ, શિવફલ દાયક જાણ,
આરાહઉ ભવિ એગ મણ, પાવઉ પદ કલ્યાણ....૩....

## (૧૮)

જય જય જય જગતાત ભ્રાત, ભવિ ભવતાપ નિહારે,
શરણાગત જન વચ્છલુ, સવિ જગ જીવને તારે....૧
કમલાપતિ કાજે પ્રભુ, પ્રગટ પાતાલથી થાય,
જરા નિવારી દુઃખ હર્યું, જાદવ બહુ સુખ થાય....૨
અમિત ગુણ પાતક હરણ, હરિત વરણ સુખકાર,
રંગ વંદે પારસ પ્રભુ, શંખેશ્વર શિરદાર....૩

## (૧૯)

અકલ રૂપ અવતાર સાર, શિવસંપત્તિ કારક,
રોગ શોગ સંતાપ દૂરીય, દુઃખ દોહગ વારક. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંહું દિશિ આણ અખંડ ચંડ, તપ તેજ દિણંદ,
અમર અપછર કોડ ગાવે, જસ નામ નરિંદ. ૨
મુનિ મેઘ કહે જિનવર જયો, પાર્શ્વનાથ ત્રિભુવન તિલો,
શ્રી શંખેશ્વર સુરમણિ, અધિક પામો મંગલલીલો. ૩

(૨૦)

અપૂપૂજત્વાં વિનમિર્નમિશ્ચ, વૈતાઢ્યશૈલે વૃષભેશ કાલે,
સૌધર્મકલ્પે સુરનાયકેન, ત્વં પૂજિતો ભૂરિતરં ચ કાલં....૧
આરાધિતસ્વં સમયં કિયન્તં, ચાન્દ્રે વિમાને કિલ ભાનવેઽપિ,
પદ્માવતી દેવતયા ચ નાગા–ધિપેન દેવાસરેઽર્ચિત સ્ત્વમ્....૨
યદા જરાસંધ પ્રયુક્ત વિદ્યા–બલેન જાતં સ્વબલં જરાર્તમ,
તદા મુદા નેમિગિરા મુરારિઃ, પાતાલતસ્ત્વાં તપસા નિનાયે.... ૩
તવ પ્રભો સ્નાત્રજલેન સિક્તં, રોગૈર્વિમુક્તં કટકં બભૂવ,
સંસ્થાપિતં તીર્થમિદં તદાનીં, શંખેશ્વરાખ્યં યદુપુંગવેન....૪
તદા કથંચિત્તવ ચૈત્ય મત્ર, શ્રીકૃષ્ણરાજો રચયાંચકાર,
સદ્દક્ષારિકાસ્થેઽપિ યથા ભવન્તં, નનામ નિત્યં કિલ સપ્રભાવમ્..૫
શ્રી વિક્રમાન્મન્મથ બાણ મેરૂ,
મહેશ તુલ્યે સમયે વ્યતીતે,
ત્વં શ્રેષ્ઠના સજ્જન નામકેન,
નિવેશિતઃ સર્વ સમૃદ્ધિ દોઽભૂઃ....૬
ઝંઝુપુરે સૂર્યપુરોઽનવાપ્તં, ત્વત્તોઽધિગમ્યાંગ મનંગરૂપમ્,
અચીકરદ્દુર્જન શલ્ય ભૂપો, વિમાન તુલ્યં તવ દેવ ચૈત્યમ્....૭

(૨૧)

પાર્શ્વ શંખેશ્વરા ધન્ય કાશીનરા,
નયરી વાણારસી સૌખ્યકારી,
દેવના દેવ છો રૂપે સ્વયંમેવ છો,
મુર્ત્તિ રળિયામણી લાગે પ્યારી...૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હસ્ત દશનું દેહ પરિમાણુ છે, ઉમર સો વરસની રંગ નીલા,
ભ્રમણુતા ભાંગી ને મોહ મદ ત્યાગીને,
સિદ્ધપદે જઈ વસ્યા છબીલા....૨
કમઠ તાપસ તણી કાષ્ઠ કેરી ધુણી, મધ્યે બળતા અહિને બચાવ્યો,
સર્પના રાજને સ્વર્ગમાં મોકલી, કમઠ સુર મેઘમાળી બનાવ્યો....૩
વડ તણે સ્થિર રહી ધ્યાન ધાર્યું તમે,
વાસવે ઘોર તમ વૃષ્ટિ કીધી,
દેવ ધરણેન્દ્ર ત્યાં આવી પ્રભુ પાસમાં,
નાગફણેથી છાંય કીધી....૪....
મૃત્યુ પાતાલ સહ સ્વર્ગના લોકમાં, પ્રેમપૂર્વક પ્રભુજી પૂજાયા,
ધન્ય છે ધન્ય પ્રભુ તેહને જગતમાં,
વૃત્તિ નિષ્ફલ કરી તુમને ધ્યાયા....૫...
સૌખ્ય શાંતિ કરો વિપદાને હરો, જે રીતે નાગને તેં બચાવ્યો,
આવી જગદીશ્વરા સામું જુઓ જરા, આપને ચરણે દાસ આવ્યો...૬
વિનતી સાંભળો મૂકી મન આમળો,
શરણુ આવ્યાની સહાય કરજો,
આપી વિશ્વાસને કાપી કંકાસને,
વિશ્વના નાથજી આશ પૂરજો....૭....
મૂર્તિ મન ભાવતી ગઈ ચોવીશીમાં, ભાવે ભરાવી શ્રાવક અષાઢી,
મૂર્છના પામીયા યાદવો યુદ્ધમાં, કૃષ્ણદેવે બહાર તદા કાઢી....૮
પુન્ય પૂજા કરી શાંતિ પાછી વળી, સર્વ વિપદા ટલી હે કૃપાલુ,
અજિત સૂરિ ઉચ્ચરે વહાર કરજો હવે, સેવના સેવ્ય છો હે દયાલુ....૯

(૨૨)

વિમલ કેવલ જ્ઞાન સમુજ્જવલં,
સકલ દુર્જય કર્મ વિનાશકમ્,
નિખિલ સદ્‌ગુણ ભૂષણ ભૂષિતં,
નિશદિનં પ્રણમામિ જગત્પ્રભુમ્...૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગતિનાથ જિનેશ્વર શંકરં,
ભવિકપદ્મ સુબોધ દિવાકરમ્
સુર નરેન્દ્ર સમગ્ર સુપૂજિતં,
સકલ સિદ્ધિ સમૃદ્ધિ પ્રદાયકમ્....૨....

અખિલ વસ્તુ નિરન્તર દર્શકં,
સકલ સૃષ્ટિ શુભંકર નાયકમ્,
વિશદ મોદ જગજ્જન સેવિતમ્,
ગુણનિધિં પ્રભુ પાર્શ્વજિનોત્તમમ્....૩....

[૨૩]

પ્રેમે પ્રણમું પ્રહ સમે, પાર્શ્વ જિનેશ્વર દેવ,
મૂરતિ શાંતિ દાયિની, અહનિશ કરું તસ સેવ....૧...
શાંત સુધારસ ઝીલતી, મુદ્રા મોહનગારી:
આણ વહું પ્રભુ તાહરી, કર ભવ જલ પારી....૨....
તુમ મૂરતિ મન રતિ કરે, શાશ્વતા સુખની એહ,
અશ્વસેન વામાકુલે, નભમણિ ગુણમણિ ગેહ....૩....
જગ ચિન્તામણી જગગુરૂ, જગ બંધન જગભાણ,
સેવક ઉદ્ધરી આપનો, કરજો આપ સમાન....૪...
સાયર દેખી ચન્દ્રને, ભરતિ કરી મલકાય,
સહજ કલાનિધિ આપને, નિરખી ચિત્ત હરખાય....૫....

[૨૪]

શ્રી ચિંતામણી પાસજી, વામાનંદન દેવ,
અશ્વસેન કુલ ચંદ્રમા, કીજે અહોનિશ સેવ....૧....
પંચમ આરે જીવને, એ પ્રભુનો આધાર,
અંતર શત્રુ ટાલતા, વારતા વિષય વિકાર....૨....
સાચો શરણો નાથનો, પામે જે પુન્યવંત,
લાખ ચોરાશી ભ્રમણનો, તે પામે ઝટ અંત....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત પિતા બંધવ તુમ, નમીયે નિત્ય પ્રભાત,
તુંહી-તુંહી રટના કરી, લહીયે અનુપમ શાંત....૪....

(૨૫)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, મનવાંછિત પૂરે,
ભાવે સેવા જે કરે, તેના સંકટ ચૂરે....૧....
વાત ચોરાશી ખય સાસ, હરસીયાને હોળી,
ગળ ગુમડને કંઠમાળ, બહુ રોગની કોડિ....૨....
સકલ રોગ સવિ ઉપશમે એ, સમરંતા તુમ નામ,
સિદ્ધ કહે સમરૂં સદા, શ્રી શંખેશ્વર નામ....૩....

(૨૬)

વઢીયાર પવિત્ર ધરા વિષે, પાર્શ્વ શંખેશ્વર સોહે
ધરણ પદ્માવતી સેવે પાય, ભવિજનના મન મોહે....૧....
નીલવરણ નવહાથનો, દીપે અનુપમ દેહ,
અંતર અરિગણ ગમીયા, થાય અનંત ગુણગેહ....૨....
સેવક જન સુખીયા કરો, આપી સમકિત ચંગ,
જિન ઉત્તમ પદ પદ્મનો, રૂપ કહે મન રંગ....૩....

## શ્રી મહાવીર સ્વામિના ચૈત્યવંદનો

(૧)

શાસન નાયક જગ જયો, વર્ધમાન વડ વીર,
ઉપકારી ત્રણ લોકનો, તારણ ભવજલ તીર....૧....
ત્રિશલાનંદન વંદતા, કર્મ હોવે ચકચૂર,
તુમ મુખ દીઠા લહે, સમકિત તેજ સનૂર....૨....
મૃગપતિ લંછન શોભતો, સિદ્ધારથ કુલ ભાણ,
કીર્તિચંદ્ર સુપસાયથી, કેશરવિજે લહે નાણ....૩....

(૨)

વર્ધમાન જગદીસરુ, જગબાંધવ જગનાથ,
જગદાનંદન જિનવરુ, જગતશરણ શિવસાથ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકલ અમલ જિન કેવલી, વક્ત્ર વિમલ જિનરાજ,
ભવ્ય વિબોધન દિનમણી, મિથ્યાત્વ રવિરાજ....૨....
એહ ચરમ જિન ધ્યાનથી, સુખ સંશ્રેય ઉદાર,
ઇહ લોકે શુભ સુખ લહે, વીર જિણંદ જુહાર....૩....

(૩)

ત્રીસ વરસ ગૃહવાસ જાસ, ત્રણે જ્ઞાને સ્વામી,
ચઉનાણી ચારિત્રિયા, નિજ આતમ રામી....૧....
બાર વરસ ઉપર વળી, સાડા ખટ માસ,
ઘોર અભિગ્રહ આદર્યો, કીમ કીજે તાસ....૨....
માધવ શુદિ દશમી દિને, પામ્યા કેવલનાણ,
પદ્મ કહે મહોત્સવ કરો, ચઉવીહ સુર મંડાણ....૩....

(૪)

નવ ચોમાસી તપ કર્યો, ત્રણ માસી દોય,
દોય-દોય અઢીમાસી તિમ, દોઢ માસી હોય....૧....
બહોંતેર પાસખમણ કર્યાં, માસખમણ કર્યાં બાર,
ષડ્ દ્વિમાસી તપ વળી, બાર અઠ્ઠમ તપ સાર....૨....
ષડ્માસી એક તપ કર્યો, પંચ દિન ઉણષડ્માસ,
બસો ઓગણત્રીસ છઠ ભલા, દીક્ષા દિન એક ખાસ....૩....
ભદ્ર પ્રતિમા દોય ભલી, મહાભદ્રે દિન ચાર,
દશ દિન સર્વતોભદ્રવા, લાગઠ નિરધાર....૪....
વિણ પાણી તપ આદર્યો, પારણાદિક જાસ,
દ્રવ્યાહારે પારણા કર્યાં, ત્રણસો ઓગણપચાસ....૫....
છદ્મસ્થ એણીપેરે રહ્યા, સહ્યા પરિષહ ઘોર,
શુક્લધ્યાન અનલે કરી, બાળ્યાં કર્મ કઠોર....૬....
શુકલધ્યાન અંતે રહ્યા, પામ્યા કેવલજ્ઞાન,
પદ્મવિજય કહે પ્રણમતાં, લહીએ નિત કલ્યાણ....૭....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫)

જય જય શ્રી જિન વર્ધમાન, સોવન સમ કાય,
સિંહ લંછન સિદ્ધાર્થરાય, સુત ત્રિશલા માય....૧....
વરસ બહોંત્તર આઉ દેહ, કર સત્ત પ્રમાણ,
ઋષભાદિક સમ જાસ વંશ, ઇક્ષ્વાકુ સમ જાણ....૨....
છઠ્ઠ ભત્ત સંજમ લીયો, કુંડલગ્રામ શુભ ઠામ,
ગણધરે અગ્યારે સહિત, આવ્યો શિવપુર સ્વામ....૩....
ચૌદહ સહસ મુનિ, શિષ્ય છત્રીસ સહસ,
શ્રમણી શ્રાવક એક લાખ, ગુણસઠ્ઠ સહસ્સ....૪....
તીન લાખ શ્રાવિકા વલી, અધિક સહસ અઢાર,
સુર માતંગ સિદ્ધાયિકા, નિત સાનિધ્ય કાર....૫....
એકાકી પાવાપુરીએ, છઠ્ઠ ભકત સુજાણ,
પ્રભુ પહોતા અમૃતપદે, કરો સંઘ કલ્યાણ....૬....

## (૬) શ્રીમહાવીર સ્વામીના પંચ કલ્યાણકનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલા દેવી માય,
ક્ષત્રિયકુંડમાં અવતર્યા, પ્રભુજી પરમ દયાલ....૧....
ઉજવલી છઠ અષાઢની, ઉત્તરા ફાલ્ગુની સાર,
પુષ્પોત્તર વિમાનથી, ચવીઆ શ્રી જિનભાણ....૨....
લક્ષણ અડહિય સહસએ, કંચનવર્ણી કાય,
મૃગપતિ લંછન પાઉલે, વીર જિનેશ્વર રાય....૩....
ચૈત્ર શુદિ તેરશ દિને, જનમિયા શ્રી જિનરાય,
સુર નર મળી સેવા કરે, પ્રભુનું જન્મ કલ્યાણ....૪....
માગશર વદિ દશમી દિને, લીએ પ્રભુ સંજમ ભાર,
ચઉનાણી જિનજી થયાં, કરવા જગ ઉપકાર....૫....
સાડાબાર વરસ લગે, સહ્યાં પરિષહ ઘોર,
ઘનઘાતી ચઉ કર્મ જે, વજ્રે કર્યાં ચકચૂર....૬....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈશાખ શુદિ દશમી દિને, ધ્યાન શુકલ મન ધ્યાય,
શમીવૃક્ષ તળે પ્રભુ, પામ્યા પંચમ નાણ....૭....
સંઘ ચતુર્વિધ સ્થાપવા, દેશના દીયે મહાવીર,
ગૌતમ આદિ ગણધરુ, કર્યા વજીર હજૂર....૮....
કાર્તિક અમાવસ્યા દિને, શ્રી વીર લહ્યા નિર્વાણ,
પ્રભાતે ઇંદ્રભૂતિને, આપ્યું કેવલનાણ....૯....
જ્ઞાનગુણે દિવા કર્યા એ, કાર્તિક કમલા સાર,
પુણ્યે મુગતિ વધૂ વર્યા, વરતી મંગલ માલ...૧૦....

(૭)

રાય સિદ્ધારથ કુલતીલો, ત્રિશલાદે માત,
હરિ લંછન કંચન વરણ, સાત હાથ સોહેત....૧....
આયુ બહોંતેર વરસ માન, સકલારથ સાધી,
શિવપદ પામ્યા ધરીય ધ્યાન, સંજમ આરાધી....૨....
આઠે મદ છંડી કરીએ, પ્રણમો વીર જિણંદ,
જ્ઞાનવિમલ પ્રભુ સેવતાં, નિત્ય-નિત્ય આણંદ...૩...

(૮)

જગનાથ જગદાનંદ જગગુરુ, વિમલ કેવલ ભાસ્કરમ્,
સંસાર સુખકર જગત હિતકરં, નમો વીર જિનેશ્વરમ્....૧
ભવ તાપ હર્તા, શાન્તિકર્તા, મોક્ષમાર્ગ સ્ફૂટકરમ્,
નિજ દિવ્ય અનુભવ આત્મ સુખકર, નમો વીર જિનેશ્વરં....૨
હેય જ્ઞેય પદાર્થ જગ સબ, ઉપાદેય દિવાકરમ્,
વિજ્ઞાન વિશદ વિવેક દિનકર, નમો વીર જિનેશ્વરં.....૩
પ્રકાશતા પ્રભુ ધ્યાન ધરતા, ધ્યેય ગુણકર શોભિતં,
સર્વ વાંછિતપૂર જિનવર, નમો વીર જિનેશ્વરં....૪
જીનરાજ સુખ ભગવાન દિલધર, ત્રૈલોકય દીપક શિવકરં,
આનંદ પરમાનંદ પાવે, નમો વીર જિનેશ્વરં....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯)

ૐ અર્હં શ્રી મહાવીર, વર્ધમાન જિનેશ્વર,
શાંતિં તુષ્ટિં મહાપુષ્ટિં, કુરુ સ્વેષ્ટં દ્રુતં પ્રભો....૧....
સર્વ દેવાધિદેવાય, નમો વીરાય તાયિને,
ગ્રહ ભૂતં મહામારીં, દ્રુતં નાશય નાશય...૨....
સર્વત્ર કુરૂ મે રક્ષાં, સર્વોપદ્રવ નાશતઃ,
જયં ચ વિજયં સિદ્ધિં, કુરૂ શીઘ્રં કૃપાનિધે....૩....
ત્વન્નામસ્મરણાદ્ દેવ, ફલતુ મે વાંછિત સદા,
દૂરીભવન્તુ પાપાનિ, મોહં નાશય વેગત....૪....
ૐ હ્રીં અર્હં મહાવીર, મંત્ર જાપેન સર્વદા,
બુદ્ધિસાગર શક્તિનાં, પ્રાદુર્ભાવો ભવેદ્ ધ્રુવમ્....૫....

(૧૦)

વર્ધમાન જિનવર ધણી, પ્રણમું નિત્યમેવ,
સિદ્ધારથ કુલ ચંદલો, સુર નિર્મિત સેવ....૧...
ત્રિશલા ઉદર હંસ સમ, પ્રગટ્યો સુખકંદ,
કેશરી લંછન વિમલ તનુ, કંચનમય વૃંદ....૨....
મહાવીર જગમાં વડો એ, પાવાપુરી નિર્વાણ,
સુર નર ભૂપ નમે સદા, પામે અવિચલ ઠાણ....૩...

(૧૧)

શ્રી સિદ્ધારથ નૃપ કુલતીલો, ત્રિશલા માત મલ્હાર,
હરિ લંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત....૧
ત્રીસ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમ ભાર,
બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર....૨
ત્રીસ વરસ એમ સવિ મલી એ, બહોંતેર આયુ પ્રમાણ,
દિવાલી દિન શિવ ગયા, કહે નય તે ગુણખાણ....૩

(૧૨)

વંદુ જગદાધાર સાર, શિવસંપત્તિ કારણ,
જન્મ જરા મરણાદિ રૂપ, ભવ તાપ નિવારણ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સિદ્ધારથ તાત માત–ત્રિશલા તનુ જાત,
સોવન વરણુ શરીર વીર, ત્રિભુવન વિખ્યાત....૨....
અમૃત રૂપે રાજતો એ, ચોવીશમો જિનરાય,
ક્ષમા પ્રમુખ કલ્યાણુ ગુણુ, આપો કરી સુપસાય....૩....

(૧૩)

સિદ્ધાર્થ પુત્રં ત્રિશલોદ્ભવં ચ,
મુક્તં જરા મૃત્યુ વિભાગ સંગૈઃ,
સુસંયમ ધ્યાન સુરક્ત ચિત્તં,
નમામ્યહં શ્રી જિન વર્ધમાનં....૧....

ભાવારિ માતંગ દલ દ્વિપારિં,
સુદર્શન જ્ઞાન નિદાન પૂંજમ્,
લોકત્રયોદ્ભાસનભાસરં ચ,
નમામ્યહં શ્રી જિન વર્ધમાનમ્....૨....

સંસારવારાંનિધિ યાનપાત્રં,
નિજાત્મભાવા લયલીનચિત્તમ,
સુદર્શન ક્ષાયકભાવ યુક્તં,
નમામ્યહં શ્રી જિન વર્ધમાનમ્....૩....

પ્રરુપિતો દ્વન્દવિધઃ સુધર્મ,
સ્ત્રૈલોકય કલ્યાણ વિધાયકશ્ચ,
સર્વ પ્રદેશૈ વિંમલાત્મરૂપં,
નમામ્યહં શ્રી જિન વર્ધમાનમ્....૪....

ત્વદીય ભાષામૃત પાન યોગૈ,—
મંયાર્જિતં દર્શનમત્ર શુદ્ધમ્,
યથાર્થ ષડ્ દ્રવ્ય વિકાસકં ચ,
નમામ્યહં શ્રી જિન વર્ધમાનમ્....૫....

**વીર પ્રભુના જન્મ કલ્યાણકનું ચૈત્યવંદન (૧૪)**

કેવલ કમલા દિનકરુ, શાસનપતિ પ્રભુ વીર,
એકવીસ સહસ વરસ લગે, શાસન અવિચલ ધીર....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈત્ર શુદિ તેરસ નિશિ, જન્મ્યા જગ સુખકાર,
તીન લોક ઉદ્યોત કરે, સકલ જીવ હિતકાર....૨....

તીન નરક લગે વેદના, દેવે પરમાધામી,
કર્યા કર્મ સહુ અનુભવે, કોઇ નહીં વિશરામી....૩....

સર્વે નરકના નારકી, માંહો માંહ લડે ધાય,
ભેદન છેદન દુઃખ ઘણાં, દુષ્ટ કરમ સુખદાય....૪....

વીજ ઝબુકાની પરે, સાતે નરક મોઝાર,
તે સમયે ઉદ્યોતથી, સહુને હોય વિચાર....૫....

નારક જીવ સુખીયા થયા એ, અંતર મુહુરત એક,
દીપવિજય કવિ ઇમ કહે, વીર જન્મ સુવિવેક....૬....

## વીર પ્રભુના દીક્ષા કલ્યાણકનું ચૈત્યવંદન (૧૫)

ભોગ કરમ ક્ષીણ જાણીને, દીક્ષા સમય પિછાણી,
લોકાંતિક આવી કહે, જય જય જય જય વાણી....૧
સ્વર્ગ પંચમ શુભ ઠાણમાં, ત્રસ નાડીને અંત,
વસે તિહાં તે કારણે, લોકાંતિક કહંત....૨
એ ભવથી બીજે ભવે, પાવે પદ નિરવાણ,
તેહથી લોકાંતિક કહે, ગુણ નિષ્પન્ન પ્રમાણ....૩
લોકાંતિક વયણા સુણી, વીર જગત ગુરુ ધીર,
વરસે વરસી દાનને, સવા પહોર દિન તીર....૪
સોનૈયા એંશી રતિ, માત-પિતા નિજ નામ,
સીક્કો ત્રણે નામનો, જાચો કંચન દામ....૫
એક ક્રોડ ને આઠ લાખ, દેવે દાન પ્રભાત,
વરહ વરહ વાણી સદા, ગુપ્ત શબ્દ સંભળાત....૬
તીસ સોનૈયે એક શેર, બારસેં મણ જાણો,
નવ હજાર મણ એક દિન, સોનું દાન પ્રમાણો....૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલીશ મણના માપનું, ગાડું એક ભરાવે,
એહવા બસે પચીશ માન, દિન પ્રતિ દેવાયે....૮
વરસ દિવસના સોનૈયા, ત્રણશે ક્રોડ અઠયાસી,
એંશી લાખ ઉપર વળી, સંખ્યા એહ પ્રકાશી....૯
ગણના એક દિવસ પરે, વરસ દિવસની લીજે,
ગણધર વચન પ્રમાણથી, એ ઉપકાર કરીજે....૧૦
ષટ્ અતિશય જે દાનના, તેહથી દેવે દાન,
દોય હાથે દોય મુઠી, યાચક ભાગ્ય પ્રમાણ....૧૧
દીપવિજય કવિરાયનો એ, વીર પ્રભુ દીયે દાન,
ભવ્ય જીવને યોગ્યતા, કારણ પરમ નિધાન....૧૨

## શ્રી વીરપ્રભુના કેવલજ્ઞાન કલ્યાણકનું ચૈત્યવંદન (૧૬)

વીર ચરમ પરમાતમા, દર્શન જ્ઞાન અનંત,
વીતરાગ ભાવે થયા, સમવસરણ વિલસંત....૧
ઇંદ્રભૂતિ આદિ સહુ, એકાદશ ગુણવંત,
એકેકો સંદેહ તે, ટાળે શ્રી ભગવંત....૨....
દીક્ષા શિક્ષા દેઇને, થાપ્યા ગણધર નાણી,
અંતર મુહુરતમાં રચી, દ્વાદશાંગી ગુણખાણી....૩....
કોડાકોડી વીશ વલી, ઉપર છયાસી ક્રોડ,
અડસઠ લાખ હજાર પાંચ, ષટ્ શત ઉપર જોડ...૪...
એ પદ દ્વાદશાંગી તણા, ગણધર લબ્ધિ જોગે,
અંતર મુહુરતમાં રચ્યા, ક્ષય ઉપશમ સંજોગે...૫...
ચાર હજારને ચારશેં એ, સહુ ગણધર પરિવાર,
દીપવિજય કવિરાજ તે, વંદે વાર હજાર...૬....

## શ્રી અરનાથ ભગવંતના ચૈત્યવંદનો

નગર ગજપુર પુરંદર પુર, શોભયા અતિ જિત્વરં,
ગજ વાજિ રથ વર કોટિ કલિતં, ઇંદિરાભૃત મંદિરં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરનાથ બત્રીસ સહસ સેવીત ચરણપંકજ સુખકરં,
સુર અસુર વ્યંતરનાથ પૂજીત, નમો શ્રી અર જિનવરં...૧
અપ્સરા સમ રૂપ અદ્દભુત, કલા યૌવન ગુણભરી,
એક લાખ બાણું સહસ ઉપર, સોહીએ અંતેઉરી,
ચોરાશી લખ ગજ વાજી સ્યંદન. કોટિ છન્નુ ભટવરં.સુર.૨
સગ પણિંદી સગ એગિંદી, ચૌદ રત્નશું શોભિતં,
નવનિધાનાધિપતિ નાકી, ભક્તિભાવભૃતૈર્નતં,
કોટિ છન્નુ ગ્રામનાયક, સકલ શત્રુ વિજિત્વરં. સુર...૩
સહસ અષ્ટોત્તર સુલંછન, લક્ષિત કનકચ્છવિં,
ચિન્હ નંદાવર્ત્ત શોભિત, સ્વપ્રભાનિર્જિત રવિં,
ચક્રી સપ્તમ ભુક્તભોગી, અષ્ટાદશમો જિનવરં. સુર...૪
લોકાંતિકામર બોધિતો જિન, ત્યક્ત રાજ્યરમાભરં,
મૃગશિર એકાદશી શુકલ પક્ષે, ગૃહિત સંયમ સુખકરં,
અરનાથ પ્રભુ પદ પદ્મ સેવા, શુદ્ધરૂપ સુહંકરં. સુર...૫

(૨)

સચલ સંપત્તિ સયલ સંપત્તિ, તણો દાતાર...૧....
શ્રી અરનાથ જિનેસરુ, શુદ્ધ દરિસણ જે આપે,
ભૂપ સુદર્શન નંદનો, કઠિન કર્મવેલિ કાપે...૨...
એહિજ ચક્રી સાતમો, અઢારસમો જિન એહ,
જ્ઞાનવિમલ સુખ સુજસનો, વર ગુણમણિનો ગેહ...૩...

(૩)

કલ્પતરુવર કલ્પતરુવર, આજ મુજ બાર...૧
ફલ દલ સંયુત પ્રગટિયો, કામકુંભ શુભ સુરવેલિ પાઈ,
ચિંતામણી કરતલે ચઢિયો, કામધેનુ ઘર આજ આઈ...૨
દોષ અઢાર રહિત પ્રભુ, દીઠો સવિ સુખકાર,
જ્ઞાનવિમલ અરજિન તણા, ગુણ અનંત અપાર...૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪)

એહ તારક એહ તારક, અછે જંગમાંહિ...૧
અરજિન સરિખો કો નહિ, ભવિક લોકને ગ્રહે બાંહિ,
જે છે ચક્રી સાતમો, લહી હોય પદવી ઉચ્છાહિ...૨
અઢારસમો એ જિનવરુએ, જ્ઞાનવિમલ ઘણું નૂર,
આરો ભવનો એ દિએ, નામે સુખ ભરપૂર....૩

(૫)

આપ જ્ઞાનથી અનુભવી, નિજ દીક્ષા કાલ,
નગરાદિક સવિ પરિહરી, પરિગ્રહ જંજાલ....૧...
એક સહસ વર પુરુષ સાથે, કરિ અતિ બહુમાન,
મૃગશિર શુદિ એકાદશી, અશ્વિની અભિરામ...૨....
લોચ કરિ વ્રત આદરે એ, ચાર જામ જસ ધર્મ,
તે અરજિનવર મુજ દીયો, દાન સદા શિવ શર્મ...૩....

(૬)

સકલ નયર શિણગાર હાર, ગજપુર વર નયર,
રાય સુદર્શન તાસ નાર, દેવી જસ અપછર...૧...
તસ કુખે અવતાર લીધ, ત્રિહું ભવન વંદિતા,
કુમરપણે એકવીશ સહસ, સુખે વરસ વ્યતીતા...૨...
તેતાં વરસ મંડલિકપણું એ, પાલે અખંડિત આણ,
તે અર જિનવર નામથી, દાન લહે કલ્યાણ...૩....

(૭)

ચઉરાશિ લખ રથ તુરંગ, ગજરાજ ઉદાર,
પાયક છન્નુ કોડિ ભૂપ, બત્રીશ હજાર....૧....
ચોસઠ સહસ અંતેઉરી, પુર ગામ અપાર,
ચૌદ રતન નવનિધિ સહિત, બહુઋદ્ધિ વિસ્તાર....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ ચક્રીપણું ભોગવી, વરસ સહસ એકવીશ,
સુમતિ દાન દાયક સદા, તે અરજિન જગદીશ....૩...

(૮)

રાય સુદર્શન કુલ નભે, નૂતન દિનમણી રૂપ,
દેવી માતા જનમીયો, નમે સુરાસુર ભૂપ....૧....
કુમર રાજ્ય ચક્રીપણે, ભોગવી ભોગ ઉદાર,
ત્રેસઠ સહસ વરસાં પછી, લીયે પ્રભુ સંયમભાર....૨....
સહસ પુરૂષ સાથે લીયે, સંયમ શ્રી જિનરાય,
તસ પદ પદ્મ નમ્યા થકી, શુદ્ધ રૂપ નિજ થાય...૩....

(૯)

અવધિજ્ઞાને આભોગિને, નિજ દીક્ષા કાલ,
દાન સંવચ્છરી જિન દીયે, મનોવાંછિત તત્કાલ....૧....
ધન કણ કંચન કામિની, રાજ ઋદ્ધિ ભંડાર,
છંડી સંયમ આદરે, સહસ પુરુષ પરિવાર....૨....
મૃગશિર શુદિ એકાદશીએ, સંયમ લીયે મહારાજ,
તસ પદ પદ્મ સેવન થકી, સીઝે સઘલાં કાજ....૩....

## શ્રી મલ્લિનાથ ભગવંતના ચૈત્યવંદનો

(૧)

સુખકારણ જિન જનની કુખે, જ્યારે અવતરિયો,
ત્યારે શુભ સૂચક ઉદાર, ચિત દોહલો ધરિયો....૧....
પંચ વરણ વર સુરભિ ગંધ, અમ્લાન અમૂલ
શય્યા વિરચું સુઘટ ઘાટ, લેઈ માલતી ફૂલ...૨...
તે માટે જન્મ્યા પછી એ, દીયું મલ્લિ અભિધાન,
તે જિન સમરણથી સદા, લહે પરમસુખ દાન....૩....

(૨)

રહે અહોનિશ સુખ મગન, નહી રોગ વિયોગ,
વેદોદય વિણ ભોગવે, પ્રભુ ભોગ અશોગ....૧....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયા નિર્જરે પૂર્વ કર્મ, નવ બંધ ન આણે,
ગૃહવાસે રહે શત વર્ષ, ચોથે ગુણઠાણે....૨...
ક્ષય કષાય દ્વાદશ કરીએ, લહે છટ્ઠું ગુણઠાણુ,
મલ્લિનાથ જિન તેહના, દાન કરે ગુણગાન....૩....

(૩)

જિમ શશિ ઉદિત સકલ લોક, અંધકાર પલાય,
ઘન વર્ષતે ભૂમિ જન, નવપલ્લવ થાય....૧....
પ્રગટ્યો જિન જનમંત તિય, સઘલે પ્રકાશ,
પ્રસર્યો જગ જન ચિત્તમાંહી, તિમ હર્ષ ઉલ્લાસ....૨....
મૃગશિર શુદિ એકાદશીએ, જન્મ્યા મલ્લી જિણંદ,
તે જિન પાય પસાયથી, દાન લહે આણંદ....૩....

(૪)

મલ્લિ જિનવર મલ્લિ જિનવર, ભવિક સુખદાય....૧
મિથિલા નયરી ઉપન્યા, કુંભરાય કુલ કમલ હંસ,
કુંભ લંછન ઓગણીશમા, પ્રભાવતી કુખસર રાજહંસ....૨
ત્રણ કલ્યાણક જેહનાંએ, જનમ ચરણને નાણ,
મૃગશિર શુદિ એકાદશી, જ્ઞાનવિમલ ગુણખાણ....૩

(૫)

નમો મલ્લિ નમો મલ્લિ, નાથ શિવ સાથ....૧....
હાથ દિયે ભવિ બુડતાંએ, અપાર ભવજલધિ માંહે,
પાપ તાપ વ્યાપે નહીં, એહ જિન સુરવૃક્ષ છાંહે....૨....
સકલ સમીહિત પૂરણો, ઓગણીશમો જિનરાજ,
જ્ઞાનવિમલ પ્રભુ નામથી, સિધ્યાં સઘલાં કાજ....૩....

(૬)

નીલ વાને નીલ વાને, જેહ જિનરાજ....૧
પણુવીશ ધનુષ તનુ દીપતો, ઇંદ્રનીલ રત્ન જિમ સોહે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિગડે બેઠા જિનવરુ કહે, ધર્મ ભવિ ચિત્ત મોહે....૨
જ્ઞાનવિમલ ગુણથી થયો, લોકાલોક પ્રકાશ,
મલ્લિ જિનવર પ્રણમતાં, પહોંચે મનની આશ....૩

(૭)

પુરુષોત્તમ પરમાતમા, પરમ જ્યોતિ પરધાન,
પરમાનંદ સ્વરૂપ રૂપ, જગમાં નહીં ઉપમાન...૧....
મરકત રત્ન સમાન વાન, તનુ કાંતિ બિરાજે,
મુખ સોહા શ્રીકાર દેખી, વિધુમંડલ લાજે....૨....
ઇંદિ વર દલ નયન સયલ, જન આણંદકારી,
કુંભરાય કુલ ભાણુ ભાલ, દીધિત મનોહારી....૩....
સુરવધુ નરવધુ મલી મલી, જિનગુણ ગણ ગાતી,
ભક્તિ કરે ગુણવંતની, મિથ્યા અઘ ઘાતી....૪....
મલ્લિ જિણંદ પદ્મનીએ, નિત્ય સેવા કરે જેહ,
રૂપવિજય પદ સંપદા, નિશ્ચય પામે તેહ....૫....

(૮)

જય નિર્જિત મદમલ્લ, શલ્યત્રય વર્જિત સ્વામી,
જય નિર્જિત કંદર્પ દર્પ, નિજ આતમરામી....૧....
દુર્જય ઘાતિકર્મ મર્મ, ભંજન ભડવીર,
નિર્મલ ગુણ સંભાર સાર, સાગર વર ગંભીર....૨....
અનંત જ્ઞાન દર્શન ધરુએ, મલ્લિ જિણંદ મુણીંદ,
વદન પદ્મ તસ દેખતાં, લહે ચિદ્રુપ અમંદ....૩....

(૯)

અભ્યંતર પરિષદ અનૂપ, ત્રણશેં નૃપ કન્યા,
તિમ ત્રણશેં નૃપ પુત્ર બાહ્ય, પરિષદમાં ધન્યા....૧....
મૃગશિર શુદિ એકાદશી, ગ્રહે દીક્ષા ભાવે,
દેવ દુષ્ય તવ ઇંદ્ર એક, જિન ખંધે ઠાવે....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉગ્ર વિહાર તપ પ્રભુ કરે એ, સમતા રસ ભરપૂર,
મલ્લિનાથને મન ધરત, દાન ગયાં દુઃખ દૂર....૩....

(૧૦)

ચઉનાણી થઇ શુકલ ધ્યાન, મુનિરાજ અભ્યાસે,
અધિક-અધિક તિમ આપ તેજ, ક્ષણુ-ક્ષણુ પ્રકાસે....૧....
પાણિ પડિગ્ગહ લબ્ધિવંત, દુક્કર વ્રત ધાર,
દુર્દ્ધર સિંહપરે અનેક, પરિષહ સહનાર....૨....
ઇણુવિધ દીક્ષાને દિને એ, પ્રગટ્યું કેવલજ્ઞાન,
તે અરિહંત પ્રણામથી, લહીયે સમકિત દાન....૩....

(૧૧)

ગોત્ર કાશ્યપ ગોત્ર કાશ્યપ, વંશ ઇક્ખાગ સ્વામ....૧....
ત્યાગ નિર્દંભ જે કુંભ ભૂપ, કુલે જે કુમારી,
મયણુ મહાભડ ભંજિયો, વય તરુણુપણે નિર્વિકારી....૨....
સારી સંયમ સીરિ વરી, ઓગણીશમા જિન એહ,
મલ્લિનાથ નામે થયા, જ્ઞાનવિમલ ગુણુ ગેહ....૩....

(૧૨)

ભવ્ય જીવ વર કમલ ખંડ, પ્રતિબોધ વધારે,
નાણુ કિરણુ વિસ્તાર સાર, તમ પડલ નિવારે....૧....
સુર નર મુનિપતિ સેવામાન, બહુ લોક સુખંકર,
દિન-દિન અભિનવ ઉદયવંત, મલ્લિજિન દિનકર...૨...
નાણુ લહ્યું એકાદશીએ, ઉજ્જવલ મૃગશિર માસ,
તે જિનરાજ પ્રસાદથી, દાન લહે ઉલ્લાસ...૩....

(૧૩)

અદ્ભુત રૂપ સરૂપ હે, ગુણુ ગેહ વિરાજે,
લાજે જસ મુખ દેખી ચંદ, મૃગનયણે લાજે....૧....
નીલક વાન સોભાગવાન, ઉપમાન ન અવર,
બાલપણુાથી અધિક તેજ, જાણે નવ દિનકર....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતા પ્રમુખ બહુ લોકને એ, અંતર ઘન વિશ્રામ,
તે મલ્લિ જિન દેખતાં, દાન સરે સવિ કામ...૩....

[૧૪]

રયણ રાશી પરે જે ગંભીર, મંદર ગિરી ધીર,
વિધુમંડલ પરે નિર્મલા, જિમ શારદ નીર....૧....
રાગ દ્વેષ દૂષિત નહીં, નહીં ભવ-ભય જેહને,
ગુણ અનંત ભગવંત તે, પ્રણમું હું તેહને....૨....
જ્ઞાનવિમલ ગુણ જેહનાએ, કહેતાં નાવે પાર,
મલ્લિ જિનેસર પ્રણમતાં, લહીયે ભવજલ પાર....૩....

[૧૫]

અભ્યંતર જશ પર્ષદા, કન્યા ત્રણ શતની,
બાહ્ય પર્ષદા જાણિયે, નૃપસુત ત્રણ શતની....૧....
મૃગશિર શુદિ એકાદશી, દિન સંયમ લેવે,
સકલ સુરાસુર તિહાં મલી, જિનના પદ સેવે....૨....
દીક્ષા સમયથી ઉપજે એ, તિમ મણુપજ્જવ નાણ,
મલ્લિનાથ કેવલ લહે, જ્ઞાનવિમલ સુહ ઝાણ...૩....

[૧૬]

મલ્લિ જિનવર મલ્લિ જિનવર, સયલ સુખ હેતે....૧....
સંયમ ગુણધારી થયા, ભૂપ મિત્ર ષટ્ બોધિ આપે,
કંચનમય કરી પૂતલી, પૂર્વ પ્રેમ સંકેત થાપે....૨....
માયા તપ પરભાવથીએ, પામ્યા સ્ત્રીનો વેદ,
જ્ઞાનવિમલ ગુણથી થયા, અચલ અરૂપ અવેદ....૩....

[૧૭]

જય જય મલ્લિ જિણંદ ચંદ, ગુણ કંદ અમંદ,
નમે સુરાસુર ચંદ, તિમ ભૂપતિ વૃન્દ....૧....
કુસુમ ગેહ શય્યા કુસુમ, કુસુમાભરણ સોહાય,
જનની કુખે જબ જિનહુતા, મલ્લિનામ તિણે હોય...૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુંભ નરેસર કુલતિલોએ, મલ્લિનાથ જિનરાજ,
તસ પદ પદ્મ નમ્યા થકી, સીઝે સઘલાં કાજ....૩....

[૧૮]

નીલ વરણ દુઃખ હરણ, શરણ શરણાગત વત્સલ,
નિરૂપમ રૂપ નિધાન સુજસ, ગંગાજલ નિરમલ....૧
સુગુણ સુરાસુર કોડિ દોડિ, નિત્ય સેવા સારે,
ભક્તિ જુગતિ નિત્યમેવ, કરી નિજ જન્મ સુધારે....૨
બાલપણે જિનરાજને એ, સવિ મલી હુલરાવે,
જિન મુખ પદ્મ નીહાલીયે, બહુ આણંદ પાવે....૩

[૧૯]

જય જય મલ્લિ જિણંદ દેવ, સેવા સુરપતિ સારે,
મૃગશિર શુદિ એકાદશી, સંયમ અવધારે....૧....
અભ્યંતર પરિવાર મેં, સંયતિ ત્રણશેં જાસ,
ત્રણશેં ષટ્ નર સંયમે, સાથ વ્રત લીએ ખાશ....૨....
દેવદુષ્ય ખંધે ધરીએ, વિચરે જિનવર દેવ,
તસ પદ પદ્મની સેવના, રૂપ કહે નિત્યમેવ....૩....

(૨૦)

વૈદર્ભદેશ મિથિલાપુરી, કુંભ નૃપતિ કુલ ભાણ,
પુણ્યવલ્લિ મલ્લિ નમો, ભવિયણ સુહ ઝાણ....૧....
પણવીશ ધનુષની દેહડી, નીલ વરણ મનોહાર,
કુંભ લંછન કુંભની પરે, ઉતારે ભવપાર....૨...
મૃગશિર શુદિ એકાદશીએ, પામ્યા પંચમ નાણ,
તસ પદ પદ્મ વંદન કરી, પામો શાશ્વત ઠાણ....૩....

(૨૧)

પહેલું ચોથું પાંચમું, ચારિત્ર ચિત્ત લાવે,
ક્ષપક શ્રેણી જિનજી ચઢી, ઘાતિકર્મ ખપાવે....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા દિન શુભ ભાવથી, ઉપન્યું કેવલ નાણ,
સમવસરણ સુરવર રચે, ચઉવિહ સંઘ મંડાણ....૨....
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય,
તસ પદ પદ્મ નમ્યા થકી, ચિદ્રુપ ચિત્ત હોય....૩....

(૨૨)

જયો જિનવર જયો જિનવર, જિમ જગ લોય જસ....૧
પસર્યો દહ દિસિ ઘણો, દુધ સિંધુ વરફેણ પંડુર,
લૌકિક દેવ તણો જિણે, ખય કીધ પાખંડ ડંબર....૨
અંબરમણિ જિમ ઝલહલેએ, દિન-દિન અધિક પ્રતાપ,
જ્ઞાન વિમલ પ્રભુ મલ્લિ જિન, ધ્યાને નાસે પાપ....૩

(૨૩)

મલ્લિનાથ શિવસાથ, આઠ વર અક્ષરદાયી,
છાજે ત્રિભુવનમાંહિ, અધિક પ્રભુની ઠકુરાઇ....૧....
અનુત્તર સુરથી અનંત ગુણ, તનુ શોભા છાજે,
આહાર નિહાર અદૃશ જાસ, વર અતિશય રાજે....૨....
મૃગશિર શુદિ એકાદશીએ, લીયે દીક્ષા જિનરાજ,
તસ પદ પદ્મ નમ્યા થકી, સીઝે સઘલાં કાજ....૩....

## શ્રી નમિનાથ ભગવંતના ચૈત્યવંદનો

(૧)

સકલ મંગલ કેલિ કમલા, મંદિરં ગુણસુંદરં,
વર કનક વર્ણ સુપર્વપતિ જસ, ચરણ સેવે મનહરં,
અમરાવતી સમ નયરી મિથિલા, રાજ્યભાર ધુરાધરં,
પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર ચરણપંકજ સુખકરં....૧
ગજ વાજિ સ્યંદન દેશ પુરધન ત્યાગ કરી ત્રિભુવન ધણી,
ત્રણુશેં અઠયાસી કોડિ ઉપર દીએ લાખ એંશી ગણી,
દીનાર જનની જનક અંકિત, દીયે ઇચ્છીત જિનવરં. પ્રણ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ્રામ્ર વનમાં સહસ નરયુત સૌમ્ય ભાવ સમાચરે,
નર ક્ષેત્ર સંજ્ઞી ભાવ વેદી જ્ઞાન મનઃપર્યવ વરે,
અપ્રમત્ત ભાવે ઘાતિ ચઉ ખય, લહે કેવલ દિનકરં. પ્રણુ. ૩
તવ સકલ સુરપતિ ભક્તિ નતિ કરી તીર્થપતિ ગુણ ઉચ્ચરે,
જય જગત જંતુ જાત કરુણાવંત તું ત્રિભુવન શિરે,
જય અકલ અચલ અનંત અનુપમ, ભવ્યજનમન ભયહરં.પ્રણુ ૪
સપ્તદશ જસ ગણધરા મુનિ સહસ વિંશતિ ગુણનીલા,
સહસ એકતાલીશ સાહુણી સોલસેં કેવલી ભલા,
જિનરાજ ઉત્તમ પદ્મની પરે, રૂપવિજય સુહંકરં. પ્રણુ. ૫

(૨)

પુરુષોત્તમ પરમેષ્ટિ રૂપ, પરમાતમ યોગી,
પરમાનંદ પ્રકાશવાન, અક્ષય ઉપયોગી....૧....
નિજ અનંત પર્યાય યુત, સવિ જાણે દ્રવ્ય,
કાલ ત્રિતય વેદી જીણંદ, લહે ભવ્યાભવ્ય....૨....
કેવલજ્ઞાનને દરિસન એ, જલહલે અંતર તેજ,
તે શ્રી નમિ જિનરાજને, દાન નમે ધરી હેજ ...૩....

(૩)

નમો નમો શ્રી નમિ જિનવરુ, જગનાથ નગીનો,
પદ યુગ પ્રેમે જેહના, પૂજે પતિ શચીનો....૧
સિંહાસન આસન કરી, જગ ભાસન જિનરાજ,
મધુર ધ્વનિ દિયે દેશના, ભવિજનને હિત કાજ....૨
ગુણ પાંત્રીશ અલંકરીએ, પ્રભુ મુખ પદ્મની વાણી,
તે નમિજિનની સાંભલી, શુદ્ધ રૂપ લહે પ્રાણી....૩

(૪)

નમો નમિ જિન નમો નમિ જિન, મુગતિ દાતા રે....૧
સોવન વાને સોહતો, સકલ લોક જસ સેવા સારે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુમતિ સુગતિને આપતો, સકલ કર્મના દોષ વારે....૨
એકવીશમો જિન પૂજીએ, જિમ લહીયે ભવ પાર,
જ્ઞાનવિમલ સૂરિ ઇમ ભણે, એ પ્રભુ જગદાધાર....૩

(૫)

ગોત્ર કાશ્યપ ગોત્ર કાશ્યપ, વંશ ઇક્ખાગ...૧
શ્રી નમિ જિનનો જાણિયે, સયલ લોય આણંદ કારણ,
અવનિતલમાં ઉપન્યા માનું, તેહ સવિ ભવિક તારણ...૨
કારણ એહિજ મુગતિનું, શ્રી જિનવરની સેવ,
જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, આય મલે સ્વયમેવ....૩

(૬)

દુઃખ દોહગ દુઃખ દોહગ, જાય સવિ દૂર....૧....
દુર્મતિ દુર્ગતિ સુપનમાં, તેહ જનની પાસે નાવે,
જે શ્રી નમિ જિનનું સદા, નામ ધ્યાન એકાગ્ર ધ્યાવે....૨....
કરુણા રસનો કૂમલો, ત્રિભુવનનો આધાર,
જ્ઞાનવિમલ પ્રભુ સેવતાં, લહીયે લીલ અપાર....૩....

(૭)

સકલ સમીહિત સુખ કરણ, સુરતરુ ઉપમાન,
તરુણ તરુણી પરે તેજવંત, જગ તિલક સમાન...૧....
ભક્તિ ધરિ સુરસુંદરી, કરે જસ ગુણ ગાન,
ધ્યાયે સુર નર અસુરનાથ, જસ શુભ અભિધાન....૨....
શુદિ મૃગશિર એકાદશીએ, પામ્યા જ્ઞાન અનંત,
દિન સુહંકર વંદિએ, તે નમિ જિન જયવંત....૩....

(૮)

મૂલ પ્રકૃતિમાં એક બંધ, ચઉ સત્તા ઉદયે,
એક બંધ ઉત્તર પ્રકૃતિ, તિમ બેંતાલીશ ઉદયે....૧...
સત્તા પંચાશી વિચાર, જેહવી વલી છાર,
મન વચ કાયા યોગ જાસ, અવિચલ અવિકાર....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેરશ ગુણઠાણા તણીએ, ધરે દશા એમ જેહ,
તે નમિ જિન એકવીસમો, દાન દયા ગુણ ગેહ....૩....

## — અન્ય જિનના ચૈત્યવંદનો —

### (૧) સંભવનાથનું ચૈત્યવંદન

જેણે સુણયા દુષ્કાલમાંહે, જીવના પોકારને,
ધાન્ય દાનથી ભસ્મ કર્યા, ભૂખના વિકારને,
જીવમાત્રની કરૂણા થકી, બાંધે તિહાં જિન નામને,
સંભવ નમું સંભવ કરો, જિમ પામું મુક્તિ સામને....૧....
તું કરૂણાનિધિ દયાસિંધુ, વિવિધ બિરૂદ ધારતો,
સેવક બન્યો પ્રભુ તાહરો, તો કેમ મુજ વિસારતો,
દેઇ દૃષ્ટિ દાન દૂરે કરો, મુજ વિષય કેરા જામને,
સંભવ નમું સંભવ કરો, જિમ પામું મુક્તિ સામને....૨....
જીતારિ સુત તુજ મુખ જોતાં, દૂર જાયે દૂર ગતિ,
સેના નંદન કરું વંદન, શુદ્ધ કરજો મુજ મતિ,
તુજ વાણી જે હૃદયે ધરે, તે દૂર કરતા કામને,
સંભવ નમું સંભવ કરો, જિમ પામું મુક્તિ સામને....૩....

### (૨) શ્રી ચન્દ્રપ્રભુ નું ચૈત્યવંદન

ૐ ચંદ્રપ્રભ પ્રભાધીશ, ચંદ્રશેખર ચંદ્રભૂઃ,
ચંદ્ર લક્ષ્યાંક ચંદ્રાંક, ચંદ્રવિજય નમો સ્તુતે....૧....
ૐ હ્રીં શ્રી ચંદ્રપ્રભુ, હ્રીં શ્રી કુરૂ સ્વાહા પ્રભુ,
ઇષ્ટ સિદ્ધિ મહાસિદ્ધિ, તુષ્ટિ પુષ્ટિ કુરુભવા....૨....
દ્વાદશા સહ જાપ્તે, વાંછિતાર્થં ફળ પ્રદં,
મહિતે શ્રી સંઘ જાપ્તે, સર્વાધિ વ્યાધિ નાશીને....૩....
સુર સુરેન્દ્ર મહિતશ્રી, પાંડવ નૃપ સુત શ્રી,
ચંદ્રપ્રભ તીર્થેશં શ્રીયાં, ચંદ્રા જવાલા કુરૂ....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ચન્દ્રપ્રભ વિધેયં, સ્મૃત સિદ્ધ ફલામૃત,
ભવાધિ વ્યાધિ વિધ્વંસ, દાયિનિ મે વર સદા....૫....

(૨)

આનંદ ઉપનો અતિ ઘણો, દુધડે વુઠા મેહ,
ચન્દ્રપ્રભ સ્વામિ તણો, પામ્યો દર્શન જેહ....૧....
લખમણા ઉર સર હંસલો, પિતા મહસેન રાય,
ચંદ્રપુરીમાં જનમીયા, લંછન ચંદ્ર સોહાય....૨....
આયુ દશલાખ પૂર્વનું, દોઢસે ધનુષની કાય,
સમ્મેતશિખર મુક્તિ ગયા, નિત–નિત પ્રણમું પાય....૩....
પાપ પડલ દૂરે ગયા, પવિત્ર થયો દિન આજ,
કરુણાનિધિ વિશ્વેશ્વરા, દીઠા શ્રી જિનરાજ....૪...
દુસ્તર ભવસાગર હરો એ, વિનતી મુજ અવધાર,
સહજ રાજેશ્વર જગધણી, વંદુ વાર હજાર....૫....

## (૩) શીતલનાથનું ચૈત્યવંદન

ભદ્દિલપુરમાં રાજીયો, દઢરથ નામે ગુણનીલો,
રાણી નંદા શીયલ સલીલા, સુત તસ બહુ છે ભલો,
નામ તેવા ગુણ ધારક, જગત તાપ મીટાવતો,
દશમા જિનેસર શીતલ પૂજે, મોહરાયા ભાગતો....૧...
સંસાર કેરા તાપથી જે, સળગતા સંસારીઓ,
શીતલ જિનમતિ શરણું લેતા, પાપ તાપ વિસારીઓ,
એક પણ અનેક પેઠે, જીવને જે ભમાવતો,
દશમા જિનેસર શીતલ પૂજે, મોહરાયા ભાગતો....૨....
પ્રભુ આજ તારૂં રૂપ જોતા, નયણ મારા ઠારતો,
શીતલ જીનેસર શીતલ કરતાં, વિષય વાસના વારતો,
અતિ કષ્ટથી પામ્યા છતાં, જિન ધ્યાન જે મુકાવતો,
દશમા જિનેસર શીતલ પૂજે, મોહરાયા ભાગતો....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪) શ્રેયાંસનાથનું ચૈત્યવંદન

શ્રેયાંસ જિનવર ગ્યારમા, ચિત્તમાં વસો મારા સદા,
પ્રભુ ચાર કલ્યાણક સોહે, સિંહપુરી નગરી સદા,
સવિ જીવનું હું આદરું, કલ્યાણ એવી ભાવના,
માતા લહે જબ જીનજી આવે, કુક્ષિ કરવા પાવના....૧....
શ્રેયાંસ નામ તિણે ઠવ્યું, દેવો કરે મહોત્સવ તિહાં,
કલ્યાણક ભૂમિ ફરસવા, હું ભાવના કરતો ઇહાં,
જો ચિત્તમાંહે તું વસે, પ્રભુ પ્રેમથી એક માહરા,
સંસાર સુખને તુચ્છ ગણતો, પ્રેમ પાસે તાહરા....૨....
નવિ માંગતો હું રાજ્ય દોલત કે કુટુંબ પરિવારને,
શ્રેયાંસ તુજને વિનવું, કરનારા મુજ વિકારને,
મહાગોપ નિર્યામક વલી છો, સાર્થવાહ માહણ તમે,
જ્ઞાન નિર્મલ તે લહે જે, ભક્તિમાં તારી રમે....૩....

(૨)

ખડ્ગી લંછન નાથજી, તુજ નામે ભય જાય,
એક મને આરાધતાં, ભવભવનાં દુઃખ જાય...૧....
આસ ધરે જે તાહરી, નવિ કરીએ નિરાશ,
દાયક જાણી આવીયો, પૂરજો મારી આસ....૨....
તાહરી આણા શિર ધરું, કરું ભક્તિ ત્રણ કાળ,
શ્રેયાંસ જિન વિનવું, કીર્તિચંદ્ર સંભાળ....૩....

## (૫) શ્રી વાસુપૂજ્ય જિન ચૈત્યવંદન

વાસુપૂજ્ય ચિત્તમાં વસ્યા, મનહર મોટા દેવ,
અણહુત કોડિ એક સૂર, નિશ દિન કરતાં સેવ....૧....
દીજિયે દરિસણ જ્ઞાન મુજ, મહેર કરી મહારાજ,
ચારિત્ર તપ તંબે કરી, ભવોદધિ પાર ઉતાર....૨....

ચંપાપુરી સિધ્ધ્યાં તુમે, બારમાં જિન સુખકાર,
ધર્મવિજય મોહે દીજિયે, મુક્તિ વધુ ભરતાર....૩....

## (૬) કુંથુનાથનું ચૈત્યવંદન

(૧)

ગજપુર નયરી સોહે સુંદર, શ્રીદેવીનો નંદનો,
ધર નરપતિનો લાડલો, દુશ્મન સહુ નિકંદનો,
શ્રીપતિ ધરણપતિ તિમ, યતિપતિ શિરદાર જો,
કુંથુ જિનેસર વિનવું, આવાગમન મુજ વારજો....૧....
હાથી ઘોડા ને પદાતિ, સૈન્ય સહુ ત્યાગી કરી,
ષટ્ખંડ રિદ્ધિ છાંડી સઘળી, સંયમ સિરિ વરી,
પામ્યા કેવલ આપ સ્વામી, તેમ મુજ વિચારજો,
કુંથુ જિનેસર વિનવું, આવાગમન મુજ વારજો....૨....
નિગોદમાંહે જિમ વસ્યા, પ્રભુ આપણે એક તાનમાં,
તું મોક્ષમાં હું સબડતો, અહિં મોહ કેરા ગાનમાં,
દૂરે રહ્યા દિલમાં ધરો, બસ એટલું અવ ધારજો,
કુંથુ જિનેસર વિનવું, આવાગમન મુજ વારજો....૩....

(૨)

સિરિ નંદન વંદન કરું, ટાળે ભવ ફેરો,
ધર નરપતિ સુત વાહલો, જે નાથ હમેરો....૧....
ષટખંડ રિદ્ધિ છોડીને, લાવી મન વૈરાગ,
ઘાતી કર્મ ચૂરો કરી, થયા તમે વીતરાગ....૨....
ત્રિગડે તેજે દીપતો, તાર્યા નર ને નાર,
કીર્ત્તિચંદ્ર કહે વિભુ, મુજને પણ તું તાર...૩....

## (૭) મુનિસુવ્રતસ્વામીનું ચૈત્યવંદન

(૧)

વીશમા જિનેસરને સ્મરું, સંતાપ તાપ દૂર કરે,
તુજ આણ દિલમાં જે ધરે, તે સિદ્ધિ સુખ સહેજે લહે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇચ્છા વિના પણ પ્રાણીઓ, સંસારના સુખને લહે,
સુવ્રત જિનને નિત્ય નમું, જે ભૃગુકચ્છ પૂરે રહે....૧....
એક રાતમાં પણ સાઠ યોજન, ચાલીયા ઉગારવા,
યજ્ઞમાંહે હોમ કરવા, જે લીધો છે મારવા,
તે પૂર્વભવના મિત્ર કેરી, કરૂણા દિલમાં વહે,
સુવ્રત જિનને નિત્ય નમું, જે ભૃગુકચ્છ પૂરે રહે...૨...
ઘોડલો પણ દેવ થાતાં, કરે મંદિર જિન તણું,
અશ્વાવબોધ તીર્થ મહિમા, ગણી ગૌતમ કરે ઘણું,
સુદર્શના ઉદ્ધાર કરતી, સમળી વિહાર કહે,
સુવ્રત જિનને નિત્ય નમું, જે ભૃગુકચ્છ પૂરે રહે....૩....

(૨)

શ્રી જિનવર આરાધતાં, નાસે કર્મ વિકાર,
પાપ સંતાપ દૂરે ટળે, ઉતારે ભવ પાર...૧...
વીતરાગ જગ સહુ કહે, યોગ ક્ષેમ કરનાર,
એ અચરિજ મુજને વડુ, લીલા અપરંપાર....૨....
મુનિસુવ્રત કીજે કૃપા, તું ગુણનો ભંડાર,
કીર્ત્તિચંદ્ર ઇમ વિનવે, તું તરીયો મુજ તાર....૩...

## શ્રી ભાવિ જિન પદ્મનાભ સ્વામિનું ચૈત્યવંદન

પ્રથમ જિનેશ્વર પદ્મનાભ, સમરૂં સુખકારી,
ભાવિ જિનવર ભરહખિત્ત, મંડન મણિધારી....૧....
લાંછન વરણ સુદેહ માન, થિતિ આયુ પ્રમાણ,
પરમેશ્વર શ્રી વર્ધમાન, જિનરાજ સમાન....૨....
ઉત્તમ અમૃત ધર્મનો એ, વિરહ નિવારક જાણ,
ભાવિ જિનવર ભેટીયે, કારણ સદા કલ્યાણ...૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી સામાન્ય જિન ચૈત્યવંદનો

(૧)

જય જય શ્રી જિનરાજ આજ, મલીયો મુજ સ્વામી,
અવિનાશી અકલંક રૂપ, જગ અંતરજામી....૧....
રૂપારૂપી ધર્મદેવ, આતમ આરામી,
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી....૨....
સિદ્ધ બુદ્ધ તું વંદતાં, સકલ સિદ્ધિ વર બુદ્ધિ,
રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધિ....૩....
કાલ બહુ સ્થાવર ગૃહી, ભમીયો ભવમાંહિ,
વિકલેંદ્રિયમાંહિ વસ્યો, સ્થિરતા નહીં કયાંહિ....૪...
તિર્યંચ પંચેદ્રિયમાંહિ દેવ, કરમે હું આવ્યો,
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહીં પાયો....૫....
એમ અનંતકાલે કરી, પામ્યો નર અવતાર,
હવે જગતારક તું મલ્યો, ભવજલ પાર ઉતાર....૬....

N B આમાં કર્તાનું નામ ત્રીજી ગાથામાં છે તેથી પાછલી ત્રણ ગાથા કોઈકની ઉમેરેલી જણાય છે.

(૨)

જગન્નાથને હું નમું હાથ જોડી,
કરૂં વિનતી ભક્તિશું માન મોડી
કૃપાનાથ સંસારકું પાર તારો,
લહ્યો પુણ્યથી આજ દેદાર સારો....૧....
સોહિળા મળે રાજ્ય દેવાદિ ભોગો,
પરમ દોહિલો એક તુજ ભક્તિ જોગો,
ઘણા કાલથી તું લહ્યો સ્વામી મીઠો,
પ્રભુ પારગામી સહુ દુઃખ નીઠો....૨....
ચિદાનંદ રૂપી પરબ્રહ્મ લીલા,
વિલાસી વિભો ત્યક્ત કામાગ્નિ કીલા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણાધાર જોગીશ નેતા અમાયી,
જય ત્વં વિભો ભૂતલે સુખદાયી....૩....

ન દીઠી જેણે તાહરી યોગ મુદ્રા,
પડયા રાત દિવસે મહા મોહ નિદ્રા,
કીસી તાસ હોશે ગતિ જ્ઞાન સિંધો,
ભમંતા ભવે હે જગજ્જીવબંધો....૪....

સુધાસ્યંદી તે દર્શનં નિત્ય દેખે,
ગણું તેહનો હું વિભો જન્મ લેખે,
ત્વદાજ્ઞા વશે જે રહ્યા વિશ્વ માંહે,
કરે કર્મની હાણ ક્ષણ એક માંહે....૫....

જિનેશાય નિત્યં પ્રભાતે નમસ્તે,
ભવિ ધ્યાન હોજો હૃદયે સમસ્તે,
સ્તવી દેવના દેવને હર્ષ પુરે,
મુખાંભોજ ભાળી ભજે હેજ ઉરે....૬....

કહે દેશના સ્વામી વૈરાગ્ય કેરી,
સુણે પર્ષદા બાર બેઠી ભલેરી,
સુધાંભોજ ધારા સમી તાપ ટાલે,
બેહુ બાંધવા સાંભલે એક ઢાળે....૭...

(૩)

પરમેસર પરમાતમા, પાવન પરમિઠ,
જય જગ ગુરુ દેવાધિદેવ, નયણે મેં દીઠ....૧....

અચલ અકલ અવિકાર સાર, કરુણા રસસિંધુ,
જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ....૨....

ગુણ અનંત પ્રભુ તાહરા એ, કીમહિ કહ્યા ન જાય,
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪)

પરમાનંદ પ્રકાશ ભાસ, ભાસિત ભવ ક્રીલા,
લોકાલોક પેખવે, નિત એહવી લીલા....૧....
ભાવ વિભાવ પણે કરી, જેણે રાખ્યો અલગો,
તરૂપરે પય મેલવી, તેહ થકી નવિ વલગો....૨....
તેણી પરે આતમ ભાવને એ, વિમલ કર્યો જેણે પુર,
તે પરમાતમ દેવનું, દિન-દિન વધતું નૂર....૩...
નામે તો જગમાં રહ્યા, સ્થાપના પણ તિમહી,
દ્રવ્યે ભવમાંહે વસે, પણ ન કળે કિમહી...૪....
ભાવ થકી સવિ એકરૂપ, ત્રિભુવન મેં ત્રિકાલે,
તે પરમાતમ વંદિએ, તિહું યોગે સ્વભાલે....૫....
પાલે પાવન ગુણ થકીએ, યોગ ક્ષેમંકર જેહ,
જ્ઞાનવિમલ દર્શન કરી, પૂરણ ગુણ મણિ ગેહ....૬....

(૫)

મુખ નિરખી જિનરાજજી, ભાવું ભાવ ઉદાર,
ધન્ય દિવસ વેલા ઘડી, દીઠો તુમ દેદાર....૧....
અંતરજામી તું માહરો, સમરૂં વારંવાર,
તારક બિરુદ સુણી કરી, મન-મંદિર એકવાર....૨....
સુતા બેઠા જાગતાં, એકજ તમારૂ ધ્યાન,
યોગીશ્વર પેરે જપું, નિરખું પરમ નિધાન...૩....
સૂરહિ સમરે વચ્છને, કોયલડી મધુ માસ,
તિમ સમરૂં હું તુજને, ચંદ્ર ચકોર ઉલ્લાસ....૪....
જિમ ધન ગર્જિત મોરને, ઉલટ અંગ થાય,
નિરખીને હરખે ઘણું, મુજ મન આવે દાય....૫....
અણુ સંભાર્યા સાંભરે, સમય-સમય સો વાર,
નયન અમારા લાલચ્યુ, દેખત તુમ દેદાર....૬...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તું મન માન્યો માહરે, તુંહિજ જીવન પ્રાણ,
સેવક કરીને દાખવો, તું મોટો મહિરાણ....૭....
કાલ મોંઘે જે દાન દિયે, તેહની જગમાં વાહ,
તે માટે હવે આજથી, રખે વિસારો નાહ....૮....
એકવાર સેવક કરી, બોલાવી મહારાજ,
મુક્તિ પ્રભુ હું ન માંગતો, એટલે સિધ્યાં કાજ....૯....

(૬)

મેરૂ તણે પરે ધીર વીર, નિરધિ ગંભીર,
ચંદ્ર તણી પરે સૌમ્ય તેજ, ઝલકે જિમ હીર....૧...
રાગ રોષ મન નહીં લગાર, નહીં વિષય વિકાર,
શાંતિ કાંતિ રતિ મતિ પ્રમુખ ગુણ જલધિ અપાર....૨....
દિન દિન વાન વધુ બહુએ, જિમ કંચન પરભાગ,
તે ભગવંતની ભક્તિથી, દાન થયો મહાભાગ....૩....

(૭)

સકલ સુરાસુર ઈંદ વૃન્દા, ભાવે કર જોડી,
સેવે પદ પંકજ સદા, જઘન્ય થકી એક કોડી....૧....
જાસ ધ્યાન એક તાન કરે, જે સુર નર ભાવે,
સંકટ કષ્ટ દૂરે ટલે, શુચિ સંપદ પાવે....૨...
સર્વ સમીહિત પૂરવા એ, સુરતરુ સમ સોહાય,
તસ પદ પદ્મ પૂજ્યા થકી, નિશ્ચય શિવસુખ થાય....૩....

(૮)

જિમ ચૈત્રી પૂનમ તણો, અધિકો વિધુ દીપે,
ગ્રહ ગણ તારાદિક તણાં, પરમ તેજને જીપે....૧....
તિમ લૌકિકના દેવ તે, તુમ આગે હીણા,
લોકોત્તર અતિશય ગુણે, રહે સુર નર લીણા....૨....
નિર્વૃત્તિ નગરે જાયવાએ, એહિજ અવિચલ સાથ,
જ્ઞાનવિમલ સૂરિ એમ કહે, ભવ-ભવ એ મુજ નાથ...૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯)

તુજ મૂરતિને નીરખવા, મુજ નયણાં તરસે,
તુમ ગુણગણને બોલવા, રસના મુજ હરસે....૧....
કાયા અતિ આણંદ મુજ, તુમ પદયુગ ફરસે,
તો સેવક તાર્યો વિના, કહો કિમ હવે સરશે....૨...
એમ જાણીને સાહિબાએ, નેક નજર મોહે જોય,
જ્ઞાનવિમલ પ્રભુ સુનજરથી, તેહશું જેહ નવિ હોય....૩...

(૧૦)

અલખ અગોચર અકલ રૂપ, અવિનાશી અનાદિ,
એક અનેક અનંત અંત, અવિકલ અવિવાદિ....૧...
સિદ્ધ બુદ્ધ અવિરુદ્ધ શુદ્ધ, અજર અમર અભય,
અવ્યાબાધ અમૂરતિક, નિરુપાધિક નિરામય....૨....
પરમ પુરુષ પરમેસરૂ, પ્રથમ નાથ પરધાન,
ભવ-ભવ ભાવઠ ભંજણો, તારક તું ભગવાન....૩....
રસના તુજ ગુણ સંસ્તવે, દૃષ્ટિ તુજ દરશન,
નવ અંગે પૂજા સમે, કાયા તુજ ફરશન....૪...
તુજ ગુણ શ્રવણે દોશ્રવણ, મસ્તક પ્રણિપાતે,
શુદ્ધ નિમિત્તી સવિ હુઆ, શુભ પરિણતી થાતે....૫....
વિવિધ નિમિત્ત વિલાસથી, વિલસે પ્રભુ એકાંત,
અવતરિયો અભ્યંતરે, નિશ્ચય ધ્યેય મહંત....૬....
ભાવદૃષ્ટિમાં ભાવતાં, વ્યાપક સવિ ભાસે,
ઉદાસીનતા અવરશું, લીનો તુજ ગુણ વાસે....૭....
દીઠા વિણ જે દેખિયે, સૂતા પણ જગવે,
અવર વિષયથી છોડવે, ઇન્દ્રિય બુદ્ધિ ત્યજવે...૮....
પરાધીનતા મિટ ગઇ, ભેદ બુદ્ધિ ગઈ દૂરે,
અધ્યાત્મ પ્રભુ પરિણમ્યો, ચિદાનંદ ભરપૂરે...૯....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યોતિશું જ્યોતિ મિલ ગઇ, પ્રગટ્યો વચનાતીત,
અંતરંગ સુખ અનુભવ્યો, નિજ આતમ પરતીત....૧૦....
નિર્વિકલ્પ ઉપયોગ રૂપ, પૂજા પરમારથ,
કારક ગ્રહ એક એ, પ્રભુ ચેતન સમરથ....૧૧....
વીતરાગ એમ પૂજતાએ, લહિયે અવિહડ સુખ,
માનવિજય ઉવઝાયનાં, નાઠાં સઘલાં દુઃખ....૧૨....

(૧૧)

જગન્નાથ જગત્રાત, કૃપાકર કૃપાપદ,
શરણ્ય ભકત સાધાર, શૃણુ વિજ્ઞપ્તિકાં મમ....૧....
નાથોઽસિ ત્વમનાથાનાં, જંતૂનાં ભવ તારકઃ,
મમોદ્ધર્તા ક્લિેદાની–મેકસ્ત્વમસ્રિ વા પરઃ....૨....
યદહં કિંચિદ્ જ્ઞાના–દ્વિપરીતં તવાગમત્,
બ્રવીમિ મધ્યે લોકાનાં, તત્ર ત્વં મમ સાક્ષિક....૩....
ત્વત્તઃ પરં ન દેવં, મનસા ધ્યાયામિ સર્વથા નાથ,
વચસાપિ ન સ્તવીમિ, પ્રણમામિ ન મસ્તકેનાહં....૪....
ભાવ વિશુદ્ધિં સ્વામિં, મમ વિજ્ઞાતા ત્વમેવ સર્વજ્ઞ,
કિં બહુના ગદિતેન, પભુરેકો મે ત્વમેવાસિ....૫....

## સામાન્ય જિન તથા પૂજાના ફલનું ચૈત્યવંદન

પરમાનંદ વિલાસ ભાસ, શાસન છે જેહનું,
વરસ સહસ એકવીશ, વહાલું છે તેહનું....૧....
શ્રી મહાવીર મહિયલ કરૂં, પણ સમતા ધારી,
જોશ ન કબહુ લેખવે, સહુને હિતકારી....૨....
બહુ અતિશય લીલાવતી, કરતાં જન પ્રસન્ન,
બ્રહ્મચારી ચૂડામણી, જસ નહીં વિષયનો સંગ....૩....
ગુરુ પાસે ભણિયા નહીં, પણ સઘલું જાણે,
નિંદ વિના પરમેશ્વરા, સુખ સઘલાં માણે....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રજત મણિ ગઢ હેમ વસે, નહીં પરિગ્રહ પાસ,
ચામર છત્ર વિંઝાવતા, નિષ્પરિગ્રહતા ભાસ....૫....
સેવા કરાવે સહુ ભણી, નામ ધરાવે સાધુ,
સાધ ધરામણ કો નહીં, સૂક્ષ્મ નિરાબાધુ....૬....
રાગ નહીં પણ રીઝવે, સવિ ભવિનાં ચિત્ત,
દ્વેષ નહીં પણ ટાળીયા, મોહાદિકે અમિત્ત....૭....
કામ નહીં પણ ભોગવે, સવિ વસ્તુના ધર્મ,
કર્મ નહીં પણ સવિ તણાં, કહે કર્મના મર્મ...૮....
નર્માદિક લીલા નહીં, શર્મ તણો નહીં પાર,
તસ ગુણ દાખવી નવિ શકું, જો હોય જીભ અપાર....૯....
જિનવર બિંબને પૂજતાં, હોય શતગણું પુન્ય,
સહસગણું ફલ ચંદને, જે લેપે તે ધન્ય....૧૦....
લાખ ગણું ફલ કુસુમની, માલા પહેરાવે,
અનંતગણુ ફલ તેહથી, ગીત ગાન કરાવે...૧૧....
તીર્થંકર પદવી વરે, જિનપૂજાથી જીવ,
પ્રીતિ ભક્તિપણે કરી, સ્થિરતાપણે અતીવ....૧૨....
જિનપડિમા જિનસારિખી, સિદ્ધાંતે ભાખી,
નિક્ષેપા સહુ સારીખા, થાપના તિમ દાખી....૧૩....
ત્રણ કાલ ત્રિભુવન માંહી, કરે તે પૂજન જેહ,
દરિશન કેરું બીજ છે, એહમાં નહીં સંદેહ....૧૪....
જ્ઞાનવિમલ પ્રભુ તેહને, હોય સદા સુપ્રસન્ન,
એહીજ જીવીત ફલ જાણીજે, તેહિજ ભવિજન ધન્ન....૧૫....

## અતીત ચોવશીનું ચૈત્યવંદન

(૧)

ઉત્સર્પિણી આરે થયા, કેવલ નાણી જિણંદા,
નિરવાણી સાગર પ્રભુ, મહાજસ વિમલ મુણિંદા....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વાનુભૂતિ નમું, શ્રીધર શ્રીદત્ત સ્વામ,
દામોદર નમું સુતેજ જિન, સ્વામિ મુનિસુવ્રત નામ....૨....
સુમતિ શિવગતિ અસ્તાંગનમી, અનિલ યશોધરદેવ,
કૃતારથ ઓગણીશમા, કરો જિનેશ્વર સેવ....૩....
શુદ્ધમતિ શીવંકરુ, સ્યંદન સંપ્રતિનાથ,
અતીત ચોવીશી વંદતાં, શ્રી શુભવીર સનાથ....૪....

(૨)

અતીત ચોવીશી પ્રથમ દેવ, જિન કેવલજ્ઞાની,
નિર્વાણી સાગર મહા- જસ વિમલ અભિધાની....૧....
સર્વાનુભૂતિ શ્રીધર, સુદત દામોદર સુતેજા,
સ્વામી સુવ્રત સુમતિ ને, શિવગતિ સુહેજા....૨....
અસ્તાંગ નેમિશ્વર અનિલ, યશોધર કૃતાર્થ જિનેશ,
શુદ્ધમતિ ને શિવંકરી, સ્યંદન સંપ્રતિ કહેશ....૩....

(૩)

અતીત ચોવીશી વંદિએ, આતમ શુભ ભાવે,
અરિહંત નામના જાપથી, મંગળ માલા પાવે....૧....
કેવલજ્ઞાની પહેલા નમું, નિર્વાણી સાગર,
મહાજસ વિમલ તે પાંચમા, સર્વાનુભૂતીશ્વર....૨...
શ્રીધર દત્ત દામોદર નમો, સુતેજ શ્રી સ્વામી,
મુનિસુવ્રત જિન બારમા, સુમતિ શિવગતિ નામી....૩...
અસ્તાંગ નમીશ્વર સોળમા, અનિલ યશોધર દેવ,
કૃતાર્થ જિનેશ્વર શુદ્ધમતિ, શિવંકર કરો સેવ....૪...
સ્પંદન સંપ્રતિ ચોવીસમા, પ્રહ ઉઠી ગાઉં,
ઋદ્ધિ કીર્તિ પ્રભુ ધ્યાનથી, અમૃત પદ પાઉં....૫...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આવતી ચોવીશીનું ચૈત્યવંદન

[૧]

પદ્મનાભ પહેલા જિણંદ, શ્રેણિક નૃપતિ જીવ,
સુરદેવ બીજા નમું, સુપાસ શ્રાવક જીવ....૧...
શ્રી સુપાર્શ્વ ત્રીજા વલી, જિવ કૌણિક ઉદાયી,
સ્વયંપ્રભ ચોથા જિણંદ, પોટિલ મન ભાવી....૨...
સર્વાનુભૂતિ જિન પાંચમાએ, દઢાયુ શ્રાવક જાણ,
દેવસુત છઠ્ઠા જિણંદ શ્રી કાર્તિક શેઠ વખાણ....૩...
શ્રી ઉદય જિન સાતમાએ, શંખ શ્રાવક જીવ,
શ્રી પેઢાલ જિન આઠમા, અનંત મુનિ જીવ....૪...
પોટિલ નવમા વંદિએ એ, જીવ જે સૂનંદ,
શતકીર્ત્તિ દશમા જિણંદ, શતક શ્રાવક આનંદ....૫...
સુવ્રત જિન અગિયારમાએ, દેવકી રાણી જીવ,
શ્રી અમમ જિન બારમાં, કૃષ્ણજી નો જીવ....૬...
નિષ્કષાય જિન તેરમાએ, સત્ત્યકી વિદ્યાધર,
નિષ્પુલાક જિન ચૌદમા, બલભદ્ર સુહંકર....૭...
નિર્મલ જિન પંદરમાએ, જીવ સુલસા ભાવિ,
ચિત્રગુપ્ત જિન સોલમા, રોહિણી મન ભાવ....૮...
સમાધિ જિન સત્તરમા, રેવતી શ્રાવિકા જાણ,
શ્રી સંવર જિન અઢારમા, જીવ શતાનિક વખાણ....૯...
શ્રી યશોધર ઓગણીશમા, જીવ કિસન દ્વિપાયણ,
વિજય નામ જિન વીશમા, જીવ કરણ સુજાણ....૧૦...
એકવીશમા શ્રી મલ્લનામ, જીવ નારદનો કહિયે,
અંબડ શ્રાવક જીવ દેવ, બાવીશમા લહીયે....૧૧...
અનંતવીર્ય ત્રેવીસમા, જીવ અમરનો એહ,
ભદ્રકૃત જિન ચોવીશમા, શતબુદ્ધિ ગેહ....૧૨...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ચોવીશે જિન હોશે, આવંતે કાલે,
ભાવસહિત જે વાંદશે, તે થઈ ઉજમાલે....૧૩...
લંછન વર્ણ પ્રમાણ આયુષ, ચઢતાં સવિ નિરખો,
સાંપ્રત જિન ચોવીશ એ, અંતર સવિ પરખો....૧૪...
પંચ કલ્યાણક તેહના એ, હોશે એકજ દિસ,
ધીરવિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ સૂરીશ....૧૫....

[૨]

પદ્મનાભ સુરદેવ ને, સુપાસ સ્વયંપ્રભ નાથ,
સર્વાનુભૂતિ તથા, દેવશ્રુત શિવસાથ....૧....
ઉદય પેઢાલ તે આઠમા, પોટિલ ને શતકીર્ત્તિ,
સુવ્રત અમમને નિષ્કષાય, નિષ્પુલાક નિર્મમ વિરતી....૨....
ચિત્રગુપ્ત સમાધિ જિન, સંવર યશાધર ઈશ,
વિજય મલ્લને દેવપ્રભુ, અનંત વીર્ય જગદીશ....૩....
ચોવીશમાં શ્રી ભદ્રકૃત, ભાવિ ચોવીશી એહ,
શ્રી શુભવીરને સાંઈશું, અવિહડ ધર્મ સનેહ....૪...

## ચોવીશ જિનનાં નામના ચૈત્યવંદન

(૧)

આદિનાથ અજિત દેવ, સંભવ ગુણ ભંડાર,
અભિનંદન સુમતિ નમું, પદ્મપ્રભ સુખકાર....૧....
સ્વામી સુપાસ સોહામણા, ચંદ્રપ્રભુ જિનરાજ,
સુવિધિ શીતલ સેવીયે, શ્રી શ્રેયાંસ શિરતાજ....૨....
વાસુપૂજ્ય વિમલ પ્રભુ, અનંત ધર્મ અરિહંત,
શ્રી શાંતિ પ્રભુ સોલમા, આવે ભવનો અંત....૩....
કુંથુ અર સંભારતાં, દુરિત સકલ મિટ જાય,
મુનિસુવ્રત નમિ નેમિનાથ, આનંદ મંગલ થાય....૪....
પાર્શ્વનાથ ત્રેવીસમા, વર્ધમાન જિન ભાણ,
ચોવીસે ચિત્ત ધારતાં, લહિયે કોડ કલ્યાણ....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨)

ઋષભ અજિત સંભવ નમો, અભિનંદન જિનરાજ,
સુમતિ પદ્મ સુપાસ જિન, ચંદ્રપ્રભુ મહારાજ....૧
સુવિધિ શીતલ શ્રેયાંસ જિન, વાસુપૂજ્ય સુખવાસ,
વિમલ અનંત શ્રી ધર્મ જિન, શાંતિનાથ પૂરે આસ...૨
કુંથુ અર ને મલ્લિ જિન, મુનિસુવ્રત જગનાથ,
નમિ નેમિ પારસ વીર, સાચો શિવપુર સાથ....૩
દ્રવ્ય ભાવથી સેવીએ, આણી મન ઉલ્લાસ,
આતમ નિર્મલ કીજિએ, પામીજે શિવવાસ....૪
એમ ચોવીશ જિન સમરતાં, પહોંચે મનની આસ,
જ્ઞાનવિમલ સૂરિ ઇમ ભણે, પામે લીલ વિલાસ....૫

[૩]

શ્રી શંખેશ્વર ઇશ્વરં, પ્રણમી ત્રિકરણ યોગ,
દેવ નમન ચઉમાસિયે, કરશું વિધિ સંયોગ....૧....
ઋષભાજિત સંભવ તથા, અભિનંદન જિનચંદ,
સુમતિ પદ્મપ્રભ સાતમા, સ્વામી સુપાસ જિણંદ....૨....
ચંદ્રપ્રભ સુવિધિ જિન, શ્રી શીતલ શ્રેયાંસ,
વાસુપૂજ્ય વિમલ તથા, અનંત ધર્મ વર વંશ....૩....
શાંતિ કુંથુ અર પ્રભુ, મલ્લી સુવ્રત સ્વામ,
નમિ નેમિસર પાસ જિન, વર્ધમાન ગુણધામ....૪....
વર્ત્તમાન જિન વંદતા એ, વંદ્યા દેવ ત્રિકાલ,
પ્રભુ શુભ ગુણ મુકતા તણી, વીર રચે વરમાલ....૫....

## ચોવીશ જિનનાં ગણધરોના ચૈત્યવંદન

[૧]

પ્રથમ તીર્થંકરને નમું, ગણધર ચોરાશી દેવ,
પંચાણુ જિન અજિતનાં, વંદુ હું નિત્યમેવ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સંભવ જિનવર તણાં, ગણધર એકસો હોય,
અભિનંદન ચોથા પ્રભુ, એકસો સોલ તસ હોય....૨....
સુમતિથાથ પ્રભુજી તણાં, ગણધર એકસો જાણું,
પદ્મપ્રભ સ્વામી તણાં, એક સો સાત વખાણું....૩....
શ્રી સુપાસ જિન સાતમા, ગણધર પંચાણુ સાર,
ત્રાણું ચંદ્રપ્રભુ તણાં, ઉતારે ભવપાર....૪....
અઠ્યાસી ગણધર નમું, સુવિધિ પુષ્પદંત,
એકાશી શીતલ તણાં, ગણધર ગુણવંત....૫....
શ્રી શ્રેયાંસ જિન તણાં, ગણધર બહોંતેર નમિયે,
વાસુપૂજ્ય સગસઠ નમી, ભવના પાપ નિગમિયે....૬....
વિમલ જિનવર તણાં, ગણધર સત્તાવન જાણો,
પચાસ અનંતસ્વામીનાં, નિત્ય હૈડે આણો....૭....
તેંતાલીશ ગણધર નમું, ધરમનાથ સ્વામી,
છત્રીસ શાંતિ જિણંદના, પંચમી ગતિ પામી....૮....
કુંથુ જિનેસર સત્તરમાં, ગણધર જસ પાંત્રીસ,
શ્રી અરનાથ અઢારમા, જસ ગણધર છે ત્રીસ....૯....
અઠ્યાવીસ મલ્લિ તણાં, ગણધર અતિ ચંગ,
મુનિસુવ્રતના અષ્ટાદશ, પ્રણમો મન રંગ....૧૦....
નમિનાથ એકવીસમા, સત્તર ગણધર કહિયે,
નેમિ નિરંજન કેરડા, એકાદશ લહિયે....૧૧....
દશ ગણધર ભાવે નમું, તેવીસમા પ્રભુ પાસ,
એકાદશ જિન વીરના, પૂરે જગ જન આશ....૧૨....
એ ચોવીશે જિન તણા, ગણધર સંખ્યા જાણ,
ચૌદશે બાવન નમું, જ્ઞાનવિમલ ગુણ ખાણ....૧૩....

(૨)

ગણધર ચોરાશી કહ્યા, વલિ પંચાણું છેક,
દોય અધિક ઇગસય ગણા, સોલ અધિક શત એક....૧...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શત સુમતિને ગણધરા, ઇગસય અધિકા સાત,
પંચાણુ ત્રાણું તથા, સુડશીઇ ઇગશીહ વાત....૨...
છોહતેર છાસઠ સગવન, પચાસ ત્રેતાલીશ,
છત્રીસ પણતીશ કુંથુને, અર ગણધર તેત્રીશ....૩....
અઠવીશ અષ્ટાદશ સુવ્રત, નમી સત્તર ગણધાર,
એકાદશ દશ શિવ ગયા, વીર તણા અગિયાર....૪....
ઋષભાદિક ચોવીશના, એક સહસ સય ચ્યાર,
અધિકેરા બાવન કહ્યા, સર્વ મલી ગણધાર....૫....
અક્ષય પદ વરિયા સવે, સાદિ અનંત નિવાસ,
કરીએ સમુચિત વંદના, જબ લગ ઘટમાં સાસ....૬....

(૩)

સરસતી આપે સરસ વચન, શ્રી જિન થુણતાં હરખે મન,
જિન ચોવીશે ગણધર જેહ, પભણું સંખ્યા સુણો તેહ.૧
ઋષભ ચોરાશી ગણધર દેવ, અજિત પંચાણું કરો નિત સેવ,
શ્રી સંભવ એકસો દોય, અભિનંદન એકસો સોળ હોય.૨
એકસો સુમતિ શિવપુર વાસ, પદ્મપ્રભુ એકસો સાત ખાસ,
સ્વામી સુપાર્શ્વ પંચાણું જાણ, ચંદ્રપ્રભુ ત્રાણું ચિત્ત આણ.૩
અઠ્યાસી સુવિધિ પુષ્પદંત, એકાશી શીતલ ગુણવંત,
શ્રેયાંસ જિનનાં છોતેર સુણો, વાસુપૂજ્ય છાસઠ ભવિ ગણો.૪
વિમલનાથ સત્તાવન કહ્યા, અનંતનાથ પચાસજ લહ્યા,
તેંતાલીશ ગણધર ધર્મ નિદાન, શાંતિનાથ છત્રીશ પ્રધાન.૫
કુંથુ જિનવર કહું પાંત્રીશ, અરજિન આરાધો તેત્રીશ,
મલ્લી અઠ્ઠાસી આનંદ અંગ, મુનિસુવ્રત અષ્ટાદશ ચંગ.૬
નમિનાથ સત્તર સંભાલ, એકાદશ નમો નેમી દયાલ,
દશ ગણધર શ્રી પાર્શ્વકુમાર, વર્ધમાન એકાદશ ધાર.૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ મલી એ સંખ્યા સાર, ચૌદશો બાવન ગણધાર,
પુંડરીક ને ગૌતમ પ્રમુખ, જસ નામે લહીએ બહુ સુખ.૮
પ્રહ ઉઠી જપતાં જય જયકાર,
ઋદ્ધિ વૃદ્ધિ વાંછિત દાતાર,
રત્નવિજય સત્યવિજય બુધરાય,
તસ સેવક વૃદ્ધિવિજય ગુણ ગાય।

## શ્રી અરિહંત પ્રભુના પંચ કલ્યાણકના ચૈત્યવંદનો

### ચ્યવન કલ્યાણકનું ચૈત્યવંદન

દેવતણું વિમાન છોડી, જિનજી જબ ચ્યવન લહે,
અંધકારનું શાસન તુટેને, તેજ ધારા બહુ વહે
બત્રીશ લાખ વિમાન માલિક, સૌધર્મેન્દ્ર દેખતાં,
સાત પગલાં સામે ચાલી, શક્રસ્તવથી સેવતાં....૧
ગજવર વૃષભને સિંહ વલી, લક્ષ્મી સપને જોવતા,
ફૂલ કેરી માલા દેખી, ચંદ્ર સૂરજ આવતા,
વનરાજ મધ્યે શોભતો તે, ધજા દેખે આઠમે,
પૂર્ણ કલશો આગલે ને, પદ્મ સરોવર દશમે....૨
રત્નાકરુ વિમાન વલી, રાશિ તિહાં રત્નો તણી,
ધૂમ્રસેર વિણુ અગ્નિ જાતો, જિન માત કેરા મુખ ભણી,
ચ્યવન કલ્યાણક સમે જિન માત સવિ એ દેખતી,
ધર્મસૂરિ પસાયથી મુજ, વાણી જિનગુણ ગાવતી....૩

### જન્મ કલ્યાણક નું ચૈત્યવંદન

જિન જન્મ થાવે સુખ પાવે, સકલ જીવો બહુ પરે,
દિકકુમરી છપ્પન મિલી આવે, સૂતી કરમ રંગે કરે,
જિનરાજને હુલરાવતા મુખ કમલ જેહના વિકસે,
જિન જન્મ કલ્યાણક પ્રસંગે, મેરૂ મહિમા વન વસે....૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તવ અચલ જે હંમેશ રહેતું, તેહ આસન ખળભળે,
જિન જન્મ અવધિ નાણે જાણી, સકલ ઇંદ્ર તિહાં મળે,
પાંડૂક વનમેં શીલાતલ પર, દેવદેવી મન હસે,
અભિષેક કરતાં સુણે દેખે, મેરૂ મહિમા મન વસે....૨
વિવિધ તીર્થોને દ્રહો ના, જલભર્યા કોડિ ઘડા,
સાઠ લાખ ઉપર તેહમાં, અભિષેક કરે વિબુધ વડા,
અનુમોદતા જે ભાવથી, તે શિવનગરમાં જઇ વસે,
ધર્મરત્ન પસાય પામી, મેરૂ મહિમા મન બસે....૩

## દીક્ષા કલ્યાણક નું ચૈત્યવંદન

જિનરાજ દીક્ષા કાલ થાતા, અચલ આસન ખળભળે,
લોકાંતિક નવ દેવ તિહાં, પ્રભુજી પાસ આવી મળે,
જયકાર કરતાં પ્રભુજીનો, કર જોડી ઇમ વિનવે,
જગત જીવ હિત કારણે, સંયમ ગૃહો ઇચ્છુ લવે....૧
ઈન્દ્ર થકી આજ્ઞા લહી, કુબેર જૃંભક ને કહે,
જિન માત તાતના નામના, સોનૈયા નવ તિહાં લહે,
ષટ્ અતિશયવંત દાન દેતા, પ્રભુજીની સેવા કરે,
મહાદાન જે અરિહંતનુ, પાવે તે ભવસાગર તરે....૨
નિજ હાથે સવિ શણગાર ત્યાગી, પંચમુષ્ટિ લોચ ને,
છદ્મસ્થ કેરા જ્ઞાનની જે, પાલતા પ્રભુ ટોચ ને,
મનઃ પર્યવ જ્ઞાન લહી પ્રભુ વિચરતા શુભ મને,
દીક્ષા કલ્યાણક ધર્મ ગાતાં, રત્ન ત્રણ આવે કને....૩

## કેવલજ્ઞાન કલ્યાણક નું ચૈત્યવંદન

ઉપસર્ગ ને પરિષહ થાતા, દેવ ને મનુજ તણાં
તિર્યંચ કેરા જે વળી, દુસ્સહ ભેળા મળે ઘણાં,
સવિ તે સહી શુભ ભાવથી, જિન ઘાતિ કર્મ ચૂરો કરે,
નિજ બાહુ વીર્ય પરાક્રમે પ્રભુ જ્ઞાન કેવલને વરે....૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ ગઢ રચે તિહાં દેવતાઓ, રજત સ્વર્ણ મણીમયા,
બાર પર્ષદા બેસે તિહાં, સવિ જીવ તો આનંદ ભયા,
પ્રભૂ દેશના સુણતાં તહાં, સુર મનુજ ને તિર્યંચ જે,
એક વચન માંહી અનેક જીવની, શંસા પ્રભુ ફેડંત જે....૨
અષ્ટ પ્રાતિહાર્ય વલી, અગિયાર અતિશય ઉપજે,
વાણી ગુણ પાંત્રીશ તિમ, તીર્થંકરોને નીપજે,
એણી પરે નાણ કલ્યાણક, અરિહંતનું ભાવે સ્તવું,
ધર્મરત્ન પસાય પામી, સિદ્ધિગતિ મારે જવું....૩

## નિર્વાણ (મોક્ષ) કલ્યાણકનું ચૈત્યવંદન

સમવસરણમાં બેસી જિનવર, દેશના દેતા સદા,
ભવિક જીવ ઉપકાર કરતાં, નામ ગોત્ર ખપે તદા,
શુકલ ધ્યાનની રઢ લાગી, શૈલેષી કરતા મુદા,
અઘાતી ચઉનો ક્ષય કરી, સંસારથી થાતા જુદા...૧
નિર્વાણ કલ્યાણક પ્રભુનું, વિબુધ વર જાણે યદા,
જગમાં બધે અંધકાર વ્યાપે, લોક ભય પામે તદા,
શાશ્વતો આચાર જાણી, ઈન્દ્ર સહુ ભેલા થતા,
ચિતા રચે જિન દેહ કાજે, આનંદ દૂરે ખોવતા....૨
અગ્નિ જાગે વાયુ વાજે, ઘૃત મધુ તિહાં સિંચતા,
આચારથી દાઢાદિ લેઈ, સ્વર્ગમાંહિ સિધાવતા,
જિન દેહની દાઢા તણી, પૂજા કરી પધરાવતા,
વલી આત્મશુદ્ધિ કાજે દેવો, જિન ગુણોને ગાવતા....૩

### કલશ

ઈમ જિન કલ્યાણક, ભાવથી જેહ ગાવે,
અક્ષયપદ પાવે, ચઉગતિ દૂર થાવે,
તપગચ્છ વર નાયક, ધર્મસૂરિ પ્રભાવે,
કલ્યાણક થુણતા, રત્નવિજય સુહાવે....૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૮ દોષ રહિત તીર્થંકરનું ચૈત્યવંદન

ક્રોધ માન મદ લોભ માયા, અજ્ઞાન અરતિ રતિ,
હિંસાદિક નિદ્રા અને, મત્સર ને અપ્રીતિ....૧...
શોક ભય અને પ્રીતિ, રતિક્રીડા પ્રસંગ,
દોષ અઢાર પ્રગટે નિકટ, નહિં જેને અંગ....૨...
દેવ સર્વ શિર શેહરો એ, તે કહિએ નિરધાર,
જ્ઞાનવિમલ પ્રભુ ભુવનતો, પૂણ્ય તણો ભંડાર....૩...

(૨)

દાન લાભ ભોગોપભોગ, બલ પણ અંતરાય,
હાસ્ય અરતિ રતિ ભય દુગંછા, શોક ષટ્ કહેવાય....૧...
કામ મિથ્યાત્વ અજ્ઞાન નિદ્રા, અવિરતિ એ પાંચ,
રાગ દ્વેષ દોય દોષ એ, અઢારસ સાચ....૨...
એ જેણે દૂરે કર્યાં, તેને કહિયે દેવ,
જ્ઞાનવિમલ પ્રભુ ચરણની, કીજે અહોનિશ સેવ....૩...

## ચોવીશ જિનનાં વર્ણનું ચૈત્યવંદન

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય, દોય રાતા કહિયે,
ચંદ્રપ્રભ ને સુવિધિનાથ, દો ઉજ્જવલ લહિયે....૧...
મલ્લિનાથ ને સુવિધિનાથ, દો નીલા નિરખ્યા,
મુનિસુવ્રત ને નેમિનાથ, દો અંજન સરીખા....૨...
સોળે જિન કંચન સમાએ, એવા જિન ચોવીશ,
ધીરવિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ કહે શિવ....૩...

## ચોવીશ જિનનાં લંછન નું ચૈત્યવંદન

(૧)

વૃષભ લંછન ઋષભદેવ, અજિત લંછન હાથી,
સંભવ લંછન ઘોડલો, શિવપુરનો સાથી....૧...
અભિનંદન લંછન કપિ, ક્રોંચ લંછન સુમતિ,
પદ્મ લંછન પદ્મપ્રભુ, સેવ્યો દે સુગતિ....૨...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુપાર્શ્વ લંછન સાથીઓ, ચંદ્રપ્રભ લંછન ચંદ,
મગર લંછન સુવિધિ પ્રભુ, શ્રી વત્સ શીતલ જિણંદ....૩...
લંછન ખડ્ગી શ્રેયાંસને, વાસુપૂજ્ય ને મહિષ,
સૂવર લંછન વિમલદેવ, ભવિયા તે નમો શીષ....૪...
સિંચાણો જિન અનંતને, વજ્ર લંછન શ્રી ધર્મ,
શાંતિ લંછન મૃગલો, રાખે ધર્મ નો મર્મ....૫...
કુંથુનાથ જિન બોકડો, અરજિન નંદાવર્ત્ત,
મલ્લિ કુંભ વખાણિએ, સુવ્રત કચ્છપ ધર્ત....૬...
નમિજિનને નીલો કમલ, પામીએ પદકજ માંહી,
શંખ લંછન પ્રભુ નેમજી, દીસે ઉંચે ત્યાંહી....૭...
પાર્શ્વનાથ ચરણ સર્પ, નીલ વરણ શોભિત,
સિંહ લંછન કંચન તનુ, વર્ધમાન વિખ્યાત....૮...
એણીપરે લંછન ચિંતવીએ, ઓળખીએ જિનરાય,
જ્ઞાનવિમલ પ્રભુ સેવતા, લક્ષ્મીરતન સૂરિરાય....૯...

(૨)

આદિદેવ લંછન વૃષભ, અજિત જિન હસ્તિ મોહે,
સંભવનાથ ને હય ભલો, અભિનંદન હરિ સોહે....૧
સુમતિનાથને ક્રૌંચ પક્ષી, પદ્મપ્રભુ રક્ત કમલ,
સુપાર્શ્વ જિનને સાથીઓ, ચંદ્રપ્રભુ શશિ નિર્મલ....૨
સુવિધિ જિનેસર મત્સ્યનુંએ, શીતલ જિન શ્રીવત્સ,
ખડ્ગી જિનવર શ્રેયાંસને, પ્રણમો મન ધરી રંગ....૩
વાસુપૂજ્ય મહિષ નું, વિમલ જિન સૂવર જોય,
સીંચાણો પક્ષી અનંતને, શ્રી ધર્મને વજ્ર હોય....૪
શાંતિજિન મૃગલો ભલો, શ્રી કુંથુ વળી છાગ,
નંદાવર્ત્ત શ્રી અરપ્રભુ, શ્રી મલ્લી કુંભ ચંગ....૫
મુનિસુવ્રતને કાચબોએ, નીલકમલ નમિરાય,
દક્ષિણાવર્ત્ત શંખજ જયો, શ્રી નેમિજિનને પાય....૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષાદાણી પાર્શ્વપ્રભુ, લંછન નાગનું સાર,
વીર જિનેસરને ભલું, સિંહ કહ્યો ઉદાર....૭
ગર્ભકાલ એ સહી, સર્વ જિનને તુંગ,
જમણે પગે જંઘાં તણો, એ આકાર ઉત્તંગ....૮
લંછન એ સવિ શાશ્વતાએ, આગમમાંહિ જોજો,
ક્ષમાવિજય જસ નામથી, શુભને જશ સુખ હોજો....૯

## ચોવીશ તીર્થંકરના આયુષ્ય નું ચૈત્યવંદન

પ્રથમ તીર્થંકર આઉખું, પૂર્વ ચોરાશી લાખ,
બીજા બહોંતેર લાખ નું ત્રીજા સાયેઠ ભાખ....૧....
પચાશ ચાલીશ ત્રીશને, વીશ દશને દોય,
એક લાખ પૂર્વતણું, દશમા શીતલ જોય....૨....
હવે ચોરાશી લાખ વર્ષ, બારમાં બહોંતેર લાખ,
છાસઠે ત્રીશ ને દશનું, શાંતિ એકજ લાખ....૩....
પંચાણું હજારનું, અર ચોરાસી હજાર,
પંચાવન ત્રીશને દશનું, નેમિ એક હજાર....૪....
પાર્શ્વનાથ સો વરસનું, બહોંતેર શ્રી મહાવીર,
એહવા જિન ચોવીશનું, આયુ સુણો સુધીર....૫....

## જિન દેહ વર્ણન નું ચૈત્યવંદન

અદ્ભુત રૂપ સુગંધી શ્વાસ, નહીં રોગ વિકાર,
મેલ નહીં જસ દેહ રેહ, પ્રસ્વેદ લગાર....૧....
સાગર વર ગંભીર ધીર, સુરગિરિ સમ જેહ,
ઔષધિપતિ સમ સૌમ્ય કાંતિ, વર ગુણ ગણ ગેહ....૨....
સહસ અષ્ટોત્તર લક્ષણે એ, લક્ષિત જિનવર દેહ,
તસ પદ પદ્મ નમ્યા થકી, ન રહે પાપની રેહ....૩....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચોવીશ જિનના દેહમાન નું ચૈત્યવંદન

પ્રથમ તીર્થંકર દેહડી, ધનુષ પાંચસે માન,
પચાસ પચાસ ઘટાડતા, સો સુધી ભગવાન....૧....
સોથી દશ-દશ ઘટતું, પચાસથી પાંચ પાંચ,
નેમિનાથ બાવીસમા, દશ ધનુષનું વાંચ... ૨....
પારસનાથ નવ હાથનું, સાત હાથ મહાવીર,
એહવા જિન ચોવીશનું, કવિયણ કહે સુધીર....૩....

## ચોવીશ તીર્થંકરની રાશિ નું ચૈત્યવંદન

શાંતિ નમી મલ્લી મેષ છે, કુંથુ અજિત વૃષભાતિ,
સંભવ અભિનંદન મિથુન, ધર્મ કરક સિંહ સુમતિ....૧
કન્યા પદ્મ પ્રભુ નેમ વીર, પાસ સુપાસ તુલાએ,
રાશિ વૃશ્ચિક ધન ઋષભદેવ, સુવિધિ શીતલ જિનરાય....૨
મકર સુવ્રત શ્રેયાંસને એ, બારમા ઘટ મીન લીલ,
વિમલ અનંત અરનામથી, સુખિયા શ્રી શુભવીર....૩
નોંધ: આમાં રાશિ અને પ્રાસ નો મેળ નથી, સુજ્ઞો એ તપાસવું.

## શ્રી અરિહંત પ્રભુના ચોત્રીશ અતિશય નું ચૈત્યવંદન

અદ્‌ભુત અતિશય જેહને, હોય જન્મથી ચાર,
રોગ સ્વેદ મલ રહિત દેહ, હોયે રૂપ ઉદાર....૧
સવિ શુભ પરિમલથી અધિક, જાસ સાસ ઉસાસ,
રુધિર માંસ ઉજ્જવલ અનિંદ્ય, ગોક્ષીર સમ ભાસ....૨
ચર્મ ચક્ષુ ગોચર નહીં એ, આહાર ને નિહાર,
જ્ઞાનવિમલ પ્રભુ જિન તણાં, જન્મ સંઘાતે ચાર....૩
ભગવદલંકૃત ક્ષેત્રમાં, સુર નર રહે હરસી,
વાણી યોજન ગામિની, સવિ ભાષા સરિષી....૪
ભામંડલ પાછળ રહે, ચઉ દિશિ અહે ઉડ્ઢ,
પણવીશ યોજન લગે નહિ, રૂજા વૈર અનિઠ્ઠ....૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇતિ મારી દુર્ભિક્ષ નહીંએ, સ્વ-પર ચક્ર અતિવૃષ્ટિ,
અનાવૃષ્ટિ એકાદશી, ઘાતિકર્મ ક્ષયની સૃષ્ટિ....૬
ધર્મચક્ર ચામર ધજા, સિંહાસન છત્ર,
ત્રિગડે ચઉમુખ સોહિએ, સુવર્ણ નવ કમલ પવિત્ર....૭
ચૈત્ય તરૂ સવિ તરૂ નમે, કંટક અધો વદને,
રોમ કેશ વાધે નહીં, અનુકુલતા પવને....૮
પ્રદક્ષિણા પંખી દીયે એ, અતિહી દુંદુભિ નાદ,
સુરભિ ગંધ જલ વૃષ્ટિશું, પંચવર્ણ કુસુમ પાદ ....૯
ચઉવિહ દેવ નિકાય કોડિ, સેવે જસ પાસ,
ષડ્ ઋતુ અનુકૂલ હુવે, સમકાલ નિવાસ....૧૦
ઇંદ્રિય અર્થ અનુકૂલતા, દુઃશીલ ન ભાસ,
સુરકૃત એ ઓગણીશ હુવે, ચઉતીસ મિલી ખાસ....૧૧
જ્ઞાનવિમલ ગુણથી લહે એ, અતિશય ગુણ નહીં પાર,
ધ્યાન ધરૂં તે પ્રભુ તણું, તે મુજ પ્રાણ આધાર....૧૨

## ચોવીશ જિનનાં પાંચ બોલનું ચૈત્યવંદન

સુમતિનાથ એકાસણું, કરી સંજમ લીધો,
મલ્લિ પાસ જિનરાય દોય, અઠ્ઠમશું પરસિદ્ધો....૧....
છઠ્ઠ ભક્ત કરી અવર સર્વ, લિએ સંજમભાર,
વાસુપૂજ્ય કરે ચોથભક્ત, થયા તે અણગાર....૨....
વરસાંતે પારણું કરે એ, ઇક્ષુરસ રિષહેશ,
પરમાન્ને બીજે દિને, પારણું અવર જિનેશ ...૩....
વિનીતા નગરીમાં લીએ, દીક્ષા પ્રથમ જિણંદ,
દ્વારામતીએ નેમિનાથ, સહેસાવન વૃન્દ....૪....
શેષ તીર્થંકર જન્મભૂમિ, લિએ સંજમભાર,
અણપરણ્યા શ્રી મલ્લિનાથ, તેમ શ્રી નેમિકુમાર....૫....
વાસુપૂજ્ય પાસ વીરજીએ, ભૂપ થયા નવિ એહ,
અવર રાજ ભોગવી થયા, જ્ઞાનવિમલ ગુણ ગેહ....૬....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી ચોવીશ જિનની ભવગણના નું ચૈત્યવંદન

પ્રથમ તીર્થંકર તણા હુવા, ભવ તેર કહિજે,
શાંતિ તણા ભવ બાર સાર, નવ નેમ લહિજે....૧....
દશ ભવ પાસ જિણંદના, સત્તાવીસ શ્રી વીર,
શેષ તીર્થંકર ત્રિહું ભવે, પામ્યા ભવ જલ તીર....૨....
જિહાંથી સમકિત ફરશિયું, તિહાંથી ગણિએ તેહ,
ધીરવિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ ગુણગેહ....૩....

❀ ભવો ચંદ્રપ્રભુ ના સાત-મુનિસુવ્રત ના નવ કેમ ગણ્યા નથી તે વિચારણીય છે.

## ૧૭૦ જિન વર્ણ ચૈત્યવંદન

સોળે જિનવર શામળા, રાતા ત્રીશ વખાણ,
લીલા મરકત મણી સમા, અડત્રીશ ગુણખાણ....૧....
પીલા કંચન વર્ણ સમા, છત્રીશ જિનચંદ,
શંખ વર્ણ સોહામણો, પચાસે સુખકંદ....૨...
સીત્તોર સો જિન વંદિએ, ઉત્કૃષ્ટા સમ કાલ,
અજિતનાથ વારે હુઆ, વંદુ થઇ ઉજમાલ....૩....
નામ જપંતા જિન તણું, દુર્ગતિ દૂરે જાય,
ધ્યાન ધ્યાતા પરમાત્મનું, પરમ મહોદય થાય....૪....
જિનવર નામે જશ ભલો, સકલ મનોરથ સાર,
શુદ્ધ પ્રતીતિ જિન તણી, શિવસુખ અનુભવ અપાર....૫....

## જિન ના ચારે નિક્ષેપાના મહત્વ નું ચૈત્યવંદન

નિજરૂપે જિનનાયકે, દ્રવ્યે પણ તિમહિ,
નામ થાપના ભેદ થી, પ્રગટે જગમાંહિ....૧....
અધ્યાતમથી જોડિયે, નિક્ષેપા ચાર,
તો પ્રભુ રૂપ સમાન ભાવ, પામે નિરધાર....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાવન આતમને કરેએ, જન્મ જરાદિક દૂર,
દર્શન પૂજન ધ્યાનથી, રામ લહે સુખ પૂર....૩....

## જિન મહિમા નું ચૈત્યવંદન

ચૈત્રી પુનમનો અખંડ, શશિધર જિમ દીપે,
અંગારક આદિ અનેક, ગ્રહ ગણુને જીપે....૧....
તિમ પરતીર્થિ દેવથી, જેહ અધિક વિરાજે,
લોકોત્તર અતિશય અનંત, દીપંત દિવાજે...૨....
ચૈત્રી પુનમને દિને એ, ભજો એહ ભગવંત,
શ્રી વિજયરાજસૂરિંદનો, દાન સફલ સુખ હુંત....૩....

## જિન દર્શન-પૂજન ફલનું ચૈત્યવંદન

સરસતી દેવી ધરી મનરંગ, ઉલટ આણી ઘણું અંગ,
ચૈત્યવંદણનો કહું વિચાર, જો જો ગ્રંથ તણે અનુસાર....૧
દેહરે જાવા મનમાં ધરે, ચોથ લાભ તે પોતે વરે,
ઉભો થાવે દેહરા કાજ, છઠ લાભ કહ્યો જિનરાજ....૨
જિનઘર જાવા ઉદ્યમ કરે, અઠ્ઠમનો તપ લાભે ખરે,
દેહરા સામા પગલા ભરે, દસમ લાભ તપ પોતે વરે....૩
જિનઘર પંથ પ્રવર્ત્તે જિસે, દ્વાદશનો ફલ લાભે તિસે,
અર્ધ પંથ જિસે અતિક્રમે, પાસખમણ ફલ તેણે સમે....૪
માસખમણ ફલ પામે ખરો, દૃષ્ટે દીઠે જિન દેહરો,
જેહ ફલ પામે છે ષટ્માસ, તેહ ફલ પામે દેહરા પાસ....૫
વર્ષી તપનો જે ફલ સાર, તે ફલ પામે દેહરા બાર,
વર્ષ સહસ ઉપવાસ તણો, જિન પૂજ્યા તેહથી ઘણો....૬
તીન પ્રદક્ષિણા તતક્ષિણ શુદ્ધ, દીવો દીઠે બહુલી બુદ્ધ,
આરતી કરતાં આરત જાય, મંગલ દીવે મંગલ થાય....૭
પ્રભાત પૂજા કહી જિન આપ, રયણીયે કીધાં ટાલે પાપ,
મધ્યાને જિન પૂજા કહી, જન્મ પાપ હરે તે સહી....૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાત જન્મ સબ કીધાં પાપ, સંધ્યા પૂજા ટાલે સંતાપ,
જિનવર પૂજા કરવી સહી, લાભ તણો તો લેખો નહીં....૯
કરે પ્રમાર્જન દેહરા તણો, તેહને લાભ અછે સો ગુણો,
સહસ ગુણો વિલેપન તણો, લાખ ગુણો ફૂલ માલા ભણો....૧૦
વર વાજિંત્રને ગીત રસાલ, લાભ અનંત કહ્યો તતકાલ,
ઇમ જાણિને કરવી ભક્તિ, જેહને જેહવી હોવે શક્તિ....૧૧
જે નર ઉઠી પ્રહરને સમે, અરિહંત દેવને ભાવે નમે,
તે નર પામે સંપત્તિ કોડ, માનવિજય કહે કર જોડ....૧૨

## જિન દર્શન પૂજન ફલનું ચૈત્યવંદન

પ્રણમી શ્રી ગુરૂરાજ આજ, જિન મંદિર કેરો,
પુણ્ય ભણી કરશું સફલ, જિન વચન ભલેરો....૧....
દેહરે જાવા મન કરે, ચોથતણું ફલ પાવે,
જિનવર જુહારવા ઉઠતાં, છઠ પોતે આવે....૨....
જાવા માંડ્યું જેટલે, અઠ્ઠમતણું ફલ હોય,
ડગલું દેતાં જિન ભણી, દશમતણું ફલ જોય....૩....
જાઇશું જિનવર ભણી, મારગ ચાલંતા,
હોવે દ્વાદશતણું પુન્ય, ભક્તિ માલંતા....૪....
અર્ધ પંથ જિનઘર તણો, પંદર ઉપવાસ
દીઠા સ્વામિ તણો ભવન, લહિએ એક માસ....૫....
જિનઘર પાસે આવતા, છમાસી ફલ સિદ્ધ,
આવ્યા જિનવર બારણે, વર્ષી તપ ફલ લીધ....૬....
સો વરસ ઉપવાસ પુણ્ય, પ્રદક્ષિણા દેતા,
સહસ વરસ ઉપવાસ પુણ્ય, જિન નજરે જોતા....૭....
ભાવે જિનવર જુહારિએ, હોવે ફલ અનંત,
તેહથી લહિએ સો ગણું, જો પૂજે ભગવંત....૮....
ફલ ઘણું ફૂલોની માલ, પ્રભુ કંઠે ઠવંતા,
પાર ન આવે ગીત નાદ, કેરા ફલ થુણંતા....૯....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિર પૂજી પૂજો કરો, દીપે ધુપણું ધૂપ,
અક્ષતસાર તે અક્ષય સુખ, તનુ કરે વર રૂપ....૧૦....
નિર્મલ તન મને કરી, થુણતાં ઈંદ્ર જગીશ,
નાટક ભાવના ભાવતાં, પામે પદવી ઈશ....૧૧....
જિનવર ભક્તિ વલી એ, ભલી પ્રેમે પ્રકાશી,
નિસુણી શ્રીગુરૂ વયણસાર, પૂર્વ ઋષિ ભાસી....૧૨...
અષ્ટ કર્મને ટાલવા, જિન મંદિર જઈશું,
ભેટી ચરણ ભગવંતનાં, હવે નિર્મલ થઈશું....૧૩....
કીર્તિવિજય ઉવઝાયનો, વિનય કહે કર જોડ,
સફલ હોજો મુજ વિનતી, જિન સેવાના કોડ....૧૪....

## જિન દર્શન મહિમાનું ચૈત્યવંદન

અદ્યા ભવત્ સફલતા નયન દ્રયસ્ય,
દેવ ત્વદીય ચરણાંબુજ વિક્ષણેન,
અદ્ય ત્રિલોક તિલકં પ્રતિભાસતે મે,
સંસાર વારિધિરિયં ચુલુકઃ પ્રમાણમ્....૧....
કલેવ ચંદ્રસ્ય કલંક મુક્તા, મુક્તાવલી ચારુ ગુણ પ્રપન્ના,
જગત્ત્રયસ્યાભિમતં દદાના, જૈનેશ્વરી કલ્પલતેવ મૂર્તિઃ....૨....
ધન્યોહં કૃતપુણ્યોહં, નિસ્તીર્ણોહં ભવાર્ણવાત્,
અનાદિ ભવ કાંતારે, દૃષ્ટો યેન જિનો મયા....૩....
અદ્ય પ્રક્ષાલિતં ગાત્રં, નેત્રે ચ વિમલી કૃતે,
મુક્તોહં સર્વપાપેભ્યો, જિનેંદ્ર તવ દર્શનાત્....૪....
દર્શનાત્ દુરિત ધ્વંસિ, વંદનાત્ વાંછિત પ્રદઃ,
પૂજનાત્ પૂરક શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ....૫....

## જિન ગુણ ગીત ફલનું ચૈત્યવંદન

માદલ તાલ કંસાલ સાર, ભુંગલને ભેરી,
ઢોલ દદામા દડવડી, શરણાઈ નફેરી....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી મંડલ વિણા રબાવ, સારંગી સાર,
તંબુરા કડતાલ શંખ, ઝલ્લરી ઝણુકાર....૨....
વાજિંત્ર નવ-નવ છંદશું એ, ગાઓ જિનગુણ ગીત,
જ્ઞાનવિમલ પ્રભુતા લહો, જિમ હોય જગજસ રીત....૩....

## જિનની ફૂલ પૂજાનું ચૈત્યવંદન

જાઈ જુઈ માલતી, ડમરો ને મરુવો,
ચંપક કેતકી કુંદ જાતી, જસ પરિમલ ગિરુવો....૧....
બોલસિરિ જાસુદ વેલી, વાલો મંદાર,
સુરભિ નાગ પુન્નાગ અશોક. વલી વિવિધ પ્રકાર....૨....
ગ્રથિમ વેઢિમ ચઉવિધે એ, ચારુ રચી વરમાલ,
નય કહે શ્રી જિન પૂજતાં, ચૈત્રી દિન મંગલમાલ....૩....

## વીર પ્રભુ વંશ વૃક્ષનું ચૈત્યવંદન

શાસન નાયક જગગુરુ, કલ્પવૃક્ષ થડ જાણો,
એકાદશ ગણધર પ્રભુ, શાખા મુખ્ય વખાણો....૧....
વૃક્ષ મધ્ય પટધર ગુરુ, તસ પરિકર લઘુ શાખા,
સૂરિ પ્રભાવક જે થયા, શુભ વચનામૃત ભાખ્યા....૨....
યુગ પ્રધાન હોય સહસ ચાર, વૃક્ષ ફૂલ ગુણવંત,
નરપદ સુરપદ મોક્ષપદ, ઇચ્છિત ફલ ઉલસંત....૩....
યુગલ ક્ષેત્રમાં યુગલનાં, પૂરે વાંછિત કલ્પ,
દશ જાતિનાં દશ તરુ, એ છે શાશ્વત કલ્પ....૪....
ઉત્તમ કુલ નિરોગતા, રાજ ઋદ્ધિ પરિવાર,
આયુ શ્રદ્ધા દેવ ગુરુ, સુરપદ શિવપદ સાર....૫....
એ દશ જાતિ ઇષ્ટફલ, પાવે સમકિતવંત,
દુઃખ દોહગ સંકટ ટલે, લહિયે પદ ગુણવંત....૬....
પ્રત્યક્ષ આરે પાંચમો, મોટો એ આધાર,
વંદના સ્તવના નિત્ય કરો, પૂજો ભાવ ઉદાર....૭....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇમ સોહમ કુલ કલ્પતરુએ, દીપવિજય કવિરાજ,
વીર જગતગુરુ રાજનો, વરતે એ સામ્રાજ....૮....

## વીર પ્રભુના શાસનમાં એકવીશ ઉદયમાં થનારા યુગ પ્રધાનની સંખ્યાનું ચૈત્યવંદન

સિદ્ધરથ કુલ દિનમણી, વર્ધમાન વડ વીર,
ત્રિશલા સુત સોહામણો, અનંત ગુણ ગંભીર...૧....
ભગવતી સૂત્રે ગણધર, પૂછે ગૌતમ સ્વામી,
એ તુમ શાસન કિહાં લગે, વરતશે જગ વિસરામી....૨....
વીર કહે સુણ ગોયમા, એકવીશ વરસ હજાર,
ગજપતિની પરે ચાલશે, પંચમ કાલ મોઝાર....૩....
સંખ્યા દોય હજાર ચાર, હોશે યુગપ્રધાન,
ત્રેવીશ ઉદય વરતશે, એકાવતારી માન....૪....
ત્રેવીશ ઉદયના વરણવું, વીશ ત્રેવીશ અઠાણું,
અઠયોતેર પંચોતેર, નેવ્યાશી શત જાણું....૫....
સત્યાશી આઠમે ઉદયે, પંચાણું સત્યાશી,
છોતેર અઠયોતેર વલી, ચોરાશી ગુણરાશિ....૬....
ચૌદમેં એકસો આઠ છે, એકસો તીન મુણિંદ,
એકસો સાત છે સોળમે, એકસો ચાર ગણિંદ....૭....
એકસો પંદર અઢારમેં, એકસો તેંત્રીશ સૂરી,
વીશમેં ઉદયે સો ભલા, આચારજ વડ નૂરિ....૮....
એકુવીશમે ઉદયે વળી, પંચાણું સૂરિ રાજા,
નવાણું બાવીશમે, ચાલીશ ચડત દિવાજા....૯....
સહુ મલી દોય હજાર ચાર, યુગપ્રધાન જયવંત,
છેલ્લા દુપ્પસહ સૂરિ, દશવૈકાલિક વંત....૧૦....
પંચાવન લખ કોડ વલિ, પંચાવન સહસ કોડિ,
પાંચસેં કોડ પચાસ કોડ, શુદ્ધ આચારજ જોડિ....૧૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સવિ આચારજ કહ્યા, દીપવિજય કવિરાજ,
શુદ્ધ સમકિત ગુણ નિર્મલા, સોહમ કુલની લાજ....૧૨....

## દુષ્કૃત ગર્હા રૂપનું ચૈત્યવંદન

પ્રભુ પાય લાગી કરૂં સેવ તારી,
તુમે સાંભલો શ્રી જિનરાજ મારી,
મને મોહ વૈરી પરાભવ કરે છે,
ચિંહુ ગતિ તણાં દુઃખ નવિ વીસરે છે....૧....
હું તો લક્ષ ચોરાશી જીવાયોનિ માંહિ,
ભમ્યો જન્મ મરણાદિક એહ માંહિ,
ઘણા મેં કીધાં કર્મ જે ધર્મ છંડી,
કહું સાંભળો તે સવિ સ્વામિ મંડી....૨....
મેં તો લોભે લંપટ થઇ કર્મ કીધા,
ઘણાં ભોલવી પર તણા દ્રવ્ય લીધા,
મેં તો પિંડ પોષ્યો કરી જીવ હિંસા,
કરી પારકી કુથલી સ્વ પ્રશંસા....૩....
મેં તો ઓલિયા પર તણાં મર્મ મોટા,
નહિં ભાખિયા આપણા પાપ દોષા,
સદા સંગ કીધો પરનારી કેરો,
નહીં પાલિયો ધર્મ જિનરાજ તોરો....૪....
પડ્યો ઘર તણે પાપ આશા વિલુદ્ધો,
નહીં સાંભલ્યો જિનરાજ ઉપદેશ શુદ્ધો,
હું તો પુત્ર પરિવાર શું રંગ રાતો,
નહીં જાણિયો જિનરાજ કાલ જાતો....૫....
ઘણાં આરંભનાં કામ કરી પિંડ ભર્યો,
મેં મૂરખે નરભવ ફોક હાર્યો,
ગયો કાલ સંસાર એળે ભમંતા,
સહ્યાં તેહથી દુર્ગતિ દુઃખ અનંતા....૬....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણાં કષ્ટે હવે જિનરાજ દેવ પામ્યો,
ત્યારે સર્વ સંસારનું દુઃખ વામ્યો,
જ્યારે શ્રી જિનરાજનું મુખ દીઠું,
મારે લોયણ રૂપડે અમિય વાઠ્યું....૭....
આવી કામધેનુ મુજ ઘર માંહિ,
ભરી રત્ન ચિંતામણી હેમ થાલી,
મારે ઘર તણે આંગણે કલ્પ વૃક્ષ,
ફલ્યો આપવા વાંછિત દાન વૃક્ષ....૮....
ગયો રોગ સંતાપને સર્વ માઠો,
જરા જન્મ મરણ તણો ત્રાસ નાઠો,
તારે શરણે આવ્યા પછી લાજ કીજે,
કર્યા અપરાધ તે સર્વ ખમીજે....૯....
ઘણું વિનવું હું શું દેવાધિદેવા,
મને આપ જો ભવો ભવ સ્વામી સેવા,
અહી વિનંતી ભાવથી જેહ ભણશે,
સકલ સુખનો સ્વામી સદા સુખ કરશે....૧૦....

## પંચ પરમેષ્ઠિનું ચૈત્યવંદન

બારગુણ અરિહંત દેવ, પ્રણમિજે ભાવે,
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે....૧....
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવઝાય,
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય ....૨....
અષ્ટોત્તર શત ગુણ મલિએ, એમ સમરો નવકાર,
ધીરવિમલ પંડિત તણો, નય પ્રણમે નિત્ય સાર....૩....

## ઉપદેશક ચૈત્યવંદન

ક્રોધે કાંઈ ન નીપજે, સમકિત તે લુંટાય,
સમતા રસથી ઝીલિએ તો, વૈરિ કોઈ ન થાય....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વહાલા શું વઢીએ નહીં, છટકી ન દીજે ગાળ,
થોડે-થોડે છંડિએ, જિમ છંડે સરોવર પાળ....૨....
અરિહંત સરિખી ગોઠડી, ધર્મ સરીખો સ્નેહ,
રત્ન સરીખા બેસણાં, ચંપક વર્ણી દેહ....૩....
ચંપકે પ્રભુજી ન પૂજિયાં, ન દીધું મુનિને દાન,
તપ કરી કાયા ન શોષવી, કિમ પામશો નિરવાણ....૪....
આઠમ પાખી ન ઓળખી, એમ કરે શું થાય,
ઉન્મત્ત સરખી માંકડી, ભોય ખણંતી જાય....૫....
આંગણે મોતી વેરિયાએ, વેલે વીટાળી વેલ,
હીરવિજય ગુરૂ હીરલો, મારૂં હૈડું રંગની રેલ....૬....

**પંચષષ્ટિ યંત્ર ચૈત્યવંદન**

આદૌ નેમિજિનં સ્તૌમિ, સંભવં સુવિધિ તથા,
ધર્મનાથં મહાદેવં, શાન્તિં શાન્તિકરં સદા....૧....
અનંતં સુવ્રતં ભક્ત્યા, નમિનાથં જીનોત્તમમ્,
અજીતં જિન કંદર્પં, ચન્દ્રં ચન્દ્રસમ પ્રભુમ્....૨....
આદિનાથં મહાદેવં, સુપાર્શ્વં વિમલ જિનમ્,
મલ્લિનાથં ગુણોપેતં, ધનુષાં પંચવિંશતિમ્...૩....
અરનાથં મહાવીરં, સુમતિં ચ જગદ્ગુરુમ્,
શ્રી પદ્મપ્રભ નામાનં, વાસુપૂજ્યં સુરૈર્નતમ્...૪....
શીતલં શીતલં લોકે, શ્રેયાંસં શ્રેયસે સદા,
કુંથુનાથં ચ વામેયં, શ્રી અભિનંદનં વિભુમ્....૫....
જિનાનાં નામભિર્બદ્ધ, પંચષષ્ટિ સમુદ્ભવઃ,
યંત્રોઽયં રાજતેયંત્ર, તત્ર સૌખ્યં નિરંતરં....૬....
યસ્મિન્ ગૃહે મહાભક્ત્યા, યંત્રસ્તત્ પૂજ્યતે બુધૈ,
ભૂતપ્રેત મિશાચાદ્યૈ, ભયં તત્ર ન વિદ્યતે....૭....
સકલ ગુણ નિધાનં, યંત્રમેનં વિશુદ્ધમ્,
હૃદય કમલકોશે, ધીમતાં ધ્યેય રુપમ્,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયતિલક ગુરોઃ શ્રી-સૂરિરાજસ્ય શિષ્યોઃ,
વદતિ સુખનિદાનઃ મોક્ષલક્ષ્મી નિવાસમ્ ....૮....

## ચાર કષાયનું ચૈત્યવંદન

હસ્તિનાપુર સોહતો, ચક્રી છઠો જાણું,
કુંથુ જિનેસર જે નમે, તેનો જન્મ પ્રમાણું....૧....
ષટ્ ખંડ સાધ્યા હેલયા, તિમહીજ છોડયા તેહ,
કેવલ પામી પ્રરૂપીયા, ચાર કષાયો જેહ ...૨....
ક્રોધ કષાય પહેલો વલી, બીજો માન કષાય,
માયા કષાય ત્રીજો કહ્યો, ચોથો લોભ સુહાય....૩....
કષ જે છે સંસાર તે, આય કહ્યો છે લાભ,
ચાર ગતિમાં ભટકતો, ઇમ સંસારનો લાભ....૪....
એ ચારે કષાયથી, કરો મુક્તિ જીનરાજ,
શરણું તારૂં સ્વીકારતાં, જ્ઞાનવિમલ સરે કાજ....૫....

## નવ તત્ત્વનું ચૈત્યવંદન

રાજગૃહિનો રાજીયો, મુનિસુવ્રત નરનાથ,
સુર અસુરાદિ પ્રણમતાં, કચ્છપ લંછન સાથ....૧....
ત્રિગડે બેઠા જિનજી, મલી પર્ષદા બાર,
ત્રિભુવનપતિ તિહાં ભણે, નવતત્ત્વ વિચાર....૨....
જીવ અજીવ પુણ્ય પાપ, આશ્રવ સંવર તેમ,
સાતમે નિર્જરા કહ્યું, બંધ મોક્ષ વલી એમ....૩....
નવતત્ત્વ શ્રદ્ધા વહે, જેહને હૈયે સાચ,
સમકીતિ તે જાણવો, એહવી જીનની વાચ....૪....
નવતત્ત્વ દિલમાં ધરી, માગું તાહરી પાસ,
નેક નજરથી દેખીએ, જ્ઞાનવિમલ ફલે આસ....૫....

## આરાધના નું ચૈત્યવંદન

સુણો સંભવ સ્વામિ અરદાસ મોરી,
લહિ ભાગ્યથી આજ મેં ભેટ તોરી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહા પુન્યના પુરથી નાથ પાયો,
મહા કષ્ટ ભવ દુષ્ટ દૂરે નસાયો....૧....
ગયો કાલ બાલપણમાં અનંતો,
વસ્યો મોહની આણમાં હું ભમંતો
દેખિ મુખ તાહરું થયો ઉજમાલ,
લહ્યો ધર્મનો આજ તારૂણ્ય કાલ....૨....

મિલ્યો ચર્મ આવર્ત મોટો સખાયિ,
પડયો પાતલો મોહ મહાદુઃખદાયી
ગ્રંથિ ભેદથી તત્ત્વની દૃષ્ટિ પાયિ,
પ્રભુ ઓલખ્યો તું અમોહિ અમાયી... ૩....
શમિયો આજ મિથ્યાત્વનો અંધકાર,
થયો શુદ્ધ સમ્યક્ત્વનો જોતકાર,
રહ્યા વેગલા કાઠિયા કર્મ કાઠા,
અનંતાનુબંધી સર્વે દૂર નાઠા....૪....

હવે ઉલ્લસિ આપથી યોગ ભક્તિ,
જાગિ ચિત્તમાં તાહરી જોર ભકિત,
ગયા આપ આપે સહુ ભ્રમ જાલ,
જાણ્યો એક તું દેવ જગમાં દયાલ....૫....

થયું શમરસે ચિત્ત શીતલ સુચંગ,
લહિ વાસના સેહે સંવેગ રંગ,
ગયા તાપ નિષ્પાપ માર્ગ નિહાલી,
મલી ચેતના સહચરિ મહ રસાલી... ૬....

મિલ્યા સંતોષ આદિ સુમિત્ર,
શુભ ધ્યાન કલ્લોલ વાધ્યા વિચિત્ર,
થયો ગોપદ પ્રાય સંસાર સિંધુ,
વસ્યો તું મનમંદિરે વિશ્વબંધુ....૭....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિહાં ગરૂડ તિહાં નાગનો નહી પ્રચાર,
સમય દાવ આવે હુતિ મેઘધાર,
દેખિ કેશરી ગજ ઘટા દૂર નાસે,
તુજ ધ્યાનથી તેમ સંસાર ત્રાસે....૮....
પ્રભુ તું મિલ્યાથિ હુવો હું સનાથ,
કૃપાનાથ નિજ જન્મ કીધો કૃતાર્થ,
ટલી આપદા સંપદા સર્વ આવી,
પ્રભુ તાહરી ભક્તિ જો ચિત્ત ભાવી....૯....
વિરાજો મહારાજ જો મુજ મન,
ન માંગુ પછી તેહથી કાંઇ અન્ય
ગ્રહ્યો બાંહિ તો છેહ દેવો ન કયારે,
મહાપુરૂષ તે શરણે આવ્યા સુધારે....૧૦....
ઘણું શું કહું સ્વામી સર્વજ્ઞ આગે,
તથાપિ પ્રભુને કહું ભકિત રાગે
અભેદે મીલ્યો ખીરને જેમ નીર,
જેથી હંસનું ચિત્ત થાયે સુધીર....૧૧....

× × × ×

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચૈત્યવંદન ચોવીશીઓ

## (૧) રામવિજયજી કૃત ચૈત્યવંદન ચોવીશી

### [૧] આદીશ્વરનું

આદિસર અરિહંત સ્વામી, અવિનાશી સ્વામી,
સકલ સરૂપ અકલ અનૂપ, પ્રણમું શિરનામી....૧....
રૂપારૂપી પરમ રૂપ, નિજ સ્વભાવમાં રાતો,
ધ્યાવું એક લયલીનતા, અનુભવ ગુણ માતો....૨....
મરૂદેવા સુત વંદિયે એ, આણી મન આણંદ,
સુમતિવિજય કવિરાયનો, રામ જપે ગુણ વૃન્દ....૩....

### [૨] અજિતનાથનું

વિજયાસુત વિજયી જયો, ભાવે પ્રભુ ભેટ્યો,
પ્રેમ સહિત પૂજા કરી, દોહગ દુઃખ મેટ્યો....૧....
જેહ સનાથ ગુણ વિગુણ, ધર્મ અધ્યાત્મ ધામી,
અજિત અયોધ્યાનો ધણી, જે નાથ અકામી....૨....
બીજો જિન આરાધતાં એ, પ્રગટે ગુણની રાશ,
સુમતિવિજય ગુરુ ધ્યાનથી, રામ ફલે મન આશ....૩....

### [૩] સંભવનાથનું

શ્રી સંભવ જિન નામથી, શિવસંપદ લહિયે,
સુખ સઘલાં સંસારનાં, અનુષંગે કહિયે....૧....
એ જિન સમરણથી સદા, નવનિધિ ઘર આંગણ,
નવપલ્લવ હોય પ્રીતિ વળી, નમે વયરી ગણ....૨....
એ જિન મુજ હિયડે વસ્યા, સેના સુત સુકુમાલ,
રામ કહે જિન ધ્યાનથી, લહિયે મંગલમાલ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪] અભિનંદનનું

અભિનંદન ચંદન સરસ, શીતલ સુચિ વાણી,
સંવર નંદન વિગત મોહ, વંદુ ગુણ ખાણી....૧....
સોવન વાન ઉત્તંગ ચંગ, સમ રસમય ભીની,
સાડા ત્રણશેં ધનુષમાન, કાયા છે પ્રભુની ...૨....
વીતરાગ કરુણા કરીએ, નિજ સેવક સંભાર,
રામ કહે સુખ પામિએ, કરતાં જિન જુહાર....૩....

[૫] સુમતિનાથનું

પંચમ-પંચમ ગતિ નિવાસી, જે સુમતિ વિલાસી,
સિદ્ધિ વધૂ ઉર હાર સાર, આતમ સુપ્રકાશી....૧....
અજ અલક્ષ્ય અંજન રહિત, અવતારી મોટો,
અગમ જ્ઞાન અક્ષય નિધાન, નહીં અંતર ખોટો....૨....
સુમતિ જિનેશર સેવતાં સુમતિ સાહેલી પાસ,
સુમતિ સુગુરુ પદ સેવતાં, આનંદ લીલ વિલાસ....૩....

[૬] પદ્મપ્રભુનું

પદ્મ પ્રભ સ્વામી નમું, જે રંગે રાતો,
અંતરંગ રિપુ જીપતો, સુશીમા તનુ જાતો....૧....
ત્રણ ભુવનનો ઇશ જે, નહીં કંચન પાસો,
અક્ષર ગુણ પણ લીપી નહીં, એહ બડો તમાસો....૨....
અકલ ગતિ પ્રભુ તાહરી, કેમે કળિ ન જાય,
રામવિજય જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય....૩....

[૭] સુપાર્શ્વનાથનું

શ્રી સુપાસ જિનવર સુપાસ, પુન્યે પામીજે,
જો સુ નજર પ્રભુ તણી, તો કાંઈ બીહીજે...૧....
કવણ મોહ કંગાલ ને, કવણ રાગાદિક રંગ,
જો પ્રભુ સાથે મેલ છે, તો રહિયે નિશંક....૨....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવર દેવ સવિ પરિહરી, ધરિયે એહનું ધ્યાન,
સુમતિ સુગુરુ મુખ થી, સુણ્યું મેં તત્ત્વ નિદાન ... ૩....

## [૮] ચંદ્ર પ્રભુનું

ચંદ્રપ્રભ સહેજે સદા, નિઃકલંક બિરાજે,
તો તેહને વિધુ ઓપમા, કહો કેહી પરે છાજે....૧....
અષ્ટમ જિન અષ્ટમી મયંક, ભાલ સ્થલ દીપે,
તેજે રવિ કોટાન કોટિ, હેલાયે જીપે....૨....
તારક ગુણ તુજમાં વસે, એહ અચંભા વાત,
રામ પ્રભુ તાહરી કલા, કેણે કલિ ન જાત....૩....

## [૯] સુવિધિનાથનું

સુવિધિ-સુવિધિ વંદિયે, જે સુવિધિ દેખાડે,
મિથ્યા વિષ ઉતારીને, શિવપુર પહોંચાડે....૧....
નવમો જિનવર નવ-નિધાન, સમ નવગુણ દાખે,
સુવિધિ સમોવડ તે હુએ, જે હૈયે રાખે....૨....
સુવિધિ પ્રભુને સેવિયે, જિમ સીઝે સવિ કાજ,
સુવિધે સુમતિ ગુરુ સેવતાં, રામ વધે જગલાજ...૩...

## [૧૦] શીતલનાથનું

શીતલ અંતર ગુણ ભર્યો, બાહિર પણ શીતલ,
જાતે કંચન જે અમૂલ, તે ન હોય પીતલ....૧....
નંદા નંદન સુર વિનોદ, નંદનવન સરીખો,
મદન નિકંદન કારણો, પાવક સમ પરીખો....૨....
દ્રઢરથ જાત જુહારતાં એ જગમાંહિ જશ પૂર,
રામ પ્રભુ સેવા થકી, નાઠા દુશ્મન દૂર....૩....

## [૧૧] શ્રેયાંસનાથનું

શ્રેય તણો દાતાર જે, જિનવર શ્રેયાંસ,
સંયમ સિરિ વનિતા શિરે, સોહે અવતંસ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપાતીત રમા વિનોદ, રસમાંહે ભીનો,
સકલ વસ્તુ વિષયી વિલાસ-વ્યાપારે ન લીનો....૨....
એમ અનેક ગુણે ભર્યો એ, કહેતા ન લહે પાર,
રામ કહે જિનવર નમી, સફલ કરું અવતાર...૩...

## [૧૨] વાસુપૂજ્યનું

વાસુપૂજ્ય વસુપૂજ્ય નૃપ-સુત અતિ સોભાગી,
જપતાં જિનવર નામને, શુભ પરિણતી જાગી....૧....
ધ્યાન ધરૂં હવે તાહરૂં, કરી મન ઇકતારી,
હ્રદય-કમલ માંહે વસે, તુજ મૂરતિ પ્યારી....૨...
દ્વાદશમા જિનવર સુણો એ, ટાળો મનની આધિ,
સુમતિ સહિત પ્રભુ સેવતાં, લહિયે સુખ નિરાબાધિ....૩....

## [૧૩] વિમલનાથનું

વિમલ-વિમલ કાંતે કરી, ઝગમગ તનુ સોહે,
રતન જડિત શિર મુગટ દેખી, માનવ મન મોહે...૧...
અતુલી બલ અરિહંતજી, અકલ અધ્યાતમ રૂપી,
નિર્વિકાર નિરૂપાધિક, ગુણયોગી અરૂપી....૨....
તેરમા જિન ત્રિભુવન ધણીએ, સેવક સુનજર જોય,
ચિદાનંદરસ પૂરમય, રામ સકલ સુખ હોય....૩....

## [૧૪] અનંતનાથનું

અંત રહિત અનંત દેવ, સેવો ભવિ ભાવે,
જનમ જરા સંતાપ પાપ, જિમ દૂરે જાવે....૧...
ત્રિભુવન જન આધાર સાર, સાહિબ સોભાગી,
વર કંચન સચ્છાય કાય, સમતા ગુણ રાગી....૨....
વીતરાગ મન તું વસ્યો એ, રાત દિવસ એકંત,
રામ સકલ સુખ સંપદા, ભજતાં શ્રી ભગવંત....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૫] ધર્મનાથનું

આતમ ધર્મ વિશુદ્ધ બુદ્ધ, લીલા અલવેસર,
નિશ્ચય ધર્મ સમાધિમય, સ્વામી ધર્મ જિનેસર....૧...
કર્મ ધર્મ ભર શીતકાર, શિવ ધર્મ વિધાયી,
સમકિત મર્મ વિધાન એહ, પ્રણમો ચિત્ત લાયી....૨...
ધ્યાન ધરો મન દૃઢ કરીએ, ધર્મનાથનું નીતિ,
સુમતિવિજય ગુરુ નામથી, રામ લહે સંપત્તિ....૩....

## [૧૬] શાંતિનાથનું

પારાપત ઉગારિયો, જિણે નિજ તનુ સાટે,
વરતાવી જિણે જગત શાંતિ, શાંતિ અભિધા તે માટે....૧....
દુવિધ ચક્રધર જે હુઓ, અચિરાનો નંદન,
ચંદનથી શીતલ સરસ, ભવ તાપ નિકંદન...૨...
શાંતિનાથ જિન સમરતાં, સીઝે સઘલાં કાજ,
રામ કહે જિન રાગથી, લહિયે ત્રિભુવન રાજ....૩....

## [૧૭] કુંથુનાથનું

તું બંધવ તું માય તાય, તું અંતર જામી,
તું સાહિબ આધાર એક, અક્ષય પરિણામી....૧...
કેવલ કમલા કાંત દાંત, અરિહંત ગુણ અનંત,
જ્ઞાન નયનથી જગત રૂપ, યોગી નિરખંત....૨....
કુંથુનાથ નામ મંત્રથી એ, શિવનારી વશ હોય,
રામ પરમપદ થી અધિક, મુખ સન્મુખ પ્રભુ જોય...૩...

## [૧૮] અરનાથનું

શ્રી અરનાથ અનાથનાથ, નાયક શિવપુરનો,
પૂર્ણ સનાથતા ગુણ સહિત, આશી નહીં પરનો....૧....
ધ્યાન ભુવન અનુભવ ઉદ્યોત, એકાંતે વિલાસે,
મન શુદ્ધે જિનગુણ રયણ, ધ્યાઓ ઉલ્લાસે....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ માલા અનુપમ કહિએ, અપરમાલ સવિ આલ,
રામ કહે જિન ધ્યાનથી, દૂર ટળે જંજાલ....૩....

## [૧૯] મલ્લિનાથનું

કર્મદ્રુમ ઉન્મૂલવા, જે સિંધુરમલ્લ,
મલ્લિ જિનેસર મોહશું, જેહ થયો પ્રતિમલ્લ....૧....
કુંભ જાતિ અન્વય ખરો, જિણે ભવોદધિ શોષ્યો,
મિત્ર અતિથિને પ્રેમથી, અનુભવ રસ પોષ્યો...૨....
સમતા રસ આસ્વાદતાંએ, લહે શિવપદવી સારી,
રામ કહે જિન નામથી, હું જાઉં બલિહારી....૩....

## [૨૦] મુનિસુવ્રતનું

મુનિસુવ્રત જિન વીસમા, સેવ્યા સુખ લહિયે,
મુગતિ રમણીનો રમણ, તસ ધ્યાને રહિયે....૧....
કચ્છપ લંછન નિર્વિકલ્પ, નિર્મોહી અકોહી,
લંછન રહિત બિરાજમાન, શામલ જસ દેહી....૨....
એમ અનેક ગુણે ભર્યો એ, ભવ–ભવ ભંજણહાર,
સુમતિ સહિત જિન સેવતાં, રામ લહે જયકાર....૩....

## [૨૧] નમિનાથનું

નમિ નામે એકવીસમા, જે જિનવર કહિયે,
જગનાયક જગદીસરુ, આણા શિર વહિયે....૧....
શિવસુખનો દાતાર સાર, શારદ શશિ સરીખો,
વદન વિરાજે નાથનું, દેખી હું હરખો....૨....
ત્રિભુવનપતિ લીલા બની એ, તે કેમ વરણી જાય,
રામ અચલ પ્રભુ ધ્યાનમાં, રહેતા શિવસુખ થાય....૩....

## [૨૨] નેમિનાથનું

નેમિ જિનેસર નિયમથી, નમતાં નવ નિધિ,
સકલ પદારથ પૂરવે, સેવ્યો દિયે સિદ્ધિ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીરાગીમાં લીહ હીહ, રયણી દિલ મોરે,
રસિયો મનઅલી માહરો, પદકમલે તોરે....૨....
તું ત્રાતા ત્રિભુવનધણીએ, નિજ સેવક સંભાળ,
રામવિજય જિન નામથી, લહિયે સુખ રસાળ....૩....

[૨૩] પાર્શ્વનાથનું

ત્રેવીશમા ત્રિભુવન તિલક, ત્રિકરણથી સેવો,
ત્રિગુણ સહિત ગુણત્રય રહિત, આપે શિવ મેવો....૧....
પરમ પુરુષ પરમાતમા પાવન પરમેસર,
પ્રગટ જ્યોતિ અવિચલ કલા, લીલા અલવેસર....૨...
તે પ્રભુના ગુણ ગાવતાં એ, પ્રગટે પરમ વિલાસ,
રામ પ્રભુની સેવના, કરતાં પહુંતે આશ... ૩....

[૨૪] મહાવીર સ્વામીનું

વર્ધમાન જિનવર નમો, ત્રિશલાનો નંદન,
કંચનગુણ દીપે સદા, જેહ નાથ અકિંચન....૧....
શ્રી સિદ્ધારથ રાયવંશ, ઉદયાચલ સૂર,
કર્મ કઠિન હેલાં દલી, પામ્યા સુખ ભરપૂર....૨....
ઇણ પરે જિન ચોવીશમો, ગાતાં ગુણની વૃદ્ધિ,
રામ કહે જિન સેવતાં, લહિયે સકલ સમૃદ્ધિ....૩....

## (૨) ઉપાધ્યાય માનવિજય કૃત

[૧] ઋષભદેવનું

પ્રથમ જિનેશ્વર ઋષભદેવ, પ્રણમું શિર નામી,
પણસય ધનુષ પ્રમાણ દેહ, વર્ણે અભિરામી...૧
નાભિરાયા કુલમંડણો, મરુદેવી જાયો,
ચોરાશી લખ પૂરવ આય, સુર નરપતિ ગાયો....૨
વિનીતા નયરી રાજીઓ એ, ઋષભ લંછન વર પાય,
જુગલા ધર્મ નિવારણો, માનવિજય ગુણ ગાય....૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૨] અજિતનાથનું

અજિત જિનેસર અરચિએ, પ્રહ ઉઠી પ્રેમે,
અષ્ટ મહાસિદ્ધિ સંપજે, વસિએ નિતુ ખેમે....૧....
જિતશત્રુ વિજયા નંદનો, ગજ લંછન સોહે,
નયરી અયોધ્યાનો ધણી, ભવિયણ મન મોહે....૨....
લાખ બહોંતેર પૂરવનું, જીવિત સોવન માન,
સાઢા ચઉસય ધનુષ દેહ, માન કરે ગુણગાન...૩....

## [૩] સંભવનાથનું

સંભવનાથ અનાથ–નાથ, ભજિએ ભવિ ભાવે,
રોગ-શોગ દૂરે ટળે, દુઃખ દોહગ નાવે....૧....
જીવિત પૂરવ લાખ સાઠ, ચૌસઠ ધનુકાય,
લંછન તુરગ વિરાજતો, સાવત્થિ પુર રાય....૨....
રાય જિતારી નંદનો એ, સેના માત મલ્હાર,
સોવન વરણ સોહામણો, માન નમે હિતકાર....૩....

## [૪] અભિનંદનનું

અભિનંદન નિતુ વંદિએ, સુખ સમ્પત્તિ કારી,
નયરી વિનીતા ભૂપતિ, જાઉં બલિહારી....૧....
સંવર ભૂપતિ કૂલતિલો, સિદ્ધાર્થા જાત,
ધનુષ ઉંઠુસય ઉચ્ચ દેહ, સોવન અવદાત....૨....
પૂરવ લાખ પચાસનુંએ, આયુષ વાનર અંક,
માન કહે જિનવર નમે, સમકિત હોએ નિઃશંક....૩....

## [૫] સુમતિનાથનું

કુમતિ નિવારણ સુમતિનાથ, જિનવર જયકારી,
પૂરવ ચાલીસ લાખ આય, સમરૂં સંભારી....૧....
મેઘ મહિપતિ મંગલા, માતાનો જાત,
ક્રૌંચ લંછન ધનુ ત્રણસેં, તનુ જસ વિખ્યાત...૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયરી જેહની કોસલા એ, સોવન્ન વન્ન શરીર,
માનવિજય કહે એ પ્રભુ, મુજ મન તરુવર કીર....૩....

## [૬] પદ્મપ્રભુનું

પદ્મ પ્રભુને પૂજિએ, પદ્મે પદપદ્મ,
પદ્મ લંછન સીતપદ્મ ગોર, પદ્માવર સદ્મ....૧...
ધનુષ અઢીસેં દેહમાન, કોસંબીરાય,
શ્રીધર ધરણીધર પિતા, જસુ સુશીમા માય...૨....
ત્રીસ લાખ પૂરવ તણું એ, ભોગવી જીવિત માન,
અવિચલ પદવી પામીઓ, માન કરે નિતુ ધ્યાન...૩....

## [૭] સુપાર્શ્વનાથનું

સુપરિ સુરજન સેવિઓ, સુખકારી સુપાસ,
સ્વસ્તિક લંછન માંગલિક, સઘળાને ઉલ્લાસ....૧....
સોવન વન તનુ દોયસેં, ધનુમાન ઉત્તંગ,
બીશ લાખ પૂરવ તણું, જીવન જસ ચંગ....૨....
વાણારસી નયરી ધણીએ, જિનવર જગવિખ્યાત,
પૃથ્વી માત પ્રતિષ્ઠ તાત, માનવિજય ગુણ ગાત....૩....

## [૮] ચંદ્રપ્રભુનું

ચંદ્રપ્રભુ જિન ચંદ્રસૌમ્ય, પુરી ચંદ્રા રાય,
કાન્તિ ચંદ્ર હાર્યો રહે, લંછન મસે પાય....૧...
લાખ પૂરવ દશ આય જાસ, જગમાં વિખ્યાત,
નૃપ મહસેન ને લક્ષ્મણા, કેરો અંગજાત....૨....
દોઢસો ધનુષ મિત દેહડી એ, જીવન જગદાધાર,
માનવિજય કવિયણ કહે, આવાગમન નિવાર....૩....

## [૯] સુવિધિનાથનું

સુવિધિ સુવિધિસું સેવિએ, જિણે સુવિધિ પ્રકાશ્યો,
આપે ચારિત્ર આદરી, વિધિ યોગ અભ્યાસ્યો....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાકંદી નૃપતિ સુગ્રીવ, રામાનો જાયો,
લાખ પૂરવ જસ હોય આય, શત ધનુષ પ્રમાયો....૨....
મગર લંછન જસ શોભતું એ, ભયભંજન ભગવાન,
માનવિજયને આપીએ, અદ્ભુત અવિચલ થાન....૩....

## [૧૦] શીતલનાથનું

શીતલ સેજે શીતલો, શીતલ જસ વાણી,
સમતા શીતલ તે હુવે, જે નિસુણે પ્રાણી....૧...
નેવું ધનુષ પ્રમાણ, પીત વર્ણ જસ કાય,
શ્રીવત્સ લંછન એક લાખ, પૂરવ જસ આય....૨....
દઢરથ નંદા નંદનોએ, ભદ્દિલપુર વર રાય,
પ્રભુ ધ્યાને શીતલ રહે, માનવિજય ઉવજ્ઝાય....૩....

## [૧૧] શ્રેયાંસનાથનું

શ્રી શ્રેયાંસ જિણંદ દેવ, સેવક સુખકારી,
પરમ પુરુષ પરમેશ્વરો, પ્રણમો નરનારી....૧....
સિંહપુરી વર રાય વિષ્ણુ, વિષ્ણુ અંગજાત,
ચઉરાશી લખ વર્ષ આય, સોવન સમ ગાત....૨....
ષડ્ગી લંછન જેહને એ, એંસી ધનુષની કાય,
માન કહે તે ભવ તરે, જે જિનવર નિત ધ્યાય... ૩....

## [૧૨] વાસુપૂજ્યનું

વાસવ પૂજિત વાસુપૂજ્ય, તનુ વિદ્રુમ વાન,
રાણી જયા વસુપૂજ્યરાય, કુલ તિલક સમાન....૧....
ચંપા નયરી જનમિઓ, સિત્તેર ધનુષ દેહ,
વરસ બહોંતેર લાખ આય, કીધો ભવ છેહ....૨....
યમવાહન લંછન મીસે, સેવે જેહના પાય,
માનવિજય પ્રભુ નામથી, ભવ-ભવ પાતક જાય....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૩] વિમલનાથનું

વિમલનાથનું વિમલ જ્ઞાન, દરસણ જસ વિમલ,
આઠ કર્મમલ ક્ષય કરી, આપ થયો વિમલ....૧....
કંપિલ્ય કૃતવર્મ રાય, કુલ કરિયું જેણે વિમલ,
શ્યામા રાણી ઉદર હંસ, સોવન વન વિમલ....૨....
સાઠ ધનુષ ઉન્નત તનુ એ, વરસ સાઠ લખ આય,
સુવર લંછન શોભ માન, માન નમે નિતુ પાય....૩....

## [૧૪] અનંતનાથનું

જિન અનંતના ગુણ અનંત, ન કહાયે તંતે,
કર્મ અનંતે જીતિયાં, વરવીર્ય અનંતે....૧....
નયરી અયોધ્યા નરપતિ, સિંહસેન તનુજ,
સુજસા રાણી લાડલો, સિંચાણો ઉરુજ....૨....
આયુ વરસ લખ ત્રીસનુંએ, જીવિત સોવન વાન,
ધનુષ પચાસ પ્રમાણ દેહ, ધ્યાન ધરે મુનિ માન....૩

## [૧૫] ધર્મનાથનું

પનરમો જિન ધરમનાથ, ઉપદેશે ધર્મ,
જેહ સુણીજે ભાવશું, તસ નાશે કર્મ....૧....
રત્નપુરી વર ભાનુરાય, સુવ્રતા સુત સારો,
ધણુ પણુયાલીશ ઉચ્ચ દેહ, ભવ જલનિધિ તારો...૨....
વરસ લાખ દશ આઉખુંએ, વજ્ર લંછન હેમ વાન,
માન કહે જિનવર વિષે, મન ધરિએ બહુમાન....૩....

## [૧૬] શાંતિનાથનું

શાંતિકરણ શ્રી શાંતિનાથ, જેણે મારિ નિવારી,
અચિરા કુખ ઉપનો, મૃગ લંછન ધારી...૧....
ગજપુરી રાજા વિશ્વસેન, કુલ મુગટ નગીનો,
ચાલીશ ધનુષ પ્રમાણ દેહ, મેં સાહિબ કીનો....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોવન વર્ણ તનુ રાજતો એ, વરિસ લાખ જસ આય,
માનવિજય વાચક ભણે, જિન નામે સુખ થાય....૩....

[૧૭] કુંથુનાથનું

કુંથુનાથ જિનરાજ આજ, મેં નયણે દીઠો,
સકલ દુરિત દૂરે ગયો, ભવભવ સવિ નીઠો....૧....
ગજપુર નયરે સુર રાય, શ્રી રાણીએ જનમ્યો,
સહજ પંચાણુ વર્ષ આય, સુરનરપતિ પ્રણમ્યો....૨....
પૂરણ પાંત્રીસ ધનુષ તનુ એ, અજ લંછન અભિરામ,
માનવિજય વાચક મુદા, નિતુ નિતુ કરે પ્રણામ....૩....

[૧૮] અરનાથનું

આરાધો અરનાથને, શિવસુખ ને આપે,
કર્મ અરિથી છોડવે, ભવ-બંધન કાપે...૧....
રાય સુદર્શન કુલમણિ, ગજપુર અવતારી,
ત્રીશ ધનુષ પીત વરણ, પ્રણમો નરનારી....૨....
સહસ ચોરાશી વરસનું એ, જીવિત દેવી જાત,
લંછન નંદાવર્ત્ત જુત, માન કહે વિખ્યાત....૩....

[૧૯] મલ્લિનાથનું

મલ્લિ જિણેસર મોહમલ્લ, જિણે જિત્યો હલ્લ,
હલ્લ ભલ્લ કરતાં શુભ, પ્રણમે જસ ભલ્લ....૧....
મિથિલા નયરી કુંભરાય, કુલ કમલ વિકાસી,
પ્રભાવતી રાણી જણ્યો, નીલુત્પલ ભાસી....૨....
ધનુષ પણવીસ ઉન્નત તનુ એ, કુંભ લંછન વર પાય,
વરસ પંચાવન સહસ આય, માન કહે સુપસાય...૩....

[૨૦] મુનિસુવ્રત સ્વામીનું

શ્રી મુનિસુવ્રત સુવ્રતો, નમિએ દુઃખ ગમિએ,
વમિએ પાપ મિથ્યાત્વને, શિવપુરમાં રમિએ...૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજગૃહી રાજા સુમિત્ર, પદ્મા તનુ જનમા,
વીશ ધનુષ તનુ કૃષ્ણવર્ણ, શિવ કમલા સદ્મ....૨...
વરસ સહસ ત્રીશ આઉખુએ, લંછન કુર્મ સુચંગ,
માનવિજય પ્રભુ પ્રણમતા, નિત-નિત નવ-નવ રંગ...૩....

## [૨૧] નમિનાથનું

નમિએ શ્રી નેમિનાથને, શિવસાધન કામે,
પ્રભુને નામે ઠામ ઠામ, રહિએ આરામે....૧....
મિથિલા નયરી વિજયરાય, વપ્રાએ પ્રસવ્યો,
વરસ સહસ દશ આય તનુ, હેમ કાન્તિ ઠવ્યો...૨....
પન્નર ધનુ ઉન્નત તનુ એ, લંછન નીલ સરોજ,
રહેતા પ્રભુ પદ પંકજે, માનવિજયને મોજ....૩....

## [૨૨] નેમિનાથનું

ભાવ ધરી ભવિયા ભજો, શ્રી નેમિ જિણંદ,
સમુદ્રવિજય રાણી શિવા, મનમોહન ચંદ....૧....
જસ દસ ધનુ તનુમાન વાન, ઉમહ્યા ઘન સરીખો,
શંખ લંછન સોહામણો, દેખીને હરખો....૨....
જીવિત વરસ સહસનુંએ, શૌરીપુરી ઉત્પન્ન,
માન કહે જિનવર નમે, તે નરનારી ધન્ન....૩....

## [૨૩] પાર્શ્વનાથનું

પાસ જિણંદ સદા જયો, મનવંછિત પૂરે,
ભવભય ભાવઠ ભંજણો, દુઃખ દોહગ ચૂરે....૧....
અશ્વસેન નૃપ કુલતીલો, વામાસુત શસ્ત,
વાણારસીએ અવતર્યો, કાયા નવ હસ્ત....૨....
નીલ વર્ણ લંછન ફણીએ, જીવિત જસ શતવર્ષ,
માનવિજય પ્રભુ નામથી, પામે પરિગલ હર્ષ....૩...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૨૪] મહાવીર સ્વામીનું

શ્રી વર્ધમાન જિનભાણુ આણ, નિજ મસ્તક વહિએ,
સિંહ લંછન પરે સર્વદા, જસ ચરણે રહિએ....૧
ક્ષત્રિય કુંડ ગ્રામ નયર, સિદ્ધારથ ભૂપ,
ત્રિશલા રાણી ઉદર હંસ, હેમવાન અનૂપ....૨
જીવિત બહોંતેર વર્ષનું એ, સાત હાથ તનુ માન,
માનવિજય વાચક કરે, જિનવરના ગુણ ગાન....૩

## (૩) રૂપવિજયજી કૃત ચોવીશી

### [૧] શ્રી ઋષભદેવનું

પ્રથમ નમું શ્રી આદિનાથ, શત્રુંજય ગિરિ સોહે.
નાભિરાયા મરુદેવી નંદ, ત્રિભુવન મન મોહે....૧....
લાખ ચોરાશી વરસ આયુ, સુવર્ણ સમ કાય,
રાણી સુનંદા સુમંગલા, તસ કંત સોહાય....૨....
લંછન વૃષભ વિરાજતો એ, ધનુષ પાંચસો દેહ,
વિનીતા નગરીનો ધણી, રૂપ કહે ગુણગેહ....૩....

### [૨] અજિતનાથનું

અજિત અયોધ્યાના ધણી, ગજ લંછન ગાજે,
જિતશત્રુ વિજયા તણો, સુત અધિક દિવાજે....૧....
સાડા ચારસો ધનુષ દેહ, હેમ વર્ણ વિરાજે,
બોંતેર લાખ પૂર્વ આયુ, ત્રિભુવન પતિ છાજે....૨....
સમેતશિખર અણુસણ કરિએ, પહોંચ્યા મુક્તિ મોઝાર,
રૂપવિજય કહે સાહિબા, આવાગમન નિવાર....૩....

### [૩] સંભવનાથનું

સંભવનાથ સદા જયો મનવંછિત પૂરે,
હય લંછન હેમવર્ણ દેહ, ટાળે દુઃખ દૂરે....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાય જિતારી કુલ તિલક, સાવત્થી રાય,
સેના માતા જનમિઓ, જગમાં સુજશ ગવાય....૨...
ધનુષ ચારસો દેહડીએ. સાઠ લાખ પૂર્વ આય,
વિનયવિજય ઉવજ્ઝાયનો, રૂપ નમે નિત્ય પાય....૩....

## [૪] અભિનંદનનું

ઉંચપણે ત્રણુસો પચાસ, ધનુષ્ય પ્રભુ દેહ,
સંવર રાય સિદ્ધારથ, સુતશું મુજ નેહ...૧....
લાખ પચાસ પૂર્વ આયુ, અયોધ્યાનો રાણો,
સુવર્ણ વર્ણ વિરાજતો, કપિ લંછન જાણો....૨....
અભિનંદન પ્રભુ વિનતીએ, અંતર્યામી દેવ,
વિનયવિજય ઉવજ્ઝાયનો, રૂપ નમે નિત્યમેવ....૩....

## [૫] સુમતિનાથનું

મેઘરાય મંગલા ધણી, મંગલા પટરાણી,
ધનુષ ત્રણુસો દેહમાન, લંછન ક્રોંચ જાણી....૧....
સુવર્ણ વર્ણ વિરાજતા, સુમતિ જિનેસર સેવો,
લક્ષ ચાલીશ પૂર્વ આયુ, આપે નિત્ય મેવો....૨....
સમેત શિખર મુક્તિ ગયાએ, જગજીવન જગદીશ,
રૂપવિજય કહે સાહિબા, તું મુજ મલિઓ ઇશ....૩....

## [૬] પદ્મપ્રભુનું

પદ્મપ્રભુ છઠ્ઠા ભાયા, વર્ણે પ્રભુ રાતા,
ધર રાય કૌસંબી ધણી, સુશીમા જસ માતા....૧....
કમલ લંછન અઢિસો ધનુષ, શિવસંપત્તિ દાતા,
ત્રીશ લાખ પૂરવ આયુ, ત્રિભુવનનો ત્રાતા...૨...
ચોત્રીશ અતિશય વિરાજતાએ, સેવે સુર નર કોડ,
વિનયવિજય ઉવજ્ઝાયનો, રૂપ નમે કર જોડ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૭] સુપાર્શ્વનાથનું

જગતારણ જિન સાતમા, પ્રતિષ્ઠિત રાય નંદ,
પૃથ્વીમાતા ઉરે ધર્યો, મુખ પૂર્ણિમા ચંદ....૧....
વીશ લાખ પૂરવ આયો, બસો ધનુષ દેહ દીપે,
સ્વસ્તિક લંછન શ્રી સુપાર્શ્વ, અરિયણને જીપે....૨....
જન્મ સ્થાન વાણારસી એ, દેહ કનકને વાન,
રૂપવિજય કહે સાહિબા, દ્યો શિવરમણી ઠામ....૩....

## [૮] ચંદ્રપ્રભુનું

મહસેન મોટો રાજિયો, સતી લક્ષ્મણા નારી
ચંદ્ર સમુજ્વલ વદન કાંતિ, જનમ્યો જયકારી....૧....
ચંદ્રપુરી નયરી જેહની, ચંદ્ર લંછન કહિયે,
ચંદ્ર પ્રભ જિન આઠમા, નામે ગહગહિએ....૨....
દોઢસો ધનુષનું જિન તનુએ, દશ લાખ પૂરવ આય,
રૂપવિજય પ્રભુ નામથી, દિન-દિન દોલત થાય....૩....

## [૯] સુવિધિનાથનું

સુવિધિ ભલી વિધ સેવતાં, ભવ ભાવઠ ભંજે,
સુગ્રીવ રાય સુત સેવતાં, દુશ્મન નવિ ગંજે....૧....
મગર લંછન મન મોહતો, નયરી કાકંદી,
દોય લાખ પૂરવ આય, બોલે જયનંદી....૨....
એકસો ધનુષ વર દેહડી, ઉજ્જવલ વર્ણ ઉદાર,
રૂપવિજય કહે ભવિ નમો, વામા માતા મલ્હાર....૩....

## [૧૦] શીતલનાથનું

ભદ્દિલપુર દૃઢરથ રાય, નંદા પટરાણી,
શીતલ જિનવર જન્મતાં, જગકીર્તિ ગવાણી....૧....
શ્રીવત્સલંછન નેવું ધનુષ, દેહ સુવર્ણ સમાણી,
એક લાખ પૂરવ આયુ માન, કહે કેવલનાણી....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખદાયક દશમા સદાએ, દે દોલત ભરપૂર,
રૂપવિજય કહે ભવિ નમે, પ્રહ ઉગમતે સૂર....૩....

## [૧૧] શ્રેયાંસનાથનું

વિષ્ણુરાય કુલ કેસરી, માતા વિષ્ણુએ જાયો,
ખડ્ગી લંછન એંશી ધનુષ, સવિ સુરપતિ ગાયો....૧....
લાખ ચોરાશી વરસ આયુ, ભવિજન મન ભાયો,
શ્રી શ્રેયાંસ જિનેશ્વર, દીઠે સુખ પાયો...૨....
સુવર્ણ વર્ણે દેહડીએ, સિંહપુરી અવતાર,
રૂપવિજય કહે મુજ મળ્યો, ત્રિભુવન તારણહાર...૩....

## [૧૨] વાસુપૂજ્યનું

દેવલોકથી દીપતી, નગરી વર ચંપા,
વાસુપૂજ્ય જિન જન્મઠામ, વસે લોક સુચંપા....૧....
વસુપૂજ્ય રાજા રાજીઓ, જયા જસ પટરાણી,
સીત્તેર ધનુષ દેહ રાતડી, મહિષ લંછન જાણી....૨....
વર્ષ બહોંતેર લાખનું એ, આયુ કહે જગનાથ,
રૂપવિજય કહે નિત્ય જપો, શિવપુર મારગ સાથ....૩....

## [૧૩] વિમલનાથનું

વંદો વિમલ જિનેંદ્ર ચંદ્ર, સુખ સંપત્તિ દાતા,
કંપિલપુર કૃતવર્મ રાય, શ્યામા જસ માતા....૧....
સાઠ ધનુષ પર દેહ માન, દીપે વિખ્યાતા,
સુવર્ણ વર્ણ વિરાજમાન, ગુણ સુર નર ગાતા....૨....
સાઠ વર્ષ લક્ષ આઉખુંએ, સુવર લંછન પાય,
વિનયવિજય ઉવજ્ઝાયનો, રૂપવિજય ગુણ ગાય....૩....

## [૧૪] અનંતનાથનું

અનંત જિનેશ્વર ચૌદમા, અયોધ્યાએ અવતરિયા,
સિંહસેન કુલ કેસરી, સુજશા ઉરે ધરિઆ....૧...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહ ધનુષ પચાસ માન, ગુણસૂત્રે ભરિઆ,
વર્ષ ત્રીશ લાખ આઉખે, શ્રી કેવલ વરિઆ....૨....
સિંચાણો લંછન સહી એ, કનક વર્ણ પ્રભુ દેહ,
રૂપવિજય કહે સાહિબા, તુજ શું અવિહડ નેહ....૩....

## [૧૫] ધર્મનાથનું

ધર્મ ધુરંધર ધર્મનાથ, ધર્મ સુવ્રતા માયા,
ભાનુરાય સુત ભાનુ જેમ, સુરવધુ હુલરાયા...૧....
ધનુષ પિસ્તાલીશ દેહ માન, વજા લંછન ધ્યાયો,
વરસ લાખ જસ આઉખું, હેમ વર્ણ સુહાયો....૨...
રત્નપુરી નયરી ધણી એ, પન્નરમા ભગવંત,
રૂપવિજય કહે ભવિ તુમે, આરાધો અરિહંત....૩....

## [૧૬] શાંતિનાથનું

શાંતિકરણ શ્રી શાંતિનાથ, ગજપુર ધણી ગાજે,
વિશ્વસેન અચિરા તણો, સુત સબલ દીવાજે....૧...
ચાલીશ ધનુષ કનક વર્ણ, મૃગ લંછન છાજે,
લાખ વરસનું આઉખું, અરિજન મદ ભાજે....૨....
ચક્રવર્તી પ્રભુ પાંચમાએ, સોલસમા જગદીશ,
રૂપવિજય મન તું વસ્યો, પૂરણ સકલ જગીશ....૩....

## [૧૭] કુંથુનાથનું

સત્તરમા શ્રી કુંથુનાથ, શ્રી રાણીએ જાયો,
ગજપુર નગરે સુર રાય, ઉદ્ભટ બાય સુવાયો....૧....
સહસ પંચાણું વર્ષ આયુ, છાગ લંછન ધ્યાયો,
ધનુષ પાંત્રીશ દેહડી, હેમ વર્ણ સોહાયો....૨....
ચોસઠ સહસ વધુ ધણીએ, પાયક સંઘ ન પાર,
રૂપવિજય કહે સાહિબા, તું તરિયો મુજ તાર...૩....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૮] અરનાથનું

રાય સુદર્શન ગજપુરે, દેવી પટરાણી,
લંછન નંદાવર્ત જાસ, અરજિન ગુણખાણી....૧....
ત્રીશ ધનુષ વર દેહડી, હેમ વર્ણે જાણી,
વર્ષ ચોરાશી સહસ આયુ, કહે જિનવર વાણી....૨....
ચક્રવર્તી પ્રભુ સાતમા એ, અઢારમો મુજ દેવ,
રૂપ કહે ભવિજન તમે, કરો નિત્ય-નિત્ય સેવ.. ૩....

## (૧૯) મલ્લિનાથનું

મલ્લિનાથ ઓગણીશમા, મિથિલાપતી વંદો,
પ્રભાવતી માત જનમિઆ, કુંભરાજ કુલચંદો....૧....
સહસ પંચાવન વર્ષ આયુ, નીલવર્ણ જિણંદો,
પચીશ ધનુષ દેહ માન, ટાલે ભવફંદો....૨....
લંછન કલશ સોહામણો એ, સેવે સુર નર વૃન્દો,
વિનયવિજય ઉવજ્ઝાયનો, રૂપ લહે આણંદો....૩....

## (૨૦) મુનિસુવ્રત સ્વામીનું

જયો નિરંતર સ્નેહશું, વીશમા જિનરાય,
સુમિત્ર રાય પદ્માવતી, સુતશું મન ભાય....૧....
કચ્છપ લંછન ધનુષ વીશ, શ્યામવર્ણી કાયા,
ત્રીશ સહસ વર આઉખું, હરિવંશ દીપાયા....૨....
મુનિસુવ્રત મહિમાનીલો એ, નગરી રાજગૃહી જાસ,
રૂપવિજય કહે સાહિબા, નામે લીલ વિલાસ....૩....

## (૨૧) નમિનાથનું

વિજય વપ્રા સુત ધણી, મિથિલાનો નાથ,
ધનુષ પંદર હેમ વર્ણ, મેલે શિવ સાથ....૧....
લંછન નીલકમલ જાસ, તરિઆ ભવપાથો,
નમિ નમંતા સ્નેહશું, અમે થયા સનાથો....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશ હજાર વર્ષ આઉખું એ, એકવીશમા મુજ સ્વામ,
રૂપ કહે પ્રભુ સાંભલો, મન મોહ્યું તુમ નામ....૩....

## (૨૨) નેમિનાથનું

રાજુલ વર શ્રી નેમિનાથ, શામળીઓ સારો,
શંખ લંછન દશ ધનુષ દેહ, મન મોહનગારો....૧....
સમુદ્રવિજય રાય કુલતીલો, શિવાદેવીસુત પ્યારો,
સહસ વરસનું આઉખું, પાળી સુખકારો....૨....
ગિરનારે મુક્તિ ગયા એ, શૌરીપુરી અવતાર,
રૂપવિજય કહે વાલહો, જગજીવન આધાર....૩....

## (૨૩) પાર્શ્વનાથનું

જય જય જય શ્રી પાર્શ્વનાથ, સુખ સમ્પત્તિકારી,
અશ્વસેન વામા તણો, નંદન મનોહારી....૧....
નીલ વર્ણ નવ હસ્ત દેહ, અહિ લંછનધારી,
એકસો વર્ષ આઉખે, વરી લક્ષ્મી સારી....૨...
જન્મ જાસ વાણારસીએ, પ્રત્યક્ષ ધરતી દેવ,
સાનિધ્યકારી સાહિબો, રૂપ કહે નિત્યમેવ....૩....

## (૨૪) મહાવીર સ્વામીનું

વર્ધમાન ચોવીસમા, ક્ષત્રિય કુલ જાણો,
સિદ્ધારથ ત્રિશલા તણો, નંદન સપરાણો....૧...
સુવર્ણ વર્ણ સાત હાથ, સિંહ લંછન સોહે,
વર્ષ બહોંતેર આયુ જાસ, ભવિજન મન મોહે... ૨....
અપાપાએ શિવસુખ લહ્યાએ, વીર જિનેશ્વર રાય,
વિનયવિજય ઉવજ્ઝાયનો, રુપવિજય ગુણ ગાય....૩....

# (૪) નંદસૂરિ કૃત ચોવીશી

## (૧) શ્રી ઋષભદેવનું

પઢમ જિનવર પઢમ જિનવર, પાય પણમેવ....૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેત્રુંજા ગિરિવર મંડણો, નાભિરાય કુલ ચંદ સામી,
શત શાખા જે પરવર્યો, કરે સેવ નિત દિવસ ગામી....૨
જુગલા ધરમ નિવારિઓ, મુગતિ રમણી ઉર હાર,
વૃષભ લંછન દુઃખભંજણો, મરૂદેવી તણો મલ્હાર....૩

## (૨) અજિતનાથનું

અજિત સામિઅ અજિત સામીઅ નમું નિત દેવ....૧
નયરી અયોધ્યાનો ધણી, રાય જિતશત્રુ તણો નંદન,
વિજયા રાણી ઉઅરે ધર્યો, વિષમ વીરમદ મોહ કંદન....૨
સમેત શિખર મુગતે ગયા, કંચન વરણ શરીર,
ગજ લંછન જિનવર નમો, જિમ પામો ભવ તીર...૩

## (૩) સંભવનાથનું

સ્વામી સંભવ સ્વામી સંભવ, દેવ જયવંત....૧....
સેના દેવી નંદનો, ધનુષ ચ્યાર શત દેહ જાણું,
મોહ મિણ રણ રોલવ્યો, હેમવરણ તનુ વખાણું....૨....
લંછન તુરીઅ સોહામણો, જેહનો તાત જિતારી,
દ્યો સંપત્તિ સેવક ભણી, દુ:ખ ભવોદધિ તારી....૩....

## (૪) અભિનંદનનું

જંબૂદીવહ જંબૂદીવહ, ભરહખિત્તંમિ....૧....
અભિનંદન ગુણ આગલો, ધરીઅભાવ ઘણું ભેટો,
નયરી વિનીતા મંડણો, રાય સંવર તણો બેટો....૨....
સિદ્ધારથા દેવી તણો, વાનર લંછન જાણ,
ત્રણય પંચાસા દેહ જસ, નમતા હોય નિરવાણ....૩....

## (૫) સુમતિનાથનું

સુમતિ સમરથ સુમતિ સમરથ, દેવ અરિહંત....૧....
જેહની નયરી કોશલા, મેઘરાય ઘર જનમ જાણું,
જાસ જનેતા મંગલા, સુખ અનંતા પૂરવે માણું....૨...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રોંચ લંછન રળિયામણો, કનક સરિખી દેહ,
સુગતિ રમણી વર મંડણો, અમોએ વુઠયા મેહ....૩....

## (૬) પદ્મપ્રભુનું

પદ્મ જિનવર પદ્મ જિનવર, રાય વર તાત....૧....
કોસંબી નયરી ભલી, વાવ કૂપ પ્રાસાદ મંદિર,
રક્ત વરણે સોહતો, ત્રીસ સહસ ત્રિલાખ મુનિવર....૨...
જનની સુશીમા જનમિઓ, લંછન કમલ સુચંગ,
તપ સંયમ જિણે આદર્યા, જિત્યો સબલ અનંગ....૩....

## (૭) સુપાર્શ્વનાથનું

જેહ ભુવિતલ જેહ ભુવિતલ, હુવો જયવંત....૧....
ભૂપ પ્રતિષ્ઠ પુહવિ માતા, ઉયરે અવતાર લીધો,
વાણારસી નયરી હુઓ, મોહરાય દૂર કીધો....૨....
લંછન સોહે સાથિઓ, સેવક પૂરે આશ,
નરક તણાં દુઃખ છોડવે, જિન સાતમો સુપાસ....૩....

## (૮) ચંદ્રપ્રભુનું

નમો સુરપતિ નમો સુરપતિ, અમર નરરાય....૧....
ચંદ્રપ્રભ જિન આઠમા, શુચિ વર્ણ મહસેન નંદન,
લખમણા સુત પૂજિએ, કુસુમ ઘનસાર ચંદન....૨....
ચંદ્રપ્રભા નયરી સુણો, નરપતિ પ્રણમે પાય,
ત્રિજગગુરુ નિત્યે નમો, લંછન દીપે નિશિ રાય....૩....

## (૯) સુવિધિનાથનું

સુવિધિ નવનિધિ સુવિધિ નવનિધિ રયણ ભંડાર....૧....
વંછિત સુખદાયક નમું, ગર્ભવાસ નિતુ ટાળે ફેરો,
કાકંદી નયરી હુઓ, દેવ પુત્ર સુગ્રીવ કેરો....૨....
રામા રાણી જાઇઓ, મગર લંછન જે કોય,
સુવિધિનાથ ભવિયા નમો, જિમ ઘરે સંપત્તિ હોય....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦) શીતલનાથનું

સ્વામી શીતલ સ્વામી શીતલ ભદ્દિલપુર ગામ....૧....
ભૂપતિ દઢરથ ભારજા, નંદા ઉઅરે વસિયો,
રાજ તજિ સંજમ લિયો, હણિ મોહ વસ કિયો....૨...
શ્રી વત્સ લંછન નેવું ધનુષ, જિત્યો કુલ ધુત,
દશમા જિનવર ભેટિએ, હોવે પુણ્ય બહુત....૩....

## (૧૧) શ્રેયાંસનાથનું

વિષ્ણુ નરપતિ વિષ્ણુ નરપતિ શંખપુર રાય....૧....
રૂપ સોભાગે આગલા, લક્ષણવંત સુવિચાર સુંદર,
નગર વસે વિવહારિયા, વાવ કૂપ પ્રાસાદ મંદિર....૨....
ખડગી લંછન પંખિઓ, ધનુષ એંશી જસુ કાય,
કંચન વરણ શ્રેયાંસજિન, વિષ્ણુ દેવી માય....૩....

## (૧૨) વાસુપૂજ્યનું

નયરી ચંપા નયરી ચંપા રાય વસુપૂજ્ય....૧....
જયાદેવી રાણી સતી, ગજ ગામીનિ સોહે,
વાસુપૂજ્ય જનમિયા, રૂપ ત્રિભુવન મોહે....૨....
લંછન મહિષ મનોહરુ, ધનુષ સીત્તેર જાણું,
પદ્મરાગ તનુ રૂઅડો, નિશદિન મનમાં આણું....૩....

## (૧૩) વિમલનાથનું

વિમલ જિનવર વિમલ જિનવર રાય કૃતવર્મ....૧....
શ્યામા રાણી ઉર ધર્યો, ત્રીસ લખ વરસા રાજ,
વર્ષી દાન દેઇ કરી, જનનાં સીઝયા કાજ....૨....
કંપિલ નયર સોહામણો, સુઅર લંછન જાણ,
વિમલ ભાવે ભવિઅણ નમો, દુષ્કૃત નાસે નામ....૩....

## (૧૪) અનંતનાથનું

સુણો સજ્જન સુણો સજ્જન ભવિઅણ જન લોય....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયરી અયોધ્યા રાજિયો, સિંહસેન નૃપ રાજ પાલે,
સુજસા રાણી સીઅલી, કરે ધર્મ વિકર્મ ટાલે....૨....
તાસ ઉયરે પ્રભુ ઉપના, લંછન સેના કંત,
એકમના આરાહિએ, જિન ચઉદમો અનંત....૩....

## (૧૫) ધર્મનાથનું

રતન પુરવર રતન પુરવર ભાનુ નરદેવ....૧....
સુવ્રતા રાણિ સીઅલી, ધરમનાથ ઉયરે ધરિયા,
ત્રિભુવન મન રંજિઓ, હેમ કુંભ અમિએ ભરિયા....૨....
લંછન વજ્ર સોહામણો, કહે ચિંહુ ભેદે ધર્મ,
બારે પરષદા સાંભલે, ટાલે અશુભ ભવિ કર્મ....૩....

## (૧૬) શાંતિનાથનું

હસ્તિ પુરવર હસ્તિ પુરવર, રાય વિશ્વસેન...૧....
અચિરા દેવી માતનો, શ્રી શાંતિ જિનવર,
લાખ ચોરાશી ગજ તુરી, સેવે જસ સુર નર....૨...
ચોસઠ સહસ અંતેઉરી, ચંપક સરીખું અંગ,
ધન ધન ચક્રી પાંચમો, લંછન જાસ કુરંગ....૩....

## (૧૭) કુંથુનાથનું

કુંથુ પ્રણમું કુંથુ પ્રણમું સુર સમદેવ....૧....
શ્રી માતા સોહામણી, છાગ લંછન જન મોહે,
ચોસઠ સહસ અંતેઉરી, શિયલવંત સવિ સોહે....૨...
ગજપુર નયર સોહામણો, કાંતિ જિત ગંજેવ,
સત્તરમો જિન પૂજિએ, કેશર ચંદન લેવ....૩....

## (૧૮) અરનાથનું

નૃપતિ સુરવર નૃપતિ સુરવર, સુરવર વીર....૧....
દેવી રાણી ભારજા, તાસ ઉયરે અવતાર,
નંદાવર્ત્ત લંછન ભલું, નયર નાગપુર સાર....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમરથ ચક્રી સાતમો, દેહ ધનુષ જસ વીશ,
અરીઅણ અરીદલ ભંજણો, પયતલ નામું શીશ... ૩....

## (૧૯) મલ્લિનાથનું

નમો ભવિયાં નમો ભવિયાં, ધરી આણંદ....૧...
મલ્લિનાથ મિથિલાપુરી, કુંભરાય ઘરે જન્મ,
પ્રભાવતિ ઉયરે ઉપના, નીલવરણ જસ તન....૨...
લંછન કલશ સોહામણો, નિત-નિત બોલે ધરમ,
અબલાપણું પ્રભુ પામિઓ, માયા કેરૂ કરમ....૩....

## (૨૦) મુનિસુવ્રત સ્વામીનું

બાર જોયણ બાર જોયણ, નગર વિસ્તાર....૧....
રાજગૃહ રળિયામણું, સુમિત્ર રાય અરિ જીપે,
ધન દેવી પદ્માવતી, નયણ મુખ ચંદ દીપે....૨....
મુનિસુવ્રત જેણે જાઇયા, સામી કાજલ વાન,
લંછન કચ્છપ અતિ ભલો, ભાવે કરો ગુણગાન....૩....

## (૨૧) નમિનાથનું

નમિ જિનવર નમિ જિનવર, વિજય સુત જાણી....૧....
વપ્રારાણી ઉયરે ધરો, પનર ધનુષ તનુ સોહે,
વાણી જોઅણ ગામિનિ, મધુરી તિર્યંચ મોહે....૨....
નિલ્લુપલ લંછન ભલું, મથુરા નયરી નિવાસ,
કંચન વરણ પૂજી કરી, જિન ગુણ ભણીએ રાસ....૩....

## (૨૨) નેમિનાથનું

ધન સોરઠ ધન સોરઠ, દેશ દીપે અતિ ચંગ....૧....
ધન-ધન શૌરીપુરી નયર, ધન શિવા દેવી માત,
ધન-ધન સમુદ્ર વિજય પિતા, મોહમયણ કીધો ઘાત....૨....
ધન-ધન રાજીમતી સતી, ધન તે નર ને નાર,
શંખ લંછન નમું નેમજી, જાશું ગઢ ગિરનાર....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૩) પાર્શ્વનાથનું

અશ્વસેનહ અશ્વસેનહ, જાસ જિન તાત....૧....
વામા માતા જનમિયા, મોહ મદ માન કંદણ,
પ્રભાવતી હંસગામિની, જિન ભવિઅ રંજણ....૨...
લંછન સરપ સોહામણો, વાણારસીનો વાસ,
જિન જિરાઉલ મંડણો, ભવિયાં પૂરો આસ....૩....

## (૨૪) મહાવીર સ્વામીનું

છત્ર શિરપર છત્ર શિરપર, ત્રણ સોહંત... ૧....
ચામર સુરપતિ ચાલવે, વાણિ ત્રિભુવન મોહે,
સિદ્ધારથ કુલ અવતર્યા, ત્રિશલા માતા સોહે....૨....
ચરણે મેરૂ ચલાવિઓ, સમરથ લંછન સિંહ,
મહાવીર જિન નિતે નમું, પ્રહ ઉગમતે દિહ...૩....

# (૫) જ્ઞાનવિમલ સૂરિ કૃત ચોવીશી

## (૧) શ્રી ઋષભદેવનું

પ્રથમ જિનેસર ઋષભદેવ, સવ્વટ્ઠથી ચવિયા,
વદિ ચોથ આષાઢ ની, શુકે સંસ્તવિયા....૧....
અષ્ટમી ચૈત્રહ વદિ તણી, દિવસે પ્રભુ જાયા,
દીક્ષા પણ તિણહિજ દિને, ચઉનાણી થાયા...૨....
ફાગણ વદિ ઇગ્યારસે, જ્ઞાન લહે શુભ ધ્યાન,
મહા વદિ તેરશે શિવ લહ્યા, પરમાનંદ નિધાન....૩....

## (૨) અજિતનાથનું

શુદિ વૈશાખની તેરશે, ચવિયા વિજયંત,
મહા શુદિ આઠમે જનમિયા, બીજા શ્રી અજિત...૧....
મહા શુદિ નોમે મુનિ થયા, પોષી અગિયારસ,
ઉજ્જવલ ઉજ્જવલ કેવલી, થયા અક્ષય કૃપારસ....૨...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈત્રી શુકલ પંચમી દિને, પંચમી ગતિ લહ્યા જેહ,
ધીરવિમલ કવિરાય નો, નય પ્રણમે ધરી નેહ....૩....

## (૩) સંભવનાથનું

સપ્તમ ગ્રૈવેયક થકી, ચવિયા શ્રી સંભવ,
ફાગણુ શુદિ આઠમ દિને, ચઉ દિસી અભિનવ...૧....
મૃગશિર માસે જનમિયા, તિણી પુનમ સંજમ,
કાર્તિક વદિ પંચમી દિને, લહે કેવલ નિરૂપમ....૨...
પંચમી ચૈત્રની ઉજલી, શિવ પહોંત્યા જિનરાજ,
જ્ઞાનવિમલ પ્રભુ પ્રણમતાં, સીઝે સઘલાં કાજ...૩...

## (૪) અભિનંદનનું

જયંત વિમાન થકી ચવ્યા, અભિનંદન રાયા,
વૈશાખ શુદિ ચોથે માઘ–શુદિ બીજે જાયા....૧....
મહા શુદિ બારસ લહે દિકખ, પોષ શુદિ ચઉદશ,
કેવલ શુદિ વૈશાખની, આઠમે શિવસુખ રસ....૨...
ચોથા જીનવરને નમિએ, ચઉગતિ ભ્રમણ નિવાર,
જ્ઞાનવિમલ ગણુપતિ કહે, જિનગુણુનો નહીં પાર....૩....

## (૫) સુમતિનાથનું

શ્રાવણુ શુદિ બીજે ચવ્યા, મેહલીને જયંત,
પંચમી ગતિ દાયક નમું, પંચમ જિન સુમતિ....૧....
શુદિ વૈશાખની આઠમે, જનમ્યા તિમ સંજમ,
શુદિ નવમી વૈશાખની, નિરૂપમ જસ શમ દમ....૨....
ચૈત્ર અગિયારસ ઉજલી, કેવલ પામે દેવ,
શિવ પામ્યા તિણે નવમીએ, નય કહે કરો સેવ....૩....

## (૬) પદ્મપ્રભુનું

નવમા ગ્રૈવેયકથી ચવ્યા, મહા વદિ છઠ દિવસે,
કાતિ વદિ બારશે જનમ, સુર નર સવિ હરસે....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વદિ તેરશ સંજમ ગ્રહે, પદ્મપ્રભુ સ્વામિ,
ચૈત્રી પુનમ કેવલી, વલી શિવગતિ પામી....૨....
મૃગશિર વદિ અગિયારશે, રક્ત કમલ સમ વાન,
નય વિમલ જિનરાજનું, ધરિએ નિર્મલ ધ્યાન....૩....

## (૭) સુપાર્શ્વનાથનું

છઠ્ઠા ગ્રૈવેયકથી ચવી, જિનરાજ સુપાસ,
ભાદરવા વદિ આઠમે, અવતરિયા ખાસ....૧....
જેઠ શુકલ બારસે જણ્યા, તસ તેરસે સંજમ,
ફાગણ વદિ છઠે કેવલી, શિવ લહે તસ સાતમ....૨....
સત્તમ જિનવર નામથી, સાત ઇતિ શમંત,
જ્ઞાનવિમલસૂરિ નિત લહે, તેજ પ્રતાપ મહંત....૩....

## (૮) ચંદ્રપ્રભુનું

ચંદ્રપ્રભ જિન આઠમા, ચંદ્રપ્રભ સમ દેહ,
અવતરિયા વિજયંતથી, વદિ પંચમી ચૈત્રહ....૧....
પોષ વદિ બારશ જનમિયા, તસ તેરસે સાધ,
ફાગણ વદિની સાતમે, કેવલ નિરાબાધ....૨....
ભાદ્રવ સાતમ શિવ લહ્યા, પૂરી પૂરણ ધ્યાન,
અઠ્ઠ મહાસિદ્ધિ સંપજે, નય કહે જિન અભિધાન....૩....

## (૯) સુવિધિનાથનું

ગોરા સુવિધિ જિણંદ, નામ બીજું પુષ્પદંત,
ફાગણ વદિ નોમે, મેહલી સુર આનંત....૧....
મૃગશિર વદિ પંચમી જણ્યા, તસ છટ્ઠે દીક્ષા,
કાતિ શુદિ ત્રીજે કેવલી, દાએ બહુ પરે શિક્ષા....૨....
શુદિ નવમી ભાદરવા તણી, અજર-અમર પદ હોય,
ધીરવિમલ સેવક કહે, નમતાં શિવ સુખ હોય....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦) શીતલનાથનું

પ્રાણુત કલ્પ થકી ચવ્યા, શીતલ જિન દશમા,
વદિ વૈશાખની છટ્ઠે જાણુ, દાઘજ્વર પ્રશમા....૧....
મહા વદિ બારશ જનમ, દીક્ષા તસ બારસે લીધ,
વદિ પોષ ચઉદશ દિને, કેવલી પરસિદ્ધ....૨....
વદિ બીજે વૈશાખ ની, મોક્ષ ગયા જિનરાજ,
જ્ઞાનવિમલ જિન નામથી, સીઝે સઘલાં કાજ....૩....

## (૧૧) શ્રેયાંસનાથનું

અચ્યુતકલ્પ થકી ચવ્યા, શ્રી શ્રેયાંસ જિણંદ,
જેઠ અંધારી દિવસ છટ્ઠે, કરત બહુ આનંદ....૧....
ફાગણ વદિ બારશે જનમ, દીક્ષા તસ તેરસ,
કેવલી મહા અમાવશી, દેસન ચંદન રસ...૨....
વદિ શ્રાવણ ત્રીજે લહ્યા, શિવસુખ અક્ષય અનંત,
સકલ સમીહિત પૂરણો, નય કહે એ ભગવંત....૩....

## (૧૨) વાસુપૂજ્યનું

પ્રાણતથી ઇહાં આવિયા, જ્યેષ્ઠ શુદિ નવમી,
જનમ્યા ફાગણ ચૌદશી, અમાવાસી સંજમી...૧....
મહા શુદિ બીજે કેવલી, ચૌદશ આષાઢી.
શુદિ શિવ પામ્યા કર્મ કષ્ટ, સવિ દૂરે કાઢી ..૨....
વાસુપૂજ્ય જિન બારમા, વિદ્રુમ રંગે કાય,
નયવિમલ કહે ઇસ્યું, જિન નમતાં સુખ પાય....૩....

## [૧૩] વિમલનાથનું

અઠ્ઠમ કલ્પ થકી ચવ્યા, માઘવ શુદિ બારશ,
શુદિ મહા ત્રીજે જણ્યા, તસ ચોથે વ્રત રસ....૧....
શુદિ પોષ છઠે લહ્યા, વર નિર્મલ કેવલ,
વદિ સાતમ આષાઢની, પામ્યા પદ અવિચલ....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમલ જિણેસર વંદિએ, જ્ઞાનવિમલ કરી ચિત્ત,
તેરસમો જિન નિત હિયે, પુણ્ય પરિગલ વિત્ત....૩....

## [૧૪] અનંતનાથનું

પ્રાણુત થકી ચવિયા ઈંહા, શ્રાવણ વદિ સત્ત,
વૈશાખ વદિ તેરશી, જનમ્યા ચૌદશ વ્રત....૧...
વદિ વૈશાખ ચઉદશી, કેવલ પુણ્ય પામ્યા,
ચૈત્રી શુદિ પંચમી દિને, શિવ વનિતા કામ્યા....૨...
અનંત જિનેસર ચૌદમા, કીધા દુશ્મન અંત,
જ્ઞાનવિમલ કહે નામથી, તેજ પ્રતાપ અનંત....૩...

## [૧૫] ધર્મનાથનું

વૈશાખ શુદિ સાતમે, ચવિયા શ્રી ધર્મ,
વિજય થકી મહા માસની, શુદિ ત્રીજે જનમ....૧...
તેરશ માહી ઉજલી, લિએ સંજમ ભાર,
પોષી પુનમે કેવલી, ગુણના ભંડાર....૨...
જેઠી પાંચમ ઉજલી, શિવપદ પામ્યા જેહ,
નય કહે જિન પ્રણમતાં, વાધે ધર્મ સનેહ....૩...

## [૧૬] શાંતિનાથનું

ભાદરવા વદિ સાતમ દિને, સવ્વઠ્ઠથી ચવિયા,
વદિ તેરશ જેઠે જણ્યા, દુઃખ દોહગ સમિયા....૧...
જેઠ ચૌદશ વદિ દિને, લિએ સંજમ પ્રેમ,
કેવલ ઉજ્જવલ પોષની, નવમી દિને ખેમ....૨...
પંચમ ચક્રી પરવડાએ, સોલમા શ્રી જિનરાજ,
જેઠ વદિ તેરશે શિવ લહ્યા, નય કહે સારો કાજ....૩...

## [૧૭] કુંથુનાથનું

શ્રાવણ વદિ નવમી દિને, સવ્વઠ્ઠ થી ચવિયા,
વદિ ચૌદશ વૈશાખની, જિન કુંથુ જણિયા....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વદિ પંચમી વૈશાખની, લિએ સંયમ ભાર,
શુદિ ત્રીજ ચૈત્રહ તણી, લહે કેવલ સાર....૨....
પડવા દિન વૈશાખની, પામ્યા અવિચલ ઠાણ,
છઠ્ઠા ચક્રી જયકરૂ, જ્ઞાનવિમલ સુખ ખાણ....૩....

## [૧૮] અરનાથનું

સરવારથથી આવિયા, ફાગણ શુદિ બીજે,
મૃગશિર શુદિ દશમી જણ્યા, અરદેવ નમીજે....૧....
મૃગશિર શુદિ એકાદશી, સંજમ આદરિયો,
કાતિ ઉજ્જવલ બારશે, કેવલ ગુણ વરિયો....૨....
શુદિ દશમી મૃગશિર તણી, શિવ લહે જિનનાથ,
સત્તમ ચક્રીને નમું, નય કહે જોડી હાથ... ૩....

## [૧૯] મલ્લિનાથનું

ચવ્યા જયંત વિમાનથી, ફાગણ શુદિ ચોથે,
મૃગશિર શુદિ ઇગ્યારશે, જનમ્યા નિર્ગ્રંથે....૧....
જ્ઞાન લહ્યા એકણ દિને, કલ્યાણક તીન,
ફાગણ શુદિ બારશે લહે, શિવ સદન અદીન....૨....
મલ્લિ જિણેસર નીલડા, ઓગણીશમા જિનરાજ,
અણપરણ્યા અણભૂપતિ, ભવજલ તરણ જહાજ....૩....

## [૨૦] મુનિસુવ્રત સ્વામીનું

અપરાજિત થી આવિયા, શ્રાવણ શુદિ પુનમ,
આઠમ જેઠ અંધારડી. થયો સુવ્રત જનમ....૧....
ફાગણ શુદિ બારશે વ્રત, વદિ બારશે જ્ઞાન,
ફાગણની તિમ જેઠ નવમી, કૃષ્ણે નિર્વાણ....૨....
વર્ણ શ્યામ ગુણ ઉજ્જવલા, તિહુયણ કરે પ્રકાશ,
જ્ઞાનવિમલ જિનરાજના, સુર નર નાયક દાસ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### [૨૧] નમિનાથનું

આસો શુદિ પુનમે દિને, પ્રાણતથી આયા,
શ્રાવણ વદિ આઠમ દિને, નમિ જિનવર જાયા....૧....
વદિ નવમી આષાઢની, થયા તિહાં અણગાર,
મૃગશિર શુદિ ઇગ્યારશે, વર કેવલ ધાર....૨....
વદિ દશમી વૈશાખની, અખય અનંતા સુખ,
નય કહે શ્રી જિન નામથી, નાસે દોહગ દુઃખ....૩...

### [૨૨] નેમિનાથનું

અપરાજિતથી આવિયા, કાતિ વદિ બારશ,
શ્રાવણ શુદિ પંચમી જણ્યા, યાદવ અવતંસ....૧....
શ્રાવણ શુદિ છઠે સંજમી, આસો અમાવસ નાણ,
શુદિ આષાઢની આઠમે, શિવ સુખ લહે રસાલ....૨....
અરિઠ નેમિ અણ પરણિયા, રાજિમતીના કંત,
જ્ઞાનવિમલ ગુણ એહના, લોકોત્તર વૃત્તાંત....૩....

### [૨૩] પાર્શ્વનાથનું

કૃષ્ણ ચોથ ચૈત્ર તણી, પ્રાણતથી આયા,
પોષ વદિ દશમી જનમ, ત્રિભુવન સુખ પાયા....૧....
પોષ વદિ અગ્યારસે, લહે મુનિવર પંથ,
કમઠાસુર ઉપસર્ગનો, ટાલ્યો પલીમંથ....૨....
ચૈત્ર કૃષ્ણ ચોથહ દિને, જ્ઞાનવિમલ ગુણ નૂર,
શ્રાવણ શુદિ આઠમે લહ્યા, અક્ષય સુખ ભરપુર....૩....

### [૨૪] મહાવીર સ્વામીનું

શુદિ આષાઢ છઠ દિવસે, પ્રાણતથી ચવિયા,
તેરશ ચૈત્ર શુદિ દિને, ત્રિશલાએ જણિયા....૧....
મૃગશિર વદિ દશમી દિને, આપે સંયમ આરાધે,
શુદિ દશમી વૈશાખની, વર કેવલ સાધે....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્તિ કૃષ્ણ અમાવસિએ, શિવગતિ કરે ઉદ્યોત,
જ્ઞાનવિમલ ગૌતમ લહે, પર્વ દીપોત્સવ હોત....૩....

## (૬) વીરવિજયજી કૃત ચોવીશી

### [૧] શ્રી ઋષભદેવનું

સર્વારથ સિદ્ધે થકી, ચવિયા આદિ જિણંદ,
પ્રથમ રાય વિનીતા વસે, માનવ ગણ સુખ કંદ... ૧....
યોનિ નકુલ જિણંદને, હાયન એક હજાર,
મૌનાતીતે કેવલી, વડ હેઠે નિરધાર....૨....
ઉત્તરાષાઢા જનમ છે, ધન રાશિ અરિહંત
દશ સહસ પરિવારશું, વીર કહે શિવ કંદ... ૩....

### [૨] અજિતનાથનું

આવ્યા વિજય વિમાનથી, નયરી અયોધ્યા ઠામ,
માનવ ગણ રિખ રોહિણી, મુનિજનના વિશ્રામ....૧....
અજિતનાથ વૃષ રાશિએ, જનમ્યા જગદાધાર,
યોનિ ભુજંગમ ભયહરૂ, મૌને વર્ષ તે બાર....૨....
સપ્તપરણ તરુ હેઠલે, જ્ઞાન મહોત્સવ સાર,
એક સહસશું શિવ વર્યા, વીર ધરે બહુ પ્યાર....૩....

### [૩] સંભવનાથનું

સત્તમ ગ્રૈવિજ ચવન છે, જનમ્યા મૃગશિર માંહિ,
દેવ ગણે સંભવ જિના, નમિએ નિત ઉત્સાહી....૧....
સાવત્થી પુર રાજીયો, મિથુન રાશિ સુખકાર,
પન્નગ યોનિ પામિયા, યોનિ નિવારણહાર....૨....
ચઉદ વરસ છદ્મસ્થમાં, નાણ શાલ તરુ સાર,
સહસ વ્રતીશું શિવ વર્યા, વીર જગત આધાર....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૪] અભિનંદનનું

ચવ્યા જયંત વિમાન થી, અભિનંદન જિનચંદ,
પુનર્વસુમાં જનમિયા, રાશિ મિથુન સુખ કંદ....૧....
નયરી અયોધ્યાને ધણી, યોનિ વર મંજાર,
ઉગ્ર વિહાર તપ તપ્યા, ભૂતલ વરસ અઢાર....૨....
વલી રાયણ પાદપ તલે, વિમલનાણ ગણદેવ,
મોક્ષ સહસ મુનિશું ગયા, વીર કરે નિત્ય મેવ....૩....

## [૫] સુમતિનાથનું

સુમતિ જયંત વિમાનથી, રહ્યા અયોધ્યા ઠામ,
રાક્ષસ ગણ પંચમ પ્રભુ, સિંહ રાશિ ગુણ ધામ....૧....
મઘા નક્ષત્ર જનમ્યા, મૂષક યોનિ જગદીશ,
મોહ રાય સંગ્રામમાં, વરસ ગયા છવ્વીશ....૨....
જિત્યો પ્રિયંગુ તરુ એ, સહસ મુનિ પરિવાર,
અવિનાશી પદવી વર્યા, વીર નમે સો વાર....૩....

## [૬] પદ્મપ્રભુનું

ગ્રૈવેયક નવમે થકી, કોસંબી ઘર વાસ,
રાક્ષસ ગણ નક્ષતરુ, ચિત્રા કન્યા રાશ....૧....
વૃશ્ચિક યોનિ પદ્મપ્રભ, છદ્મસ્થા ષટ માસ,
તરૂ છત્રૌઘે કેવલી, લોકાલોક પ્રકાશ....૨....
ત્રણ અધિક શત આઠશું, પામ્યા અવિચલ ધામ,
વીર કહે પ્રભુ માહરે, ગુણ શ્રેણી વિશ્રામ...૩....

## [૭] સુપાર્શ્વનાથનું

ગેવીજ છટ્ઠેથી ચવિયા, વાણારસીપુરી વાસ,
તુલા વિશાખા જનમ્યા, તપ તપિયા નવ માસ....૧....
ગણ રાક્ષસ વૃક યોનિએ, શોભે સ્વામી સુપાસ,
શિરિષ તરુ તલે કેવલી, જ્ઞેય અનંત વિલાસ....૨....
૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાનંદ પદવી લહી એ, પામ્યા ભવનો પાર,
શ્રી શુભ વીર કહે પ્રભુ, પંચ સયા પરિવાર....૩...

## [૮] ચંદ્રપ્રભુનું

ચંદ્રપ્રભ ચંદ્રાવતી, પુરિ ચવિયા વિજયંત,
અનુરાધાએ જનમિયા, વૃશ્ચિક રાશિ મહંત....૧....
મૃગ યોનિ ગણ દેવનો, કેવલ વિણ ત્રિક માસ,
પામ્યા નાગ તરુ તલે, નિર્મલ નાણ વિલાસ....૨...
પરમાનંદ પદ પામિયા, વીર કહે નિરધાર,
સાથે સલૂણા શોભતા, મુનિવર એક હજાર....૩....

## [૯] સુવિધિનાથનું

સુવિધિનાથ સુવિધે નમું, શ્વાન યોનિ સુખકાર,
આવ્યા આણત સ્વર્ગથી, કાકંદી અવતાર....૧...
રાક્ષસ ગણ ગુણવંતને, ધન રાશિ રિખ મૂલ,
વરસ ચાર છદ્મસ્થમાં, કર્ણ શશક શાર્દૂલ....૨....
મલ્લી તરૂ તલ કેવલી, સહસ મુનિ સંઘાત,
બ્રહ્મ મહોદય પદ વર્યા, વીર નમે પરભાત....૩....

## [૧૦] શીતલનાથનું

દશમા સ્વર્ગ થકી ચવ્યા, દશમા શીતલનાથ,
ભદ્દિલપુર ધનરાશિ એ, માનવ ગણ શિવ સાથ....૧....
વાનર યોનિ જિણંદને, પૂર્વાષાઢા જાત,
તિગ વરસાંતર કેવલી, પ્રિયંગુ વિખ્યાત....૨...
સંયમધર સહસે વર્યા, નિરૂપમ પદ નિર્વાણ,
વીર કહે પ્રભુ ધ્યાનથી, ભવ-ભવ કોડિ કલ્યાણ....૩....

## [૧૧] શ્રેયાંસનાથનું

અચ્યુતથી પ્રભુ ઉતર્યા, સિંહપુર શ્રેયાંસ,
યોનિ વાનર દેવ ગણ, દેવ કરે પરશંસ...૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રવણે સ્વામી જનમિયા, મકર રાશિ દુગ વાસ,
છદ્મસ્થા તિંદુક તલે, કેવલ મહિમા જાસ....૨....
વાચંયમ સહસે સહી, ભવ સંતતિનો છેહ,
શ્રી શુભ વીરને સાંઇશું, અવિચલ ધર્મ સનેહ....૩....

## [૧૨] વાસુપૂજ્યનું

પ્રાણતથી પ્રભુ પાંગર્યા, ચુંપે ચંપા ગામ,
શિવ મારગ જાતા થકાં, ચંપકતરુ વિસરામ....૧....
અશ્વ યોનિગણ રાક્ષસ, શતભિષા કુંભ રાશિ,
પાડલ હેઠે કેવલી, મૌનપણે ઇગવાસિ....૨....
ષટ શત સાથે શિવ થયા, વાસુપૂજ્ય જિનરાજ,
વીર કહે ધન્ય તે ઘડી, જબ નિરખ્યા મહારાજ....૩...

## [૧૩] વિમલનાથનું

અષ્ટમ સ્વર્ગ થકી ચવિ, કંપિલપુરમાં વાસ,
ઉત્તર ભાદ્રપદ જનિ, માનવ ગણ મીન રાશ....૧....
યોનિ છાગ સુહંકરૂ, વિમલનાથ ભગવંત,
દોય વરસ તપ નિર્જલે, જંબૂ તલે અરિહંત....૨....
ષટ સહસ મુનિ સાથશું, વિમલ-વિમલ પદ પાય,
શ્રી શુભ વીરને સાંઇશું, મલવાનું મન થાય....૩....

## [૧૪] અનંતનાથનું

દેવલોક દશમા થકી, ગયા અયોધ્યા ઠામ,
હસ્તિ યોનિ અનંતને, દેવ ગણે અભિરામ....૧...
રેવતીએ જનમ્યા પ્રભુ, મીન રાશિ સુખકાર,
ત્રણય વરસ છદ્મસ્થમાં, નહીં પ્રશ્નાદિ ઉચ્ચાર....૨....
પીપલ વૃક્ષે પામિયા એ, કેવલ લક્ષ્મી નિદાન,
સાત સહસશું શિવ વર્યા, વીર કહે બહુમાન...૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૫] ધર્મનાથનું

વિજય વિમાન થકી ચવ્યા, રત્નપુરે અવતાર,
ધર્મનાથ ગણુ દેવતા, કર્ક રાશિ મનોહાર....૧....
જનમિયા પુષ્ય નક્ષત્રમાં, યોનિ છાગ વિચાર,
દોય વરસ છદ્મસ્થમાં, વિચર્યા ધર્મ દયાલ....૨....
દધિપર્ણાધો કેવલી, વીર વર્યા બહુ ઋદ્ધ,
કર્મ ખપાવીને હુવા, અડસય સાથે સિદ્ધ....૩....

## [૧૬]શાંતિનાથનું

સર્વારથસિદ્ધે થકી, ચવિયા શાંતિ જિનેશ,
હસ્તિનાપુર અવતર્યા, યોનિ હસ્તિ વિશેષ....૧....
માનવ ગણુ ગુણવંતને, મેષ રાશિ સુવિલાસ,
ભરણી એ જનમ્યા પ્રભુ, છદ્મસ્થા ઇગ વાસ....૨....
કેવલ નંદીતરૂ તલે, પામ્યા અંતર ઝાણુ,
વીર કરમને ક્ષય કરી, નવ શતશું નિરવાણુ....૩....

## [૧૭] કુંથુનાથનું

લવસત્તમ સુરભવ તજી, ગજપુર નયર નિવાસ,
રાક્ષસ ગણુ કૃતિકા જની, કુંથુનાથ વૃષ રાશ....૧....
સોલ વરસ છદ્મસ્થમાં, જિનવર યોનિ છાગ,
ઘાતિ કર્મ ઘાતે કરી, તિલક તલે વીતરાગ....૨....
શૈલેશી કરણે કરી એ, એક સહસ પરિવાર,
શિવમંદિર સધાવતાં, વીર ઘણું હુંશિયાર....૩....

## [૧૮] અરનાથનું

ઠાણુ સવ્વટ્ઠ થકી ચવ્યા, નાગપુરે અરનાથ,
રેવતી જન્મ મહોત્સવા, કરતા નિર્જરનાથ....૧....
જયકર યાનિ ગજવરૂ, રાશિ મીન ગણુદેવ,
ત્રણ્ય વરસમાં થિર થઇ, ટાલે મોહની ટેવ....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામ્યા અંબતરૂ તલે, ક્ષાયિક ભાવે નાણ,
સહસ મુનિવર સાથશું, વીર કહે નિર્વાણ....૩....

### [૧૯] મલ્લિનાથનું

મલ્લી જયંત વિમાનથી, મિથિલા નયરી સાર,
અશ્વિની યોનિ જયંકરૂ, અશ્વિનીએ અવતાર....૧....
સુર ગણ રાશિ મેષ છે, વંદિત સ્વર્ગા લોક,
છદ્મસ્થા અહો રાતિની, કેવલ વૃક્ષ અશોક....૨....
સમવસરણે બેસી કરી, તીર્થ પ્રવર્તન હાર,
વીર અચલ સુખને વર્યા, પંચસયા પરિવાર....૩....

### [૨૦] મુનિસુવ્રત સ્વામીનું

સુવ્રત અપરાજિતથી, રાજગૃહી રહે ઠાણ,
વાનર યોનિ રાજતી, સુંદર ગણ ગિર્વાણ....૧...
શ્રવણ નક્ષત્રે જનમિયા, સુર વર જય જયકાર,
મકર રાશિ છદ્મસ્થમાં, મૌન માસ અગિયાર....૨....
ચંપક હેઠે ચાંપિયા એ, જે ઘનઘાતી ચાર,
વીર વડો જગમાં પ્રભુ, શિવપદ એક હજાર....૩....

### [૨૧] નમિનાથનું

દશમા પ્રાણુત સ્વર્ગથી, આવ્યા શ્રી નમિનાથ,
મિથિલા નયરી રાજિયો, શિવપુર કેરો સાથ....૧....
યોનિ અશ્વ અલંકરી, અશ્વની ઉદયો ભાણ,
મેષ રાશિ સુર ગણ નમું, ધન્ય તે દિન સુવિહાણ....૨....
નવ માસાંતર કેવલી, બકુલ તણે નિરધાર,
વીર અનુપમ સુખ વર્યા, મુનિ પરિતંત હજાર....૩....

### [૨૨] નેમિનાથનું

નેમિનાથ બાવીશમા, અપરાજિત થી આય,
શૌરિપુરીમાં અવતર્યા, કન્યા રાશિ સુહાય....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોનિ વાઘ વિવેકીને, રાક્ષસ ગણુ અદ્ભુત,
રિખ ચિત્રા ચોપન દિને, મૌનવતા મનપૂત....૨....
વેતસ હેઠે કેવલી એ, પંચસયાં છત્રીશ,
વાચંયમશું શિવ લહ્યા, વીર નમે નિશ દિશ....૩....

## [૨૩] પાર્શ્વનાથનું

નયરી વારાણુસીએ થયા, પ્રાણતથી પરમેશ,
યોનિ વ્યાઘ્ર સુહંકરી, રાક્ષસ ગણુ સુવિશેષ....૧...
જન્મ વિશાખાએ થયો, પાર્શ્વ પ્રભુ મહારાય,
તુલા રાશિ છદ્મસ્થમાં, ચોરાશી દિન જાય....૨....
ધવ તરુ પાસે પામિયા, ખાયિક દુગ ઉપયોગ,
મુનિ તેત્રીશે શિવ વર્યા, વીર અખય સુખ ભોગ....૩....

## [૨૪] મહાવીર સ્વામીનું

ઉર્દ્ધ્વલોક દશમા થકી, કુંડપુરે મંડાણુ,
વૃષભ યોનિ ચોવીશમા, વર્દ્ધમાન જિન ભાણુ....૧....
ઉત્તરા ફાલ્ગુની ઉપન્યા, માનવ ગણુ સુખદાય,
કન્યા રાશિ છદ્મસ્થમાં, બાર વરસ વહી જાય....૨....
શાલ વિશાલ તરુ તલે, કેવલ નિધિ પ્રગટાય,
વીર બિરુદ ધરવા ભણી, એકાકી શિવ જાય....૩....

## (૭) પદ્મવિજયજી કૃત ચોવીશી

## [૧] ઋષભદેવનું

આદિદેવ અલવેસરુ, વિનીતાના રાય,
નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય....૧....
પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ,
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ સુવિશાલ....૨....
વૃષભ લંછન જિન વૃષધરુ એ, ઉત્તમ ગુણુમણિ ખાણુ,
તસ પદ પદ્મ સેવન થકી, લહિએ અવિચલ ઠાણુ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૨] અજિતનાથનું

અજિતનાથ પ્રભુ અવતર્યો, વિનીતાનો સ્વામી,
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી....૧....
બહોંતેર લાખ પૂરવ તણું, પાલ્યું જેણે આય,
ગજ લંછન-લંછન નહીં, પ્રણમું સુર રાય....૨....
સાડાચારશે ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ,
પાદ પદ્મ તસ પ્રણમિએ, જિમ લહિએ શિવગેહ....૩....

## [૩] સંભવનાથનું

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ,
જિતારી નૃપ નંદનો, ચલવે શિવસાથ...૧....
સેના નંદન ચંદને, પૂજો નવ અંગે,
ચારશેં ધનુષનું દેહમાન, પ્રણમો મનરંગે...૨....
સાઠ લાખ પૂરવ તણું એ, જિનવર ઉત્તમ આય,
તુરગ લંછન પદ પદ્મને, નમતાં શિવસુખ થાય....૩....

## [૪] અભિનંદનનું

નંદન સંવર રાયના, ચોથા અભિનંદન,
કપિ લંછન વંદન કરો, ભવદુ:ખ નિકંદન....૧...
સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિનરાય,
સાડાત્રણશે ધનુષમાન, સુંદર જસ કાય....૨....
વિનીતા વાસી વંદિયે એ, આયુ લખ પંચાસ,
પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ....૩....

## [૫] સુમતિનાથનું

સુમતિનાથ સુહંકરૂ, કૌશલ્યા જસ નયરી,
મેઘરાય મંગલાતણો, નંદન જિત વયરી....૧....
ક્રૌંચ લંછન જિન રાજિયો, ત્રણશે ધનુષની દેહ,
ચાલીશ લાખ પૂરવ તણું, આયુ અતિ ગુણ ગેહ....૨...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુમતિ ગુણે કરી જે ભર્યોએ, તર્યો સંસાર અગાધ,
તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ....૩...

### [૬] પદ્મપ્રભુનું

કોસંબી પુર રાજિયો, ધર નરપતિ તાય,
પદ્મપ્રભુ પ્રભુતામયી, સુશીમા જસ માય....૧...
ત્રીશ લાખ પૂરવતણું, જિન આયુ પાલી,
ધનુષ અઢીસેં દેહડી, સવિ કર્મને ટાલી....૨...
પદ્મ લંછન પરમેશ્વરુ એ, જિન પદ પદ્મની સેવ,
પદ્મવિજય કહે કીજિએ, ભવિજન સહુ નિત્યમેવ....૩...

### [૭] સુપાર્શ્વનાથનું

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાલ્યો ભવ ફેરો,
પૃથિવી માતા ઉરે જયો, તે નાથ હમેરો....૧...
પ્રતિષ્ઠિત સુત સુંદરું, વાણારસી રાય,
વીશ લાખ પૂરવતણું, પ્રભુજીનું આય....૨...
ધનુષ બસેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર,
પદ પદ્મે જસ રાજતો, તાર-તાર ભવ તાર....૩...

### [૮] ચંદ્રપ્રભુનું

લક્ષ્મણા માતા જનમિયો, મહસેન જસ તાય,
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય....૧...
દશ લખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ,
સુર નરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ....૨...
ચંદ્ર પ્રભ જિન આઠમાએ, ઉત્તમ પદ દાતાર,
પદ્મવિજય કહે પ્રણમિએ, મુજ પ્રભુ પાર ઉતાર....૩...

### [૯] સુવિધિનાથનું

સુવિધિનાથ નવમાં નમું, સુગ્રીવ જસ તાત,
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષની કાય,
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય....૨....
ઉત્તમવિધિ જેહથી લહ્યોએ, તેણે સુવિધિ જિનનામ,
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ....૩....

## [૧૦] શીતલનાથનું

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલનાથ,
રાજા ભદ્દિલપુર તણો, ચલવે શિવ સાથ....૧....
લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ,
કાયા માયા ટાલીને, લહ્યા પંચમ નાણ....૨....
શ્રીવત્સ લંછન સુંદરૂ એ, પદ પદ્મે રહે જાસ,
તે જિનની સેવા થકી, લહિયે લીલ વિલાસ....૩....

## [૧૧] શ્રેયાંસનાથનું

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય,
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય....૧....
વરસ ચોરાશી લાખનું, પાલ્યું જેણે આય,
ખડ્ગી લંછન પદ કજે, સિંહપુરી નો રાય....૨....
રાજ્ય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન,
પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન....૩....

## [૧૨] વાસુપૂજ્યનું

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ,
વસુપૂજય કુલ ચંદ્રમા, માતા જયા નામ....૧....
મહિષ લંછન જિન બારમા, સિત્તોર ધનુષ પ્રમાણ,
કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ....૨....
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય,
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૩] વિમલનાથનું

કંપિલપુર વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર,
કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર....૧....
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય,
સાઠ લાખ વરસતણું, આયુ સુખદાય....૨....
વિમલ-વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ,
તિણે તુજ પાદ પદ્મ પ્રત્યે, સેવું ધરો સસનેહ....૩....

## [૧૪] અનંતનાથનું

અનંત અનંત ગુણ આગરુ, અયોધ્યા વાસી,
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી....૧....
સુજસા માતા જનમિયો, ત્રીશ લાખ ઉદાર,
વરસ આઉખું પાલિયું, જિનવર જયકાર....૨....
લંછન સીંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ,
જિન પદ પદ્મ નમ્યા થકી, લહિયે સહજ વિલાસ....૩....

## [૧૫] ધર્મનાથનું

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત,
વજ્ર લંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત....૧....
દશલાખ વરસનું આઉખું, વપુ ધનુ પિસ્તાલિશ,
રત્નપુરી નો રાજિયો, જગમાં જાસ જગીશ....૨....
ધર્મ મારગ જિનવર કહેએ, ઉત્તમ જન આધાર,
તિણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરૂં નિરધાર....૩....

## [૧૬] શાંતિનાથનું

શાંતિ જિનેસર સોલમા, અચિરા સુત વંદો,
વિશ્વસેન કુલ નભોમણિ, ભવિજન સુખ કંદો....૧....
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ,
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલીશ ધનુષની દેહડી એ, સમ ચઉરસ સંઠાણ,
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ....૩...

## [૧૭] કુંથુનાથનું

કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય,
સિરિ માતા ઉરે અવતર્યો, સુર નરપતિ તાય....૧....
કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ,
કેવલ જ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ....૨....
સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય,
પદ્મવિજય કહે પ્રણમિએ, ભાવે શ્રી જિનરાય....૩....

## [૧૮] અરનાથનું

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપ નંદ,
દેવી માતા જનમિઓ, ભવિજન સુખ કંદ....૧....
લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષહ ત્રીશ,
સહસ ચોરાશી વરસનું, આયુ જાસ જગીશ....૨....
અરૂજ અજર અર જિનવરુએ, પામ્યા ઉત્તમ ઠાણ,
તસ પદ પદ્મ આલંબતા, લહિયે પદ નિરવાણ....૩....

## [૧૯] મલ્લિનાથનું

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી,
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી....૧...
તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચવીશની કાય,
લંછન કલશ મંગલકરૂ, નિર્મમ નિરમાય....૨....
વરસ પંચાવન સહસનુંએ, જિનવર ઉત્તમ આય,
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય....૩...

## [૨૦] મુનિસુવ્રત સ્વામીનું

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન,
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજગૃહી નગરી ધણી, વીશ ધનુષ શરીર,
કર્મ નિકાચીત રેણુ વજા, ઉદ્દામ સમીર....૨....
ત્રીશ હજાર વરસ તણું એ, પાલી આયુ ઉદાર,
પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર....૩....

## [૨૧] નમિનાથનું

મિથિલા નયરી રાજિયો, વપ્રા સુત સાચો,
વિજયરાય સુત છોડીને, અવર મત માચો....૧....
નીલકમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ,
નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિ ગેહ....૨....
દશ હજાર વરસ તણુંએ, પાલ્યું પરગટ આય,
પદ્મવિજય કહે પુણ્યથી, નમિયે તે જિનરાય....૩....

## [૨૨] નેમિનાથનું

નેમિનાથ બાવીશમા, શિવાદેવી પાય,
સમુદ્રવિજય પૃથિવીપતિ, જે પ્રભુના તાય....૧....
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર,
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર...૨...
શૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન,
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ થાન....૩....

## [૨૩] પાર્શ્વનાથનું

આશ પુરે પ્રભુ પાસ જી, તોડે ભવ પાસ,
વામા માતા જનમિયો, અહિ લંછન જાસ....૧....
અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથ ની કાય,
કાશી દેશ વાણારસી, પુન્યે પ્રભુજી આય....૨....
એકસો વરસનું આઉખું એ, પાલી પાસકુમાર,
પદ્મ કહે મુકતે ગયા, નમતાં સુખ નિરધાર....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### [૨૪] મહાવીર સ્વામીનું

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલા નો જાયો,
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો....૧....
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય,
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાય....૨....
ક્ષમાવિજય જિનરાયના એ, ઉત્તમ ગુણ અવદાત,
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત....૩....

## (૮) ઋષભદાસજી કૃત ચોવીશી

### [૧] શ્રીઋષભદેવનું

આદિ દેવ અરિહંત, ધનુષ પાંચસો કાયા,
ક્રોધ માન નહીં લોભ કામ, નહીં મૃષા ન માયા....૧..
નહીં રાગ નહીં દ્વેષ, નામ નિરંજન તાહરૂં,
દીઠું વદન વિશાલ, પાપ ગયું સવિ માહરૂં....૨....
નામે હું નિરમલ થયો, જપું જાપ જિનવર તણો,
કવિ ઋષભ ઇણિ પેરે કહે, આદિદેવ મહિમા ઘણો....૩....

### [૨] અજિતનાથનું

અજિતનાથ અવતાર, સાર સંસારે જાણું,
જેણે જિત્યા મદ આઠ, ઈસ્યો અરિહંત વખાણું....૧....
રાજ ઋદ્ધિ પરિવાર, છોડી જેણે દીક્ષા લીધી,
ટાળી કર્મ કષાય, શિવનારી વશ કીધી....૨....
અનંત સુખમાં ઝીલતો, પૂજો કર્મ આઠે ખપો,
કવિ ઋષભ ઈમ ઉચ્ચરે, અજિતનાથ નિત્યે જપો...૩....

### [૩] સંભવનાથનું

સંભવ જિન સુકુમાલ, શીયલ સંજમધારી,
વાણી ગંગ વિશાલ, સુણે નરપતિ ને નારી....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત જ્ઞાન જસ બુદ્ધિ, બંધ કર્મના કાપે,
સમર્યો સુખ નિવાસ, મુક્તિગઢ હેલા આપે...૨....
ત્રીજો જિન ત્રિભુવન વડો, ભક્તિ નવિ ચૂકો કદા,
કવિ ઋષભ ઇમ ઉચ્ચરે, સંભવજિન સેવો સદા...૩....

## [૪] અભિનંદનનું

અભિનંદન જિનદેવ સેવ, જસ સુરપતિ સારે,
સંવર રાયનો પુત્ર, સકલ દુઃખ સોય નિવારે....૧...
તું બંધવ તું માત તાત, પાપ તુજ નામે નાઠા,
દારિદ્ર દુઃખ દોર્ભાગ્ય સોય, પણ જાયે નાઠા...૨...
ગુણ અનંત તાહરા પ્રભુ, ત્રિભુવન નહીં કો તુજ સમો,
કવિ ઋષભ ઇમ ઉચ્ચરે, અભિનંદન જિનવર નમો....૩....

## [૫] સુમતિનાથનું

સુમતિનાથ સુખવાસ દાસ, હું ભવ ભવ ત્હારો,
કરૂં વિનતી એક તુજ, આવાગમન નિવારો....૧....
સેવકની કરો સાર, પાર પહેલાં ઉતારો,
ક્રોધ માન મદ લોભ, સોય ઉપજતાં વારો...૨....
દેવ નિરંજન નામ તુહ, તુજ નામે નિશ્ચય તરો,
કવિ ઋષભ એણિ પરે કહે, સુમતિનાથ પૂજા કરો....૩....

## [૬] પદ્મપ્રભુનું

શ્રી પદ્મ પ્રભ સ્વામી, નામતા નવ નિધાન,
કોસંબી નરનાથ. દેહ નો પ્રવાલ વાન....૧...
ત્રીશ લાખ પૂર્વ આય, તેહ પણ પૂરું પાલી,
પહોંચ્યા મુક્તિ મોઝાર, કર્મ આઠે ને ટાલી....૨....
પદ્મ લંછન પાયે નમું, શ્રી જિનવર ધ્યાને રમું,
કવિ ઋષભ ઇમ ઉચ્ચરે, પદ્મપ્રભ પૂજી જમું....૩...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૭] સુપાર્શ્વનાથનું

દીઠો શ્રી સુપાસ જાસ, મુખ પૂનમ ચંદો,
નહીં બ્રહ્મા નહીં વિષ્ણુ, નહીં ગરુડ ગોવિંદો...૧....
નહીં ઇશ્વર નહીં ઇંદ્ર, નહીં કો તુજ નમૂનો,
તું જિનવર જગદીશ, કંત તું મુક્તિ વધુનો....૨....
પરમેશ્વર તુજને કહું, તુજ વિણુ ઓર ન કો વલી,
શ્રી સુપાર્શ્વ જિન પૂજતાં, ઋષભદાસ આશા ફલી....૩....

## [૮] ચંદ્ર પ્રભુનું

શ્રી ચંદ્રપ્રભ રાય કાય, જસ ઉજ્જવલ વરણી,
મુગટ કુંડલ ને હાર તપે, મુખ તેજ સો તરણી....૧....
આંગી બનીય અપાર, પુષ્પ તો પંચે વરણા,
તિલક બન્યો અતિ સાર, વળી વિવિધ આભરણા...૨....
અગર ધૂપ આરતી, દીપ જ્યોતિ તો પ્રગટી,
ઋષભ કહે જિન પૂજતાં, પાપ પૂર ગયા ઘટી...૩...

## [૯] સુવિધિનાથનું

સુવિધિનાથ જિન જાપ, જપો જાણે યોગીન્દ્ર,
સુર નર કિન્નર સોય, ધરે ધ્યાન બહુ ઇંદ્ર....૧....
નરનારી ઋષિરાય પ્રભુ, તુજ ધ્યાન સો ધ્યાવે,
ચક્રી ને બલદેવ સોય, બેઠા ગુણુ ગાવે....૨...
ત્રણુ ભુવનમાં નિરખતાં, અવર ન બીજો કેવલી,
કવિ ઋષભ કહે જિન પૂજતાં, પાપ ગયા સવિ પરજલી....૩....

## [૧૦] શીતલનાથનું

શીતલ નામું શીષ, જપો જાપ જગદીશ,
દેખી તાહરૂં રૂપ, બ્રહ્મ ઉર લાજ્યો ઇશ....૧....
ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર, સોય નર નામ કહાયા,
નહીં જગ એહવો દેવ, સમ કોઇ તાહરે આવ્યો...૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેજ સબલ તુઝ દેવ, લાજ્યો સુર ગગને ભમે,
ઋષભ કહે જગતે વડો, જે શ્રી જિનચરણે નમે....૩....

## [૧૧] શ્રેયાંસનાથનું

સુગુણ પુરુષ શ્રેયાંસ, સિંહપુરી નરનાથ,
કનક વર્ણ જસ દેહ રાય, વિષ્ણુ તુજ તાત....૧....
ફાગણ વદિ બારશે, જન્મ તુજ સ્વામિ જાણું,
ચોરાશી લખ વરસ આય, તુજ સાર વખાણું....૨....
ઝુઝયો બુઝયો ઉગર્યો, લેઇ સંજમ મુક્તિ ગયો,
ઋષભ કહે શ્રેયાંસનો, જશ મહિમા જગમાં રહ્યો... ૩....

## [૧૨] વાસુપૂજ્યનું

વાસુપૂજ્ય જિન વિખ્યાત, માત જયાએ જાયો,
લેઇ ઈંદ્ર ઉત્સંગ, મેરૂ માથે જઇ નાહ્યો...૧....
આઠ સહસ ચઉસઠ્ઠી, કલશ અડવિધના જાણી,
ન્હવણ કરે સુર સોઇ, વહે તિહાં પ્રવાહ પાણી....૨....
કુંડલ દોય ચિવર ભલાં, અંગૂઠે અમૃત ઠવ્યો,
કવિ ઋષભ ઇમ ઉચ્ચરે, વાસુપૂજ્ય જિનમહિમા કહ્યો....૩

## [૧૩] વિમલનાથનું

વંદો વિમલ જિણંદ, જસ અતિશય ચઉતીશ,
અનંત જિનની માંહી, વાળી ગુણ પાંત્રીશ....૧....
દોષ અઢારે દૂર, કર્મ આઠને બાલી,
અલગા તો મદ આઠ, ક્રોધ પણ ચારે ટાલી....૨...
પાપ અઢારે પરિહરી, સિદ્ધિવધુ સ્વામી હુવો,
કવિ ઋષભ ઇમ ઉચ્ચરે, વિમલનાથ ગુણ સંસ્તવો....૩....

## [૧૪] અનંતનાથનું

અનંતનાથ અરિહંત, શરણ હું તોરે આવ્યો,
રાખ–રાખ જિનરાય, દેવ તુજ દર્શન પાયો....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું રૂળિયો ચઉગતિ માંહી, નામ તેરા વિણ સ્વામિ,
પ્રગટ્યો પુણ્ય અંકુર, તું મળ્યો શિવગતિગામી...૨....
આજ અનંતા ભવ તણાં, પાપ તાપ દૂરે ગયા,
ઋષભ કહે જિન પૂજતાં, આનંદ ઉચ્છવ થયા....૩....

## [૧૫] ધર્મનાથનું

વંદુ ધર્મ જિણંદ, રાજઋદ્ધિ રમણી છોડી,
ઇંદ્રિય તજી જેણે, પ્રીતિ મુક્તિશું માંડી....૧....
છાંડયો ભવનો પાસ, દાસ હું સ્વામી તારો,
કરુણાવંત ભગવંત, પાર પેલે ઉતારો....૨....
જપી જાપ જિનવર તણો, હૈડા માંહી ઉલટ ઘણો,
કવિ ઋષભ ઈમ ઉચ્ચરે, ધર્મનાથ શ્રવણે સુણો....૩...

## [૧૬] શાંતિનાથનું

સમરૂં શાંતિ જિણંદ, પુષ્પ તુજ શીષ ચડાવું,
શ્રી જિન પૂજન કાજ, નિત્ય તુજ મંદિર આવું....૧....
રંગે ગાઊં રસઋદ્ધિ, સુખ સંપત્તિ પાઊં,
મન વચન કાયા કરી, દેવ હું તુજને ધ્યાઊં....૨...
પૂજતાં તો પદવી લહું, જપતાં જગ સુખી બહુ,
કવિ ઋષભ ઇમ ઉચ્ચરે, શાંતિનાથ સમરો સહુ...૩....

## [૧૭] કુંથુનાથનું

કુંથુનાથ જગદેવ જિમ, સુરપતિ માંહી ઇંદ્ર,
પંખી માંહી જિમ હંસ, જિમ ગ્રહગણમાંહી ચંદ્ર....૧....
પર્વતમાંહી જિમ મેરૂ, મંત્ર માંહી નવકાર,
ગઢ માંહી લંકા કોટ, સતી જિમ સીતા સાર....૨....
શત્રુંજય સમ તીરથ નહીં, અરિહંત સમ નહીં દેવ,
કવિ ઋષભ ઈમ ઉચ્ચરે, કુંથુનાથ કરો સેવ....૩....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૮] અરનાથનું

અઢારમો અરનાથ રૂપ, બહુ સુગંધ શરીર,
અદૃષ્ટ આહાર નિહાર, રુધિર રંગ ગોખીર....૧....
સમવસરણે દેવ નર, જોજન માંહી સમાયે,
જોજન લગે જિન વાણી, પશુ પણ વચન સોહાયે....૨...
ભામંડલ તિહાં ઝલહલે, રોગ વૈર નાઠા સહી,
ઋષભ કહે જિન સંસ્તવો, અરનાથ આગલ રહી...૩....

## (૧૯) મલ્લિનાથનું

મલ્લીનાથ નિશદિન, ઇતિ જેણે મરકી ટાલી,
અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ, ગયો તે દૂત દુકાલી....૧....
ધર્મધ્વજ સોહંતો, સિંહાસન સહ પાદપીઠે,
ધર્મચક્ર આકાશે, દેવ તુજ આગળ હીંડે....૨....
ચામર વીંઝે સુરવર, રયણ સિંહાસન બેસણે,
કવિ ઋષભ ઇમ ઉચ્ચરે, મલ્લિનાથ પાતિક હણે....૩...

## (૨૦) મુનિસુવ્રત સ્વામીનું

મુનિ સુવ્રત નમું સ્વામી, શીષ ત્રણ છત્ર સોહાવે,
ઈંદ્રધ્વજા તિહાં સાર, પાય નવ કમલ કહાવે....૧....
ત્રણ વપ્ર તિહાં દેવ, હેમ મણિ રૂપા કેરા,
જિન પ્રતિમા તિહાં ચાર, ટાલે ભવભ્રમણ ઘણેરા...૨....
અશોકવૃક્ષ શિર ઊપરે, અમૃતવાણી મુખથી ઝરે,
ઋષભ કહે સુવ્રતસ્વામિની, ઇંદ્ર ચંદ્ર કીર્તિકરે....૩....

## [૨૧] નમિનાથનું

સાચા શ્રી નમિનાથ, જિણ પંથે ચાલ્યા જાય,
સહી સુગંધી વાટ, અધોમુખ કંટક થાય....૧...
વૃક્ષ નમાવે શીષ, દેવો દુંદુભિ બજાવે,
પવન શકુન તિહાં સાર, પુષ્પ ની વૃષ્ટિ કરાવે....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુસુમ ભલા ઢીચણુ સમા, નખ કેશ રોમ વાધે નહીં,
કવિ ઋષભ ઇમ ઉચ્ચરે, નમિનાથ વંદો સહી....૩....

## (૨૨) નેમિનાથનું

નેમિ નમું નિશદિશ, જન્મ થકી જે બ્રહ્મચારી,
અષ્ટ ભવાંતર સ્નેહ, તજી જેણે રાજુલ નારી....૧....
નેમિ ચડ્યા ગિરનાર, ધરી મન સંયમ ધ્યાન,
ચોપન દિન છદ્મસ્થ, પછી પ્રભુ કેવલજ્ઞાન....૨....
સહસ વર્ષ પ્રભુ આઉખું, પાળીને મુક્તિ ગયો,
ઋષભ કહે જિન નેમ નો, જશ મહિમા જગમાં રહ્યો....૩....

## (૨૩) પાર્શ્વનાથનું

પૂજો પાર જિણંદ, કમઠ હઠી મદ ગાલ્યો,
કર્યો નાગ ધરણેંદ્ર, અભય દઈ રાગને ટાલ્યો....૧....
ફાટ્યું શંકર લિંગ, શિલા સાગર માંહી તારી,
ધન્ય તું પાર્શ્વ જિણંદ, જરા યાદવની નિવારી....૨....
કોઢ ગયો એલગ તણો, નાગાર્જુન વિદ્યા સિદ્ધિ,
ઋષભ કહે સિદ્ધસેનની, સભામાંહી સારજ કીધી....૩....

## (૨૪) મહાવીર સ્વામીનું

વંદુ વીર જિણંદ, મહી જેણે મેરૂ નચાવ્યો,
હરિ સમજાવ્યો રાય, દેવ જિણે પાય લગાવ્યો....૧..
શૂલપાણી સમજાય, નાગની ગતિ સમારી,
ચંદનબાલા જેહ, લેઈ બાકુલા તારી....૨....
ઉદાયી અર્જુન વલી, તાર્યા મેઘકુમાર,
ઋષભ કહે વીર વચન થી, બહુ જન પામ્યા પાર...૩....

## (૯) હંસસાગરજી કૃત ચોવીશી

હંસસાગરજી કૃત ચોવીશીમાં પ્રતિ ચોવીશીમાં લીધેલ ચોવીશ બોલઃ—માતા, પિતા, વંશ, રાશિ, નક્ષત્ર, જન્મ સ્થલ, કેટલા સાથે દીક્ષા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયા, આયુ, સાધુ, સાધ્વી, ગર્ભ સ્થિતિ, કેટલા સાથે મોક્ષ, યક્ષ, યક્ષિણી, કેવલ વૃક્ષ, મોક્ષ સ્થાન તેમજ પાંચ કલ્યાણકની પાંચ તિથિ.

## (૧) શ્રી ઋષભદેવનું

જય મરૂદેવા નાભિનંદ, વંશ ઈક્ષ્વાકુ ભાણ,
ધન ઉત્તરાષાઢા પ્રભુ, રાશિ નક્ષત્ર સુઠાણ....૧....
શુચી કૃષ્ણ ચતુર્થીએ, ચવિયા જન્મ વખાણ,
ચૈત્ર વદિ અષ્ટમી દિને, અંક વૃષભ હેમ વાન....૨....
મધુ વદિ અષ્ટમી દિને, વિનીતા નયરી રાય,
ચાર સહસશું વ્રત લિયે, પાંચશેં ધનુષની કાય....૩....
ફાગણ વદિ અગિયારશે, વડ તલે કેવલ લીધ,
સહસ ચોરાશી સાધુજી, શ્રમણી લખ ત્રણ કીધ....૪....
ચોરાશી લાખ પૂર્વ આય, દશ હજાર મુનિ સાથ,
અષ્ટાપદ ગિરિ શિવ વર્યા, મહા વદ તેરશ નાથ....૫....
ગર્ભ માસ નવ ચાર દિન, ગોમુખ યક્ષ સનૂર,
પ્રભુ સેવા કાજે સદા, ચક્રેસરી હજૂર....૬....

## (૨) અજિતનાથનું

જિત શત્રુ વિજયતણો, નંદ ઈક્ષ્વાકુ વંશ,
વૃષભ રોહિણી જિનતણા, શશિ નક્ષત્ર શંશ....૧....
માધવ શુદ તેરશ ચ્યવન, સુદિ આઠમ જાયા,
સોવન વર્ણ તિજગ પ્રભુ, ગજ લંછન પાયા....૨....
સાડાચારશો ધનુષની, કાય અયોધ્યા રાય,
એક સહસશું વ્રત પ્રભુ, મહા શુદી નવમી પાય....૩....
પોષ શુદિ અગિયારશે, સપ્તપર્ણ તરૂ છાય,
પ્રભુને કેવલ પ્રગટતા, લોકાલોક જણાય....૪....
એક લાખ સુસાધુજી, લખ ત્રણ ત્રીશ હજાર,
સંયતિ શીલ સોહામણાં, પ્રભુનો એ પરિવાર....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ બહોંતેર લાખ પૂર્વ, સહસ મુનિ સંગાથ,
ચૈત્ર શુદિ પંચમી સમેત–શૈલ વર્યા શિવ નાથ....૬....
ગર્ભ માસ અડદિન પચીસ, યક્ષ મહાયક્ષ,
અજિતબાલા દેવી સદા, રખવાલી સુદક્ષ....૭....

## (૩) સંભવનાથનું

જિતારી સેના નંદલો, ઇક્ષ્વાકુ કુલ કેતુ,
મિથુન મૃગશીર્ષ ભલા, રાશિ નક્ષત્ર નેતુ....૧....
ચવ્યા ફાગણશુદ આઠમે, સહ શુદ ચૌદશ જાયા,
કનક વરણુ હય લંછનો, ધનુષ ચારશેં કાયા....૨....
સાવત્થી નયરી ધણી, દીક્ષા સહસ મુનિ સાથ
સહ શુદિ પૂનમ સંગ્રહી, જગ વિચરે જિનનાથ....૩....
શાલ તલે કેવલ વર્યા, ઉર્જ વદ પંચમી દક્ષ,
ત્રણસો સાડત્રીશ સહસ, શ્રમણી શ્રમણ બે લક્ષ....૪....
સાઠ લાખ પૂરવ રહી, સહસ મુનિ સહ ચૈત્ર,
શુદિ પંચમી સમેત શૈલ, શિવ વર્યા જગ નેત્ર....૫....
ગર્ભવાસ નવમાસ ખટ, દિન ત્રિમુખ યક્ષ,
પ્રભુ શાસન રખવાલિકા, દુરિતારી બધકક્ષ....૬....

## (૪) અભિનંદનનું

સિદ્ધાર્થા સંવરતણો, નંદ ઇક્ષ્વાકુ વંશ,
પુનર્વસુ મિથુન ભલા, રાશિ નક્ષત્ર પ્રશંશ....૧....
ચવ્યા માધવશુદ ચોથને, મહાશુદી બીજ અવતાર,
કપિ લંછન હેમ વર્ણ કાય, ઉંઠશત ધનુ સાર....૨....
પુરી અયોધ્યા રાજીયો, સહસ મુનિ સહ દીક્ષા,
મહા શુદિ બારશથી ગ્રહે, પ્રભુ માધુકરી ભિક્ષા....૩....
કેવલ પોષ શુદિ ચૌદશે, પ્રિયાલ વૃક્ષ તલે લીધ,
સંયતિ છ લખ ત્રીસ સહસ, મુનિ ત્રણલાખ પ્રસિદ્ધ....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુષ પચાસ લાખ પૂર્વ, સહસ મુનિ સહ ભારી,
માધવ શુદિ આઠમ સમેત–શૈલ વર્યા શિવનારી....૫....
ગર્ભ માસ અડ ને દિવસ–અડવીશ ઇશ્વર યક્ષ,
કાલીદેવી શ્રી સંઘના, વાંછિત પૂરે પ્રત્યક્ષ....૬....

## (૫) સુમતિનાથનું

નંદા મેઘ મંગલાતણો, મણિ ઇક્ષ્વાકુ ખાણુ,
મઘાનક્ષત્ર રાશિ સિંહ,ચવ્યા નભ શુદ બીજ ભાણુ....૧...
માધવ શુદની આઠમે, જનમિયા ક્રૌંચ લંછન,
ત્રણશેં ધનુ તનુ રાજતો, જિનજી વાન સોવન્ન....૨....
પુરી અયોધ્યા રાજીયો, ચરણ હજાર સંગાથ,
માધવ શુદિ નવમી ગ્રહે, ત્રણ જગતના નાથ....૩....
ચૈત્ર શુદી એકાદશી, કેવલ પ્રિયંગુ છાય,
સંયત સંયતિ લખ સહસ તિ-વીશ,પંચ-ત્રીશ થાય,....૪....
આયુ ચાલીશ લાખ પૂર્વ, સહસ મુનિવર સાથ,
ચૈત્ર શુદિ નવમી સમેત, ઝાલ્યો શિવવહુ હાથ....૫....
ગર્ભમાસ નવ દિન ખટ, તુંબરૂ યક્ષ સુદક્ષ,
શાસન સેવામાં સદા, મહાકાલી પ્રત્યક્ષ....૬....

## (૬) પદ્મપ્રભુનું

નંદન ઘર સુશીમા તણો, ઇક્ષ્વાકુ કુલ દીપ,
કન્યા ચિત્રા રાશિ રૂક્ષ, પ્રભુ નમે સુર ભૂપ....૧....
માઘ વદિ છટ્ઠ દિન ચવ્યા,ઊર્જ વદ બારશ જાત,
રક્ત વર્ણ લંછન કમલ, અઢી સય ધનુ તાત....૨....
કોસંબીપુર રાજીઓ, એક સહસ સહ દીક્ષા,
કાર્તિક બદિ તેરશ લિયે, જન ઉપકારી ભિક્ષા....૩....
કેવલ રાકા ચૈત્ર શુદ, છત્રોપગ તરૂ લીધ,
સંયત સંયતી લખ સહસ,ત્રિ-ત્રીશ ચઉ-વીશ કીધ....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીશ લખ પૂર્વાયુ પ્રભુ, સમેત શૈલ શિવનાર,
વર્યાં આઠસેં ત્રણ સહિત, માગશર વદ અગિયાર....૫....
ગર્ભમાસ નવ ખટ દિવસ, ભક્ત કુસુમ યક્ષ,
શાસન સાર કરે સદા, અચ્યુતા દેવી દક્ષ....૬....

## (૭) સુપાર્શ્વનાથનું

પ્રતિષ્ઠ પૃથ્વી હીનમણી, ઇક્ષ્વાકુ કુલચંદ,
તુલા વિશાખા રાશિ રુક્ષ, ભવિજન નયનાનંદ....૧....
નભસ્યશુદિ અષ્ટમી ચવ્યા, શુક્રસિત બારશ જાત,
સ્વસ્તિક લંછન હેમ વર્ણ, દો સય ધનુ વિખ્યાત....૨....
વાણારસી નયરી પ્રભુ, શુક્ર સીત તેરશ સાર,
એક સહસશું વ્રત લિયે, હુવા જય-જયકાર....૩....
ફાગણ વદ છઠ્ઠ શ્રીશ તરૂ, પામ્યા કેવલ સાર,
ત્રણ લક્ષ મુનિ સંયતિ, ચઉ લખ ત્રીશ હજાર....૪....
પ્રભુ આયુ વીશ પૂર્વ, પંચસયા મુનિ સાથ,
ફાગણ વદ સાતમ સમેત-શૈલ થયા સિદ્ધનાથ....૫....
ગર્ભ માસ નવ ઓગણીશ, દિન માતંગ યક્ષ,
સંઘ સકલ દુરિત હરે, શાંતાદેવી દક્ષ....૬....

## (૮) ચંદ્રપ્રભુનું

મહસેન લક્ષ્મણા નંદલો, ઇક્ષ્વાકુ કુલ ભાણ,
વૃશ્ચિક અનુરાધા પ્રભુ, રાશિ નક્ષત્ર પ્રમાણ....૧....
ચવ્યા મધુ વદ પંચમી, પોષ વદ બારશ જાયા,
ચંદ્ર લંછન પ્રભુ શુચિ વર્ણ, ધનુષ દોઢશેં કાયા....૨....
ચંદ્રપુરી નયરી ધણી, પોષ વદ તેરશ સાર,
એક સહસશું વ્રત લિયે, જગજંતુ સુખકાર....૩....
જ્ઞાન ફાગણ વદ સપ્તમી, નાગતરૂ પરિવાર,
અઢી લાખ મુનિ સંયતિ, ત્રણસો એંશી હજાર....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નભસ્ય વદિ સપ્તમી સમેત, એક સહસ મુનિ સાથ,
દશ લાખ પૂર્વાયુ તજી, સિદ્ધિ વર્યા જગનાથ....૫....
ગર્ભવાસ નવ દિન સાત, યક્ષ વિજય રંગે,
વિઘ્ન હરે શાસન તણા, ભ્રુકુટી દેવી સંગે....૬....

## (૯) સુવિધિનાથનું

સુગ્રીવ રામા નંદલો, ઇક્ષ્વાકુ કુલ ચંદ,
ધન રાશિ નક્ષત્ર મૂલ, પાયા સુવિધિ જિણંદ....૧....
ફાગણ વદિ નવમી ચવ્યા, સહ વદિ પંચમી જાત,
શુચિ વર્ણા લંછન મગર, શત ધનુ તનુ તાત....૨....
કાકંદી નયરી પ્રભુ, સંયમ સહસ સંગાથ,
સહ વદિ છઠ અંગીકરે, સહુ અનાથના સાથ....૩....
કાર્તિક શુદ ત્રીજ કેવલી, મલ્લિકા તરૂ સાર,
દો લખ સુમુનિ સંયતિ, એક લખ વીશ હજાર....૪....
બે લખ પૂર્વાયુ પ્રભુ, સમેત શૈલ શિરતાજ,
નોમ ભાદ્ર વદ સહસશું, પ્રભુ થયા સિદ્ધરાજ....૫....
ગર્ભમાસ અડ-છવ્વીસ દિન, સુયક્ષ અજિત,
સંઘ દુરિત હરતી સદા, દેવી સુતારા ખચિત....૬....

## (૧૦) શીતલનાથનું

દૃઢરથ નંદા નંદલો, ઇક્ષ્વાકુ કુલ કેતુ,
ધન પૂર્વાષાઢા પ્રભુ, રાશિ રૂક્ષ ભવસેતુ....૧....
રાધ વદિ છઠ દિન ચવ્યા, મહા વદ બારશ જાત,
શ્રીવત્સ લંછન હેમવર્ણ, નેવું ધનુ તન તાત....૨....
ભદ્દિલાપુરીનો રાજીયો, અનલ કર્મ સમિધ,
માઘ વદિ બારશ દિને, સંયમ સહસશું લીધ....૩....
પોષ વદિ ચૌદશ દિને, પ્લક્ષ તરૂ અધ જ્ઞાન,
એક લક્ષ મુનિ સંયતિ, એક લક્ષ ખટ માન....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુ આય એક લક્ષ પૂર્વ, વૈશાખ વદ બીજ સાર,
સહસ મુનિ સહ શિવ વર્યા, સમેત શૈલ દરબાર....૫....
ગર્ભમાસ નવ દિન ખટ, બ્રહ્મા મહાયક્ષ,
સંઘ સાનિધ્ય કરે સદા, અશોકા દેવી દક્ષ....૬....

## (૧૧) શ્રેયાંસનાથનું

વિષ્ણુ માતા-પિતા તણો, નંદ ઇક્ષ્વાકુ ચંદ,
મકર શ્રવણ જિન રાશિ રૂક્ષ, શમ સુરતરૂ કંદ....૧....
ચવ્યા જેઠ વદ છઠ, વદિ-બારશ ફાગણ જાત,
લંછન ખડગી હેમ વર્ણ, એંશી ધનુ વિખ્યાત....૨....
સિંહપુરી પુર રાજીયો, એક સહસશું નાથ,
ફાગણ વદિ તેરશ ગ્રહે, દીક્ષા કુમરી હાથ....૩...
માઘ અમાસ કેવલ તરૂ, નિંદુક મુનિ પરિવાર,
સહસ ચોરાશી સંયતિ, એક લાખ ત્રણ હજાર....૪....
આયુ ચોરાશીલક્ષ વર્ષ, નભ વદિ ત્રીજ મનોહાર,
સહસ મુનિ સાથે વર્યા, સમેત શૈલ શિવ નાર....૫....
ગર્ભવાસ નવ માસ દિન, ખટ ઈશ્વર યક્ષ,
માનવી દેવી ચૂરતી, કૂડાં કુમતિ પક્ષ....૬....

## (૧૨) વાસુપૂજ્યનું

વસુપૂજ્ય જયાતણો, નંદ ઇક્ષ્વાકુ કેતુ,
કુંભ શતભિષા રાશિ રૂક્ષ, ત્રિજગ જંતુ નેતુ....૧....
ચવ્યા જેઠ શુદ નોમ જન્મ, ફાલ્ગુન શુદિ ચૌદશ,
મહિષ લંછન રક્ત વાન, સિત્તેર ધનુ જગીશ....૨....
ચંપાપુરી નરેશરી, સંયમ ખટ શત સાથ,
અમાસ ફાલ્ગુન રૂઅડી, લહ્યું ત્રિભુવન નાથ...૩...
માઘ શુદી બીજ કેવલી, પાટલ તરૂઅર છાય,
બહોંતેર સહસ સુસાધવી, એક લક્ષ મુનિરાય....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ બહોંતેર લાખ વર્ષ, શુચિ શુદ ચૌદસ સાર,
ખટ શત સાધુ સહ વર્યા, ચંપાપુરી શિવનાર....૫....
ગર્ભવાસ અડદિન વલી, વીશ યક્ષકુમાર,
જિનશાસન રક્ષા કરે, ચંદ્રાદેવી શ્રીકાર....૬....

## (૧૩) વિમલનાથનું

કૃતવર્મ શ્યામતણો, નંદ ઇક્ષ્વાકુ ચંદ,
રૂક્ષ ઉત્તરાભાદ્રપદ, મીન રાશિ જિણંદ....૧....
માધવશુદ બારશ ચવ્યા, પ્રગટ્યા મહા શુદ ત્રીજ,
વરાહ લંછન હેમ વર્ણ, સાઠ ધનુ તનુ નિજ....૨....
કંપિલપુર વર રાજિયો, દાન સંવત્સરી દીધ,
માઘ ચતુર્થી શુકલા, સાથ સહસ વ્રત લીધ...૩....
પોષ શુદિ છઠ કેવલી, જંબૂ અધ મુનિ સાર,
અડસઠ સહસ સુસંયતિ, એક લખ આઠસેં ધાર....૪....
સાઠ લાખ વર્ષાયુ ને, વદ સાતમ શુચિ માસ,
ખટ સહસ મુનિશું સમેત, શૈલ લહ્યો શિવવાસ....૫....
ગર્ભમાસ અડ એકવીશ, દિવસ ષણ્મુખ યક્ષ,
વિદિતા દેવી સંઘને, સહાય કરે પ્રત્યક્ષ....૬....

## (૧૪) અનંતનાથનું

સિંહસેન સુયશાતણો, નંદ ઇક્ષ્વાકુ દીપ,
મીન રેવતી રાશિ રૂક્ષ, જિનજી ત્રિજગ અધીપ....૧....
શ્રાવણ વદ સાતમ ચવ્યા, રાધ વદ તેરશ જાત,
અંક સિંચાણો વર્ણ હેમ, પચાસ ધનુ જગજાત....૨....
અયોધ્યા નગરી રાજીયો, વરસી વાર્ષિક દાન,
રાધ વદિ ચૌદશ ધર્યું, સહસશું સંયમ ઠાણ....૩....
નાણ રાધ વદ ચૌદશે, અશ્વત્થ તરૂ છાય,
સુસંયતિ બાસઠ સહસ, છાસઠ મુનિ સુખદાય....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ વરસ લખ ત્રીશનું, મધુ શુદ પંચમી સાર,
સાત સહસ સાથે સમેત, શૈલ વર્યા શિવનાર....૫....
ગર્ભમાસ નવ આઠ દિન, સુરવર યક્ષ પાતાલ,
દેવી અંકુશી કરે, શાસન ભક્તિ રસાલ....૬....

## (૧૫) ધર્મનાથનું

સુવ્રતા ભાનુરાય નંદ, કુલ ઇક્ષ્વાકુ દિણંદ,
કર્ક રાશિ પુષ્પ રૂક્ષ, નમે સુરાસુર ઇંદ....૧....
રાધ શુદિ સાતમ ચવ્યા, પ્રગટ્યા મહાશુદિ ત્રીજ,
વજ્ર અંક હેમ વર્ણ દેહ, ધનુ પિસ્તાલિસ ધરીજ....૨....
રત્નપુરી વિભૂષણો, સહસ મુનિ સંગાથ,
મહા શુદિ તેરશ વ્રત ધરી, જગ વિચરે જગનાથ....૩....
પોષ રાકા દધિપર્ણ, અધ જ્ઞાન ચોસઠ હજાર,
સાધુ સંયતિ ચારસેં, બાસઠ સહસશું ધાર....૪....
પ્રભુ આયુ દશ લાખ વર્ષ, આઠસેં મુનિવર સાથ,
જેઠ શુદિ પંચમી સમેત, શૈલ વર્યા શિવ નાથ....૫....
ગર્ભવાસ અડ માસ દિન, છવ્વીશ કિન્નર દેવ,
દેવી કંદર્પા સંઘનાં, કષ્ટ હરે નિત્યમેવ....૬....

## (૧૬) શાંતિનાથનું

વિશ્વસેન અચિરાતણો, નંદ ઇક્ષ્વાકુ ભાણુ,
ભરણી રૂક્ષ રાશિ મેષ, સેવે સુર નર રાણુ...૧....
ભાદ્ર વદિ સાતમ ચવ્યા, જેઠ વદ તેરશ જાત,
મૃગ લંછન હેમ વર્ણ કાય, ચાલીશ ધનુ વિખ્યાત....૨....
ગજપુરી ભૂષણ પ્રભુ, સંયમ સહશશું લીધ,
જયેષ્ઠ વદિ ચૌદશ દિને, સકલ મનોરથ સિદ્ધ....૩....
પોષ શુદિ નવમી તરૂ, નંદી જ્ઞાન હજાર,
બાસઠ મુનિ સાધવી સહસ, એકસઠ છસેં ધાર....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરસ લક્ષ એક આઉખું, નવસેં પચાસ મુનિ સાથ,
જેઠ વદિ ચૌદશે ગ્રહ્યો, સમેત શિવવધુ હાથ....૫...
ગર્ભમાસ નવ દિન ખટ, યક્ષવર ગરુડ સૂર,
નિર્વાણી નિત્ય-નિત્ય કરે, શાસન સંઘ સનૂર....૬....

## (૧૭) કુંથુનાથનું

શ્રી માતા સુરરાય નંદ, નભોમણિ ઇક્ષ્વાકુ,
વૃષ રાશિ નક્ષત્ર શુભ, કૃતિકા રોધભવાકુ....૧....
શ્રાવણ વદ નોમે ચવ્યા, રાધ વદ ચૌદશ જાત,
સ્તુભ લંછન પાંત્રીશ ધનુષ, દેહ સોવન સુજાત....૨....
ગજપુરી પુર મંડનો, સંયમ સહસશું લાય,
માધવ વદિ પંચમી દિને, ગુણગણ સુર નર ગાય....૩....
મધુ શુદ ત્રીજ તિલક તરુ, કેવલ સાઠ હજાર,
સાધુ છસેં સુસંયતિ, સાઠ સહસ પર ધાર....૪....
સહસ પંચાણું વર્ષ આય, સહસ મુનિવર સાથ,
રાધ વદિ એકમ સમેત, શૈલ વર્યા શિવનાથ....૫....
ગર્ભમાસ નવ પાંચ દિન, ગંધર્વ વર સુર,
શાસનસૂરિ ભલા કરે, સંઘ વિઘન સહુ દૂર....૬....

## (૧૮) અરનાથનું

પિતા સુદર્શન દેવી નંદ, વંશ ઇક્ષ્વાકુ ચંદ,
મીન રાશિ ઉડુ રેવતી, જય જય જગદાનંદ....૧....
ફાગણ શુદિ બીજે ચવ્યા, સહ શુદિ દશમી જાત,
લંછન નંદાવર્ત્ત હેમ, વરણ ત્રીશ ધનુ તાત....૨...
ગજપુરરાય સંયમ લહે, સહસ સોભાગી સાથ,
માગશર શુદિ એકાદશી, સેવે સુર નર નાથ....૩....
આમ્ર તળે કાર્તિક શુદિ, બારશ કેવલ જ્ઞાન,
પચાસ હજાર મુનિ સહસ, આઠ સુસંયતિ માન....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ ચોરાશી વર્ષ આય, સહસ મુનિવર સાથ,
સહ શુદિ દશમી શ્રી સમેત, શૈલ થયા સિદ્ધનાથ....૫....
ગર્ભમાસ નવ આઠ દિન, પ્રભુ શાસન સુર ઇંદ્ર
સંઘ વિઘન દૂરે કરે, ધારિણી માત અનિદ્ર....૬....

## (૧૯) મલ્લિનાથનું

ઇક્ષ્વાકુ કુલચંદ નંદ, પ્રભાવતી કુંભરાય,
ઉડુ અશ્વિની રાશિ મેષ, સુર નર પ્રણમે પાય....૧....
ફાગણ શુદ ચોથે ચવ્યા, નીલ વરણ કુંભ અંક,
સહ શુદિ જાત એકાદશી, પચીશ ધનુ નિષ્પંક....૨....
મિથિલાપુર વર રાજીયો, સંયમ ત્રણશેં સાથ,
સહ શુદિ એકાદશી ધરે, ભવિ કમલવન પાથ....૩....
સહ શુદિ એકાદશી તરુ, અશોક જ્ઞાન હજાર,
ચાલીશ સુમુનિ સંયતિ, સહસ પંચાવન ધાર....૪....
સહસ પંચાવન વર્ષ આય, સમેત શૈલ કિરતાર,
પંચ સયા સહ શિવ વર્યા, સહ શુદિ દશમી સાર....૫....
ગર્ભમાસ નવ સાત દિન, તીરથ યક્ષ કુબેર,
સંઘતણી સેવા કરે, વૈરોટ્યા ધરી મહેર....૬....

## (૨૦) મુનિસુવ્રત સ્વામીનું

સુમિત્ર પદ્મા નંદલો, હરિવંશ નભ ભાણ,
શ્રાવણ ઉડુ રાશિ મકર, પ્રણમે સુર નર રાણ....૧....
શ્રાવણ રાકા દિન ચવ્યા, જેઠ વદ આઠમ જાત,
કચ્છપ લંછન શામળા, વીશ ધનુ તનુ તાત....૨....
રાજગૃહી નગરી ધણી, સંયમ સહસ સંગાથ,
ફાગણ શુદિ બારશ ગ્રહે, ત્રિ જગ જન્તુ નાથ...૩....
ફાગણ વદ બારશ તરુ, ચંપક કેવલ સાર,
ત્રીશ સહસ મુનિ સાધવી, પચાસ સહસ પરિવાર...૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ ત્રીશ સહસ વરસ, જેઠ વદ નોમ ઉદાર,
સાધુ-સાધવી સહસશું, સમેત શૈલ ભવ પાર....૫...
ગર્ભમાસ નવ આઠ દિન, યક્ષ વરુણ વર સુર,
નરદત્તા સંઘને સદા, આપે સુખ ભરપૂર...૬....

## (૨૧) નમિનાથનું

વિજયરાય વપ્રાતણો, નંદ ઇક્ષ્વાકુ વંશ,
ભ અશ્વિની રાશિ મેષ, જગજંતુ અવતંસ....૧....
આસો શુદિ રાકા ચ્યવન,નભ વદિ અષ્ટમી જાત,
નીલકમલ અંક હેમ વર્ણ, પંદર ધનુષ વિખ્યાત....૨....
મિથિલા નગરી રાજીયો, સંયમ સહસશું સાર,
અષાઢ વદિ નવમી ગ્રહ્યું, હુઓ જય-જયકાર....૩....
સહ શુદિ એકાદશી, તરુ બકુલ કેવલ ધાર,
વીશ સહસ મુનિ સંયતિ, એકતાલીશ હજાર....૪....
વરસ સહસ દશ આઉખું, સહસ મુનિવર સાથ,
રાધ વદિ દશમી વર્યા, સમેત શૈલ શિવનાથ...૫...
ગર્ભવાસ નવ માસ દિન, અષ્ટ ભૃકુટી યક્ષ,
માત ગંધારી સેવના, નિત્ય કરે પ્રભુ પક્ષ....૬....

## (૨૨) નેમિનાથનું

સમુદ્રવિજય શિવાતણો, નંદ હરિવંશ કેતુ,
ભ કન્યા ચિત્રા ઉડુ, સુંદર ભવ સેતુ....૧....
ઉર્જ વદિ બારશ ચવ્યા, નભ શુદિ પંચમી જાત,
શંખ લંછન ને શામળા, દશ ધનુ તનુ અવદાત....૨....
શૌરિપુરી નયરી ધણી, એક સહસ સંગાથ,
આ બ્રહ્મચારી વ્રત ધર્યું, શ્રાવણ શુદિ છઠ નાથ....૩....
આસો અમાસે કેવલી, વેતસ તરુ છાય,
ચાલીશ સહસ સુસંયતિ, અઢાર સહસ મુનિરાય....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ સહસ એક વર્ષનું, શુચિ શુદ આઠમ સાર
પાંચશેં છત્રીશ મુનિ સહિત,સિદ્ધ વર્યા ગિરનાર....૫....
ગર્ભમાસ નવ આઠ દિન, ગોમેધ યક્ષ સનૂર,
સૂરિ અંબિકા સંઘનાં, વિઘ્ન કરે ચકચૂર....૬....

## (૨૩) પાર્શ્વનાથનું

ઇક્ષ્વાકુ કુલ અશ્વસેન, વામા કુખ સર હંસ,
તુલા વિશાખા રાશિ રૂક્ષ, ત્રણ જગત પર શંસ....૧....
ચૈત્ર વદિ ચોથે ચવ્યા, પોષ દશમીએ જાત,
નીલ વરણુ લંછન અહિ, તન નવ હાથ વિખ્યાત....૨....
વાણારસી નયરી ધણી, ત્રણશેં સહ સૌભાગી,
પોષ વદિ એકાદશી, લહે વ્રત વડ વૈરાગી....૩....
ચૈત્ર વદિ ચોથે તરુ, ધ્વજ તળે કેવલ લીધ,
સહસ આડત્રીશ સંયતિ, સોળ સહસ મુનિ કીધ....૪....
એક શત વર્ષનું આઉખું, નભ શુદ આઠમ દિન,
તેત્રીશ મુનિ સાથે સમેત, સિદ્ધ્યા નાથ નગીન....૫....
ગર્ભવાસ નવ માસ દિન, ખટ ધરણેન્દ્ર સુદેવ,
શાસન સૂરી પદ્માવતી, સાર કરે નિત્યમેવ....૬....

## (૨૪) મહાવીર સ્વામીનું

સિદ્ધારથ ત્રિશલાતણો, વંશ ઇક્ષ્વાકુ નંદ,
ઉત્તરા ઉડુ નાથને, કન્યા રાશિ અમંદ ...૧....
શુચિ શુદિ છઠ દિન ચવ્યા, મધુ શુદિ તેરશ જાત,
હરિ લંછન હેમ વર્ણ પૂર, સાત હાથ જગતાત....૨....
કુંડલપુર વર રાજીયો, સહ વદ દશમી દિન,
એકાકી સંયમ વર્યા, જય-જય નાથ નગીન....૩....
માધવ શુદિ દશમી પ્રભુ, જ્ઞાન શાલ તરુ પાય,
છત્રીસ સહસ સુસંયતિ, ચૌદ સહસ મુનિરાય....૪...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહોંતેર વર્ષનું આઉખું, કાર્તિક વદિ અમાસ,
પામ્યા એકાકી પ્રભુ, પાવાપુરી શિવવાસ....૫....
ગર્ભવાસ નવ માસ દિન, સાત યક્ષ માતંગ,
સિદ્ધાયિકા સેવા કરે, હૃદય ધરી ઉછરંગ....૬...
ગોધા કરે નિધિ-નિધિ શશી, રચી ચોવીશી અમોલ,
વેદ વ્યોમ નભ યુગ સૂરત, હંસ સુધાર્યો બોલ....૭....

**હંસસાગરજી કૃત ચોવીશીના અઘરા શબ્દો સાર્થ**

અંક-લંછન, મધુ-ચૈત્રમાસ, માધવ-વૈશાખ, રાધ-વૈશાખ, નભ-શ્રાવણ, શુક્ર-જ્યેષ્ઠ, નભસ્ય-ભાદ્રપદ, શુચિ-આષાઢ, ઉર્જ-કાર્તિક, સહ-માગશર, નેતુ-પ્રભુના, રુક્ષ-નક્ષત્ર, રાકા-પૂર્ણિમા, ખડ્ગી-ગેંડો, સ્તુભ-બોકડો, ઉડુ-નક્ષત્ર, રોધભવાકુ-સંસાર અટકયો છે તેવા ।

## (૧૦) શીલરત્નસૂરિ કૃત ચોવીશી

### (૧) ઋષભદેવનું

ચિદાનંદલીલારસાસ્વાદલીનં, ગુણૈઃસિદ્ધિભાજામનંતૈરહીનં,
મુદા સર્વદા શ્રીયુગાદીશદેવં, સ્તુવે ભદ્રદાયિક્રમામ્ભોજસેવં....૧
ગૃહસ્થોબભાષેકલાશિલ્પસારં, ક્રમાત્ કેવલીયશ્ચધર્મપ્રકારં,
સ એવ પ્રભુઃ સર્વલોકોપકારી,
ન ચાન્યસ્તતો જ્ઞાનનૈર્મલ્યધારી....૨
મહાશુદ્ધસિદ્ધાન્ત મધ્યે પ્રસિદ્ધ,
પ્રતીતં પુરાણેષુ શોભાસમૃદ્ધં,
ગતં વેદવેદાન્તશાસ્ત્રેઽવદાતં,
યદીયં ચરિત્રં ન ચ ક્વાપિ માતં....૩
અનન્તં પુનન્તં જનં ભક્તિમન્તં,
હરન્તં દુરન્તં પ્રમાદં સ્ફુરન્તં,
જિનં નાભિભૂપાલવંશાવતંસં,
શ્રયે તં શરણ્યં જિવામ્ભોજહંસં....૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલાકેલિસર્પપ્રણાશે સુપર્ણઃ, સુવર્ણોપમાનોલ્લસદ્દેહવર્ણઃ,
વૃષાંકઃ સુખાંકૂરમેઘઃ સુરમ્યં,
યુગાદીશ્વરો મે પ્રદત્તાં સુસામ્યં....૫

## (૨) અજીતનાથનું

કુશલકાનનપુષ્ટિબલાંગકં, ભવદવાનલશાન્તિબલાહકં,
અજિતતીર્થપતિં શ્રિતવત્સલં,
ભજત ભવ્યજના ! વિગતચ્છલં....૧
વિમલકેવલબોધકલાધરં, ભવિકલોકચકોરકલાધરં,
કરિવરાંકિતપાદપયોરુહં, નમ જિનં જિતશત્રુતનૂરુહં....૨
વિજયિની જનની નનુ ગર્ભગે,
વ્યજનિ યત્ર બુધૈઃ સદિદં જગે,
મૃગપતૌ સબલેન્તરમાશ્રિતે,
ગિરિગુહા કિલ કૈઃપરિભૂયતે ?....૩
અપિ ગદાયુધચક્રિપુરંદર-સ્થિરપરાક્રમભંગકરઃ સ્મરઃ,
સુકૃતિભિઃકિલ યસ્ય જગત્પતેર્ઝટિતિ નામબલાદપિ જીયતે....૪
સતતમક્ષયમોક્ષપદં શ્રિતઃ, સ્ફુરદનંતચતુષ્ટયસોભિતઃ,
અજિતતીર્થકરો મમ મંગલં,
દિશતુ શાશ્વતસૌખ્યમલમ્ફલમ્....૫

## (૩) સંભવનાથનું

લોચનાનંદ વિસ્તારિ ચંદ્રાનનં,
મોહમાતંગભેદાય પંચાનનં,
વિશ્વવિખ્યાતનિત્યોદિતપ્રાભવં,
સંભવં શંભવં સ્તૌમિ ભક્ત્યાભવં....૧
યેન ગર્ભસ્થિતેનાપિ ભૂમંડલે,
શસ્યવૃધ્ધ્યા સુભિક્ષં વિધાયાખિલે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલિત્વે પુનર્બોધિબીજાર્પણાદ્ધારી ?
વાત્સલ્યધીઃ સર્વસાધારણા....૨
શોષિતો યેન સંસારઘોરાર્ણવશ્ચૂર્ણિતશ્ચ પ્રમાદાચલઃ સધ્રુવઃ
મોહસેનાપિ સા દુર્જયા નિર્જિતા,
શક્તિમાનં ગુરૂણાં હિ કો વેદિતા....૩
દેવદેવં દયાવલ્લરીમંડપં, દુષ્કૃતાનોકહચ્છેદકાનેકપં,
પાપપંકાપનોદાય ચંડાતપં,
સંસ્તુવે તં તૃતીયં તુ તીર્થાધિપં....૪
શ્રીજિતારિક્ષમાપાલસેનાંગજઃ,
સ્વર્ણશૈલદ્યુતિભ્રાજિવાજિધ્વજઃ,
તીર્થનાથસ્તૃતીયોઽસ્તુ રત્નત્રય-
ત્રાયકો મે ત્રિલોકી શવંધોદય....૫

## (૪) અભિનંદનનું

ગુણૌઘમંદારનિવાસનંદનં, મિથ્યાત્વપાપોપશમાય ચંદનમ્
શ્રીસંવરક્ષ્મારમણસ્ય નંદનં,
મુદા સ્તુવે તીર્થકરાભિનંદનં....૧
યં સંસ્તુવાનસ્ય દૃશાતરંગિની,
સહસ્રચંદ્રાંશુરયાત્ પ્રસર્પિની,
ક્ષેત્રે નદીમાતૃકતાગતે હરેર્વૃદ્ધિં યયૌ ભક્તિલતામનોહરે....૨
ભજન્ વનૌકા અપિ યસ્યનિશ્ચલં,
પાદાંબુજં નિત્યમહોમહાફલં,
જિનેંદ્રવાચ્યં હરિતામસંગતઃ,
સ્યાન્નિષ્ફલં નો ગુરૂસેવનં તતઃ...૩
પરાભવન્ યોગબલેન સંવરદ્વિષં સુવિસ્તારિતરાજિસંવરઃ,
દદાતુ દેવો નવમં રસં વર-સ્વજન્મસંતર્પિતરાજસંવરઃ....૪
ધ્યાનં ચતુર્થં સમવાપ્ય વિશ્રુતં,
યોઽર્થં ચતુર્થં ભજતિસ્મ શાશ્વતં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરે ચતુર્થે શુભિતઃ શુભોદયશ્ચતુર્થતીર્થપ્રભુરસ્તુ સશ્રિયે....૫

## (૫) સુમતિનાથનું

મંગલાવલીનદીમહાર્ણવં, મંગલાપ્રવરકુક્ષિસંભવમ્
મેઘભૂપતિસુતં દયાલતા-મેઘમંચત જિનં જના રતાઃ....૧
માતુરુત્તમતમાભવ-મતિર્ગર્ભંગેઽપિ નનુ યત્ર જાગ્રતિ,
અત્ર કિં કુતુકમસ્ય સંસ્મૃતેરપ્યદોષધિષણાપ્રજાયતે....૨
અંગુલીદલવિરાજિકોમલમ્, સ્મેરમુત્તમગુણાલિકોમલમ્
યસ્ય શસ્યપદપદ્મયામલમ્, સંશ્રયન્નલભતે નયામલમ્....૩
પંચબાણબલભંજનક્ષમમ્, પંચભેદિવિષયચ્છિદાગમમ્
પંચસારસમિતિપ્રપંચકમ્, પંચમં નમત તીર્થનાયકમ્...૪
કર્ણિકારકુસુમાસમપ્રભઃ, ક્રૌંચલક્ષિતપદો હતાશુભઃ,
તીર્થનાથસુમતિર્મનોધૃતિં, યચ્છતાન્મમ તથા ચનિર્વૃત્તિમ્ ..૫

## (૬) પદ્મપ્રભુનું

પ્રશસ્તપદ્માકરવત્સુવૃત્તઃ શ્રીસદ્મપદ્માંકપદોઽતિવિત્તઃ,
પદ્મપ્રભઃપાતુ વિભુર્વિભાવ-વિભાવરીયાન્ કૃતકર્મલાવઃ...૧
સરોરુહંરાજગણેન વન્દ્ય-માનં યદંહ્રિશ્રયણેન સદ્યઃ,
પરાભવં રાજભવં નિરાસ્ય, પ્રમાણમેતન્મહદાશ્રયસ્ય....૨
મૂર્ત્તા વિભાન્ત્યત્ર વિભાતસન્ધ્યાઃ,
સદ્ધર્મકર્મપ્રકૃતાવવન્ધ્યા,
મૂર્તિર્યદીયાઽવસરં વિવેકા-દિત્યોદયાર્થં દદતે પ્રવેકા....૩
ધરાધિરાજો ધર એવ ધન્યઃ, સીમાસુસીમારમણોનચાન્યઃ,
કુલે યદીયે કમલે મરાલ-લીલાં લલૌ યઃ સુષમાવિશાલઃ....૪
પ્રવાલબાલારુણપદ્મરાગ-રમ્યાંગકાન્તિઃ પરિમુક્તરાગઃ,
ષડન્તરારિક્ષયકારશક્તિ, ષષ્ઠો જિનો યચ્છતુ મે સુયુક્તિ....૫

## (૭) સુપાર્શ્વનાથનું

શ્રીપ્રતિષ્ઠનરનાથતનૂજમ્, સુપ્રતિષ્ઠનરનિર્મિતપૂજમ્,
દેવદેવમભિનૌમિ સુપાર્શ્વમ્, દેવતાઽધિપતિસેવિતપાર્શ્વમ્....૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વસ્તિકારણમનોહરદષ્ટિમ્, સ્વસ્તિકાંકિતપદં કૃતતુષ્ટિમ,
યં જનસ્ય ભજતો નનુ પૃથ્વી–સૂનુમૃદ્ધિરિહ રાજતિ પૃથ્વી....૨
દુઃખદુર્ગતિવિરોધિવિકારા–સ્તાવદેવ ભવિનાં સ્યુરપારાઃ
યસ્ય યાદવતુલં ત્વભિધાનં, સ્મર્યતે ન શુભસિદ્ધિવિધાનમ્....૩
દર્શનશ્રુતલઘૂ રુચરિત્રા–રાગતાઃ શિવફલા ઇતિનેત્રાઃ
યેન જલ્પિતુમિવાચ્ચપતાકા, ઉચ્છ્રિતાઃ પ્રકટપંચકણાંકાઃ....૪
હારિવારિજરજઃ કરણુરંગત પિંજરાંજગસુભગઃ શુભચંગઃ,
શ્રીસુપાર્શ્વભગવાનઘસંગ–શ્છેદકોડસ્તુ ગુણગૌરવતુંગઃ....૫

## (૮) ચંદ્રપ્રભુનું

ચંદ્રોપલપ્રવરચંદ્રમયુખચંદ્ર ગૌરાંગસંગતગુણાશ્રમસુક્તતંદ્ર !
ચંદ્રપ્રભ ત્રિભુવનાધિપતે પ્રસીદ
સૌભાગ્યસુંદરવિભો કુશલાવલીદ....૧
શ્રીખંડપાંડુરમુદારતનું ભવંતં,
વ્યાખ્યાનસદ્મનિ સુવાગમૃતં કિરંતં,
સકલ સુરાસુર સાહિબો, નમીયે જિનવર નેમ,
પંચમી તિથિ જગ પરવડો, પાલો જન બહુ પ્રેમ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિન કલ્યાણક એ તિથે, સંભવ કેવલ જ્ઞાન,
સુવિધિ જિનેસર જનમીયા, સેવો થઈ સાવધાન....૨...
સ્યવન ચંદ્ર પ્રભુ જાણીએ, અજિત સુમતિ અનંત,
પંચમી દિને મોક્ષે ગયા ભેટો ભવિજન સંત....૩....
કુંથુ જિન સંજમ ગ્રહ્યો, પંચમી ગતિ જિનધર્મ,
નેમિ જન્મ વખાણીએ, પંચમી તિથિ જગ શર્મ....૪....
પંચમીના આરાધને, પામે પંચમ જ્ઞાન,
ગુણમંજરી વરદત્ત તે, પહોંચ્યા મોક્ષ સુઠાણ....૫...
કાર્તિક શુદ્ધ પંચમી થકી, તપ માંડીજે ખાશ,
પંચ વરસ આરાધીએ, ઉપર વળી પંચ માસ....૬....
દશ ક્ષેત્રે નેવું જિન તણાં, પંચમી દિન કલ્યાણ,
એહ તિથિ આરાધતાં, પામે શિવપદ ઠાણ....૭....
પડિકમણાં દોય ટંકનાં, કરિએ શુદ્ધ આચાર,
દેવ વંદો ત્રણ કાલનાં, પહોંચાડે ભવપાર....૮....
નમો નાણુસ્સ ગણણું ગણો, નવકારવાલી વીશ,
સામાયિક શુદ્ધ મને, ધરીએ શિયલ જગીશ....૯....
એણીપરે પંચમી પાળશે, ભવિજન પ્રાણી જેહ,
અજરામર સુખ પામશે, હંસ કહે ગુણગેહ....૧૦....

[૧૨]

યુગલા ધર્મ નિવારીઓ, આદિમ અરિહંત,
શાંતિકરણ શ્રી શાંતિનાથ, જગ કરુણાવંત....૧....
નેમિનાથ બાવીશમા, બાલ થકી બ્રહ્મચારી,
પ્રગટ પ્રભાવી પાર્શ્વદેવ, રત્નત્રયી ધારી....૨....
વર્ત્તમાન શાસન ધણીએ, વર્ધમાન જગદીશ,
પાંચે જિનવર પ્રણમતાં, વાધે જગમાં જગીશ....૩....
જન્મ કલ્યાણક પંચ રૂપ, સોહમપતિ આવે,
પંચ વર્ણ કલશે કરી, સુરગિરિ નવરાવે....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચ સાખ અંગુઠડે, અમૃત સંચારે,
બાલપણે જિનરાજ કાજ, એમ ભક્તિ શું ધારે....૫....
પાંચ ધાવ પાલીજ તે, જોવન વય આવે,
પંચ વિષય વિષવેલી તોડી, સંજમ મન ભાવે....૬....
છંડી પંચ પ્રમાદ પંચ, ઇન્દ્રિય બલ મોડી,
પંચ મહાવ્રત આદરે, દેઈ ધન કોડી...૭....
પંચાચાર આરાધતાં, પામ્યા પંચમ જ્ઞાન,
પંચ દેહ વર્જિત થયા, પંચ હ્રસ્વાક્ષર માન....૮....
પંચમી ગતિ ભરતાર તાર, પૂરણ પરમાણંદ,
પંચમી તપ આરાધતાં, ક્ષમાવિજય જિનચંદ....૯...

[૧૩]

પંચમી દિન પ્રભુ જનમીયા, નેમિ જિણંદ જગભાણ,
અજિત અનંત સંભવ લહે, પંચમી ગતિ ગુણખાણ....૧....
સુવિધિ જિનેસર જનમીયા, સંભવ કેવલ નાણ,
દીક્ષા કુંથુજિન ગૃહે, ચંદ્રપ્રભ ચવન કલ્યાણ....૨....
પંચમી તપ વલી કીજિએ, પંચ વરસ પંચ માસ,
જાવ જીવ લગી જે કરે, પામે જ્ઞાન ઉલ્લાસ....૩....
આગમ પાંચ પ્રકારનાં, સૂત્ર નિર્યુક્તિ સાર,
ટીકા ભાષ્ય ને ચૂરણી, પંચમ અંગ મોઝાર....૪....
છંડે પંચ પ્રમાદને, પંચમી ગતિ લહે તેહ,
વીર પ્રભુ મુજ દીજીએ, કીર્તિચંદ્ર શિવ ગેહ....૫....

## અષ્ટમીના ચૈત્યવંદનો

[૧]

શાસન નાયક સમરિએ, વર્ધમાન જિનચંદ,
અષ્ટમી તિથિને વર્ણવું, ધ્યાવો મન આણંદ....૧....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભ જન્મ દીક્ષા પ્રભુ, શીતલ ચ્યવન જિણંદ,
અજિત સુમતિ નમીનાથજી જન્મ્યા તિથિ આણંદ....૨....
સંભવ ને સુપાસજી, ચ્યવન કલ્યાણક જાણ,
અભિનંદન નેમિ પાસ જિન, પામ્યા પદ નિર્વાણ....૩....
મુનિસુવ્રત અષ્ટમી તિથે, જન્મ્યાં જિનવર શ્યામ,
ઇત્યાદિક દ્વાદશ કહ્યા, કલ્યાણક શુભ કામ....૪....
પર્વ તિથે પોસહ કરો, આણી મન એક તાર,
અષ્ટ કર્મ મદ મોડવા, સેવો એ તિથિ સાર....૫....
સુજશ રાજાની પરે, સેવો ધરી બહુ પ્યાર,
રિદ્ધિ સિદ્ધિ બહુ પામશો, સેવો તમે નર નાર....૬....
શીલ સંતોષ ને ધારીએ, તજીએ જૂઠ અભિમાન,
મન વચ કાયાએ સેવતાં, પામે અમર વિમાન....૭....
આરાધતા અષ્ટમી તિથિ, પામે ભવનો પાર,
હંસ કહે પ્રભુ સેવતાં, પામે જય જયકાર....૮....

(આમાં શીતલનાથનું વધારે છે બીજે નથી)

[૨]

આઠ ત્રિગુણ જિનવર તણી, નિત્ય કીજે સેવા,
વહાલી મુજ મન અતિ ઘણી, જેમ ગજ મન રેવા....૧....
પ્રાતિહારજ આઠશું, ઠકુરાઇ છાજે,
આઠે મંગલ આગળે, જેહ ને વળી રાજે....૨....
ભાંજે ભય આઠ મોટકા એ, આઠ કર્મ કરે દૂર,
આઠમ દિન આરાધતાં, જ્ઞાનવિમલ ભરપૂર....૩....

[૩]

અષ્ટમી તપ આરાધીએ, ભાવ ધરી ઉલ્લાસ,
આઠ આત્માને ઓળખો, પામો લીલ વિલાસ....૧....
આઠ બુદ્ધિ ગુણ આદરો, વલી અષ્ટાંગહ યોગ,
અષ્ટ મહા સિદ્ધિ સંપજે, નાવે શોક ન રોગ....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગદૃષ્ટિ ને આદરોએ, મિત્રાદિક સુખકાર,
અષ્ટ મહામદ ટાલીએ, જિમ પામો ભવપાર....૩....
પ્રવચન માતા આઠને, આદરો ધરી મનરંગ,
આઠ જ્ઞાન ને ઓળખો, શિવવધૂ નો કરો સંગ....૪....
ગણી સંપદા આઠમી, આઠમ દિને ધારો,
નરક તિર્યંચ ગતિ દુઃખની, તેહનો નહીં ચારો....૫....
આઠ જાતિ કલશે કરી એ, નવરાવો જિનરાય,
આઠ યોજન જાડી કહી, સિદ્ધ શિલા મુનિરાય....૬....
પૂજા અષ્ટ પ્રકાર ની, સમજી કરો તસ મર્મ,
અષ્ટમી કરતા પ્રાણીઓ, ક્ષય કરે આઠે કર્મ....૭....
દૂર કરી આઠ દોષ ને, તિમ અડ ગુણ પાળો,
જ્ઞાન દર્શન ચારિત્ર ના, આઠ અતિચાર ટાળો....૮....
આઠ આઠ પ્રકારના એ, ભેદ અનેક પ્રકાર,
અષ્ટમી ફલ પ્રભુ ભાખીઆ, ત્રિગડે બેસી સાર....૯....
ફાગણ વદી આઠમ દિને, મરુદેવી જાયો,
દીક્ષા પણ તેહિજ દિને, સુર નર મલી ગાયો....૧૦....
સુમતિ અજિત જન્મ સાર, સંભવ જિન ચ્યવન,
આઠમ દિન બહુ જાણજો, કલ્યાણક નિધિ ભવન....૧૧....
અષ્ટમી તપ ભવિયણ કરે એ, કર્મ તપાવે જેહ,
તપ કરતાં જસ સંપજે, શુભ ફલ પામે તેહ....૧૨....

[૪]

મહાશુદિ આઠમ દિને, વિજયા સુત જાયો,
તેમ ફાગણ શુદિ આઠમે, સંભવ ચવિ આયો....૧....
ચૈતર વદની આઠમે જન્મ્યા ઋષભ જિણંદ,
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ....૨....
માધવ શુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર,
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિ જિણંદ,
આઠ જાતિ કલશે કરી, ન્હવરાવે સુર ઇંદ....૪....
જનમ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી,
નેમ આષાઢ શુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી....૫....
શ્રાવણ વદની આઠમે, નમિ જનમ્યા જગભાણ,
તેમ શ્રાવણ શુદિ આઠમે, પાસજીનું નિર્વાણ....૬....
ભાદરવા વદિ આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ,
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ....૭....

[૫]

અષ્ટમી દિન ધન જિનવર, ચંદ્રપ્રભુ મનોહાર,
સેવા કરતાં જેહની, ટાલે ભવ દુઃખ દ્વાર....૧....
ભગવત્ ભાખી જે વચન, ધારે ગુણ ભંડાર,
તેહિજ અષ્ટમી તપ ભણું, આગમ અર્થ ઉદાર....૨....
જ્ઞાયક જ્ઞેય સ્વરૂપથી, ચરણ ધરે સુખકાર,
અષ્ટમી તપ આરાધવા, કરે શુભ ભાવ વિચાર....૩....
અષ્ટ વરસ આઠ માસની, તપવિધિ વિધિમાં સાર,
શ્રાવક તન-મન વચનથી, પાલે નિરતિચાર....૪....
પોસહ પડિકમણું કરીએ, પૂજે જિન અંગ અવિકાર,
કરુણાસાગર ગુણ ભર્યા, મુનિજન વંદે વિચાર....૫....
આગમ વયણ સુણિ કરીએ, પૂછે પ્રશ્ન વિચાર,
ગુરુ ગમ લહીને સદ્દહે, સમકિત વડ વિસ્તાર....૬....
પરમ પુરુષ પરમેસરુ, પરમાતમ જગદીશ,
ચંદ્રપ્રભુ જિન આઠમાં, વંદો તે સુજગીશ....૭....
સારણ વારણ ચોયણા, પ્રતિ ચોયણાનાં જાણ,
વસ્ત્ર દીએ જો તેહને, લહે સુખ નિરવાણ....૮....
એહવી વાણી સ્વમુખે, ફરમાવે જિનરાજ,
ભવ્ય જીવ શ્રવણે સુણી, ધારે આતમ કાજ....૯....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માન ક્રોધ મદ પરિહરી, ધારો શુદ્ધ સ્વભાવ,
આતમજ્ઞાન નયે ગૃહી, આનંદઘન રસ પાવ....૧૦....
શાંતિ સુધારસ ગુણભર્યાએ, અનુભવ ભાવ જિણંદ,
ચરણુ તેજ અમૃત સમો, રત્નમુનિ આણંદ....૧૧....
ઉજ્જવલ અષ્ટમી દિન કહ્યું, સમકીતિ ને સુખદાઇ,
ચંદ્રમુનિ ગુણ યોગ્યતા, લહિ આગમ ગુણ છાઇ....૧૨....

[૬]

ચૈતર વદિ આઠમ દિને, મરુદેવી જાયો,
આઠ જાતિ દિશિકુમરી, આઠે દિશી ગાયો....૧....
આઠ ઇન્દ્રાણી નાથશું, સુર સંગતે લઇ આવે,
સુરગિરિ ઉપર સુરવરા, સર્વે મલી ગાવે....૨....
આઠ જાતિ કલશા ભરી, ચોસઠ હજાર
દો સય ને પચાસ માનો, અભિષેક ઉદાર....૩....
એક ક્રોડ ને સાઠ લાખ, ઉંચા શતકોષ,
પહોળપણે અડિયાલ કોષ, કલશા જલકોષ....૪....
ચાર રિખભ અડ શ્રૃંગ રંગ, આઠે જલ ધારે,
ન્હવરાવી જિનરાજને, સુરેન્દ્ર પાપ પખાલે....૫....
ક્ષુદ્રાદિક અડ દોષ શોષ, કરી અડગુણ પેખો,
ટાલો આઠ પ્રમાદ આઠ, મંગલ આલેખો....૬....
કોડી આઠ ચઉગુણા, કંચન વરસાવે,
પ્રભુ સોંપી નિજ માતને, નંદીશ્વર જાવે....૭....
અઠ્ઠાઇ મહોત્સવ કરે એ, ઠવણા જિણ ઉદ્દેશ,
અષ્ટ પ્રકારે પૂજીએ, અષ્ટમી દિન સુવિશેષ....૮....
રિષભ અજિત સુમતિ નમી, મુનિસુવ્રત જન્મ,
અભિનંદન ને નેમિ પાસ, પામ્યા શિવ શર્મ....૯....
સંભવ દેવ સુપાસ દોય, સુરભવ થી ચવિયા,
સેના પુહવી માત દુગ, ઉદરે અવતરિયા....૧૦....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરસ એક ઉદ્‌ઘોષણાએ, ઋષભ લીએ ચારિત્ર
અષ્ટમી દિન અગીયાર એમ, કલ્યાણક સુપવિત્ર....૧૧....

દર્શન જ્ઞાન ચારિત્રના, આઠે અતિચાર,
ટાળે ગાળે પાપને, પાળે પંચાચાર....૧૨....

અણિમાદિ અડ રિદ્ધિ સિદ્ધિ, ખીણમાંહે પામી,
અષ્ટ કર્મ હણીને થયા, અડ ગુણ અભિરામી....૧૩....

અષ્ટમી દિન ઉજ્જવલ મને, સમરો દશ અરિહંત,
ખીમાવિજય જિન નામથી, પ્રગટે જ્ઞાન અનંત....૧૪....

[૭]

અષ્ટમી તપ આરાધતાં, અષ્ટ કર્મ કરે ક્રૂર,
અડ બુદ્ધિ સિદ્ધિ લહે, પામે સુખ ભરપૂર....૧....

મદ આઠ અલગા તજી, દેખીએ દૃષ્ટિ આઠ,
આત્મા આઠે જાણીએ, જિમ પામો શિવવાટ....૨....
પ્રવચન માતા આઠને, આદરીએ મન રંગ,
આઠ નાણને ઓલખી, શિવ-સુંદરી કરો સંગ....૩....

આઠ જોજન જાડી કહી, સિદ્ધશિલા ગુણખાણ,
આઠ દોષ અલગા કરી, વસીયા સિદ્ધ તે ઠાણ....૪....
આદિ જિનેસર જનમીયા, દીક્ષા એ તિથિ જાણ,
અજિત સુમતિ વળી જનમીયા, સંભવ ચવન કલ્યાણ..,૫....

અભિનંદન પ્રભુ પાસજી, મુક્તે ગયા મહારાજ,
ચવન સુપાર્શ્વ જાણીએ, નમી જન્મ તિથિ આજ....૬....

મુનિસુવ્રત જિન જનમીયા, નેમી તણો નિર્વાણ,
સંપ્રતિ જિનનાં જાણીએ, કલ્યાણક ગુણ ખાણ....૭....
અષ્ટ પ્રાતિહાર્ય શોભતા, વીર જિનેન્દ્ર અભંગ,
અષ્ટમી મહિમા આખીયો, કીર્તિચંદ્ર દિલ રંગ....૮....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮]

એકે ઉણા પંચ વર્ગ, જિને આરાહો,
આઠ વર્ગ સુરપતિ નમે, ધરી અંગ ઉમાહો....૧....
ચોથા વર્ગ ને સાધવા, એહિજ પરમ ઉપાય,
અષ્ટાપદ ગીરિ થાપીયા, શ્રી ભરતેસર રાય....૨....
જ્ઞાનવિમલ પ્રભુ સેવતાંએ, આઠ કર્મ હોય દૂર,
આઠ અનંત ગુણ જિન લહો, અડ મંગલ ભરપૂર....૩....

[૯]

રાજગૃહી ઉદ્યાનમાં, વીર જિનેશ્વર આવ્યા,
દેવ ઇન્દ્ર ચોસઠ મલ્યા, પ્રણમે પ્રભુ પાયા....૧...
રજત હેમ મણિ રયણનાં, તિહુયણ કોટ બનાય,
મધ્ય મણિમય આસને, બેઠા શ્રી જિનરાય....૨...
ચઉવિહ ધર્મની દેશના, નિસુણે પરષદા બાર,
તવ ગૌતમ મહારાયને, પુછે પર્વ વિચાર....૩...
પંચ પર્વી તુમે વર્ણવી, તેમાં અધિકી કેણ,
વીર કહે ગૌતમ સુણો, અષ્ટમી પર્વ વિશેષ....૪...
બીજ ભવિ કરતાં થકાં, બીહુ વિધ ધર્મ મુણંત,
પંચમી તપ કરતાં થકાં, પાંચે જ્ઞાન ભણંત....૫....
અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટ કર્મ હણંત,
એકાદશી કરતાં થકાં, અંગ અગીયાર ભણંત....૬....
ચૌદે પૂરવધર ભલાએ, ચૌદશ આરાધે,
અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટમી ગતિ સાધે....૭....
દંડવિરજ રાજા થયો, પામ્યો કેવલ નાણ,
અષ્ટમી તપ મહિમા વડો, ભાખે શ્રી જિનભાણ....૮....
અષ્ટ કર્મ હણવા ભણીએ, કરિએ તપ સુજાણ,
ન્યાય મુનિ કહે તે ભવિ, પામે પરમ કલ્યાણ....૯....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૦]

મંત્રાદિ અડ અષ્ટબોધ, પામે અડ બુદ્ધ
ખેદાદિક અડ દોષ છેદ, પડિકમણે શુદ્ધ....૧....
અદ્વેષાદિક આઠ ગુણ ધરે, અડ મદ તજીએ,
યમ નિયમાદિક આઠ જોગ, ગુણ સંપદ ભજીએ....૨...
આઠમ દિન આરાધીએ, ધાતકી પુષ્કર અર્દ્ધ,
ક્ષમાવિજય જિન વિચરતા, પ્રાતિહાર્ય સમૃદ્ધ....૩....

## એકાદશીના ચૈત્યવંદનો

## મૌન એકાદશી

[૧]

નેમિ જિનેસર ગુણનીલો, બ્રહ્મચારી શિરદાર,
સહસ પુરુષશું આદરી, દીક્ષા જિનવર સાર....૧....
પંચાવનમેં દિન લહ્યું, નિરૂપમ કેવલ નાણ,
ભવિક જીવ પડિબોધવા, વિચરે મહિયલ જાણ....૨....
વિહાર કરંતા આવિયાએ, બાવીશમા જિનરાય,
દ્વારિકા નગરી સમોસર્યા, સમવસરણ તિહાં થાય ...૩....
બાર પરપદા તિહાં મલી, ભાખે જિનવર ધર્મ,
સર્વ પર્વતિથિ સાચવો, જિમ પામો શિવ શર્મ....૪....
તવ પૂછે હરિ નેમને, દાખો દિન મુજ એક,
થોડો ધર્મ કર્યા થકી, શુભ ફલ પામું અનેક....૫....
નેમ કહે કેશવ સુણો, વરસ દિવસમાં જોય,
માગશર શુદિ એકાદશી, એ સમો અવર ન કોય....૬....
ઇણ દિન કલ્યાણક થયાં, નેવું જિનના સાર,
એહ તિથિ આરાધતો, સુવ્રત થયો ભવ પાર....૭....
તે કારણ મોટી તિથિ, આરાધો મન શુદ્ધ,
અહો રાત્રિ પોષધ કરો, મન ધરી આતમ બુદ્ધ....૮....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોઢસો કલ્યાણક તણું, ગુણણું ગણો મન રંગ,
મૌન ધરી આરાધીયે, જિમ પામો સુખ સંગ....૯....
ઉજમણું પણ કીજીયે, ચિત્ત ધરી ઉલ્લાસ,
પાઠા ને વીટાંગણા, ઇત્યાદિ કરો ખાસ....૧૦....
એમ એકાદશી ભાવશું, આરાધે નરરાય,
ક્ષાયિક સમકિતનો ધણી, જિન વંદી ઘેર જાય....૧૧....
એકાદશી ભવિયણ કરો, ઉજ્જવલ ગુણ જિમ થાય,
ક્ષમાવિજય જિન ધ્યાનથી, શુભ સુરપતિ ગુણ ગાય....૧૨....

[૨]

શાસન નાયક જગ જયો, વર્ધમાન જગ ઇશ,
આતમ હિત ને કારણે, પ્રણમું પરમ મુનીશ....૧....
ષટ્ પરવી જેણે વર્ણવી, તેહમાં અધિકી જેહ,
એકાદશી સમ કો નહીં, આરાધો ગુણ ગેહ....૨....
માગશર શુદિ એકાદશી, આરાધો શિવ વાસ,
કલ્યાણક નેવું જિન તણાં, એક સો ને પચાસ....૩....
મહાયશ સર્વાનુભૂતિ, શ્રીધર નમિ મલ્લિ અરનાથ,
સ્વયંપ્રભ દેવશ્રુત ઉદય, મલિયા શિવપુર સાથ....૪....
અકલંક શુભંકર સુપ્રતાપ, બ્રહ્મેન્દ્ર ગુણ ગાંગિક,
સાંપ્રત મુનિ વિશિષ્ટ જિન, પામ્યા પુન્યની નીક....૫....
સુમૃદુ વ્યક્ત કલાશત, અરણ્ય યોગ અયોગ,
પરમ સુધારતિ નિકસે, તેમ પામ્યા શિવ સંયોગ....૬....
સર્વાર્થ હરિભદ્ર મગધાધિપ, પ્રયચ્છ અક્ષોભ મલયસિંહ,
દિનરૂક ધનદ પૌષથ તથા, જપતાં સફલી જેહ....૭....
પ્રલંબ ચારિત્રનિધિ પ્રશમરાજિત, સ્વામી વિપરીત પ્રસાદ
અઘટિત બ્રમણેંદ્ર ઋષભચંદ્ર, સમર્યા શિવ આસ્વાદ...૮....
દયાંત અભિનંદન રત્નેશનાથ, શ્યામકોષ્ટ મરુદેવ અતિપાર્શ્વ,
નંદિષેણ વ્રતધર નિર્વાણ તથા, થાયે શિવસુખ આશ....૯....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌંદર્ય ત્રિવિક્રમ નરસિંહ, ક્ષેમંત સંતોષિ કામનાથ,
મુનિનાથ ચંદ્રદાહ, દિલાદિત્ય, મલિયે શિવપુર સાથ..૧૦....
અષ્ટાહ્નિક વણિક ઉદયનાથ, તમોકંદ સાયકાક્ષ ખેમંત,
નિર્વાણ રવિરાજ પ્રથમ, નમતાં દુઃખનો અંત....૧૧....
પુરુરવાસ અવબોધ વિક્રમેંદ્ર, સુશાંતિ હરદેવ નંદીકેશ,
મહામૃગેન્દ્ર અશોચિત ધર્મેન્દ્ર, સંભારો નામ નિવેશ..૧૨....
અશ્વવૃંદ કુટિલક વર્ધમાન, નંદિકેશ ધર્મચંદ્ર વિવેક,
કલાપક વિસોમ અરણનાથ, સમયં ગુણ અનેક....૧૩....
ત્રણે પદે ત્રણ ચોવીશીઓ, પદે-પદે કોઠો જાણ,
ચોથા પદમાં ભાવના, આરાધો ગુણ ખાણ....૧૪....
દોઢસો કલ્યાણક તણો, ગુણનો એ મનોહાર,
ચિત્ત આણી ને આદરો, જિમ પામો ભવપાર....૧૫....
જિનવર ગુણમાલા, પુન્યની એ પ્રનાલા,
જે શિવસુખ રસાલા, પામિયે સુવિશાલા,
જિન ઉત્તમ થુણીજે, પાદ તેહના નમીજે,
નિજરૂપ સમરીજે, શિવ લક્ષ્મી વરીજે....૧૬....

[૩]

વિશ્વનાયક મુક્તિ દાયક, નમિ નેમિ નિરંજનં,
હર્ષધરી હરી પૂછે પ્રભુને, ભાખો આતમ હિતકરં,
કુણ દિવસ એવો વરસમાંહે, અલ્પ સુકૃત બહુફલં,
નેવું જિનનાં હુઆ કલ્યાણક, મૌન એકાદશી સુખકરં....૧
કેવલી મહાજશ સર્વાનુભૂતિ, શ્રીધર નાથએ;
નમિ મલ્લિ શ્રી અરનાથ જિન, સાચો શિવપુર સાથએ,
સ્વયંપ્રભ દેવશ્રુત વલી, ઉદયનાથ જિનેશ્વરં....૨નેવું
અકલંક કર્મ કલંક ટાલે, શુભંકર સમરૂ સદા,
સપ્તનાથ બ્રહ્મેન્દ્ર જિનવર ગુણનાથ નમું મુદા,
ગાંગિકનાથ સાંપ્રત મુનિનાથ વિશિષ્ઠ અતિવરં....૩નેવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી મૃદુ જિનજી જગદેવતા વ્યક્ત અરિહા વંદિએ,
શ્રી કલાશત અરણ્ય ધ્યાતા સહજ કર્મ નિકંદિએ,
યોગ અયોગશ્રી પરમ પ્રભુજી શુદ્ધાર્તિ નીકેશરં....૪નેવું
શ્રી સર્વાર્થ સકલ જ્ઞાયક હરિભદ્ર અરિહંતએ,
મગધાધિપ જિનેન્દ્ર વંદો શ્રી પ્રયચ્છ ગુણવંતએ,
અક્ષોભ મલયસિંહ દિનરુક ધનદપોષધ જયકરં....૫નેવું
શ્રી પ્રલંબ ચારિત્રનિધિ જિન પ્રશમરાજિત ધ્યાઇએ,
સ્વામી વિપરીતદેવ અહોનિશ પ્રસાદ પ્રેમે ગાઇ એ,
અઘટિત ભ્રમણેન્દ્ર પ્રભુ ઋષભચંદ્રજી અઘહરં....૬નેવું
દયાંત દાતા જગત કેરો અભિનંદન રત્નેશએ,
શ્યામકોષ્ટ મરુદેવ નાયક અતિપાર્શ્વ વિશેષએ,
નમો નંદીષેણ વ્રતધર શ્રી નિર્વાણી દુઃખહરં....૭નેવું
સૌન્દર્યજ્ઞાની ત્રિવિક્રમ જિન નરસિંહ નમો તુમે,
ક્ષેમંત સંતોષિત અરીહા કામનાથથી દુઃખ સમે,
મુનિનાથ ને શ્રી ચન્દ્રદાહએ દિલાદિત્ય ઉદયકરં....૮નેવું
અષ્ટાહ્નિક વણિક વંદો ઉદયજ્ઞાન આરાધીએ,
તમોકંદ ને સાયકાક્ષ સ્વામી ખેમંત શિવસુખ સાધીએ,
નિર્વાણી રવિરાજ સાહિબ પ્રથમનાથ પરમેશ્વરં....૯નેવું
શ્રી પુરુરવા અવબોધ જગગુરુ વિક્રમેંદ્ર વખાણીએ,
સુશાંતિ હરદેવ નંદિકેશ મહામૃગેંદ્ર મન આણીએ,
અશોચિત ચિત્તમાં વસે નીત ધર્મેંદ્ર જગજસકરં....૧૦નેવું
અષ્વવૃંદ કુટિલક વર્ધમાન નંદિકેશના,
ધર્મચંદ્ર વિવેક જગપતિ કલાપક સોહામણા,
વિસોમ સોમ્યાકૃતિ જેની અરણ્યસંગી સુખકરં....૧૧નેવું
ત્રિશ ચોવીશી દશ ક્ષેત્રે કાલત્રિક જિન લીજિએ,
પંચકલ્યાણક ત્રીસ જિનનાં દોઢસો ગુણિજિએ,
જિન ભક્તિ કરતાં ધ્યાન કોટિતપ ફલ પામે નરં....૧૨નેવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોષધ ઉપવાસ કરીને આરાધે એકાદશી,
નરભવ તેહનો સફલ થાયે પરમાનંદ પદ દેહસી,
ગુરુ રૂપકીર્ત્તિ હૃદય ધરીને માણેક મુનિ સુખકરં... ૧૩નેવું

[૪]

મલ્લિ જિનવરને નમો, કરીને નિર્મલ ભાવ,
જિનપૂજા ભવજલધિમાં, તરવાને નાવ....૧....
જન્મ દીક્ષા ને નાણુ ભાણુ, થયાં ત્રણ કલ્યાણુ,
એકાદશી દિન જેહના, પ્રણમો સુવિહાણુ...૨....
જ્ઞાનવિમલ ગુણ મૂળ થકી, સુણીએ અંગ અગ્યાર
અગીયારસ દિન તપ કરી, પામો ભવ જલ પાર....૩....

(૫)

ઉત્તમ તિથિ એકાદશી, ભાખી નેમિ જિણંદ,
મુક્તિ વધુનો માંડવો, આદરે કૃષ્ણ નરિંદ....૧....
કલ્યાણક જિનરાજનાં, દોઢસો ઇણ દિન જાણુ,
ધ્યાન ધરો મન વશ કરી, પનરે સહસ પ્રમાણુ....૨....
અર જિણંદ દીક્ષા ગૃહી, નમીને કેવલ નાણુ,
જન્મ દીક્ષા કેવલ લહ્યો, મલ્લિ જિણંદ જગભાણુ....૩....
ભરતાદિક દશ ક્ષેત્ર મેં કલ્યાણક પચાસ,
અતીત અનાગત મેલતાં, દોઢસો ગણીએ ખાસ....૪....
નમતાં નેવું જિણંદને, સુવ્રતની પરે જેહ,
મન વચ કાયા સ્થિર કરી, કીર્ત્તિચંદ્ર ગુણ ગેહ....૫....

## એકાદશી સામાન્ય

(૧)

શાસન નાયક વીરજી, પ્રભુ કેવલ પાયો,
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માધવ સિત એકાદશી, સોમિલ દ્વિજ યજ્ઞ,
ઈન્દ્રભૂતિ આદે મલ્યા, એકાદશ વિજ્ઞ....૨....
એકાદશસેં ચઉ ગુણો, તેહનો પરિવાર,
વેદ અર્થ અવલો કરે, મન અભિમાન અપાર....૩....
જિવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર,
વીરે થાપ્યા વંદીએ, જિનશાસન જયકાર....૪....
મલ્લિ જન્મ અર મલ્લિ પાસ, વર ચરણ વિલાસી,
ઋષભ અજિત સુમતિ નમી, મલ્લિ ઘનઘાતી વિનાશી....૫....
પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી,
એકાદશી દિન આપતી, ઋદ્ધિ સઘળી જોડી....૬....
દશ ક્ષેત્રે ત્રિહું કાલના, ત્રણસેં કલ્યાણ,
વર્ષ અગ્યાર એકાદશી, આરાધો વર નાણ....૭....
અગ્યાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં,
પૂંજણી ઠવણી વિંટણા, મસી કાગળ કાંઠાં....૮....
અગ્યાર અવ્રત છંડવાએ, વહો પડીમા અગ્યાર,
ક્ષમાવિજય જિન શાસને, સફલ કરો અવતાર....૯....

[૨]

અંગ અગ્યાર આરાધીએ, એકાદશી દિવસે,
એકાદશ પ્રતિમા વહો, સમકિત ગુણ વિકસે....૧....
એકાદશી દિવસે થયા, દીક્ષા ને નાણ,
જન્મ લહ્યા કેઇ જિનવરા, આગમ પરમાણ....૨....
જ્ઞાનવિમલ ગુણવાધતાએ, સકલ કલા ભંડાર,
અગીયારશ આરાધતાં, લહીએ ભવજલ પાર... ૩....

(૩)

આજ ઓચ્છવ થયો મુજ ઘરે, એકાદશી મંડાણ,
શ્રી જિનનાં ત્રણસેં ભલા, કલ્યાણક ઘર જાણ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરતરુ સુરમણિ સુરઘટ, કલ્પવેલી ફલી મારે,
એકાદશી આરાધતાં, બોધિ બીજ ચિત્ત ઠારે....૨....
નેમિ જિનેશ્વર પૂજતાંએ, પહોંચે મનના કોડ,
જ્ઞાનવિમલ ગુણથી લહો, પ્રણમો બે કર જોડ....૩...

[૪]

માગશર શુદિ એકાદશી, આરાધી મન શુદ્ધ,
કલ્યાણક દિને થયા, ત્રણશે પરિમિત શુદ્ધ....૧....
અર જિનવર દીક્ષા લીયે, મલ્લિ જિનેસર જન્મ,
સંયમ મલ્લિ જિણંદશું, મલ્લિ કેવલ સમ....૨....
નમિનાથ જિન કેવળી, એક દિન સવિ હોવે,
કલ્યાણક દસ ક્ષેત્રના, પચાશ સંખ્યા જોવે....૩....
ત્રણ કાલ સાથે ગુણો, દોઢસો કલ્યાણક થાય,
બીજી પાંચે અગ્યારશે, દોઢસો થાયે કયાંય....૪....
માગશર વદિ એકાદશી, છઠ્ઠા જિન શિવ ધામ,
પોષ વદિ અગ્યારશે, પાર્શ્વનાથ વ્રત ઠામ....૫....
પોષ શુદિ એકાદશી, અજીતનાથને નાણ,
ફાગણ વદિ અગ્યારશે, ઋષભદેવને નાણ....૬...
ચૈત્ર શુદિ એકાદશી, કેવળી સુમતિ જિણંદ,
એ પાંચે દશક્ષેત્રના, શુભ પચાસ મુણિંદ....૭...
દોઢસો તે ત્રણ કાળથી, એહથી ત્રણસે થાય,
કલ્યાણક જિનવર તણા, સેવતા સુખ થાય....૮....
અગીયારસ આરાધવાએ, ઉદ્યમ કરો શુભ ચિત્ત,
દાન દયા સૌભાગ્યથી, મુક્તિવિમલ સુખ નિત....૯....

## ચતુર્દશીના ચૈત્યવંદનો

### (૧) કાર્તિક ચોમાસી

શ્રી જિનવરના શાસને, ચોમાસી ત્રણ જાણું,
કાર્તિક ચોમાસી તણો, મહિમા ઇમ વખાણું....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંબલ તણી ઘડી ચારને, પાણી પહોરો ચાર,
સુખડી કાલ એક માસનો, પલ્લા ચાર વિચાર....૨....
સાધુ અને શ્રાવક વલી, આરાધે દિન એહ,
જ્ઞાનવિમલ ગુરૂ એમ કહે, પામે દુઃખનો છેહ....૩...

## (૨) ફાગણુ ચોમાસી

ષટ્ અઠ્ઠાઈ જે કહી, તે માંહેલી એક,
ફાગણુ ચોમાસી લહી, આરાધો સુવિવેક....૧....
કાંબલની ઘડી દો વલી, પાણી પહોરો પાંચ,
સુખડીના દિન વીશ છે, પલ્લા મુનિ ત્રણુ વાંચ....૨....
આઠ માસ છાંડે સહી, મેવો ભાજી વિચાર,
જ્ઞાનવિમલ પ્રભુ શાસને, ધન ધન તે નરનાર....૩....

## (૩) અષાઢ ચોમાસી

ચઉમાસી અષાઢ ની, મોસમ ધર્મ ની જાણુ,
દેવ ગુરુ આરાધીએ, સાંભળી જિનની વાણુ....૧....
મુનિવર પલ્લા પાંચને, સુખડી પંદર દિન,
કાંબલની ઘડી છ કહી, પાણી પહોરો તિન....૨....
પર્યુષણુ દિવાલી વલી, જ્ઞાન પાંચમ ગુણુ ગેહ,
તન મન ધ્યાને જે કરે, જ્ઞાન વિમલ લહે તેહ....૩....

## (૪)

ચૌદ સ્વપ્ન લહે માવડી, સવી જિનવર કેરી,
તે જિન નમતાં ચૌદ રાજ, લોકે ન હોય ફેરી....૧....
ચૌદ રત્નપતિ જેહના, પ્રણુમે પદ આવી,
ચૌદ વિદ્યાના થયા જાણુ, સંયમ શ્રી ભાવી....૨...
ચૌદ રાજ શિર ઉપરે, સિદ્ધિ સકલ ગુણુ ખાણુ,
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન થી, હોય અચલ અહિઠાણુ....૩...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫]

ચૌદ ભુવન વશ કારણે, વિદ્યા વર્ધમાન,
વર્ધમાન સુખ આપવા, એહિજ પરમ નિધાન....૧...
વર્ધમાન જિનરાજનું, કરો ભવિકા ધ્યાન,
ચૌદ ભેદ છે જીવના, એ યતના પ્રધાન....૨...
ચૌદ પૂર્વ નો સાર છે એ ચૌદિશીએ જિનરાજ,
જ્ઞાનવિમલ થી જાણીએ, એહના સકલ રિવાજ....૩...

[૬]

સકલ અર્હત્ પ્રણમું સદા, ચતુર્દશી સુખકાર,
ઉત્કૃષ્ટા અઢીદ્વિપમાં, પન્નર ક્ષેત્ર મોઝાર....૧....
એકસો સિત્તેર જિનવરા, જઘન્ય પદે વલી વીશ,
સીમંધર આદે સદા, નિત્ય નમાવું સીસ....૨....
દક્ષિણ ભરતે વંદિએ, ઋષભ અજિત અરિહંત,
સંભવ અભિનંદન વલી, સુમતિ પદ્મ મહંત....૩....
શ્રી સુપાર્શ્વ ચંદ્રપ્રભુ, સુવિધિ શીતલનાથ,
શ્રી શ્રેયાંસ જિનેશ્વરુ, વાસુપૂજ્ય વિખ્યાત....૪....
વિમલ અનંત વંદુ સદા, ધર્મ શાંતિ ઉર ધાર,
કુંથુ અર મલ્લી પ્રભુ, મુનિસુવ્રત મનોહાર....૫....
નમી નેમિ પ્રભુ પાસજી, ચોવીસમા શ્રી વીર,
ચૌતીસ અતિશય ઓપતાં, પેંતીસ ગુણ ગંભીર....૬....
સંભવ જિનવર જનમીયા, અભિનંદન લહે નાણ,
શીતલ કેવલ પામીયા, કુન્થુ જન્મ કલ્યાણ....૭....
વાસુપૂજ્ય મુકતે ગયા, જન્મ તિથિ એહ જાણ,
શાંતિ અનંત દીક્ષા ગ્રહે, અનંત જિન કેવલ નાણ....૮....
ચૌદશ દિન તપ જે કરે, પક્ખી તણો ઉપવાસ,
ગુણ ઠાણો લહે ચૌદમો, પામે શિવપુર વાસ....૯....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસન નાયક શોભતો, વ્હાલો વીર જિણંદ,
કીર્તિચંદ્ર મોહે દીજિયે, શિવ રમણી સુખકંદ....૧૦....

(૭)

ચતુર્દશી ચારિત્ર તિથિ, આરાધો ઉલ્લાસ,
વાસુપૂજ્યજી એહ દિને, પામ્યા શિવવાસ....૧....
અભિનંદન શીતલ પ્રભુ, તિમ અનંતનું જાણ,
કેવલ કલ્યાણક ભલું, હર્ષ ધરી મન આણ....૨....
અનંત શાંતિ દીક્ષા લહે, વાસુપૂજ્ય અવતાર,
સંભવ કુંથુ જનમીયા, ન્યાય મુનિ સુખકાર...૩....

## જિન જન્માદિક કલ્યાણક ગર્ભિત ચૈત્યવંદનો

## એકમનું ચૈત્યવંદન

શ્રી કુન્થુ પરમાતમા, સત્તરમો જિનરાય,
કનક વરણ શુભ દેહડી, પ્રણમ્યા પાતક જાય....૧....
મુખ સોહે પુનમ શશી, અનંત ગુણી અરિહંત,
એક સહસ અડ લક્ષણા, હસ્ત ચરણ ગુણવંત....૨....
નંદન સૂર નરિંદનો, સુરાદેવી માય,
અજ લંછન ચરણાંબુજે, છઠ્ઠો ચક્રી રાય....૩....
સહસ પંચાણું વરસનું, પાલી નિર્મલ આય,
સમેતશિખર તીરથ કર્યું, આપ ઠવિ પ્રભુ પાય....૪....
વૈશાખ વદિ એકમ દિન, સાથે સહસ મુણિંદ,
અવિનાશી અરિહંત થયા, ચરણ નમે સૂર્ય ચંદ્ર....૫....

## બીજનું ચૈત્યવંદન

દશમા શીતલનાથ શીતલ, મોક્ષપુર પાવનકરં,
અસિત માધવ દ્વિતિયા પ્રણમો, બીજ કલ્યાણક વરં....૧....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિનંદન જિનનાથ જનમ્યા, માઘ દ્વિતિયા સિતવરં,
જ્ઞાન વરિયા વાસુપુજ્ય, માઘ શુદિ બીજે પરં....૨....
ફાગુન શ્રાવણ શુક્લે ચવિયા, સુમતિ ને અર જિનવરં,
રવિ ઉદયે નિત્યનાથ નમિએ, બીજ કલ્યાણક વરં....૩....

## ત્રીજનું ચૈત્યવંદન

શ્રાવણ વદિ ત્રીજે નમો, શ્રેયાંસનાથ નિર્વાણ,
સમેતશિખર ગીરિ ઉપરે, સહસ મુનિ ગુણખાણ....૧....
માઘ સીત ત્રીજ જનમીયા, ધર્મ વિમલ જિનરાય,
કાર્તિક શુદિ ત્રીજે થયા, સુવિધિ જ્ઞાનીરાય....૨....
ચૈત્ર શુક્લ તૃતીયા દિને, કુન્થુ કેવલજ્ઞાન,
રવિ ઉદયે શિર નામિયે, વરવા નિર્મલ નાણ....૩....

## ચોથનું ચૈત્યવંદન

દુઃકૃતનાશી સુખ વિલાસી, વિમલગીરિ વંદન કરં,
નરનાથ સુરપતિ સકલ પ્રણમે, આદિનાથ જિનેશ્વરં....૧....
અસિત ચોથ અષાઢ માસે, ચ્યવન કલ્યાણક વરં,
ચૈત્ર માસે અસિત ચોથે, પાર્શ્વ જિન જનની ઉરં...૨....
શુક્લ ફાલ્ગુન ચોથ દિવસે, ચ્યવન મલ્લિ જિનવરં,
વૈશાખની સિત ચોથે ચવિયા, અભિનંદન અઘહરં....૩....
કૃષ્ણ ચૈત્રે ચોથ દિવસે, પાર્શ્વજિન કેવલધરં,
માઘસિતની ચોથે વરિયા, ચરણ વિમલ જિનવરં...૪...
ક્ષાયિક ભાવે નાણ દર્શન, સકલ આપદ દુઃખહરં
રવિ ઉદયે જિનરાજ નમિએ, ચોથ કલ્યાણક વરં....૫....

## પંચમીનું ચૈત્યવંદન

અનંતનાણી સિદ્ધઠાણી, રૈવતાચલે ગીરિવરં,
સુર કિન્નર નરનાથ સંસ્તુત, નમો નેમિ જિનેશ્વરં...૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુક્લ શ્રાવણ પંચમી દિન, જન્મ કલ્યાણકવરં,
અસિત માગશર પંચમી શુભ, જન્મ સુવિધિ જિનવરં....૨....
અજિત સંભવ અનંત મુક્તિ, ચૈત્ર શુદિ પંચમી વરં,
કાર્તિક પંચમી અસિત પક્ષે, સંભવ કેવલધરં....૩....
કૃષ્ણ પંચમી ચૈત્ર માસે, ચ્યવન અષ્ટમ જિનવરં,
પંચમી વૈશાખની વદિ, ચરિત્ત કુન્થુ જિનવરં....૪...
ધર્મ જિનવર મુક્તિગામી, જેષ્ઠ સિત પંચમી વરં
વહાણું વાતા રવિ પ્રણમે, પંચમી દિન જિનવરં...૫...

## છઠ્ઠનું ચૈત્યવંદન

માંડવગઢ નો રાજીયો, નામે દેવ સુપાસ,
ફાલ્ગુન કૃષ્ણની છઠ દિને, પંચમ જ્ઞાન પ્રકાશ....૧....
માઘ જેઠ વૈશાખ વદિ, આષાઢ શુદિ છઠ જાણ,
પદ્મ શ્રેયાંસ શીતલ જિણંદ, વીર ચ્યવન કલ્યાણ....૨....
સુવિધિ પ્રભુ સંયમ વર્યા, માગશર વદિ છઠ જાણ,
પોષ શુક્લ છઠ દિવસે, વિમલ જિનેશ્વર નાણ...૩....
વરસીદાન વરસી લીયો, સંયમ નેમિ જિણંદ,
શ્રાવણ શુદિ છઠના દિને, નમત રવિ મુનિચંદ....૪....

## સાતમનું ચૈત્યવંદન

આષાઢ વદિ દિન સાતમે, વિમલ વિમલ જિનચંદ,
અસિત ફાલ્ગુન સપ્તમી, શ્રી સુપાર્શ્વ જિણંદ....૧....
કૃષ્ણ ભાદ્રવા સપ્તમી, ચંદ્રપ્રભુ જગનાથ,
સમેતશિખર સિદ્ધિ વર્યા, બહુ મુનિ પરિકર સાથ....૨....
વૈશાખ શુદિ શ્રાવણ વદિ, ભાદ્રવા વદિ તિથિ તેહ,
ધર્મ અનંત શાંતિ પ્રભુ, ચ્યવન કલ્યાણ ગણેહ....૩....
અષ્ટમ જિન ઘાતિ હણી, પામ્યા પંચમ નાણ,
ફાલ્ગુન વદિ દિન સપ્તમી, રવિ પ્રણમે જગભાણ...૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અષ્ટમીનું ચૈત્યવંદન

આબુ ગિરિવર અનંત મહિમા, કોરણી ભવિ ચિત્ત હરં,
દુઃખ નિવારણ સુગતિ કારણ, નમો આદિ જિનેશ્વરં....૧....
અસિત ચૈત્રે અષ્ટમી દિન, જન્મ દીક્ષા જિનવરં,
અષ્ટમી આષાઢ શુક્લે, પરમપદ નેમિશ્વરં....૨
માઘ સિત વૈશાખ જનમ્યા, અજિત સુમતિ જિનવરં,
ફાલ્ગુન અષ્ટમી શુક્લ પક્ષે, ચ્યવન સંભવ જિનવરં....૩
અભિનંદન મોક્ષ પામ્યા, માધવ અષ્ટમી સિતવરં,
મુનિસુવ્રત જિનનાથ જનમ્યા, જેઠ વદિ અષ્ટમી વરં....૪
અસિત શ્રાવણ અષ્ટમી દિન, જન્મ શ્રી નમિ જિનવરં,
પાસ જિનવર મોક્ષ વરીયા, શ્રાવણ સિત અષ્ટમી વરં....૫
કૃષ્ણ અષ્ટમી ભાદ્રવાની, ચ્યવન સપ્તમ જિનવરં,
અષ્ટમી દિન રવી પ્રણમે, કલ્યાણક શ્રી જિનવરં....૬

## નવમી (નૌમ)નું ચૈત્યવંદન

જીવંતસ્વામી મુનિસુવ્રત જિન, ભરૂચપુરે ભવિલોક નમો,
અસિત જેઠ નવમી દિન શુણિએ, પારંગત પરમેશ નમો.૧
સુવિધિ જિન શિવરમણી વરિયા, ભાદ્રવ નવમી શુક્લ નમો,
ચૈત્ર શુદિ નવમી દિન વરિયા, સુમતિ જિન શિવનારી નમો.૨
કેવલ શ્રી વરિયા જિન શાંતિ, પોષ તણી સિત નવમી નમો
સુમતિ અજિતની દીક્ષા નવમી, વૈશાખ માઘ શુદી પ્રણમો.૩
અસિત પક્ષે શ્રાવણ ફાલ્ગુન, કુન્થુ સુવિધિ ચ્યવન નમો,
વાસુપુજ્ય જિન ચ્યવન કલ્યાણ, નવમી જેઠ શુદિ પ્રણમો. ૪
આષાઢ નવમી અસિત પક્ષે, ચરણ લીયો નમિનાથ નમો,
નવમી દિન જિનનાં કલ્યાણક, અર્કેન્દુ ઉવજ્ઝાય નમો,. ૫

## દશમીનું ચૈત્યવંદન

અષ્ટાદશ અરનાથ સુજાણ, માર્ગશીર્ષ શુદિ દશમી જાણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈશાખ વદિ દશમી કર સેવ, નમિનાથ એકવીશમા દેવ. ૧
સહસ મુનિવર સાથે જાણુ, સમેતશિખર પામ્યા નિર્વાણુ,
પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણુ, પોષ વદિ દશમી દિન જાણુ. ૨
મહાવીર દિક્ષા દિન જાણુ, માગશર વદિ દશમી મન આણુ,
અરનાથ જિન જન્મકલ્યાણુ, માગશર શુદિ દશમી ગુણખાણુ, ૩
વૈશાખ શુદિ દશમી જગભાણુ, મહાવીર લહી પંચમ નાણુ,
વર્ત્તમાન ચોવીશી જાણુ, રવી નમે દશમી કલ્યાણુ. ૪

## એકાદશીનું ચૈત્યવદંન

નમિયે સાચા દેવ સુમતિ, તાલધ્વજ ગિરી માતરં,
એકાદશી સિત ચૈત્ર માસે, નાણુ પંચમ જિનવરં....૧....
શુક્લ એકાદશી માગશર, જન્મ દીક્ષા દુઃખહરં,
મલ્લિ નમિ વલી કેવલીશ્રી, અરજિન સંયમવરં....૨...
એકાદશી સિત જેષ્ઠ માસે, જનમ્યા સપ્તમ જિનવરં,
કૃષ્ણુ એકાદશી ફાલ્ગુન, આદિ જિન કેવલપરં....૩....
એકાદશી સિત પોષ પક્ષે, અજિત કેવલશ્રી વરં,
પોષ એકાદશી કૃષ્ણા, ચરિત્ત પારસ જિનવરં....૪....
પદ્મપ્રભુ નિર્વાણ પામ્યા, સમેતશિખર તીરથ વરં,
અસિત એકાદશી માગશર, રવિ મન મોહન કરં...૫....

## દ્વાદશી (બારશ)નું ચૈત્યવંદન

કાર્તિક ફાલ્ગુન અસિતે જનમ્યા, પદ્મપ્રભુ શ્રેયાંસ નમો,
માઘ શુક્લ બારશ દિન દીક્ષા, અભિનંદન જિનનાથ નમો. ૧
પોષ અસિત ને જેઠની સિતે, ચંદ્ર સુપાર્શ્વ જિન જન્મ નમો
કાર્તિક બારસ અસિત પક્ષે, નેમિ જિનેશ્વર ચ્યવન નમો. ૨
ફાલ્ગુન કાર્તિક અસિત સિતે, મુનિસુવ્રત અર નાણુ નમો,
માઘ માસની બારસ કૃષ્ણા, શીતલ સંયમ જન્મ નમો. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈશાખ માસે ઉજ્જવલ બારશ, ચ્યવન વિમલ જિનનાથ નમો,
મુનિસુવ્રત સંયમશ્રી વરીયા, ફાલ્ગુન બારશ શ્વેત નમો. ૪
ફાલ્ગુન ઉજ્જવલ બારશ દિને, મલ્લિનાથ મહારાય નમો,
સમેતશિખર શિવવધૂ વરીયા, અર્કેદુ મુનિનાથ નમો. ૫

## ત્રયોદશી (તેરસ)નું ચૈત્યવંદન

વૈભારવાસી અઘ વિનાશી, માતૃ ત્રિસલા નંદનં,
શાસનાધિપ નમિત સુરપતિ, ચોવીશમો જિન ચંદનં. ૧
ચૈત્ર તેરશ સિતે જનમ્યા, વીર જગ જન વંદનં,
જન્મ ને શિવ શાંતિ વરીયા, જેષ્ઠ વદિ તેરશ દિનં. ૨
ફાલ્ગુન કાર્તિક પોષ માસે, કૃષ્ણ ત્રયોદશી વર દિનં,
શ્રેયાંસ શ્રી જિન પદ્મ ચન્દ્ર, ચરણ જગ જન વંદનં. ૩
ઋષભ અષ્ટાપદે સિદ્ધા, માઘ વદિ તેરશ દિનં,
જનની ઉદરે અજિત આવ્યા, વૈશાખ સિત તેરશ દિનં. ૪
શુક્લ ત્રયોદશી જેઠ માસે, સંયમ સુપારસ જિનં,
ચૌદમાં જિનનાથ જનમ્યા, વૈશાખ સિત તેરશ દિનં. ૫
ચરણ શ્રી જિન ધર્મ વરીયા, માઘ ત્રયોદશી સિત દિનં,
શીત તમ જિમ રવી ટાલે, પાપ તિમ જિન વંદનં. ૬

## ચતુર્દશી (ચૌદશ) નું ચૈત્યવંદન

સિતપક્ષ સુ ચૌદશ માર્ગસરં, જિન જન્મ સુસંભવનાથ પરં,
ઉજ્જવલ વદિ ચૌદશ પોષ પરં, અભિનંદન શીતલ નાણવરં.૧
પ્રભુ શાંતિ સુશાંતિકરં ચરણં, તિથિ જેઠ સુચૌદશ તે કૃષ્ણં,
જિન જન્મ કલ્યાણ દ્વાદશમં, વદિ ચૌદશ ફાલ્ગુન શ્રીકરણં.૨
વર સંયમ નાણ અનંત જિનં, વદિ ચૌદશ માધવ માસ દિનં,
જિન કુંથુ સુજન્મ થકી પવિતં, દિન માધવ ચૌદશ તં અસિતં.૩
સિત ચૌદશ આષાઢ માસ દિનં, પુર ચંપક પાવન કાર જિનં,
વસુપૂજ્ય સુતં ગત મોક્ષ પદં, ઉવજ્ઝાય નમે અર્કેદુ પદં.૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂર્ણિમા તથા અમાવસ્યાનું ચૈત્યવંદન

અમાવાસ કાર્તિકની મધરાત્રે,
મહાવીર સ્વામિ વર્યા મોક્ષરાજં,
શુક્લ માગસરે પુર્ણિમા પુન્યશાલી,
સુદીક્ષા નમો સંભવં દેવરાજં....૧
પ્રભુ પદ્મને ધર્મ દો સર્વ જાણી,
મધુ પોષની પૂર્ણિમા પરમનાણી,
અમાવાસ આસોજની માઘ માસે,
પ્રભુનેમિ શ્રેયાંસ શ્રીનાણવરણં....૨
આસોજ શ્રાવણ તણી પૂર્ણિમાયાં,
નમિનાથને વીશમા દેવચવિયા,
અમાવાસ ફાલ્ગુન રવિ શાંતિ હરિયા,
પ્રભુ વાસુપૂજ્ય સુધી ચરણ વરીયા....૩

## પૌષ દશમીના ચૈત્યવંદનો

(૧)

મહિમા પોષ વદિ તિથિ, દશમી અપરંપાર,
પાર્શ્વ જિનેસર પૂજીએ, જિમ લહીએ ભવપાર....૧....
ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ, અર્હતે નમઃ જાણ,
ગણણું પ્રભુના નામનું, હોય હજાર પ્રમાણ....૨....
એકાસન દિન ત્રણ હુવે, અથવા અઠ્ઠમ સાર,
ધર્મરત્ન પ્રભુ પાસજી, તાર તાર ભવ પાર... ૩....

(૨)

પોષ વદિ દશમી દિને, પાસજીનું કલ્યાણ,
અશ્વસેન રાજા ઘરે, મોટેરો મંડાણ....૧....
વામાદેવી ચિત્તમાં, આનંદ અતિ ઉભરાય,
મેરૂ ગીરિવર ઉપરે, દેવ દેવી હરખાય...૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્પ લંછન સોહામણો, જગપતિ ને સોહે.
શંખેસરમાં ભેટતા, ધર્મરત્ન મન મોહે...૩...

(૩)

કલ્યાણક જિન પાસનું, પોષ દશમી દિન જાણ,
પોષ વદિ અગ્યારશે, સંયમ પાસ વખાણ....૧....
પોષ વદિ નવમી થકી, ત્રણ દિન આરાધો,
પાર્શ્વનાથાય નમઃ વલી, અર્હંતે નમઃ સાધો....૨....
ત્રીજે દિન નાથાય નમઃ, વીશ માલા કીજે,
એકાશન કે અઠ્ઠમે, જ્ઞાનવિમલ શિવ લીજે...૩...

## મેરૂ તેરસનું ચૈત્યવંદન

અયોધ્યા નયરી ભલી, અનંત વીર્ય રાજન,
પ્રિયમતિ પટરાણી વલી, ગુણવંતા પુરિજન...૧....
કોણિક સાધુ વિચરતા, આવે વહોરણ કાજ,
રાજા રાણી ઉલ્લસે, વહોરાવે મુનિરાજ....૨...
પુત્ર હોશે મુજને કદા, ભાખો તેહ વિચાર,
મુનિ કહે સુણો રાજવી, એ નહીં અમ આચાર....૩....
અતિ આગ્રહથી વિનવે, ભાખે તવ મુનિરાય,
પુત્ર હોશે પણ પાંગળો, જન્મ થકી મહારાય....૪....
વિહાર કરંતા આવતા, ચઉનાણી મુનિરાજ,
ગાંગિલ સૂરિ સોહામણા, દેશના સુણે મહારાજ...૫....
જન્મ થકી સુત પાંગળો, કવણ કર્મ વિરતંત,
કિણ વિધ કર્મ ખપે પ્રભુ, ભાખો કરૂણાવંત....૬....
મૃગલી તણા પગ છેદીયા, ઈણ કર્મે પાંગુલ,
વદિ તેરશ આરાધીએ, કર્મ નાશ હોય મૂલ....૭....
પારંગતાય નમઃ સહિત, આદિ જિનેસર રાય,
દોય હજાર ગણણું ગણો, મેરૂ પંચ મહારાય....૮....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ જિન નિર્વાણથી, મોટો દિન છે એહ,
મેરૂ તેરશ જગમહીં, કરે કર્મનો છેહ....૯....
પિંગલ પુત્ર પાંગળો, આરાધે ઉલ્લાસ,
શુભ કર્મ ઉદયે થયો, સુંદર શરીર સુવાસ....૧૦....
ભુક્ત ભોગી દીક્ષા લહી, કેવલી મુક્તે જાય,
મેરૂ તેરશ ઉજવતા, ધર્મરત્ન પદ થાય....૧૧....

## ચૈત્ર વદિ આઠમ (ઋષભ જન્મ દીક્ષા)નું ચૈત્યવંદન

ચૈત્ર વદિ આઠમ તણો, દિન અતિ મનોહાર,
જન્મે પ્રથમ જિનેસર, હુઓ જય-જયકાર....૧....
છપ્પન દિક્ કુમરી મલી, પ્રભુને હુલરાવે,
ઋષભ મુખ દેખી કરી, આનંદ અતિ પાવે....૨...
દીક્ષા પણ એહિજ દિને, પ્રથમ યતિ વ્રત ધાર,
આઠમ દિન જિન ગાવતા, ધર્મરત્ન લહે પાર....૩....

## ચૈત્ર શુદિ તેરશ (વીર જન્મ) નું ચૈત્યવંદન

ચૈત્રી તેરશને દિને, જનમ્યા શ્રી મહાવીર,
છપ્પન દિક્કુમરી મલી, હુલરાવે પ્રભુ વીર....૧...
મેરૂ ગીરિ પર ઉજવે, કલ્યાણક મહાવીર,
ઇન્દ્ર તણી શંકા તિહાં, ફેડે શ્રી પ્રભુ વીર....૨...
જ્ઞાનવિમલ ને પામતા, ભક્તિ કરે જે ધીર,
વીર પ્રભુ ધ્યાને લહું, પરમ પદ ગંભીર....૩...

## અક્ષય તૃતીયાનું ચૈત્યવંદન

છઠ તપ કરી વ્રત લીયે, આદીશ્વર જિનરાય,
આહારાદિક તણો હુઓ, પ્રભુજી ને અંતરાય....૧...
એક વરસને અંતરે, શ્રી શ્રેયાંસ કુમાર,
પ્રભુ કરાવે પારણું, વર્ષીતપ તિણે સાર....૨...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈશાખી ત્રીજના દિને, ધર્મરત્ન ગુણગાય,
અખાત્રીજ નામે ઘણો, મહિમા લોક ગવાય....૩...

## પર્યુષણ પર્વના ચૈત્યવંદનો

[૧]

શત્રુંજય શ્રૃંગાર હાર, શ્રી આદિ જિણંદ,
નાભિરાયા કુળ ચંદ્રમા, મરૂદેવી નંદ....૧....
કાશ્યપ ગોત્ર ઇક્ષ્વાકુ વંશ, વિનીતાનો રાય,
ધનુષ પાંચસેં દેહમાન, સુવર્ણ સમ કાય....૨....
વૃષભ લંછન ધુર વંદિએ, સંઘ સકળ શુભ રીત,
અઠ્ઠાઇધર આરાધીએ, આગમ વાણી વિનીત....૩....

[૨]

પ્રણમું શ્રી દેવાધિદેવ, જિનવર મહાવીર,
સુરવર સેવે શાંત દાંત, પ્રભુ સાહસ ધીર....૧....
પર્વ પર્યુષણ પુણ્યથી, પામી ભવી પ્રાણી,
જૈન ધર્મ આરાધીએ, સમકિત હિત જાણી....૨....
શ્રી જિન પ્રતિમા પૂજીએ, કીજે જન્મ પવિત્ર,
જીવ જતન કરી સાંભળો, પ્રવચન વાણી વિનીત....૩....

[૩]

કલ્પ તરુવર કલ્પસૂત્ર, પૂરે મન વાંછિત,
કલ્પધરે ધુરથી સુણો, શ્રી મહાવીર ચરિત....૧....
ક્ષત્રિય કુંડે નરપતિ, સિદ્ધારથ રાય,
રાણી ત્રિસલા તણી કુખે, કંચન સમ કાય....૨....
પુષ્પોત્તરવરથી ચવ્યા, ઉપજ્યા પુણ્ય પવિત્ર,
ચતુરા ચૌદ સુપન લહે, ઉપજે વિનય વિનીત....૩....

[૪]

સ્વપ્ન વિધિ કહે સુત હોશે, ત્રિભુવન શ્રૃંગાર,
તે દિનથી ઋદ્ધે વધ્યા, ધન અખૂટ ભંડાર....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાડા સાત દિવસ અધિક, જનમ્યા નવ માસે,
સુરપતિ કરે મેરૂશિખર, ઉત્સવ ઉલ્લાસે....૨....
કુંકુમ હાથા દીજિયે એ, તોરણ ઝાકઝમાળ,
હરખે વીર હુલરાવીએ, વાણી વિનય રસાળ....૩....

[૫]

જિનની બહેન સુદર્શના, ભાઇ નંદિવર્ધન,
પરણી યશોદા પદમણી, વીર સુકોમલ રતન....૧....
દેઇ દાન સંવત્સરી, લેઇ દીક્ષા સ્વામી,
કર્મ ખપાવી કેવલી, પંચમી ગતિ પામી....૨....
દિવાલી દિવસ થકી એ, સંઘ સકલ શુભ રીત,
અઠ્ઠમ કરી તેલાધરે, સુણજો એકે ચિત્ત....૩....

[૬]

પાર્શ્વ જિનેશ્વર નેમનાથ, સમુદ્રવિજય વિસ્તાર
સુણિયે આદીશ્વર ચરિત્ર, શ્રી જિનનાં અંતર....૧....
ગોતમાદિક સ્થવિરાવળી, શુદ્ધ સામાચારી,
પર્વરાય ચોથે દિન, ભાખ્યાં ગણધારી....૨....
જ્ઞાન દર્શન ચારિત્ર તપ એ, જિન ધર્મે દૃઢ ચિત્ત,
જિન પ્રતિમા જિન સારિખી, વંદુ સદા વિનીત....૩....

[૭]

પર્વરાજ સંવત્સરી, દિન દિન પ્રતિ સેવો,
શ્લોક બારસે કલ્પસૂત્ર, વીરનું નિસુણેવો....૧....
પાટ પરંપર બાર બોલ, ભાખ્યા ગુરુ હીરે,
સંપ્રતિ શ્રી વિજયદાનસૂરિ, ગચ્છાગ્રણી ધીરે....૨....
જિનશાસન શોભા કહું, પ્રીતિવિજય ગુરુ શિષ,
વિનીતવિજય કહે વીરને, ચરણે નામું શિશ....૩....

નોંધ : બહુ જુના પુસ્તકમાં આ સાતનું એકજ ચૈત્યવંદન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૯]

શ્રી શત્રુંજય મંડણો, શ્રી આદિ જિણુંદ,
પદ અરવિંદ નમે જાસ, સુર અસુર નરિંદ....૧....
કાયા પંચશય ધનુષ ઉંચ, વૃષભાંક વિરાજે,
ગોમુખ જક્ષ ચક્કેસરી, શાસન સૂરી છાજે....૨....
નાભી સરોવર વંશમાંએ, ઉગ્યો અભિનવ સૂર,
ત્રિકરણ શુદ્ધે પૂજતાં, લચ્છી લહે ભરપૂર....૩...
પૂરણ પુન્યે પામીએ, પર્યુંષણ પર્વ,
પુજા પોસહ કરો ભવિ, મૂકી મન ગર્વ....૪....
જીવ અમારી તણો પડહ, ભાવે વજડાવો,
નવનિધિ મંગલ માલિકા, જિમ સંપતિ પાવો....૫....
પૂજા ને પ્રભાવના એ, પચ્ચક્ખાણ ઉદાર,
પડિક્કમણું વલી કીજિએ, સાહમ્મીવચ્છલ સાર....૬....
છઠ કરી શુભ ભાવશુંએ, જિન પૂજા રચીજે,
અષ્ટોતરી ને સત્તરભેદી, યથાશક્તિ કરીજે....૭....
વડાકલ્પે શ્રી કલ્પસૂત્ર, ઓચ્છવશું આણી,
નાણે સોના રુપ્યને, પૂજી સુણો પ્રાણી....૮....
પ્રથમ ચરિત્ર વીરનું એ, જગ જનને સુખકાર,
કલ્પ અચ્છેરાં દશ કહ્યો, ભવ સત્તાવીશ સાર....૯....
ચૌદ સુપન ભવિ સાંભળો, લક્ષણ સંયુક્ત,
જન્મ હુઓ શ્રી વીરનો, બીજ પરે વાધે સૂત....૧૦....
છપ્પન દિગ્ કુમરી કરે, ઓચ્છવ અભિરામ,
ઇંદ્ર સર્વે ઓચ્છવ કરી, કરે જિન ગુણગ્રામ....૧૧....
શ્રી સિદ્ધારથ નરપતિ, જન્મોચ્છવ કરેય,
ઇંદ્ર આણાએ ધનદ દેવ, દ્રવ્યે ઘર ભરેય....૧૨....
બાલ ક્રિડા દીક્ષા તણો, છે બહુ અવદાત,
કેવલજ્ઞાન લહી કરી, પામ્યા ભવપાર....૧૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજ દિને શ્રી ઇંદ્રભૂતિ, વરનાણ સંપન્ન,
ઇત્યાદિક સુણો વિસ્તારી, શ્રી વીર ચરિત્ર....૧૪....
તેલાધર દિવસે કરોએ, અઠ્ઠમ તપ મનોહાર,
નાગકેતુ શ્રાવક પરે, જેમ હોય જય-જયકાર....૧૫....
પુરિસાદાણિ પાર્શ્વનાથ, શ્રી નેમ ચરિત્ર,
જિનપતિ કેરાં આંતરા, સુણો થઈ પવિત્ર....૧૬....
વૃષભ ચરિત્ર સ્થવિરાવલી, યતિ સામાચારી,
ભાવે સુણતાં ભવસમુદ્ર, તરીયા નરનારી....૧૭....
સંવત્સરીને દિને કરો, મહા મહોત્સવ સાર,
કલ્પસૂત્ર એકવીસ વાર, સુણીએ સુખકાર....૧૮....
બાર બોલ પટ્ટાવલી, ધુર સોહમ સ્વામિ,
પટ્ટ પરંપરા વિજયમાનસૂરિ, શિષ્ય ગુણધામી....૧૯....
કીજે ચૈત્ય પરિપાટિકા, સાહમી ખામીજે,
પડિકમણું કરી ભાવશું, બહુ દાનજ દીજે....૨૦....
વિજય આણંદ સૂરીસરૂ, તપગચ્છ તિલક સમાન,
પંડિત હંસવિજય તણો, ધીર કરે ગુણ ગાન....૨૧....

[૯]

સકલ પર્વ શ્રૃંગાર હાર, પર્યુષણ કહીએ,
મંત્રમાંહી નવકાર મંત્ર, મહિમા જગ લહીએ....૧....
આઠ દિવસ અમારી સાર, અઠ્ઠાઈ પાલો,
આરંભાદિક પરિહરી, નરભવ અજુવાલો....૨....
ચૈત્ય પરિપાટી સાધુ, વિધિ વંદન જાવે,
અઠમ તપ સંવચ્છરી, પડિક્કમણું ભાવે....૩....
સાધર્મિક જન ખામણાંએ, ત્રિવિધશું કીજે,
સાધુ મુખ સિદ્ધાંત કાંત, વચનામૃત રસ પીજે....૪....
નવ વ્યાખ્યાને કલ્પસૂત્ર, વિધિ પૂર્વક સુણીએ,
પૂજા નવ પ્રભાવના, નિજ પાતક હણીએ....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ વીર ચરિત્ર બીજ, પાર્શ્વ ચરિત્ર અંકૂર,
નેમ ચરિત્ર પ્રબંધ ખંધ, સુખ સમ્પત્તિ પૂર....૬....
ઋષભ ચરિત્ર પવિત્ર પત્ર, શાખા સમુદાય,
સ્થવિરાવલી બહુ કુસુમ પુર, સરીખો કહેવાય....૭....
સામાચારી શુદ્ધતા એ, વર ગંધ વખાણો,
શિવસુખ પ્રાપ્તિ ફલ લહી, સુરતરુ સમ જાણો....૮....
ચોદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ, કલ્પે ઉદ્ધરીયો,
નવમા પૂર્વ શ્રી યુગપ્રધાન, આગમ જલ દરિયો....૯....
એકવીસ વાર શ્રી કલ્પસૂત્ર, જે સુણે ભવિ પ્રાણી,
ગૌતમને કહે વીર જિન, પરણે શિવરાણી....૧૦....
કાલિકસૂરિ કારણે એ, પજૂસણ કીધાં,
ભાદરવા શુદિ ચોથમાં, નિજ કારજ સીધા....૧૧....
પંચમી કરણી ચોથમાં, જિનવર વચન પ્રમાણે,
વીર થકી નવસેં એંશી, વરસે તે આણે....૧૨....
શ્રી લક્ષ્મીસાગર સૂરીશ્વરુ, પ્રમોદ સાગર સુખકાર,
પર્વ પજુસણ પાલતાં, હોવે જય-જયકાર....૧૩....

[૧૦]

શ્રી પજોસણ પર્વ સેવો, ભવિજન સહુ હરખી
આઠે દિન એ નિત આરાધો, નિજ આતમ પરખી....૧....
ગુણ અનંત છે જેહના, ધર્મ ધ્યાન નિત કીજે,
પ્રભુ ગુણ સર્વ સંભાળીને, નિજ ભાવો લખીજે....૨....
કલ્પતરુ સમ કલ્પસૂત્ર, નિજ મંદિર પધરાવો,
ગીત ગાન મન ભાવશું, શુભ ભાવના ભાવો....૩....
કરી વરઘોડો અભિનવો, જીનશાસન દીપાવો,
શુભ કરણી અનુમોદતાં, ગુરુ સમીપે લાવો....૪....
ગુરુ પ્રરૂપે વાચણા, ભાવ ભક્તિ ને કાજે
છઠ તપ કરી નિર્મલો, આતમ શક્તિ છાજે....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિપદાએ પ્રભુ વીરનો, જન્મ મહોચ્છવ કીજે,
ભગત વત્સલ ભગવંતની, સેવા ભવિ કીજે....૬....
અઠ્ઠમ તપ કરી નિરમલો, સકલ સુણો અધિકાર,
નાગકેતુની પરે નિરમલો, જેમ પામો ભવપાર....૭....
વલી સુણવા બારશેં સૂત્રનાં, ભવિ થઈ ઉજમાલ,
શ્રીફલ સ્વામી પ્રભાવના, કરી ટાલો જંજાલ....૮....
અઠ્ઠાઇ મહોત્સવ એણીપેરે, પાલો નિરતીચાર,
કારજ કારણ ફલ હોશે, તો તરસો ભવપાર....૯....
દ્વિપ નંદિસર આઠમે, દેવ મલી સમુદાય,
અઠાઇ ઓચ્છવ કરી, નિજ-નિજ થાનક જાય....૧૦....
સુલભબોધી જીવને, હરખે સાતે ધાત,
તે માટે આરાધવા, મન કીજે રળીયાત....૧૧....
તપગચ્છ નાયક ગુણનીલો, વિજયસેન સૂરીરાય,
પંડિત પદ્મવિજય તણો, દીપવિજય ગુણ ગાય....૧૨....

[૧૧]

પર્વ પર્યુષણ ગુણનીલો, નવ કલ્પ વિહાર,
ચાર માસાંતર સ્થિર રહે, એહિજ અર્થ ઉદાર....૧....
અષાઢ શુદિ ચૌદશ થકી, સંવત્સરી પચાસ,
મુનિવર દિન સીત્તેરમેં, પડિકકમતાં ચોમાસ....૨....
શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરુનાં બહુમાન,
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એકતાન....૩....
જિનવર ચૈત્ય જુહારીએ, ગુરુ ભક્તિ વિશાળ,
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીયે શિવ વરમાળ....૪...
દર્પણથી નિજ રૂપનો, જુવે સુદૃષ્ટિ રૂપ,
દર્પણ અનુભવ અર્પણે, જ્ઞાન રયણ મુનિ ભૂપ....૫...
આત્મસ્વરૂપ વિલોકતાં, પ્રગટ્યો મિત્ર સ્વભાવ,
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ લાવ....૬...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા,
પંચમી દિન વાંચે સુણે, હોય વિરાધક નિયમા....૭...
એ નહિ પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે,
ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યું અરિહા નાથે....૮...
શ્રુત કેવલી વયણા સુણી, લહી માનવ અવતાર,
શ્રી શુભવીરને શાસને, પામ્યા જય-જયકાર....૯...

[૧૨]

વડાકલ્પ પૂરવ દિને, કલ્પ ઘરે લાવો,
રાત્રી જગો પ્રમુખ કરી, શાસન સોહાવો....૧....
હય ગય રથ શણગારીને, કુંવર લાવો ગુરુ પાસે,
વડા કલ્પ દિન સાંભળો, વીર ચરિત્ર ઉલ્લાસે,
છઠ અઠમ તપ કીજિએ, ધરીએ શુભ પરિણામ,
સાહમ્મીવચ્છલ પ્રભાવના, પૂજા અભિરામ....૩....
જિન ઉત્તમ ગૌતમ પ્રતે, કહે જો એકવીસ વાર,
ગુરુમુખ પદ્મે ભાવશું, સુણતાં પામે પાર....૪....

[૧૩]

પર્વ પજૂસણ આવીયા, કીજે વ્રત પચખાણ,
અઠાઇ દિન અતિ ભલો, પોષા સહિત પ્રમાણ....૧....
અઠાઇ મહોત્સવ આદરે, સુણીયે સદ્ગુરુ પાસ,
વડા કલ્પે વલી કીજિયે, છઠ તણો તપ ખાસ....૨....
જન્મોચ્છવ શ્રી વીરનો, દીક્ષા કેવલ જ્ઞાન,
પાર્શ્વ નેમિ વલી અંતરા, આદિનાથ વ્યાખ્યાન....૩....
સંઘ ચતુર્વિધ એકઠા, મિલિયે સદ્ગુરુ પાસ,
સૂત્ર સુણો મન વસ કરી, પૂરે વાંછિત આશ....૪....
ચઉત્થ છઠ અઠમ કરી, સુણિયે થિર કરી ચિત્ત,
એકવીસ વાર આરાધતાં, તે પામે સુખ નિત....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધારથ કુલ શોભતો, સ્વામી વીર જિણંદ,
અઠાઈ મહોચ્છવ આખીયો, કીર્તિચંદ્ર સુખકંદ....૬....

[૧૪]

પ્રથમ ચરમ જિનપતિના, શાસને નિશ્ચે કહ્યું,
સાધુ ને શ્રાવક તણા, ભવ દોષ હરવા ગુણ ગ્રહ્યું,
અશાશ્વતું પણ શાશ્વતું જે, સુખ દેતું શિવકરં,
પર્વમાંહી ગુણનિધિ તે, પર્યુષણ સવિ હિતકરં....૧....
ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ વલી, માસ પાસ છમાસીએ,
તપ વિવિધ જાતીના કરંતા, આત્મ શક્તિ વિકાસીએ,
પુનીત એવું કલ્પસૂત્ર, ભદ્રબાહુ રચિત વરં.પર્વ.૨
દ્રવ્ય ભાવથી સાહમી વચ્છલ, ચૈત્ય સવિ જુહારીએ,
ખામણા અઠ્ઠમ કરંતાં, શલ્ય તીન નિવારીએ,
સવિ જીવ ને સુખ આપનારો, પડહો અમારિ દુઃખહરં.પર્વ.૩
ગુરુમુખે વ્યાખ્યાન સુણીને, દાન દુઃખીને દીજિએ,
વીર નેમ પાસ આદિ ચરિત્ર, વાણી સુધા પીજીએ,
આંતરા સ્થવિરાવલી ને, સામાચારી વિહિત પરં.પર્વ.૪
સંવત્સરી દિન સાર ગણીએ, બારસા સુણીએ મુદા,
ચારે કષાયો ક્રોધ, માન, માયા લોભ કરીએ જુદા,
મિચ્છામિ દુક્કડમ્ મહામંત્ર, ધર્મરત્ન વશકરં,
પર્વમાંહી ગુણનિધિ તે, પર્યુષણ સવિ હિતકરં.પર્વ.૫

## શ્રી સિદ્ધચક્રજીના ચૈત્યવંદનો

[૧]

સુખદાયક શ્રી સિદ્ધચક્ર, અહનિશ આરાહો,
પ્રેમ ધરીને પ્રણમીયે, ધરી અંગ ઉમાહો....૧....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિકરણ શુદ્ધે જાવજીવ, શક્તે આરાહીએ,
ઉત્તરોત્તર સુખ શાશ્વતા, જિમ સહેજે વરીએ....૨....
જિનશાસનમાં એહ છે, જિમ મહામંત્ર નવકાર,
જ્ઞાનવિમલથી જાણીયે, એહનો પરમ આધાર....૩....

[૨]

સુલલિત પદ ધ્યાનથી, પરમાનંદ લહીએ,
ધ્યાન અગ્નિથી કર્મનાં, ઈંધણ પુણુ દહીએ....૧....
ઇતિ ભીતિ ને રોગ શોક, સવિ દૂર પણાસે,
ભોગ સંજોગ સુબુદ્ધિતા, પ્રાપ્તિ સુવિલાસે....૨....
સિદ્ધચક્ર તપ કીજતાંએ, ઉત્તમ પ્રભુના સંગ,
મોહન નાણુ પ્રસિદ્ધતા, ગંગારંગ તરંગ....૩....

[૩]

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, આસૌ ચૈતર માસ,
નવ દિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ....૧....
કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તૂરી બરાસ,
પદ એકેકું હોય હજાર, ગુણતાં પુરે આશ....૨....
જુગતે જિનવર પૂજીયા, મયણાં ને શ્રીપાળ,
પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ....૩....
કષ્ટ ટળ્યું ઉંબર તણું. જપતાં નવપદ ધ્યાન,
શ્રી શ્રીપાલ નરિંદ થયા, વાધ્યો બમણો વાન....૪....
સાતસો કોઢિ સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ,
પુણ્યે મુક્તિ વધુ વર્યા, પામ્યા લીલ વિલાસ....૫....

[૪]

સકલ મંગલ પરમ કમલા, કેલિ મંજૂલ મંદિરં,
ભવકોટી સંચીત પાપ નાશન, નમો નવપદ જયકરં... ૧
અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખકરં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર જ્ઞાન પદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં....૨
શ્રીપાલ રાજા શરીર સાજા, સેવતા નવપદ વરં,
જગમાંહી ગાજા કીર્ત્તિ ભાજા, નમો નવપદ જયકરં....૩
શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે પરં,
વળી વિસ્તરે સુમનોવાંછિત, નમો નવપદ જયકરં....૪
આંબિલ નવદિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં,
બે વાર પડિકમણા પડિલેહણ, નમો નવપદ જયકરં....૫
ત્રિકાલ ભાવે પૂજીએ, ભવતારકં તિર્થંકરં,
ગણણું દોય હજાર ગુણીએ, નમો નવપદ જયકંર....૬
વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ,
તપ વર્ષ સાઢા ચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ....૭
ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં,
શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં....૮

[૫]

જો ધુરિ સિરિ અરિહંત મૂલ, દઢ પીઠ પઇટ્ઠિઓ,
સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય સાહૂ, ચિહું સાહ ગરિટ્ઠિઓ....૧
દંસણ નાણ ચરિત્ત તવ હી, પડીસાહા સુંદરૂં,
તતક્ખર સરવગ્ગ લદ્ધિ, ગુરુ પય દલ દુંબરૂં....૨
દિસિપાલ જક્ખ જક્ખિણિ, પમૂહ સુરકુસુમેહિં અલંકિઓ,
સો સિદ્ધચક્ક ગુરુ કપ્પ તરુ, અમ્હ મનવંછિય ફલ દીઓ..૩

[૬]

શ્રી સિદ્ધચક્ર આરાધતાં, સુખ સંપત્તિ લહીએ
સુરતરુ ને સુરમણી થકી, અધિકજ મહિમા કહીએ....૧....
અષ્ટ કર્મ હાણી કરી, શિવ મંદિર રહીએ,
વિધિશું નવપદ ધ્યાનથી, પાતિક સવિ દહીએ....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધચક્ર જે સેવશે, એકમના નર નાર,
મનવાંછિત ફળ પામશે, તે ત્રિભુવન મોઝાર....૩....
અંગ દેશ ચંપા પુરી, તસ કેરો ભૂપાલ,
મયણા સાથે તપ તપે, તે કુંવર શ્રીપાલ....૪....
સિદ્ધચક્રના ન્હવણથી, જસ નાઠા રોગ,
તત્ક્ષણ ત્યાંથી તે લહે, શિવસુખ સંજોગ....૫....
સાતસે કોઢી હોતા, હુઆ નિરોગી જેહ,
સોવન વાને ઝલહલે, જેહની નીરૂપમ દેહ....૬....
તેણે કારણ તમે ભવિજનો, પ્રહ ઉઠી ભક્તે,
આસો માસ ચૈત્ર થકી, આરાધો જુગતે....૭....
સિદ્ધચક્ર ત્રણ કાલના, વંદો વલી દેવ,
પડિકમણું કરી ઉભયકાલ, જિનવર મુનિ સેવ....૮....
નવપદ ધ્યાન હૃદયે ધરો, પ્રતિપાળી ભવિ શીલ,
નવપદ આંબિલ તપ તપો, જેમ હોય લીલમ લીલ....૯....
પહલે પદ અરિહંત નું, નિત્ય કીજે ધ્યાન,
બીજે પદ વલી સિદ્ધના, કરીએ ગુણગાન....૧૦....
આચારજ ત્રીજે પદે, જપતાં જય-જયકાર,
ચોથે પદ ઉવજ્ઝાયના, ગુણ ગાઉં ઉદાર....૧૧....
સર્વ સાધુ વંદુ સહી, અઢીદ્વિપમાં જેહ,
પંચમ પદમાં તે સહી, ધરજો ધરી સનેહ....૧૨....
છઠ્ઠે પદ દરસન નમું, દરશાન અજવાલું,
જ્ઞાન પદ નમું સાતમે, તેમ પાપ પખાલું....૧૩....
આઠમે પદ રૂડે જપું, ચારિત્ર સુસંગ,
નવમે પદ બહુ તપ તપો, ફલ લહો અભંગ....૧૪....
એહી નવપદ ધ્યાનથી, જપતાં નાઠો કોઢ,
પંડિત ધીરવિમલ તણો, નય વંદે કર જોડ....૧૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭]

ઉપ્પન્નસન્નાણ મહોમયાણં, સપ્પાડિ હેરાસણ સંઠિયાણં,
સદ્દેસણાણં દિયસજ્જણાણં, નમોનમો હોઉ સયા જિણાણં.૧
સિદ્ધાણમાણંદર માલયાણં, નમો નમોણંત ચઉક્કયાણં,
સૂરીણ દૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરીસમપ્પહાણં.૨
સુત્તત્થ વિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગ કુંજરાણં,
સાહૂણ સંસાહિઅસંજમાણં, નમો નમો શુદ્ધદયાદમાણં.૩
જિણુત્તતત્તે રૂઇલક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ,
અન્નાણસંમોહ તમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ.૪
આરાહિયાખંડિયસક્કિઅસ્સ, નમો નમો સંજમવીરિયસ્સ,
કમ્મદ્દુમોમ્મૂલણ કુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ..૫

ઇય નવપયસિદ્ધં, લદ્ધિ વિજ્જા સમિદ્ધં,
પયડિયસરવગ્ગં, હ્રીં તિરેહાસમગ્ગં,
દિસિવઇ સુરસારં, ખોણીપીઢાવયારં,
તિજય વિજય ચક્કં, સિદ્ધચક્કં નમામિ....૬

[૮]

બાર ગુણ અરિહંતના, તેમ સિદ્ધના આઠ,
છત્રીસ ગુણ આચાર્યના, જ્ઞાનતણા ભંડાર....૧....
પચીસ ગુણ ઉવઝાયના, સાધુ સત્તાવીશ,
શ્યામવર્ણ તનુ શોભતા, જિનશાસનના ઇશ....૨....
જ્ઞાન નમું એકાવને, દર્શનના સડસઠ,
સીત્તેર ગુણ ચારિત્રના, તપના બાર તે જિઠ....૩....
એમ નવપદ યુક્તે કરી, ત્રણ શત અષ્ટ ગુણ થાય,
પૂજે જે ભવી ભાવશું, તેહના પાતક જાય....૪....
પૂજ્યા મયણા સુંદરી, તેમ નરપતિ શ્રીપાળ,
પુણ્યે મુક્તિ સુખ લહ્યા, વરીયા મંગલમાળ....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૯]

શ્રી સિદ્ધચક્ર મહામંત્રરાજ, પૂજા પરસિદ્ધિ,
જાસ નવણથી સંપજે, સંપૂરણ સિદ્ધિ....૧....
અરિહંતાદિક નવપદ, નિત્ય નવનિધિ દાતા,
એ સંસાર અપાર પાર, હોયે પાર વિખ્યાતા....૨...
અમરાચલ પદ સંપજે, પૂરે મનના કોડ,
મોહન કહે વિધિસહ કરો, હોયે ભવનો છોડ....૩....

[૧૦]

પહેલે દિન અરિહંત નું, નિત્ય કીજે ધ્યાન,
બીજે પદ વળી સિદ્ધનું, કીજે ગુણગાન....૧....
આચારજ ત્રીજે પદે, જપતાં જય-જયકાર,
ચોથે પદે ઉવઝાયના, ગુણ ગાઓ ઉદાર....૨....
સકલ સાધુ વંદો સહી, અઢી દ્વિપમાં જેહ,
પંચમ પદ આદર કરો, જપજો ધરી સસનેહ....૩....
છઠ્ઠે પદ દર્શન નમો, દરશન અજુવાલો,
નમો નાણ પદ સાતમે, જિમ પાપ પખાલો....૪....
આઠમે પદ આદર કરો, ચારિત્ર સુચંગ,
પદ નવમે બહુ તપ તણો, ફળ લહો અભંગ....૫....
એણી પેરે નવપદ ભાવશું, જપતાં નવ-નવ કોડ,
પંડિત શાંતિવિજય તણો, શિષ્ય કહે કર જોડ....૬....

[૧૧]

જૈનેંદ્રમિંદ્રમહિતં ગતસર્વદોષં,
જ્ઞાનાધનંત ગુણરત્ન વિશાલકોષં,
કર્મક્ષયં શિવમયં પરિનિષ્ટિતાર્થં,
સિદ્ધં ચ બુદ્ધમવિરુદ્ધ મહંચ વંદે....૧....
ગચ્છાધિતં ગુણ ગણં ગણિનં સુસૌમ્યં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંદામિ વાચકવરં શ્રુતદાનદક્ષં,
ક્ષાંત્યાદિ ધર્મકલિતાં મુનિમાલિકાં ચ,
નિર્વાણ સાધનપરં નરલોક મધ્યં....૨....
સદ્દર્શનં શમમયં શ્રી જિનોક્ત સત્ત્વં,
તત્ત્વપ્રકાશ કુશલં સુખદં સુબોધં,
છિન્નાશ્રવં સુમતિગુપ્તિમયં ચરિત્રં,
કર્માષ્ટકાષ્ટ દહનં સુતપં શ્રયામિ....૩....
પાપૌઘનાશનકરં વરમંગલં ચ,
ત્રૈલોક્ય સારમુપકાર પરં ગુરું ચ,
ભાવાર્ત્તિ શુદ્ધિવર કારણમુત્તમાનાં,
શ્રી મોક્ષ સૌખ્યકરણં હરણં ભવાનાં....૪....
ભવ્યાબ્જ બોધતરણિં ભવ સિંધુનાવં,
ચિંતામણે સુરતરોરધિકં સુભાવં,
તત્ત્વત્રિપાદનવકં નવકારરૂપં,
શ્રી સિદ્ધચક્રસુખદં પ્રણમામિ નિત્યં....૫....

[૧૨]

સિદ્ધચક્ર આરાધતાં, ભવ સાગર તરીયે,
ભવ અટવીથી ઉતરી, શિવવધૂ ને વરીયે....૧....
અરિહંત પદ આરાધતાં, તિર્થંકર પદ પાવે,
જગ ઉપકાર કરે ઘણાં, સિધા શિવપુર જાવે....૨....
સિદ્ધપદ ધ્યાતા થકાં, અક્ષય અચલ પદ પાવે,
કર્મ કટક ભેદી કરી, અકળ અરુપી થાવે....૩....
આચારજ પદ ધ્યાવતાં, યુગ પ્રધાન પદ પાવે,
જિનશાસન અજવાળીને, શિવપુર નયર સોહાવે....૪....
પાઠક પદ ધ્યાવતા, વાચક પદ પાવે,
ભણે ભણાવે ભાવશું, સુર શિવપુર જાવે....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ પદ આરાધતાં, સાધુ પદ પાવે,
તપ જપ સંયમ આદરે, શિવસુંદરી ને કામે....૬....
દર્શન જ્ઞાનપદ ધ્યાવતાં, દર્શન જ્ઞાન અજવાળે,
ચારિત્ર પદ ધ્યાવતાં, શિવમંદિરમાં મ્હાલે....૭....
કેસર કસ્તૂરી કેતકી, મચકુંદ માલતી ચાલે,
સિદ્ધચક્ર સેવ્યું ત્રિકાલ, જેમ મયણાને શ્રીપાલે....૮....
નવ આયંબિલ નવવાર, શીલ સમકિત વહાલ,
રૂપવિજય કવિરાયનો, માણેક કહે ઉજમાલ....૯....

[૧૩]

પહેલે પદ અરિહંતનાં, ગુણ ગાઉં નિત્યે,
બીજે સિદ્ધતણા ઘણા, સમરો એક ચિત્તે....૧....
આચારજ ત્રીજે પદે, પ્રણમો બિહું કર જોડી,
નમિએ શ્રી ઉવઝાયને, ચોથે મદ મોડી....૨....
પંચમ પદ સર્વ સાધુનું, નમતાં ન આણો લાજ,
એ પરમેષ્ઠિ પંચને, ધ્યાને અવિચલ રાજ....૩....
દંસણ શંકાદિક રહિત, પદ છઠ્ઠે ધારો,
સર્વ નાણપદ સાતમે, ક્ષણ એક ન વિસારો....૪....
ચારિત્ર ચોખું ચિત્તથી, પદ અષ્ટમ જપિયે,
સકલ ભેદ બિચ દાન ફલ, તપ નવમે તપિયે....૫....
એ સિદ્ધચક્ર આરાધતાં, પૂરે વંછિત કોડ,
સુમતિવિજય કવિરાયનો, રામ કહે કર જોડ....૬....

[૧૪]

શ્રી અરિહંત ઉદાર કાંતિ, અતિ સુંદર રૂપ,
સેવો સિદ્ધ અનંત સંત, આતમ ગુણ ભૂપ....૧....
આચારજ ઉવઝાય સાધુ, સમતા રસ ધામ,
જિન ભાસિત સિદ્ધાંત શુદ્ધ, અનુભવ અભિરામ....૨...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોધિ બીજ ગુણ સંપદાએ, નાણ ચરણ તવ શુદ્ધ,
ધ્યાવો પરમાનંદ પદ, એ નવ પદ અવિરૂદ્ધ....૩...
ઇહ પરભવ આનંદ કંદ, જગમાંહિ પ્રસિદ્ધો,
ચિંતામણી સમ જાસ જોગ, બહુ પુણ્યે લદ્ધો....૪....
તિહુઅણુ સાર અપાર એહ, મહિમા મન ધારો,
પરિહર પર જંજાલ જાલ, નિત એહ સંભારો....૫...
સિદ્ધચક્ર પદ સેવતાંએ, સહજાનંદ સ્વરૂપ,
અમૃતમય કલ્યાણનિધિ, પ્રગટે ચેતન ભૂપ....૬...

[૧૫]

અર્હં પદ આદે નમું, બીજે સિદ્ધ સુજાણ,
સૂરિ વાચક શોભતા, પંચમ પદ મુનિ જાણ....૧...
દર્શન નાણ અતિ દીપતો, ચારિત્ર તપ સુખકાર,
બાર આઠ છત્તીસ સહી, પણવીસ સગવીસ ધાર....૨...
સડસઠ ઇગવન શોભતાં, સીત્તોર બાર પ્રકાર,
અષ્ટ કમલ દલ થાપીને, ધ્યાવો હૃદય મોઝાર....૩...
સિદ્ધાદિક પદ ચિંહુ દિસે, મધ્યે અરિહંત દેવ,
દર્શન નાણ ચારિત્ર ને, તપ વિદિશીયે સેવ....૪....
ૐ હ્રીં અક્ષર સંયુત, દિન પ્રત્યે દોય હજાર,
સિદ્ધચક્ર સુણય સાહિબા, કીર્ત્તિચંદ્ર કહે તાર....૫....

[૧૬]

શિવસંપદા વરસા સદા, નવપદ ધરૂં હું ધ્યાનમાં,
ભવવાસનાનો વેગ ટાલે, રાચતાં ગુણ તાનમાં,
શ્રીપાલ મયણાસુંદરી, સાધી ઘણા સુખિયા થયા,
નવપદ ભજો સદ્‌ભાવથી, એમાં અખિલ મંત્રો રહ્યા....૧
અરિહંત પદને પ્રથમ થુણતાં, વિઘ્ન સહુ દૂરે ટલે,
વલી સિદ્ધ આચારજ અને, ઉપાધ્યાયથી શાંતિ મલે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમ મનોહર સાધુ પદ ને, સેવતાં સુખીયા થયાં,
નવપદ ભજો સદ્‌ભાવથી, એમાં અખિલ મંત્રો રહ્યા....૨
દર્શન તથા શુભ જ્ઞાનને, ચારિત્ર પદની યોજના,
એ ત્રિતયની આરાધના, પૂરે સદા સહુ કામના,
અંતિમ રહ્યું તપપદ ચળકતું, બાર જસ ભેદો કહ્યાં,
નવપદ ભજો સદ્‌ભાવથી, એમાં અખિલ મંત્રો રહ્યા....૩

## નવપદ પૂજાના ચૈત્યવંદનો

### [૧] અરિહંતનું ચૈત્યવંદન

ઉપન્નસન્નાણુમહોમયાણું, સપ્પાડિહેરાસણ સંઠિયાણું
સદ્દેસણાણંદિયસજ્જણાણું, નમો નમો હોઉ સયા જિણાણું..૧
નમો નંત સંત પ્રમોદ પ્રધાન,
પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય,
થયા જેહના ધ્યાનથી સૌખ્ય ભાજા,
સદા સિદ્ધચક્રાય શ્રીપાલ રાજા....૨
કર્યા કર્મ દુર્મમ ચકચૂર જેણે,
ભલા ભવ્ય નવપદ ધ્યાનેન તેણે,
કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે,
સદા વાસિયો આતમા તેણે કાળે....૩
જિકે તીર્થંકરા કર્મ ઉદયે કરીને,
દિયે દેશના ભવ્યને હિત ધરીને,
સદા આઠ મહાપાડિહારે સમેતા,
સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુત્તા....૪
કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગાં,
ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગાં,
જગત્ પંચકલ્યાણકે સૌખ્ય પામે,
નમો તેહ તીર્થંકરા મોક્ષકામે....૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૨] સિદ્ધ પદ નું ચૈત્યવંદન

સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોણંત ચઉક્કયાણં,
સમગ્ગકમ્મક્ખયકારયાણં, જમ્મંજરાદુક્ખનિવારયાણં.૧
કરી આઠ કર્મ ક્ષયે પાર પામ્યા,
જરા જન્મમરણાદિ ભય જેણે વામ્યા,
નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા,
થયા પાર પામી સદા સિદ્ધ બુદ્ધા....૨
ત્રિભાગોનદેહાવગાહાત્મદેશા,
રહ્યા જ્ઞાનમય જાતવર્ણાદિ લેશા,
સદાનંદ સૌખ્યાશ્રિતા જ્યોતિરુપા,
અનાબાધ અપુનર્ભવાદિ સ્વરુપા....૩

## [૩] આચાર્યપદ નું ચૈત્યવંદન

સૂરીણ દૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરિસમપ્પહાણં,
સદ્દેસણાદાણ-સમાયરાણં, અખંડ છત્તીસ ગુણાયરાણં.૧
નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા,
જિનેંદ્રાગમે પ્રૌઢ સામ્રાજ્ય ભાજા,
ષડ્વર્ગ વર્ગિત ગુણે શોભમાના,
પંચાચારને પાલવે સાવધાના....૨
ભવિ જિવને દેશના દેશ કાલે,
સદા અપ્રમત્તા યથા સૂત્ર આલે
જિકે શાસનાધાર દિગ્દંતિકલ્પા,
જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા....૩

## [૪] ઉપાધ્યાય પદ નું ચૈત્યવંદન

સુતત્થવિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગ-કુંજરાણં,
ગણસ્સ સાધારણસારયાણં, સવ્વક્ખણાવજ્જિયમંથરાણં.૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહીં સૂરિ પણ સૂરિગણુને સહાયા,
નમું વાચકા ત્યક્ત મદ મોહ માયા,
વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થ દાને,
ઝીંકે સાવધાના નિરુદ્ધાભિમાને....૨
ધરે પંચ ને વર્ગ વર્ગિત ગુણોઘા,
પ્રવાદિ-દ્વિપોચ્છેદને તુલ્ય સિંધા,
ગુણી ગચ્છ સંધારણે સ્થંભભૂતા,
ઉપાધ્યાય તે વંદિયે ચિત્પ્રભૂતા....૩

## [૫] સાધુ પદ નું ચૈત્યવંદન

સાહૂણ સંસાહિઅસંજમાણં, નમો નમો શુદ્ધદયાદમાણં
તિગુત્તિગુત્તાણ સમાહિયાણં, મુણીંદમાણંદપયટ્ઠિ આણં.૧
કરે સેવના સૂરિ વાયગ ગણિની,
કરૂં વર્ણના તેહની શી મુણિની,
સમેતા સદા પંચસમિતિ ત્રિગુપ્તા,
ત્રિગુપ્તે નહીં કામ ભોગેષુ લિપ્તા....૨
વળી બાહ્ય અભ્યંતર ગ્રંથિ ટાળી,
હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી,
શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી,
નમું સાધુને તેહ નિજ પાપ ટાળી....૧

## [૬] દર્શન પદનું ચૈત્યવંદન

જિણુત્તતત્તે રૂઇ લક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ,
મિચ્છત્તનાસાઇસમુગ્ગમસ્સ, મૂલસ્સ સુધમ્મમહાદુમસ્સ.૧
વિપર્યાસ હઠ વાસના રૂપ મિથ્યા,
ટલે જે અનાદિ અછે જે કુપથ્યા,
જિનોક્તે હોયે સહજથી સદ્ધાનં,
કહિયે દર્શનં તેહ પરમં નિધાનં....૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના જેહથી જ્ઞાનમજ્ઞાનરુપં,
ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં,
પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષયે તે હોવે,
તિહાં આપ રૂપે સદા આપ જોવે....૩

## [૭] જ્ઞાન પદ નું ચૈત્યવંદન

અન્નાણસંમોહતમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ,
પંચપયારસ્સુવગારગસ્સ, સત્તાણ સવ્વત્થપયાસગસ્સ.૧
હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધ,
યથાવર્ણ નાસે વિચિત્રાવબોધ,
તેણે જાણિયે વસ્તુ ષડ્ દ્રવ્ય ભાવા,
ન હુયે વિતત્થા નિજેચ્છા સ્વભાવા....૨
હોયે પંચમત્યાદિ સુજ્ઞાન ભેદે,
ગુરુપાસ્તિથી યોગ્યતા તેહ વેદે,
વળી હેય જ્ઞેય ઉપાદેય રૂપે,
લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે....૩

## [૮] ચારિત્ર પદ નું ચૈત્યવંદન

આરાહિ અખંડિઅસક્કિઅસ, નમોનમો સંજમ વીરિઅસ્સ,
સબ્ભાવણા સંગવિવડ્ઢિઅસ્સ, નિવ્વાણદાણાઇ સમુજ્જયસ્સ.૧
વલી જ્ઞાનફલ ચરણ ધરિયે સુરંગે,
નિરાશંસતા દ્વાર રોધ પ્રસંગે,
ભવાંભોધિ સંતારણે યાનતુલ્યં,
ધરૂં તેહ ચારિત્ર અપ્રાપ્તમૂલ્યં....૨
હોયે જાસ મહિમાથકી રંક રાજા,
વળી દ્વાદશાંગી ભણી હોય તાજા,
વળી પાપરુપોપિ નિઃપાપ થાય,
થઇ સિદ્ધ તે કર્મને પાર જાય....૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૯] તપ પદ નું ચૈત્યવંદન

કમ્મદુમોમ્મૂલણુકુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ,
અણેગલ ધ્દીણુ નિબન્ધણુસ્સ, દુસઝાયઠાણુસ્સ પસાહણુસ્સ.૧
ત્રિકાલિકપણે કર્મ કષાય ટાલે,
નિકાચીતપણે બાંધિયા તેહ બાલે,
કહ્યું તેહ તપ બાહ્ય અંતર દુભેદે,
ક્ષમાયુક્ત નિર્હેતુ દુર્ધ્યાન છેદે....૨
હોયે જાસ મહિમા થકી લબ્ધિ સિદ્ધિ,
અવાંછકપણે કર્મ આવરણુ શુદ્ધિ,
તપો તેહ તપ જે મહાનંદ હેતે,
હોય સિદ્ધિ સીમંતિની જિમ સંકેતે....૩
ઇશા નવપદ ધ્યાન ને જેહ ધ્યાવે,
સદાનંદ ચિદ્રુપતા તેહ પાવે,
વલી જ્ઞાનવિમલાદિ ગુણુરત્નધામા,
નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના....૪
ઈમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,
નવમે ભવ શિવ જાવે, દેવ નર ભવ પાવે,
જ્ઞાનવિમલ ગુણુ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સવિ દુરિત શમાવે, વિશ્વ જયકાર પાવે....૫

## [૧૦] અરિહંત પદ નું ચૈત્યવંદન

જય જય શ્રી અરિહંત ભાનુ, ભવિ કમલ વિકાશી,
લોકાલોક અરૂપી રૂપી સમસ્ત વસ્તુ પ્રકાશી....૧
સમુદ્દઘાત શુભ કેવલે, ક્ષય કૃત મલ રાશી,
શુક્લ ચમર શુચિ પાદસે, ભયો વર અવિનાશી....૨
અંતરંગ રિપુગણુ હણીએ, હુએ અપ્પા અરિહંત,
તસુ પદ પંકજમેં રહે, હીરે ધરમ નિત સંત....૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૧] સિદ્ધ પદ નું ચૈત્યવંદન

શ્રી શૈલેષી પૂર્વ પ્રાંત, તનુ હીન ત્રિભાગી,
પુવ્વપઓગ પસંગસે, ઉરધ ગતિ જાગી....૧....
સમય એકમેં લોકપ્રાંત, ગયે નિર્ગુણ નીરાગી,
ચેતન ભૂપે આત્મરૂપ, સુદિશા લહી સાગી....૨....
કેવલ દંસલ નાણુથી એ, રૂપાતીત સ્વભાવ,
સિદ્ધ ભચે જસુ હીરધર્મ, વંદે ધરી શુભ ભાવ....૩....

## [૧૨] આચાર્ય પદ નું ચૈત્યવંદન

જિનપદ કુલ મુખરસ અનિલ, મતરસ ગુણ ધારી,
પ્રબલ સબલ ધન મોહકી, જિણુતે ચમુ હારી....૧...
ઋજવાદિક જિનરાજ ગીત, નય તન વિસ્તારી,
ભવ કૂપે પાપે પડત, જગ જન નિસ્તારી....૨....
પંચાચારી જિવકે, આચારજ પદ સાર,
તીનકું વંદે હીરધર્મ, અઠ્ઠોત્તરસો વાર....૩...

## [૧૩] ઉપાધ્યાય પદ નું ચૈત્યવંદન

ધન ધન શ્રી ઉવજઝાય રાય, શઠતા ઘન ભંજન,
જિનવર દેશિત દુવાલસંગ, કર કૃત જનરંજન....૧
ગુણવન ભંજન વય ગયંદ, સુય શણિ કિજ ગંજણુ,
કુલાલંધ લોય ભોયણે, જત્થ ય સુખ મંજણુ....૨
મહાપ્રાણુ મેં જિન લહ્યો એ, આગમસે પદ તુર્ય,
તીન પે અહનિશ હીરધર્મ, વંદે પાઠકવર્ય....૩

## [૧૪] સાધુ પદ નું ચૈત્યવંદન

દંસણુ નાણું ચરિત્ત કરી, વર શિવપદગામી,
ધર્મ શુક્લ શુચિ ચકસે, આદિમ ચય કામી....૧....
ગુણુ પ્રમત્ત અપ્રમત્તતે, ભયે અંતરજામી,
માનસ ઈંદ્રિય દમન ભૂત, શમ દમ અભિરામી....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારુ તિધન ગુણ કયોંએ, પંચમ પદ મુનિરાજ,
તત્પદ પંકજ નમત હૈ, હીર ધર્મ કે કાજ....૩....

## [૧૫] દર્શન પદ નું ચૈત્યવંદન

હૂય પુગ્ગલ પરિઅટ્ટ, અડ્ઢ પરિમિત સંસાર,
ગંઠિ ભેદ તબ કરિ લહે, સબ ગુણનો આધાર....૧...
ક્ષાયક વેદક શશી અસંખ, ઉપશમ પણ વાર,
વિના જેણ ચારિત્ર નાણ, નવિ હુવે શિવ દાતાર....૨...
શ્રી સુદેવ ગુરુ ધર્મની એ, રુચિ લંછન અભિરામ,
દર્શનકું ગણિ હીરધર્મ, અહનિશ કરત પ્રણામ....૩...

## [૧૬] જ્ઞાન પદ નું ચૈત્યવંદન

ક્ષિપ્રાદિક રસ રામ વહ્નિ, મિત આદિમ નાણ,
ભાવ મીલાપસે જિનજનિત, સુય વીશ પ્રમાણ....૧....
ભવ ગુણપજ્જવ ઓહિ દોય, મણ લોચન નાણ,
લોકાલોક સરૂપ નાણ, ઇક કેવલ ભાણ....૨....
નાણાવરણી નાશથી એ, ચેતન નાણ પ્રકાશ,
સપ્તમ પદમેં હીરધર્મ, નિત ચાહત અવકાશ....૩....

## [૧૭] ચારિત્ર પદ નું ચૈત્યવંદન

જસ્સ પસાયે બહુ પાય, જુગ જુગ સમિતેંદ,
નમન કરે શુભ ભાવ લાય, કુણ નરપતિ વૃંદ....૧....
જપે ધરી અરિહંત રાય, કરી કર્મ નિકંદ,
સુમતિ પંચ તિન ગુપ્તિ યુત, દે સુખ અમંદ....૨....
ઇષુ કૃતિ માન કષાયથી એ, રહિત લેશ સુચિવંત,
જીવ ચારિતકું હીરધર્મ, નમન કરત નિત સંત..૩...

## [૧૮] તપ પદ નું ચૈત્યવંદન

શ્રી ઋષભાદિક તીર્થનાથ, તદ્ભવ શિવ જાણ,
બહિ અંતોરપિ બાહ્ય મધ્ય, દ્વાદશ પરિમાણ....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસુ કર મતિ આમોસહિ, આદિક લબ્ધિ નિદાન,
ભેદે સમતાયુત ખિણે, દગધન કર્મ વિતાન....૨....
નવમે શ્રી તપપદ ભલોએ, ઇચ્છા રોધ સરૂપ,
વંદનસે નિત હીરધર્મ, દૂર ભવતુ ભવકૂપ....૩....

## [૧] ★ સિદ્ધ ના ચૈત્યવંદનો

સિદ્ધ સકલ સમરૂં સદા અવિચલ અવિનાશી,
થાશે ને વળી થાય છે, થયા અડકર્મ વિનાશી....૧....
લોકાલોક પ્રકાશ ભાસ, કહેવા કોણ શૂરો,
સિદ્ધ બુદ્ધ પારંગત, ગુણથી નહીં અધૂરો....૨....
અનંત સિદ્ધ એણીપેરે નમું, વળી અનંત અરિહંત,
જ્ઞાનવિમલ ગુણ સંપદા, પામ્યા તે ભગવંત....૩....

[૨]

અજ અવિનાશી અકલ જે, નિરાકાર નિરાધાર,
નિર્મમ નિર્ભય જે સદા, તાસ ભક્તિ ચિત્ત ધાર....૧...
જન્મ જરા જાકું નહી, નહી શોક સંતાપ,
સાદિ અનંત સ્થિતિ કરી, બંધન રુચિ કાપ...૨....
ત્રીજે અંશ રહિત શુચિ, ચરમ પિંડ અવગાહ,
એક સમે સમ શ્રેણિએ, અચલ થયો શિવનાહ....૩....
સમ અરુ વિષમ પણે કરી, ગુણ પર્યાય અનંત,
એક એક પરદેશમાં, શક્તિ ત્રિજગ મહંત....૪....
રૂપાતીત વ્યતીત મલ, પૂર્ણાનંદી ઇશ,
ચિદાનંદ તાકું નમત, વિનય સહિત નિજ શિષ....૫....

[૩]

તુમ્હે તરણતારણ દુઃખનિવારણ, ભવિકજન આરાધનં,
શ્રી નાભિનંદન ત્રિજગવંદન, નમો સિદ્ધ નિરંજનં.૧

★ દ્વિતીય સિધ્ધ પદ ને આશ્રીને આ ચૈત્યવંદન આપ્યાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગત ભૂષણ વિગત દૂષણ, પ્રણવ પ્રાણ નિરૂપકં,
ધ્યાન રૂપ અનૂપ ઉપમં, નમો સિદ્ધ નિરંજનં.૨
ગગન મંડલ મુક્તિ પદ્મં, સર્વ ઉર્ધ્વ નિવાસનં,
જ્ઞાન જ્યોતિ અનંત રાજે, નમો સિદ્ધ નિરંજનં.૩
અજ્ઞાન નિદ્રા વિગત વેદન, દલિત મોહ નિરાઉખં,
નામ ગોત્ર નિરંતરાયં, નમો સિદ્ધ નિરંજનં.૪
વિકટ ક્રોધા માન યોધા, માયા લોભ વિસર્જનં,
રાગ દ્વેષ વિમર્દિતાંકુર, નમો સિદ્ધ નિરંજનં.૫
વિમલ કેવલજ્ઞાન લોચન, ધ્યાન શુક્લ સમીરિતં,
યોગિનામિતિ ગમ્યરૂપં, નમો સિદ્ધ નિરંજનં.૬
યોગમુદ્રા સમ સમુદ્રા, કરી પર્યંકાસનં,
યોગિનામિતિ ગમ્ય રૂપં, નમો સિદ્ધ નિરંજનં.૭
જગત જાકે દાસ દાસી, તાસ આશ નિરાસનં,
યોગિનામિતિ ગમ્ય રૂપં, નમો સિદ્ધ નિરંજનં.૮
સમય સમકિત દૃષ્ટિ જનકી, સોય યોગી અયોગિકં,
દેખિતા મિલિ ન હોવે, નમો સિદ્ધ નિરંજનં.૯
તીર્થ સિદ્ધ અસિદ્ધ સિદ્ધા, ભેદ પંચ દશાદિકં,
સર્વ કર્મ વિમુક્તિ ચેતન, નમો સિદ્ધ નિરંજનં.૧૦
ચંદ્ર સૂર્ય દીપ મણિ કી, જ્યોતિ તેને ઓલંગિકં
તજ્જ્યોતિથી કોઇ અપર જ્યોતિ, નમો સિદ્ધ નિરંજનં.૧૧
એકમાંહિ અનેક રાજે, નેકમાંહિ એકકં,
એક નેકકી નહિ સંખ્યા, નમો સિદ્ધ નિરંજનં..૧૨
અજર અમર અલખ અનંત, નિરાકાર નિરંજનં,
પરબ્રહ્મ જ્ઞાન અનંત દર્શન, નમો સિદ્ધ નિરંજનં.૧૩
અચલ સુખકી લહરમાં, પ્રભુ લીન રહે નિરંતરં,
ધર્મ ધ્યાનથી સિદ્ધ દર્શન, નમો સિદ્ધ નિરંજનં.૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાને ધૂપં મને પુષ્પર્ચં, પંચે ઈંદ્રિ હુતાશનં,
ક્ષમા જાપ સંતોષ પૂજા, પૂજો દેવ નિરંજન.૧૫
તુમ્હે મુક્તિદાતા કર્મઘાતી, દીન જાણી દયા કરો,
સિદ્ધાર્થ નંદન જગત વંદન, મહાવીર જિનેશ્વરં.૧૬
✱ સાત, આઠ ગાથા નું ત્રીજું ચરણ ગાથા છ પ્રમાણે છે સુજ્ઞોએ તપાસવું.

[૪]

અજર અમર અકલંક અરુજ, નિરજ અવિનાશી,
સિદ્ધ સરૂપી શંકરો, સંસાર ઉદાસી....૧....
સુખ સંસારે ભોગવી, નહીં ભોગ વિલાસી,
જીતિ કર્મ કષાયને, જે થયો જિતકાશી....૨....
દાસી આશી અવગણીએ, સમીચિન સર્વાંગ,
નય કહે તસ ધ્યાને રહો, જિમ હોય નિર્મલ અંગ....૩....

## દિવાળી ના ચૈત્યવંદનો

[૧]

સુણી નિર્વાણ ગૌતમ ગુરુ, પાછા વળતા જેમ,
ચિંતવતા વીતરાગતા, વીતરાગ હુઆ તેમ....૧...
વીર નાણુ નિર્વાણ વળી, ગૌતમ કેવલજ્ઞાન,
ગણણું ગણીએ તેહનું, છઠ તપશું નિર્વાણ....૨....
સંભારે ગૌતમ નામથી, કેવલી પચાસ હજાર,
નાણુ દિવાળી પ્રણમતા, પદ્મ કહે ભવપાર....૩....

[૨]

જ્ઞાન ઉજ્જવલ દિવા કરો, મેરૈયા સજ્ઝાય,
તપ જપ સેવ સુંવાળી, અધ્યાતમ કહેવાય....૧....
શુદ્ધાહાર સુખભક્ષિકા, સત્ય વચન તંબોલ,
શીયલ આભુષણ પેરીએ, કરીએ રંગરોલ....૨....
નિદ્રા આળસ દૂરે કરી, મોહ ગેહ સમારો,
કેવલ લક્ષ્મી લાવવા, નિજ ઘરમાં પધારો....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાનાદિક સ્વસ્તિક રચે, સાધર્મિક શ્રેણુ,
એમ દિવાળી કીજીએ, સુણીએ ગુરુના વેણુ....૪....
એમ દિવાળી દિન ભલોએ, જિન ઉત્તમ નિર્વાણુ,
પદ્મ કહે આરાધતાં, લહીએ અવિચલ ઠાણુ....૫....

[૩]

ત્રીસ વરસ કેવલપણે, વિચર્યા શ્રી મહાવીર,
પાવાપુરી પધારીયા, શ્રી જિનશાસન ધીર....૧....
હસ્તિપાલ નૃપ રાયની, રજ્જુકા સભા મોઝાર,
ચરમ ચોમાસું ત્યાં રહ્યા, લેઇ અભિગ્રહ સાર....૨....
કાશી કોશલ દેશના, મલિયા રાય અઢાર,
સ્વામી સુણી સૌ આવીયા, વંદનને નિરધાર....૩....
સોલ પહોર દીધિ દેશના, જાણી લાભ અપાર,
દીધી ભવિહિત કારણે, પીધી તેહીજ પાર....૪....
દેવશર્મા બોધન ભણી, ગોયમ ગયા સુજાણ,
કાર્ત્તિક અમાવસ્યા દિને, પ્રભુ પામ્યા નિર્વાણુ....૫....
ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત,
ઇમ કહી રાય સરવે મલી, કીધી દીપક જ્યોત....૬....
દિવાલી તિહાંથી થઇ, જગમાંહી પ્રસિદ્ધ,
પદ્મ કહે આરાધતાં, લહીએ અવિચલ રિદ્ધ....૭....

[૪]

ચરમ ચોમાસું વીરજી, પાવાપુરી નયરી,
મુનિવર વૃંદે આવીયા, જિત અંતર વયરી....૧....
દેશ અઢારના નરપતિ, વંદે પ્રભુ પાય,
સોળ પહોરની દેશના, દીધી જિનરાય....૨....
પુન્ય પાપ ફલ કેરડાં, પંચાવન ભાખ્યા,
છત્રીશ અણુ પુછયાં વળી, અજ્ઝયણું દાખ્યા....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રધાન અધ્યયન ભાવતાં, પામ્યા પ્રભુ નિરવાણ,
કાર્ત્તિક અમાસને દહાડલે, પાંચ અક્ષર માન....૪....
ગણ રાયે દીવા કર્યા, દ્રવ્ય ઉદ્યોતને કાજ,
દિવાલી તે દિન થકી, પ્રગટી પુન્ય સમાજ....૫...
ઉત્તમ ગુરુ ગૌતમ ભણીએ, ઉપનું કેવલનાણ,
પદ્મવિજય કહે મોટકો, એહ પરમ કલ્યાણ....૬....

[૫]

સિદ્ધારથ કુલ નભ વિષે, ઇન્દુ રૂપ જિનરાજ,
ત્રિશલા સુત વંદન કરો, મેળવવા શિવ સાજ...૧....
સાત હાથ પરિમાણ દેહ, ગુણગણથી ભરિયા,
ભોગ તજી સંજમ ગ્રહ્યું, નાણ કેવલ વરિયા....૨....
ત્રીસ વરસ સંસારમાં, સાડા બાર પર્યાય,
સંજમ ને કેવલ તણો, સાડી ઓગણત્રીસ થાય....૩....
આવ્યા અપાપા નયરીએ, કર્યું અંતિમ ચોમાસ,
સોલ પહોર દેઇ દેશના, તાર્યા નૃપવર ખાસ....૪....
શુભાશુભ વિપાકના, પચપણ પચપણ જાણ,
મારૂદેવ અધ્યયનતણા, ધ્યાને શિવ પ્રયાણ....૫....
અમાવાસ્યા મલી કાર્તિકી, દેવાનંદા રાત,
ચાર ઘડી બાકી રહી, મેળવ્યું અનંત સાત....૬....
ભાવ દીપક ગયો જગથકી, દ્રવ્ય દીપક કરીએ,
નવ મલ્લી નવ લચ્છકી, નૃપતિ મનધરી એ....૭....
દીપક જ્યોત પ્રગટાવતાં, થયું દિવાલી પર્વ,
તે દિન વીર ધ્યાને કરી, લબ્ધિ વરે શિવશર્મ....૮....

[૬]

મગધ દેશ પાવાપુરી, પ્રભુ વીર પધાર્યા,
સોલ પહોર દેઇ દેશના, ભવિક જીવને તાર્યા....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢાર ભેદે ભાવે ભણી, અમૃત જેવી વાણી,
દેશના દેતા રયણીએ, પરણ્યા શિવરાણી....૨....
ઉઠો રાય દીવા કરો, અજુવાળો દિન એહ,
આસો માસે કાર્તિકી, દિવાલી દિન તેહ....૩....
મેરૂ થકી ઇંદ્ર આવીયા, લેઇ હાથમાં દીવો,
મેરૈયા તે કારણે, લોક કહે ચિરંજીવો....૪....
કલ્યાણુક જાણી કરી, દીવા તે કીજે,
જાપ જપો જિનરાજનો, પાતિક સવિ છીજે....૫....
બીજે દિન ગૌતમ સુણી, પામ્યાં કેવલજ્ઞાન,
બાર સહસ ગણુણું ગણો, હોશે કોડિ કલ્યાણ....૬....
સુર નર કિન્નર સહુ મલી, ગૌતમ ને આપે,
ભટ્ટારક પદવી દેઈ, સહુ સાથે સ્થાપે....૭....
જુહાર પટોરાં તે કારણે, લોકાંતિક વ્યવહાર,
બહેને ભાઇ જમાડીયો, નંદીવર્ધન સાર....૮....
ભાઈબીજ તિહાં થકી, વીર તણો અધિકાર,
જયવિજય ગુરુ સંપદા, મેરૂવિજય સુખકાર....૯....

[૭]

શાસનના શણગાર વીર, મુક્તિપુરી શણગારી,
ગૌતમની પ્રીતિ પ્રભુ, અંત સમયે વિસારી....૧....
દેવશર્મા પ્રતિબોધવા, મોકલ્યો મુજને સ્વામી,
વિશ્વાસી પ્રભુ વીરજી, છેતર્યો મુજ અભિરામી....૨....
હા હા વીર આ શું કર્યું, ભરતમાં અંધારૂં,
કુમતિ મિથ્વાત્વી વધી જશે, કોણ કરશે અજવાળું....૩....
નાથ વિનાના સૈન્ય જેમ, થયા અમે નિરધાર,
ઇમ ગૌતમ પ્રભુ વલવલે, આંખે આંસુડાની ધાર....૪....
કોણ વીરને કોણ તું, જાણી એહવો વિચાર,
ક્ષપક શ્રેણિએ આરોહતા, પામ્યા કેવલ સાર....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીર પ્રભુ મોક્ષે ગયા, દિવાલી દિન જાણુ,
ઓચ્છવ રંગ વધામણાં, જસ નામે કલ્યાણુ....૧....

[૮]

દેવ મલિયા, દેવ મલિયા, કરે ઉત્સવ રંગ...૧
મેરઇયાં હાથે ગ્રહી, દ્રવ્ય તેજ ઉદ્યોત કીધો
ભાવ ઉદ્યોત જિનેંદ્રનો, ઠામ ઠામ એહ ઓચ્છવ પ્રસિદ્ધો....૨
લખ કોડિ છઠ ફલ કરી, કલ્યાણક કરો એહ,
કવિ નયવિમલ કહે ઇશ્યું, ધન ધન દહાડો તેહ...૩

[૯]

વીર જિનવર, વીર જિનવર, ચરમ ચૌમાસ....૧
નયરી અપાપાયે આવીયા, હસ્તિપાલ રાજન સભાયે,
કાર્તિક અમાવાસ્યા રયણીયે, મુહુર્ત્ત શેષ નિર્વાણ તાંહિ....૨
સોલ પહોર દેઇ દેશના, પહોત્યા મુક્તિ મોઝાર,
નિત્ય દિવાલી નય કહે, મલિયા નૃપતિ અઢાર....૩

## ગૌતમસ્વામીના ચૈત્યવંદનો

[૧]

ગૌતમ ગુરુ આણા ગયે, દેવશર્માકે હેત,
પ્રતિબોધિ આવત સુના, જાણ્યા નહીં સંકેત....૧....
વીર પ્રભુ મોક્ષે ગયા, છોડી મુજ સંસાર,
હા હા ભરતે હો ગયા, મોહ અતિ અંધાર....૨....
વીતરાગ નહી રાગહે, એક પખો મુજ રાગ,
નિષ્ફલ એમ ચિંતિત ગયો, ગૌતમ મનસે ભાગ....૩....
માન કિયો ગણધર હુઆ, રાગ કિયો ગુરુ ભક્તિ,
ખેદ કિયો કેવલ લીયો, અદ્‌ભુત ગૌતમ શક્તિ...૪....
દીપ જગાવે રાય તે, તિણે દિવાલી નામ,
પડવાને દિન કેવલી, ઉત્સવ દિન અભિરામ....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✽ દિવાલીના છઠ્ઠ માં અલગ આરાધના કરનાર માટે ગૌતમસ્વામીના ચૈત્યવંદન સાથે આપી દીધા છે.

[૨]

બિરુદ ધરી સર્વજ્ઞનું, જિન પાસે આવે,
મધુર વયણશું વીરજી, ગૌતમ બોલાવે....૧....
પંચભૂત માંહિ થકીએ, જે ઉપજે વિણસે,
વેદ અર્થ વિપરીતથી, કહો કેમ ભવ તરસે....૨....
દાન દયા દમ ત્રિહું પદે એ, જાણે તેહિજ જીવ,
જ્ઞાનવિમલ ધન આતમા, સુખ ચેતના સદૈવ....૩....

[૩]

નમો ગણધર નમો ગણધર, લબ્ધી ભંડાર....૧...
ઇંદ્રભૂતિ મહિમા નીલો, વડ વજીર મહાવીર કેરો,
ગૌતમ ગોત્રે ઉપન્યો, ગણિ અગ્યારમાંહિ વડેરો....૨....
કેવલજ્ઞાન લહ્યું જિણે, દિવાલી પરભાત,
જ્ઞાનવિમલ કહે તેહના, નામ થકી સુખશાત....૩....

[૪]

ઇંદ્રભૂતિ પહેલો ભણું, ગૌતમ જસ નામ,
ગોબર ગામે ઉપન્યા, વિદ્યાના ધામ....૧...
પંચ સયા પરિવારશું, લીએ સંયમ ભાર,
વરસ પચાસ ગૃહે વસ્યા, ત્રીસ વરસ વ્રત ધાર....૨....
બાર વરસ કેવલ વર્યાએ, બાણું વરસ સવિ આય,
નય કહે ગૌતમ નામથી, નિત-નિત નવનિધિ થાય....૩....

[૫]

જીવ કેરો જીવ કેરો, અછે મનમાંહી....૧...
સંશય વેદ પદે કરી, કહી અર્થ અભિમાન વાર્યો,
શ્રી મહાવીર સેવા કરી, ગૃહિ સંયમ આપ તાર્યો....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિપદી પામી ગુંથિયા, પૂરવ ચઉદ ઉદાર,
નય કહે તેહના નામથી, હોવે જય જયકાર....૩....

## ■ ગણધરોના ચૈત્યવંદનો

### (૧) અગ્નિ ભૂતિ ગણધરનું ચૈત્યવંદન

કર્મ તણો સંશય ધરી, જિન ચરણે આવે,
અગ્નિભૂતિ નામે કરી, તવ તે બોલાવે....૧....
એક સુખી એક છે દુઃખી, એક કિંકર સ્વામી,
પુરુષોત્તણ એકે કરી, કિમ શક્તિ પામી....૨....
કર્મતણા પરભાવથી એ, સકલ જગત મંડાણ,
જ્ઞાનવિમલથી જાણીયે, વેદ અરથ સુપ્રમાણ....૩....

### (૨) વાયુભૂતિ ગણધર નું ચૈત્યવંદન

વાયુભૂતિ ત્રીજો કહ્યો, તસ સંશય છે એહ,
જીવ શરીર બેહુ એક છે, પણ ભિન્ન ન દેહ....૧....
બ્રહ્મજ્ઞાન તપે કરી, આતમ નિર્મલ લહીએ,
કર્મ શરીરથી વેગલો, એમ વેદ સદ્દહીએ....૨....
જ્ઞાનવિમલ ગુણધન ધણી, જડમાં કેમ હોય એક,
વીર વચણથી તે લહ્યો, આણી હ્દય વિવેક....૩....

■ ગૌતમ સ્વામી ની સાથે લેવા બાકીના ગણધર ચૈત્યવંદન અહીં આપેલા છે.

ગણધર સ્થાપના દિનને આશ્રીને ગણધર આરાધના કરનારા માટે પણ ઉપયોગી થશે

### (૩) વ્યક્ત ગણધર નું ચૈત્યવંદન

પંચભૂતનો સંશયી, ચોથો ગણી વ્યક્ત,
ઇંદ્રજાલપરે જગ કહ્યો, તો કિમ તસ સકત....૧....
પૃથ્વી પાણી દેવતા, ઇમ ભૂતની સત્તા,
પણ અધ્યાત્મ ચિંતને, નહિ તેહની મમતા....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇમ સ્યાદ્વાદ મતે કરી, ટાલ્યો તસ સંદેહ,
જ્ઞાનવિમલ જિનચરણશું, ધરતા અધિક સનેહ....૩....

### (૪) સુધર્માસ્વામિ ગણુધરનું ચૈત્યવંદન

સોહમસ્વામિને મને, છે સંશય એહવા,
જે ઇહાં હોય જેહવો, પરભવ તે તેહવો....૧....
શાલિ થકી શાલિ નીપજે, પણ ભિન્ન ન થાય,
સુણી એહવો નિશ્ચય નથી, એહ કહે જિનરાય...૨....
ગોમયથી વિંછી હોવે એ, એમ વિસદૃસ પણ હોય,
જ્ઞાનવિમલ મતિશું કરી, વેદ અરથ શુદ્ધ જોય....૩....

### (૫) મંડિત ગણુધર નું ચૈત્યવંદન

છઠ્ઠો મંડિત બંભણો, બંધ મોક્ષ ન માને,
વ્યાપક વિગુણ જે આતમા, તે કિમ રહે છાને....૧....
પણ સાવરણ થકી નહીં, કેવલ ચિદ્રુપ,
તેહ નિવારણ થએ, હોય જ્ઞાન સરૂપ....૨....
તરણિ કિરણ જેમ વાદલે, હોય નિસ્તેજ સતેજ,
જ્ઞાન ગુણે સંશય હરી, વીર ચરણે કરે હેજ....૩....

### (૬) મોર્યપુત્ર ગણુધર નું ચૈત્યવંદન

સાતમો મૌર્યપુત્ર જે, કહે દેવ ન દીસે,
વેદ પદે જે ભાખિયા, તિહાં મન નવિ હીંસે....૧....
યજ્ઞ કરતો લહે સર્ગ, એ વેદની વાણી,
લોકપાલ ઇંદ્રાદિક, સત્તા કિમ જાણી....૨....
ઇમ સંદેહ નિરાકરીએ, વીર વયણથી તેહ,
જ્ઞાનવિમલ જિનને કહે, હું તુમ પગની રેહ....૩....

### (૭) અકંપિત ગણુધર નું ચૈત્યવંદન

અકંપિત દ્વિજ આઠમો, સંશય છે તેહને,
નારક હોય પરલોકમાં, એ મિથ્યા જનને....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે દ્વિજ શુદ્ર અસન કરે, તસ નારક સત્તા,
દાખી વેદે નવિ કહે, એ તુજ ઉન્મત્તતા....૨....
મેરૂ પરે શાશ્વત નહી, પ્રાયિક એહવી ભાખી,
તે સંશય દૂર કર્યો, જ્ઞાનવિમલ જિન સાખી....૩....

## (૮) અચલ ભ્રાતા ગણધર નું ચૈત્યવંદન

અચલભ્રાતને મન વસ્યો, સંશય એક ખોટો,
પુણ્ય પાપ નવિ દેખીયે, એ અચરજ મોટો....૧....
પણ પ્રત્યક્ષ દેખીયે, સુખ દુઃખ ઘણેરાં,
બીજાની પરે દાખીયે, વેદ પદ બહોતેરાં....૨....
સમજાવી તે શિષ કર્યોએ, વીરે આણી નેહ,
જ્ઞાનવિમલ પામ્યા પછી, ગુણ પ્રગટ્યા તસ દેહ....૩....

## (૯) મેતાર્ય ગણધર નું ચૈત્યવંદન

પરભવનો સંદેહ છે, મેતાર્ય ચિત્તે,
ભાખે પ્રભુ તવ તેહને, દાખી બહુ જુગતે....૧....
વિજ્ઞાનઘન પદ તણો, એમ અર્થ વિચારે,
પરલોકે ગમનાગમે, મન નિશ્ચય ધારે....૨....
પૂર્વાપરથ બહુપરે કહીએ, છેદ્યો સંશય તાસ,
જ્ઞાનવિમલ પ્રભુ વીરને, ચરણે થયો તે દાસ....૩....

## (૧૦) પ્રભાસ ગણધર નું ચૈત્યવંદન

એકાદશમા પ્રભાસ નામ, સંશય મન ધારે,
ભવ નિર્વાણ લહે નહિ, જીવ ઇણે સંસારે....૧....
અગ્નિહોત્ર નિત્યે કરે, અજરામર પામે,
વેદ અરથ ઇમ દાખવે, તસ સંશય વામે....૨....
વીરચરણનો રાગીયો, તેહ થયો તતકાલ,
જ્ઞાનવિમલ જિનચરણની, આણ વહે નિજ ભાલ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧) ગણધરો નું સાધારણ ચૈત્યવંદન

એહ ગણધર, એહ ગણધર, થયા અગ્યાર....૧...
વીર જિનેસર પયકમલે, રહી ભૃંગપરે જેહ લીણા,
સંશય ટાલી આપણા, થયા જિનમત પ્રવીણા....૨...
ઇંદ્ર મહોત્સવ તિહાં કરે, વાસ ક્ષેપ કરે વીર,
લબ્ધિ સિદ્ધિદાયક હોજો, જ્ઞાનવિમલ ગુણ ધીર....૩...

## (૧૨) સર્વ ગણધરો નું સામાન્ય ચૈત્યવંદન

સયલ ગણધર, સયલ ગણધર, જેહ જગ સાર....૧....
સકલ જિનેસર પયકમલે રહી, ભૃંગપરે જેહ લીણા,
જિન મુખથી ત્રિપદી લહી, થયા સ્યાદ્વાદે પ્રવીણા....૨....
વાસ ક્ષેપ જિનવર કરે એ, ઇંદ્ર મહોત્સવ સાર,
ઉદય અધિક દિન દિન હુવે, જ્ઞાનવિમલ ગુણધાર....૩....

## વિવિધ તપોના ચૈત્યવંદનો

## રોહિણી તપનું ચૈત્યવંદન

[૧]

રોહિણી તપ આરાધીએ, શ્રી શ્રી વાસુપૂજ્ય,
દુઃખ દોહગ દૂરે ટળે, પૂજક હોયે પૂજ્ય....૧....
પહેલાં કીજે વાસ પૂજા, પ્રહ ઉઠી પ્રેમે,
મધ્યાહ્ને પહેરી ધોતીઆ, મન વચ કાય ખેમે....૨....
અષ્ટ પ્રકારની વિરચિએ, પૂજા નૃત્ય વાજિંત્ર,
ભાવે ભાવના ભાવિએ, કીજે જન્મ પવિત્ર....૩....
સંધ્યા સમે દીપ આરતિ, પ્રભુ આગળ કીજે,
જિનવર કેરી ભક્તિશું, અવિચલ સુખ લીજે....૪....
જિનવર પૂજા જિન સ્તવન, જિનનો કીજે જાપ,
જિનવર પદને ધ્યાઇએ, જિમ નાવે સંતાપ....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોડ કોડ ફલ લીજીએ, ઉત્તર ઉત્તર ભેદ,
માન કહે ઇણવિધ કરો, જિમ હોવે ભવનો છેદ....૬....

[૨]

વાસવ પૂજિત વાસુપૂજ્ય, વર અતિશય ધારી,
કેવલ કમલાનાથ સાથ, અવિરતિ જેણે વારી....૧....
પરમાતમ પરમેસરૂ એ, ભવિજન નયનાનંદ,
શાન્ત દાન્ત ઉત્તમ ગુણી, વર જ્ઞાન દિણંદ....૨....
બેઠી બારે પર્ષદા, નિસુણે જિનની વાણ,
એક ચિત્ત લય લાવીને, દેઈ નિજ કાન....૩....
તવ જગપતિ તિહાં ઉપદિશે, રોહિણી તપ સુવિચાર,
આરાધો ભવિ ભાવશું, આતમને સુખકાર....૪....
સાત વર્ષ સાત માસની, અવધિ કહી સુપ્રમાણ,
આરાધે સુખ સંપદા, પામે પદ નિર્વાણ....૫....
વાચક શુભ નય શિષ્યનો, ભક્તિ વિજય ગુણ ગાય,
વાસુપૂજ્ય જિન ધ્યાનથી, અનુભવ સુખ થાય....૬....

[૩]

વાસુપૂજ્ય જિન વંદિએ, જગદીપક જિનરાજ,
રોહિણી તપ વર્ણવું, ભવજલ તરણ જહાજ....૧....
શુદિ વૈશાખે રોહિણી, ત્રીજ તણે દિન જાણ,
શ્રી આદિસર જિનવર, વર્ષી પારણે જાણ....૨....
રોહિણી નક્ષત્ર ને દિને, ચઉવિહાર ઉપવાસ,
પોષહ પડિકમણું કરો, તોડો કર્મનો પાસ....૩....
તે દિનથી તપ માંડીએ, સાત વર્ષ લગે સીમ,
સાત માસ ઉપર વળી, ધરીએ એહિજ નીમ....૪....
રોહિણી કુંવરી અને, અશોક નામે ભૂપાલ,
તે તપ પૂરણ ધ્યાઇઓ, પામ્યા સુરગતિ શાલ....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિમ ભવિજન તપ કીજીએ, શાસ્ત્ર તણે અનુસાર,
જન્મ મરણના ભય થકી, ટાળે એ તપ સાર....૬....
તપ પૂરણ તેહજ સમે, કરો ઉજમણું સાર,
યથાશક્તિ હોય જેહની, તિમ કરીએ ધરી પ્યાર....૭....
વાસુપૂજ્ય જિનબિંબની, પૂજા કરો ત્રણ કાલ,
દેવ વંદો વળી ભાવશું, સ્વસ્તિક પર્વવિશાલ....૮....
એ તપ જે સહી આદરે, પહોંચે મનના કોડ,
મનવાંછિત ફળે તેહના, હંસ કહે કર જોડ....૯....

[૪]

તપ કરિયે રોહિણી તણો, સ્થિર કરો મન વચ કાય,
પૂજો જિનવર બારમાં, વાસુપૂજ્ય જિનરાય... ૧....
રોહિણી નક્ષત્રને દિને, ચોવિહાર ઉપવાસ,
પૂજા અષ્ટ પ્રકારની, વાસ ક્ષેપ વલી ખાસ....૨....
સગવીસ લોગસ્સ કાઉસગ, કીજે મનને રંગ,
સાત વર્ષ સાત માસનો, કીજે તપ અભંગ... ૩....
સ્વસ્તિક સગવીસ કીજીયે, ધરિયે શીયલ જગીશ,
આરંભ સઘલો છાંડીને, નોકારવાલી વીશ....૪....
પદ્મપ્રભુ જિનરાજજી, ભાખ્યો એ અધિકાર,
પુન્ય હેતે ભવિ પ્રાણીયા, કીર્ત્તિચંદ્ર જગ સાર....૫....

## વર્ધમાન તપના ચૈત્યવંદનો

(૧)

વર્ધમાન જિનપતિ નમીં, વર્ધમાન તપ નામ,
ઓળી આંબિલની કહું, વર્ધમાન પરિણામ....૧....
એકાદિ આયત શત્, ઓળી સંખ્યા થાય,
કર્મ નિકાચીત તોડવા, વજ્ર સમાન ગણાય....૨....
ચૌદ વરસ ત્રણ માસને, ઉપર દિન વલી વીશ,
યથાવિધિ આરાધતાં, ધર્મરત્ન પદ ઈશ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨]

વર્ધમાન જિન ઉપદિશે, વર્ધમાન તપ સાર,
કરવો વિધિ જોગે સદા, કઠિન કર્મ સંહાર....૧....
એકેકું આંબિલ વધે, યાવત્ શત પરિમાણ,
સાધિક ચૌદ વર્ષમાં, પૂરણ ગુણમણિ ખાણ....૨....
તપ મંદિરની ઉપરે એ, શોભે શિખર સમાન,
ધર્મરત્ન તપસ્યા કરી, પામો પદ નિર્વાણ....૩....

[૩]

ત્રિગડે ત્રિભુવન વાલહો, ભાખે તપના ભેદ,
એકસો તેત્રીશ મુખ્ય છે, કરવા કર્મ વિચ્છેદ....૧....
તેમાં પણ ધૂર મોટકો, મહા ઉગ્ર તપ એહ,
શૂરવીર કોઈ આદરે, નિર્મલ થાશે દેહ....૨...
રોગ વિઘ્ન દૂરે કરે એ, ઉપજે લબ્ધિ અનેક,
ક્ષમા સહિત આરાધતાં, ધર્મરત્ન સુવિવેક....૩....

[૪]

બે કર જોડી પ્રણમીએ, વર્ધમાન તપ ધર્મ,
ત્રિકરણ શુદ્ધે પાળતા, ટળે નિકાચીત કર્મ....૧...
વર્ધમાન તપ સેવીને, કેઈ પામ્યા ભવ પાર,
અંતગડ સૂત્રે વર્ણવ્યા, વંદુ વારંવાર....૨....
અંતરાય પંચક ટળેએ, બાંધે જિનવર ગોત્ર,
નમો નમો તપરત્નને, પ્રગટે આતમ જ્યોત....૩....

## વીશ સ્થાનક તપના ચૈત્યવંદનો

[૧]

પહેલે પદ અરિહંત નમું, બીજે સર્વ સિદ્ધ,
ત્રીજે પ્રવચન મન ધરો, આચારજ ઋદ્ધ....૧....
નમો થેરાણં પાંચમેં, પાઠક પદ છટ્ઠે,
નમો લોએ સવ્વ સાહૂણં, જે છે ગુણ ગરિટ્ઠે....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમો નાણુસ્સ આઠમે, દર્શન મન ભાવો,
વિનય કરો ગુણવંતનો, ચારિત્ર પદ ધ્યાવો....૩....
નમો બંભવયધારિણું, તેરમે કિરિયાણું,
નમો તવસ્સ ચૌદમે, ગોયમ નમો જિણાણું....૪....
સંયમ નાણ સુઅસ્સને, નમો તિત્થસ્સ જાણી,
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય ગુણખાણી....૫....

[૨]

ચોવીશ પંદર પીસ્તાલીશનો, છત્રીશનો કરીએ,
દશ પચવીશ સત્તાવીશનો, કાઉસ્સગ્ગ મન ધરીએ....૧
પાંચ સડસઠ દશ વળી, સીત્તોર નવ પણવીસ,
બાર અઠ્ઠાવીશ લોગસ્સનો, કાઉસ્સગ્ગ ગુણીશ....૨
વીશ સત્તરને એકાવન, દ્વાદશ ને પંચ,
એણી પેરે કાઉસ્સગ્ગ જો કરો, તો જાએ ભવ સંચ....૩
એણી પેરે કાઉસ્સગ્ગ મનધરી, નવકારવાલી વીશ,
વીશ સ્થાનક એમ જાણીએ, સંક્ષેપથી જગીશ....૪
ભાવ ધરી મનમાં ઘણોએ, જો એક પદ આરાધે,
જિન ઉત્તમ પદ પદ્મને, નમી નિજ કારજ સાધે....૫

[૩]

બાર ગુણે અરિહંતજી, પ્રણમીજે ભાવે,
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે....૧....
પદ ત્રીજે પવયણ તણાં, પીસ્તાલિસ સુચંગ,
સૂરિગુણ છત્તીસ સહી, ધ્યાવો ભવિ મનરંગ....૨....
થિવિર વલી પદ પંચમે, દશ ગુણે જે શોભંત,
પચવીસ ગુણ ઉવઝાયના, છઠે પદ મહંત....૩....
સકલ સાધુ પદ સાતમે, સગવીસ ગુણ સુખકાર,
નમો નાણુસ્સ પદ આઠમે, પાંચ ગુણે શ્રીકાર....૪....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવમે પદ નિર્મલ જપો, દર્શન જેહ સુખકંદ,
સડસઠ ગુણે શોભતો, પામે પરમાણંદ....૫....
પદ પ્રણમું દશમે વલી, વિનય ગુણ અભિરામ,
ચારિત્ર પદ અગ્યારમે, સત્તર ગુણ સુજાણ....૬...
બંભવય ગુણ બારમે, નવ ગુણ નિશ્ચય જેહ,
પચવીસ ગુણ કિરિયા તણા, તેરમે પદ વલી તેહ....૭....
પદ ચૌદમો સુખકરુ, તવસ્સ તિલક સમાન,
બાર ગુણે જે આદરે, પામે પરમ નિધાન....૮....
પન્નરમે પદ પ્રણમીયે, ગોયમ ગુરુ ગુણખાણ,
અઠાવીસ ગુણ અતિ ભલા, આપે નવ નિધાન....૯....
જિણાણું પદ જપીયે સદા, ચઉવીસ ગુણ ચિત્ત ધાર,
નમો ચારિત્ર પદ સત્તરમે, તેહનાં પાંચ પ્રકાર....૧૦...
નમો નાણસ્સ અઢારમે, એકાવન ગુણસાર,
સુઅસ્સ પદ ઓગણીસમે, તેનાં બાર ગુણ ધાર....૧૧...
વીસમે પદ પ્રણમું વલી, તીત્થસ્સ તેહનું નામ,
પંચ વીસ ગુણે ધ્યાવતાં, સીઝે વાંછિત કામ....૧૨...
તીર્થંકર પદ તે લહે, જે કરે તપ મનોહાર,
નોકારવાલી વીશ વીશ, પદે પદે શ્રીકાર....૧૩...
કીજે કાઉસગ મન રલી, જેહનાં ગુણ વલી જેહ,
કીર્ત્તિચંદ્ર સમરે સદા, દીજે તપ વિધિ એહ....૧૪...

## શ્રી વીશસ્થાનકના ચૈત્યવંદનો

### (૧) અરિહંત પદ નું ચૈત્યવંદન

ભૂત ભાવિ વર્તમાનમાં, જે હોવે અરિહંત,
વીશસ્થાનક આરાધતાં, અતિશે પુણ્યવંત....૧...
જીવ માત્ર કલ્યાણની, ભાવંતા દિન રાત,
ભાવના સહ કરતાં વલી, કઠિન કરમનો ઘાત....૨...
૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવ ત્રીજે નીકાચતાં, તીર્થંકર નામ ગોત,
વાણી ગુણ પાંત્રીશ લહે, ચોત્રીશ અતિશય હોત....૩....
અરિહંત પદ આરાધતાં, શ્રેણિક હોશે જિન,
દેવપાલાદિક તિમ હોશે, અજરામર પદ લીન....૪....
મહાગોપ માહણ વલી, નિર્યામક સત્થવાહ,
તે અરિહંતને પ્રણમતાં, ધર્મરત્ન ઉત્સાહ....૫....

## (૨) સિદ્ધ પદ નું ચૈત્યવંદન

સાદિ અનંત ભાગે સુખી, સિદ્ધાતમ મહારાય,
અજ અવિનાશી અગોચરુ, ઈકતીશ ગુણ ગણાય....૧....
સમય એક ઉર્ધ્વ ગતિ, સિદ્ધશિલાએ જાય,
હસ્તિપાલ પદ સેવીને, પરમાનંદી થાય....૨....
સિદ્ધિગતિને પામવા, ધર્મરત્ન ગુણ ગાય,
ગુણીજનનાં ગુણ ગાવતાં, પૂર્ણાનંદી થાય....૩....

## (૩) પ્રવચન પદ નું ચૈત્યવંદન

ત્રિકાલમાં જે શાશ્વતું, પ્રવચન પદ ગંભીર,
ભરતાદિક આરાધતાં, પામે ભવજલ તીર....૧....
સાહુ શ્રાવક સાહુણી, શ્રાવિકા પણ જાણ,
ભક્તિ કરંતા તેહની, પ્રવચન પદ વખાણ....૨....
પ્રવચન પદ મુજ મન વસ્યું, ભવોભવ હોજો પ્રીત,
સાતે ખેત ભક્તિ કરૂં, ધર્મરત્ન જો ચિત્ત....૩....

## (૪) આચાર્ય પદ નું ચૈત્યવંદન

પંચાચારને પાળતાં, શુદ્ધ પ્રરુપક જેહ,
છત્તીશ ગુણે શોભતાં, આચારજ વર તેહ....૧....
સારણ વારણ ચોયણા, પડિચોયણનાં જાણ,
જીન સૂરજ અસ્તંગતા, સૂરિવર દીપ પ્રમાણ....૨....
યુગપ્રધાન વીરશાસને, ધર્મરત્ન નમે સાર,
પુરુષોત્તમ સૂરિપદ થકી, પામશે મોક્ષ દ્વાર....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫) સ્થવિર પદ નું ચૈત્યવંદન

થિવિર પદ આરાધતો, પદ્મોત્તર નૃપતિ,
તીર્થંકર પદ પામશે, હોશે ત્રિભુવન પતિ....૧....
બાલ ગ્લાનાદિક જે વલી, સંયમમાં સીદાતા,
મધુર નીતિ સમજાવીને, સ્થવિર કરંતા શાતા....૨....
જ્ઞાન થકી પર્યાયથી, તિમહીજ વયથી સ્થવિર,
જીનશાસન સોહાવતા, ધર્મરત્ન નમે ધીર....૩....

## (૬) ઉપાધ્યાય પદ નું ચૈત્યવંદન

ચૌદ દોષથી જે ભર્યા, અવિનીત શિષ્ય અનેક,
પંદર ગુણવંતા કરે, ઉપાધ્યાય સુવિવેક....૧....
અંગ ઉપાંગાદિક કહ્યું, જીનશાસન શ્રુત જ્ઞાન,
ભણે ભણાવે સાચવે, દૂરે કરે અજ્ઞાન....૨....
એ પદથી અરિહા થશે, મહેંદ્રપાલ મહારાજ
ધર્મરત્નને ધારતાં, સીઝે સઘલા કાજ....૩....

## (૭) સાધુ પદનું ચૈત્યવંદન

નમો લોએ સવ્વ સાહૂણં, સાતમું પદ જપંતા,
સિદ્ધિ સાધક વંદતા, અશુભ કર્મ ખપંતા....૧....
નવવિધ ગુપ્તિ પાળતાં, પંચ ઇંદ્રિયને જીતે,
નવવિધ પરિગ્રહ ટાળતાં, શાંત સુધારસ પીતે....૨....
મુનિપદ આરાધન લહી, વીરભદ્ર થશે સિદ્ધ,
ધર્મરત્ન પ્રભુ ધ્યાનથી, પામે સઘલી રિદ્ધ....૩....

## [૮] જ્ઞાનપદનું ચૈત્યવંદન

ગુણ અનંત આતમ તણાં, તેહમાં મુખ્ય દોય,
સમ્યગ્ જ્ઞાન શિરમોર છે, જિણથી દંસણ હોય....૧....
હેય ઉપાદેય જાણવા, જ્ઞાન એક આધાર,
તપ જપથી પણ અધિક જે, કર્મ ખપાવણહાર....૨....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયંત ભૂપ આરાધતો, પામે પદવી ઈશ,
ધર્મરત્ન પસાયથી, જ્ઞાન નમો નિશ દિશ....૩....

## [૯] દર્શન પદનું ચૈત્યવંદન

હરિવિક્રમ નૃપતિ પરે, દર્શન પદ આરાધે,
ક્ષાયિક સમકિતને લહી, શિવગતિ તે સાધે....૧....
જ્ઞાન ચારિત્ર નવિ ફલ દીયે, જો નવિ દર્શન પાસે,
દુઃષમકાલ દર્શન મલે, તેહનો જન્મ વિભાસે....૨....
શ્રદ્ધાભાસન તત્ત્વ રમણ, સમ્યગ્ દર્શન કાજે,
ધર્મસૂરિ ગુણ મહેરથી, રત્નવિજય દિવાજે....૩....

## [૧૦] વિનયપદનું ચૈત્યવંદન

પાંચ તેર બાવન વલી, છાસઠ વિનય પ્રકાર,
રત્નત્રય સંવર તિમજ, નિર્જરાનો આધાર....૧...
પાંચ ભેદથી દશ તણો, વિનય કરી પુણ્યવંત,
ધન ધન્નો જગ સેવતો, કરે કરમનો અંત....૨....
સુલભબોધિ જીવ જે, વિનય કરે અતિ ખંત,
ધર્મરત્ન મનમાં ધરી, દૂર કરો ભવ તંત....૩....

## [૧૧] ચારિત્રપદનું ચૈત્યવંદન

સંચિત કર્મ ચય કરે, તે ચારિત્ર ઉદાર,
વર્ષ ચારિત્ર પર્યાયથી, અનુત્તર સુખ અસાર....૧....
દેશ સર્વ બે ભેદથી, વર્ણવતાં જિનરાજ,
શ્રીદેવી ઉપસર્ગ હઠાવી, વરુણદેવે સાર્યા કાજ....૨....
ચારિત્ર વિણ નવિ મોક્ષ છે, એવી જેને પ્રતીતિ,
ધર્મરત્ન કહે તેહને, નવિ ભવ કેરી ભીતિ....૩....

## [૧૨] બ્રહ્મચર્યપદનું ચૈત્યવંદન

સુવર્ણ કેરા જે કરે, જિન પ્રતિમા મંદિર,
હોડ કદિ નવિ કરી શકે, બ્રહ્મચર્યે જે ધીર....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ ચોરાશી સાધુના, પારણુકે જે લાભ,
વિજય વિજયા ભક્તિ કરે, પામે તેહિજ લાભ....૨....
ઈચ્છીત ભોજને જે કરે, ક્રોડ શ્રાવકની ભક્તિ,
બ્રહ્મવ્રતથી જિનદાસને, સોહાગદેવીની શક્તિ....૩....
ચોરાશી ચોવીશીમાં, અમર કર્યું જે નામ,
સ્થુલિભદ્ર મહિમાનીલો, સારે વાંછિત કામ....૪....
તીર્થંકર પદ પામતો, ચંદ્રવર્મા નૃપ રાય,
શીયલવંતને વંદતાં, ધર્મરત્ન મહારાય....૫....

## [૧૩] ક્રિયા પદનું ચૈત્યવંદન

ખેદાદિક દૂરે કરી, દૂર કરી દોય ધ્યાન,
પચીશ ક્રિયાને પરિહરી, શુભ ક્રિયા બહુમાન....૧...
હરિવાહન નૃપ સાધતો, હોશે વિદેહે જિણંદ,
શુદ્ધ ક્રિયામાં વાધતો, ટાળે ભવના ફંદ....૨....
ધર્મરત્ન ઇમ વિનવે, સફલ ક્રિયા ફલદાય,
સફલ ક્રિયાવિધિ થાપજો, મહેર કરી મહારાય....૩....

## [૧૪] તપપદનું ચૈત્યવંદન

તપ તપતાં જે આકરાં, કર્મ નિકાચીત જાય,
હરીકેશી ધન્નો વલી, દૃઢપ્રહારી શિવ જાય....૧...
બાહ્ય અભ્યંતર જે કહ્યાં, તપના બાર પ્રકાર,
કનકકેતુ આરાધતાં, થાશે જિન નિરધાર....૨...
શલ્ય રહિત સમતા સહિત, તીક્ષ્ણ તપ તલવાર,
ધર્મરત્ન ગુરુ ઇમ ભણે, જિનશાસન શિરદાર....૩...

## [૧૫] ગૌતમપદનું ચૈત્યવંદન

ચૌદશે બાવન ગણધરા, ચોવીશ જિનનાં જાણો,
ગૌતમ સમ દુજો નહીં, એહ વચન પ્રમાણો....૧...
જીહાં જીહાં દીજે દિક્ખ, ઉપજે કેવલ ત્યાંહી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહવા મુનિ ભક્તિ કરું, મુજ મનમાંહી ઉમાંહી....૨...
સુપાત્ર એહવા જે કહ્યા, તેહની ભકિત કરંતા,
હરિવાહન યતિપતિ થશે, ધર્મરત્ન વરંતા....૩...

[૧૬] જીનપદનું ચૈત્યવંદન

ગુણિ જન દશ જે વર્ણવ્યા, જિનપદ મુખ્ય કહંતા,
વૈયાવચ્ચ કરીયે મુદા, ફલ અનંત લહંતા....૧....
નીચ ગોત્ર બાંધે નહીં, ઉંચ ગોત્ર કરે બંધ,
ગાઢ કર્મ શીથીલ હુવે, વૈયાવચ્ચ સુગંધ....૨....
જીમૂતકેતુ આરાધતો, લહેશે શિવ સંપત્ત,
ધર્મરત્ન અનુમોદતા, ટાળે સર્વ વિપત્ત....૩....

[૧૭] સંયમપદનું ચૈત્યવંદન

રાય પુરંદર મુનિવરા, કરી બહુ સંઘ સમાધિ,
તીર્થંકર પદ પામશે, ટાલી સર્વ ઉપાધિ....૧....
ચિત્ત સમાધિ સંયમ ધરે, એહિજ મુક્તિ નિદાન,
સંયમ પદ આરાધતાં, સત્તરમેં ગુણવાન....૨....
પ્રમાણ નય નિક્ષેપને, દ્રવ્યાદિકથી વિચાર,
નિર્મલ પરિણામે લહે, ધર્મરત્ન ભવપાર....૩....

[૧૮] અભિનવ જ્ઞાનપદનું ચૈત્યવંદન

સુણતાં ભણતાં નિત નવા, આગમ જ્ઞાન જે રંગ,
અપૂરવ શ્રુત વિચારી લહે, આત્મજ્ઞાન તે અંગ....૧....
શ્રુતગંગામાં ન્હાવતા, સાગરચંદ ગુણમાલ,
તીર્થંકર પદવી થકી, ટાળશે જગત જંજાલ....૨....
અભિનવ જ્ઞાને રમણતાં, મન વચ કાયે લીન,
બે કર જોડી પ્રણમતાં, ધર્મરત્ન નિશ દિન....૩....

(૧૯) શ્રુત પદનું ચૈત્યવંદન

અવધિ મનઃપર્યવ વલી, કેવલી ને મતિ જ્ઞાન,
ચઉ મુંગા શ્રુત એક છે, દૂર કરે અજ્ઞાન....૧....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષમકાલમાં કો નહીં, અવધિ કેવલનાણી,
તારણહારી એક છે, શ્રી જિન કેરી વાણી....૨....
ચૌદ વીશ શ્રુત ભેદ ને, રત્નચૂડ મુનિ ભૂપ,
ધર્મરત્નનાં ધ્યાનથી, થાશે આત્મ સ્વરૂપ....૩....

## (૨૦) તીર્થ પદનું ચૈત્યવંદન

વીશમું સ્થાનક તીર્થ છે, શ્રી જિનશાસન સાર,
સ્થાવર જંગમ ભેદથી, ઉતારે ભવપાર....૧....
તીરથ માનો તેહ જે, ટાળે કરમ વિકાર,
સ્થાવર માંહી જાણીયે, સિદ્ધાચલ ગિરનાર....૨....
અરિહંત ગણધર મુનિવરા, જંગમ તીરથરાજ,
સમવસરણમાં સમરતાં, દ્વાદશાંગી જિનરાજ....૩....
સંઘ ચતુર્વિધ તિમ લહ્યો, તીરથ પુન્યવંત,
મેરુપ્રભ ભક્તિ કરી, લહેશે પદવી ગુણવંત....૪....
તપગચ્છ નાયક સુરતરુ, વિજય ધર્મસૂરિ રાય,
તીરથ ભક્તિ જે કરે, રત્નવિજય નમે પાય...૫....

## અક્ષયનિધિ તપનું ચૈત્યવંદન

શાસન નાયક સુખકરણ, વર્ધમાન જિનભાણ,
અહનિશ એહની શિર વહું, આણા ગુણમણી ખાણ....૧....
તે જિનવરથી પામીને, ત્રિપદી શ્રી ગણધાર,
આગમ રચના બહુવિધ, અર્થ વિચાર અપાર....૨....
તે શ્રી શ્રુતમાં ભાખિયાએ, તપ બહુવિધ સુખકાર,
શ્રી જિન આગમ પામીને, સાધે મુનિ શિવ સાર....૩...
સિદ્ધાંત વાણી સુણવા રસિક, શ્રાવક સમકિત ધાર,
ઈષ્ટ સિદ્ધિ અર્થે કરે, અક્ષયનિધિ તપ સાર....૪....
તપ તો સૂત્રમાં અતિ ઘણા, સાધે મુનિવર જેહ,
અક્ષય નિધાનને કારણે, શ્રાવકને ગુણગેહ....૫....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે માટે ભવિ તપ કરીએ, સર્વ ઋદ્ધિ મલે સાર,
વિધિશું એહ આરાધતાં, પામીજે ભવ પાર....૬....
શ્રી જિનવર પૂજા કરો, ત્રિક શુદ્ધ ત્રિકાલ,
તેમ વલી શ્રુતજ્ઞાનની, ભકિત કરો ઉજમાલ...૭....
પડિક્કમણાં બે ટંકનાં, બ્રહ્મચર્યને ધરીએ,
જ્ઞાનની સેવા કરો, સહેજે ભવજલ તરીએ....૮....
ચૈત્યવંદન શુભ ભાવથીએ, સ્તવન થોય નવકાર,
શ્રુતદેવી ઉપાસના, ધીરવિજય હિતકાર... ૯....

## ઉપધાન તપનું ચૈત્યવંદન

વિવિધ વિષય જે તપ તણાં, ભાખ્યાં શ્રી જિનરાજ,
ઉપધાન મહાનિશીથમાં, આખ્યો શ્રાવક કાજ...૧
નવકાર ઇરિયાવહી, શક્રસ્તવ ભગવાન,
અરિહંત ચેઈઆણું લહી, નામસ્તવ ગુણગાન....૨
શ્રુતસ્તવ સિદ્ધસ્તવ, તેહ આખરી જાણ,
ગુરુજન પાસે આદરે, શ્રાવક તેહ વખાણ....૩
માલા પહેરે ગુરુ કને, ધન ધન જીવન તેહ,
ધર્મરત્ન ધ્યાને લહે, શ્રાવક શિવપુર ગેહ....૪

## વર્ષીતપનું ચૈત્યવંદન

ક્લિષ્ટ કર્મ ખપાવવા, વર્ષીતપ કરે જેહ,
અંતરાય પરભવ તણાં, કાપે ભવિજન તેહ....૧....
દેવવંદન ત્રણ કાલનાં, આવશ્યક દોય વાર,
પડિલેહણ પૂજા વલી, ગણણું દોય હજાર....૨....
તપ પૂરણ કરી ઉજવે, સુલભબોધિ જેહ,
ધર્મરત્ન પસાયથી, પામે ભવનો છેહ....૩....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ

[ પાછળથી મળેલા ચૈત્યવંદનો ]

## (૧) બાવન જિનાલયનું ચૈત્યવંદન

શુદિ આઠમ ચંદ્રાનન, સર્વજ્ઞાની ગણીજે,
ઋષભાનન શુદિ ચૌદશે, શાશ્વત નામ જાણીજે. (૧)
અંધારી આઠમ દિને, વર્ધમાન જિન નમીએ,
વારિષેણ વદ ચૌદશે, નમતાં પાપ નિગમીએ. (૨)
બાવીશ જિનાલય તપ, કરીએ, ગુણ ગણણો સુખકાર,
શ્રી શુભવીરને શાસને, કરીએ એક અવતાર. (૩)

## (૨) પંચમીનું ચૈત્યવંદન

ત્રિશલા નંદન દિનમણી, ચોવીશમો જીનચંદ,
પંચ કલ્યાણક જેહને, સેવે સુરનર વૃંદ....૧
સોવન વરણે શોભતો, સમવસરણ મોઝાર,
વાણી સુધારસ વરસતો, ગાજતો જલધાર.....૨
પંચમગતિ સાધનભણી, પંચમી તપ પ્રધાન,
કાર્તિક શુકલદિન જાણીએ, સેવો થઈ સાવધાન....૩
જ્ઞાને દરિસણ ગુણ વધે, જ્ઞાન તે જગત પ્રકાશ,
જ્ઞાને થિરતા ચરણમાં, ચરણે શિવપુર વાસ....૪
જૈનાગમથી જાણીયે, મહિમા અગમ અનંત,
જયું વરદત્ત ગુણમંજરી, પામ્યા ભવનો અંત....૫
અનુભવ સહિત આરાધતા, લહીએ સુખ રસાળ
જીન ઉત્તમ પદ સેવતા, રત્ન લહે ગુણ માળ....૬

## (૩) એકાદશીનું ચૈત્યવંદન

એકાદશી દિન કીજીએ, ભવિયણ મૌન ઉપવાસ,
કલ્યાણક જીનરાજનાં, જપીયે શત પચાશ...૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેમિ જિનેસર દાખીયો, મહિમા અધિક અપાર,
આરાધી ગોવિંદ લહે, તીર્થંકર પદ સાર....૨
મૌને ચારિત્રે ગુણ વધે, મૌને જ્ઞાન પ્રકાશ,
આતમ સત્તા પ્રગટ કરી, કેઈ પામ્યા શિવવાસ....૩
એ તપ ગુણમણિ આગર, એ તપ શિવતરૂ કંદ,
અવલંબન એહનું કરી, બહુ તોડયા ભવફંદ...૪
જીનવર નામ જપતાં થકાં, હોવે કારજ સિદ્ધિ,
જ્ઞાનાદિક ગુણ સંપદા, પ્રગટે આતમ રિદ્ધિ....પ
સુવ્રત પ્રમુખ તર્યા ઘણાં શ્રાવક ગુણ શિરદાર,
જીન ઉત્તમ પદ સેવતા, રત્ન થાય નિસ્તાર...૬

## (૪) શાંતિનાથનું ચૈત્યવંદન

શાંતિ જિનેસર સોળમા, ચક્રી પંચમ જાણું,
કામકુંભ અધિકથી જસ મહિમા વખાણું....૧
ત્રિગડે બેસી દેશના, દેતાં ભવિ ઉપગાર,
ભવિક કમલ પ્રતિબોધતાં ભાવ ધરમ દાતાર...૨
કેવલજ્ઞાન દિવાકર, કેવલ કમલા કંત,
ક્ષાયિક ચારિત્ર અનુભવી, લીધો ભવોદધિ અંત....૩
અનંત વીર્ય અવલેસરૂ, પરમાનંદ જે પામ્યા,
આત્મ સુખ રૂચિ થઈ, ચઉગતિના દુઃખ વામ્યા....૪
ત્રિકરણ યોગે તાહરું, ધ્યાન ધર્યું જિનરાજ,
ભોળે ભકતે તાહરી, સારે વાંછિત કાજ....પ
જગ ચિંતામણી સારિખો જગવલ્લભ જગનાથ,
જિન ઉત્તમ પદ સેવતાં, રત્ન થાયે સનાથ.....૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫) સામાન્ય જિન ચૈત્યવંદન

દીનાનાથ અનાથ તું, તું શિવયોગી અયોગી,
નિ:સંગી સંગી સદા સમતા સુખ સંગી....૧
તુંહી અલિંગી જિન કહે, જીન લક્ષણ લિંગી,
સંગી તુજ પદ સેવતાં, તેણે મુજ મતિ રંગી....૨
હું કેવલ લીંગી અછું, કેમ કહું સકલ સરૂપ,
કરૂણા રસભર પૂરીયો, તું પ્રભુ અકલ અરૂપ...૩
જન્મ કૃતારથ અબ હુઓ, તુજ દરિસણ દેખે,
જીવીત સફળ થયું માહરું, નિશિ દિવસ થયો લેખે....૪
આજ થકી નિશ્ચય કીયો, હવે દુ:ખ નહિ પામું,
નરક નિગોદ તિરિય તણાં, ભવ દોહગ વામું....૫
પામ્યો સમકિત સુરતરૂ એ, કાઢયો સાલ મિથ્યાત,
રોમ રોમ તનુ ઉલસીયો, જબ તું નિરખ્યો તાત....૬
દૂર થકી પણ વંદના નિત નિત હું કરતો,
ધ્યાન તમારૂં ચિત્તમાં, અહોનિશ હું ધરતો....૭
પ્રસન્ન થઈ મુજ આજ સ્વામિ, સ્વયં મુખ જબ મળિયા,
કર્મ કલેશ ટાલીયા સવે, મનવંછિત ફળિયા....૮
ગળિયાપણું મેલી કરી, ગાવું તુજ ગુણ ગ્રામ,
કહ્યું કહાવ્યું જેણે હવે, તેહની વતિ પ્રણામ....૯
નિજ બાળકને આપીયે, સમકિત નો મેવો,
મહેર કરી મુજ તારીયે, એ જગ જસ લેવો....૧૦
જય જય તું જગદેક બંધુ, રિસહેસર સ્વામિ,
સુરમણી સુરતરુથી અધિક, તુજ સેવા પામી...૧૧
પાંચ નમી પ્રભુ વંદતા એ, સેવક કહે નિશ દિશ,
ધીર વિમલ પંડિત તણો, નયવિમલ કહે શિષ....૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### (૬) ઋષભદેવના તેર ભવનું ચૈત્યવંદન

પહેલે ભવધન સાર્થવાહ, બીજે યુગલિક થાય,
ત્રીજે ભવ સૌધર્મમાં, ચોથે મહાબલ રાય...૧
સુર લલીતાંગ ઈશાનમાં, વજ્રજંઘ મહારાજ,
સાતમે યુગલિક ભવ કરી, સૌધર્મે સરે કાજ....૨
નવમે કેશવ વૈદરાજ, દશમે અચ્યુત દેવ,
વજ્રનાભ ચક્રી થઈ, સર્વાર્થસિદ્ધે દેવ...૩
તેરમો ભવ ઋષભજી, આદિ પ્રભુ અવધાર,
જ્ઞાનવિમલ ગુણ ગાવતા, લહીએ ભવનો પાર....૪

### (૭) ચંદ્ર પ્રભુના સાત ભવનું ચૈત્યવંદન

શ્રી વર્મા રાજન થયા, બીજે શ્રીધર દેવ,
પહેલા સ્વર્ગમાંહી કરે, શ્રી જિનવરની સેવ...૧
ત્રીજે ભવ ચક્રી થયા, અજીતસેન મહારાજ,
અચ્યુતે સુખ ભોગવે, વિલસે પુન્ય ના રાજ...૨
પદ્મનાભ સંયમી થયા, વીશ સ્થાનક આરાધે,
અંતે અનશન આદરી, વૈજયન્ત સુખ સાધે....૩
ચન્દ્રપ્રભુ ભવ સાતમો, મહીમંડલ ગાજે,
ધીરવિમલ ગુરૂરાયનો, જ્ઞાનવિમલ દિવાજે...૪

### ૮ શાંતિનાથના બારભવનું ચૈત્યવંદન

પહેલે ભવ શ્રીષેણ રાજા, યુગલિક ભવ બીજે,
ત્રીજે ભવ સૌધર્મમાં સુખ ભરપુર લીજે....૧
અમિતતેજ સંયમ ગૃહી, પ્રાણાત કલ્પે જાય,
અપરાજિત દીક્ષા લઈ, અચ્યુતે દેવ થાય....૨
વજ્રયુદ્ધ ચક્રી બની, ગ્રૈવેયક સુખ મહાલે,
દશમે મેઘરથ રાજવી, દિલ દયા બહુ પાલે....૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાર્થ સિદ્ધ સુખ ભોગવી, શાંતિનાથ ભગવંત,
જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિથી, કરે કરમનો અંત...૪

## શ્રી મુનિસુવ્રત સ્વામીના નવ ભવનું ચૈત્યવંદન

પહેલે ભવ શ્રીકેતુ રાય, પહેલે સ્વર્ગે જાય,
ત્રીજે ભવ થયો રાજવી, કુબેરદત્ત મહારાય....૧
સનત્કુમાર દેવલોકમાં, ચોથો ભવ સોહે,
વજ્રકુંડલ નૃપ પાંચમે, છઠ્ઠે બ્રહ્મલોક મોહે....૨
તીર્થંકર પદ સાધતો, શ્રીવર્મા ઋષિરાજ,
આઠમે ભવ અપરાજીતે, અહં ઈન્દ્ર મહારાજ....૩
નવમે ભવે રાજગૃહી, મુનિ સુવ્રત મન ભાવે,
એ જીન આરાધન થકી, જ્ઞાનવિમલ પદ પાવે...૪

## (૧૦) નેમિનાથના નવ ભવનું ચૈત્યવંદન

અચલાપુરી ધન ભવ લહી, સૌધર્મે બન્ને દેવ,
ચિત્રગતિ વિદ્યાધરુ, કરે જિણંદની સેવ....૧
ચોથે ચોથો દેવલોક, અપરાજીત નૃપતિ,
દીક્ષા લઈ સુરભવનમાં, અગ્યારમે સંપત્તિ....૨
શંખ નૃપતિ થયા સાતમે, સંયમ આરાધી,
વીશસ્થાનક સાધી થયા, અપરાજીત નિરાબાધી....૩
નવમે નેમિ જિનેસરૂ રે, અંજનવાન શરીર,
જ્ઞાન વિમલ સંભારતા, પામે ભવજલ તીર....૪

## (૧૧) પાર્શ્વનાથના ૧૦ ભવનું ચૈત્યવંદન

પોતનેપુરે મરૂભૂતિ દ્વિજ, બીજે ભવ હાથી.
જાતિ સમરણથી થયા, સહસારે સુખ સાથી ...૧
કિરણવેગ બની સંયમી, પાંચમેં અચ્યુત જાય,
છટ્ઠે વિદ્યાધર બની, સાતમે ગ્રૈવેયક પાય...૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવર્ણબાહુ ચક્રીસરૂં, જિનપદ બાંધે ભાવે,
પુણ્ય પ્રકૃતિ છેદવા, પ્રાણત કલ્પે જાવે....૩
અશ્વસેન રાજા ઘરે, દશમે ભવ પ્રભુ પાસ,
વામાનંદન વંદતા, જ્ઞાનવિમલ સુખવાસ....૪

## (૧૨) વીર પ્રભુના ૨૭ ભવનું ચૈત્યવંદન

પ્રથમ ભવ નયસારનો, પહેલે સ્વર્ગે જાય,
ત્રીજે ભવ મરિચી બની, પાંચમે સ્વર્ગે સિધાય....૧
પાંચમે ભવ ત્રિદંડીયો, ભમીયો બહુ સંસાર
દશ ભવ તિમહીજ લહ્યા, ગિંદડી સુર અવતાર....૨
સોળમે ભવ વિશ્વભૂતિ, સંયમ આરાધે,
પીત્તરીયો હસ્યા થકી, નિયાણું બાંધે....૩
મહાશુક્રમાં સુર થઈ, ત્રિપૃષ્ટ વાસુદેવ,
સાતમી નારકી દુઃખ લહ્યા, ન કરે કોઈ સેવ....૪
વીશમે સિંહ એકવીશમે, ચોથી નારકી પાય,
બાવીશ નરભવ તેવીશે, પ્રિયમિત્ર ચક્રી થાય....૫
મહાશુક્રે સુખ ભોગવી, બન્યા ઋષિ નંદન,
વીશ સ્થાનક તપ આદરી, કરે કર્મ નિકંદન....૬
પ્રાણતકલ્પ લહી બન્યા, વર્ધમાન જીનરાજ,
જ્ઞાનવિમલ ગુણ ગાવતા, પામે ત્રિભુવન રાજ....૭

| | |
|---|---|
| પર્વ દિન સંબંધિ | ૧૯૩ |
| ચોવિસીના ૨૪×૧૨ | ૨૮૮ |
| તીર્થ જિન વિશેષ | ૨૯૮ |
| કુલ ચૈત્ય વંદન | ૭૭૯ |

चैत्यवंदनतः सम्यक् शुभो भाव प्रजायते
तस्मात् कर्मक्षयः सर्वं ततः कल्याणमश्नुते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મુનિ શ્રી દીપરત્નસાગર [M.Com.,M.Ed.,ph.d (સમકક્ષ)]
## દ્વારા સર્જિત–સંપાદિત પ્રકાશનો,

* પ્રકાશન – પ્રેરણાદાતા *

નિપુણ નિર્યામક પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ.સા.

[ 1 સંસ્કૃત પ્રકાશન ]

(૧) અભિનવ હેમ લઘુપ્રક્રિયા–૧ સપ્તાંગ વિવરણ
(૨) અભિનવ હેમ લઘુપ્રક્રિયા–૨ સપ્તાંગ વિવરણ
(૩) અભિનવ હેમ લઘુપ્રક્રિયા–૩ સપ્તાંગ વિવરણ
(૪) અભિનવ હેમ લઘુપ્રક્રિયા–૪ સપ્તાંગ વિવરણ
અભિનવ હેમ લઘુ પ્રક્રિયાએ હૈમ લઘુ પ્રક્રિયાનું સાત અંગોમાં સુવિસ્તૃત વિવેચન છે.
(૫) કૃદન્તમાળા [ ૧૨૫ ધાતુના ૨૩ પ્રકારે કૃદન્ત ]

[ 2 હિન્દી પ્રકાશન ]

(૬) चैत्यवंदन पर्वमाला
(૭) चैत्यवंदन संग्रह–तीर्थ जिन विशेष
(૮) चैत्यवंदन चोविसी
(૯) शत्रुंजय भक्ति–दो आवृत्ति
(૧૦) अभिनव जैन पंचांग–२०४६
(સર્વ પ્રથમ – વિશાળ માહિતી સાથેનું ભીતીયું પંચાંગ)

[ 3 ગુજરાતી પ્રકાશન ]

(૧૧) શ્રી નવકાર મહામંત્ર નવ લાખ જાપની નોંધપોથી [ સર્વ પ્રથમ વખત પ્રત્યેક માળા માટે અલગ નોંધની સુવિધા ] [ ૧૫ આવૃત્તિ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૨) શ્રી ચારિત્ર પદના ૧ કરોડ જાપની નોંધપોથી
[ ક્ષાયિક ચારિત્ર પ્રાપ્તિ માટેનો જાપ ]

(૧૩) શ્રી બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
[ સર્વ પ્રથમ વખત ડબલકલર, વિશિષ્ટ વિભાગીકરણ તથા નિયમો લેવાની અત્યંત સુવિધા યુક્ત ]

(૧૪) અભિનવ જૈન પંચાંગ–૨૦૪૨
[ તારીખ–તિથિ–વાર ઉપરાંત સૂર્યોદયથી પુરિમડ્ઢ, કામળીનો કાળ, સાંજે બે ઘડી, ભણાવવાની પોરસિના સમય સાથેનું સર્વ પ્રથમ પ્રકાશન ]

(૧૫) શ્રી જ્ઞાનપદ પૂજા

(૧૬) શત્રુંજય ભક્તિ

(તળેટી–શાંતિનાથ–આદિનાથ–રાયણ પગલા – પુંડરિક સ્વામી–ઘેટી પગલા એ છ સ્થાનોને સંપૂર્ણ અનુરૂપ સ્તુતિ ચૈત્યવંદન, સ્તવન, થોયનો સર્વપ્રથમ સંગ્રહ) સાથે સાથે ૨૧ અને ૧૦૮ ખમાસમણ તથા સ્તવનો.

"મન્નહ જિણાણં" (શ્રાવકના ૩૬ કર્તવ્યોનું વિશદ્ વિવેચન)

(૧૭) અભિનવ ઉપદેશ પ્રાસાદ–૧ (૧ થી ૧૧ કર્તવ્યો)
(૧૮) અભિનવ ઉપદેશ પ્રાસાદ–૨ (૧૧ થી ૧૪ કર્તવ્યો)
(૧૯) અભિનવ ઉપદેશ પ્રાસાદ–૩ (૧૫ થી ૩૬ કર્તવ્યો)
(૨૦) ચૈત્યવંદન માળા (પોણા આઠસો ચૈત્યવંદનો)
(૨૧) *સમાધિમરણ (ભાવિ પ્રકાશન)

અભિનવ શ્રુત પ્રકાશન
C/o. પ્ર. જે. મહેતા, હેડ પોષ્ટ ઓફિસ પાછળ,
જામનગર – 361001.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પોણા આઠસો ચૈત્યવંદનોનો
# સુવિશાળ–સર્વપ્રથમ–સંગ્રહ

એટલે

# ચૈત્યવંદન માળા

## જેમાં પ્રભુભક્તિ માટે તમને મળશે

- ☐ બે સંસ્કૃત ચોવિસી સહિત બાર-બાર ચૈત્યવંદન ચોવિસીઓ તથા એક વિહરમાન વિસી.
- ☐ પોષદશમી-અખાત્રીજ – મેરુતેરસ – ચૈત્રીતેરસ – જેવા વિશિષ્ટ દિવસોના ચૈત્યવંદનો સાથે સાથે બીજ–પાંચમ –આઠમ–અગીયારસ–ચૌદસના ચૈત્યવંદનો તો ખરા જ.
- ☐ વર્ષીતપ-ઉપધાન તપ-વીસેવીસ સ્થાનકો–નવે નવ પદ આદિ અનેક વિધ તપના ચૈત્યવંદનો.
- ☐ સિદ્ધાચલજી સમેતશિખરજી, શાશ્વતા – અશાશ્વતાદિ અનેક તીર્થોના ચૈત્યવંદનો.
- ☐ જીનેશ્વર પરમાત્માના દેહ–રાશિ–લંછન–ગણધર–આયુ –અતિશય વગેરે વિવિધ બાબતોના ચૈત્યવંદનો.

આ રીતે પર્વદિન–તપ–ચોવિસીજિન–તીર્થ આદિ અનેકવિધ મુદ્દાઓને આવરી લેતો................ અને .... સુવ્યવસ્થિત વિભાગીકરણ પામેલો................સર્વપ્રથમ એક માત્ર સુવિશાલ સંગ્રહ ............... એટલે

– ચૈત્યવંદન માળા –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org